શેઠ વસનજી ત્રીકમજીની કું. ની જૈન ગ્રંથમાળા પુસ્તક ૧ લું.

पंडित श्री मानविजयगणी विरचित

# श्री धर्म संग्रहः

## भाग १ लो.

શેઠ વસનજી ત્રીકમજીની કું. ના ખર્ચે

છપાવી પ્રસિદ્ધ કરનાર,

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ—પાલીતાણા.

સં. ૧૯૬૧ સન ૧૯૦૫

પાલીતાણા—શંભુ પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું.



રાવસાહેબ શેઠ વશનજી ત્રીકમજી, જે. પી.

N. S. P.

# અર્પણ પત્રિકા.

**જૈન ધર્માભિમાની, જ્ઞાતિ હિતેચ્છુ, સકળ સદ્ગુણ ગુણાલંકૃત, સૌજન્ય સુધાસાગર, રાવ સાહેબ શેઠ વસનજી ત્રીકમજી મૂળજી જે. પી. મુંબઇ.**

મહાશય !

આપ એક ઉદાર, શ્રીમાન્, કીર્તિમાન્ અને યશસ્વી જૈન ગૃહસ્થ છો. જૈન ધર્મ પ્રતિનો આપનો પ્રેમ અવર્ણનીય, અપ્રતિમ અને અનુકરણીય છે, જ્ઞાતિમાં આપ માન અને મહત્તા પામેલા છો, સરકારમાં પણ સન્માન મેળવીને આપે **રાવ સાહેબની અને જસ્ટીસ ઓફ ધી પીસની** ગૌરવવાળી પદ્વિઓ પ્રાપ્ત કરી છે, જૈન ધર્મના જ્ઞાનનો જેમ બને તેમ બહોળો ફેલાવો થાય, તેવા યત્નો કરવામાં આપ સદોદિત પ્રયત્નશીળ છો, અને તેવાં કાર્યના ઉત્તમ નમુનારૂપે આપે આ ગ્રંથ છપાવીને પ્રસિદ્ધ કરવાનું ખર્ચ આપ્યું છે. આપનાં આવાં સત્કાર્યોથી આનંદ પામીને અમે આ ગ્રંથ આપનેજ અર્પણ કરીને કૃતાર્થ થઇએ છીએ.

અમે છીએ,

આપના ધર્મ બંધુઓ,

**શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગના**

**વ્યવસ્થાપકો.**

# પ્રસ્તાવના.

કાળની અનંતતા તરફ મનુષ્ય જ્યારે દૃષ્ટિ ફેંકે છે, ત્યારે તેને પોતાનું જીવન અલ્પ અને ક્ષણિક જણાય છે, મનુષ્ય જીવન અલબત્ત આ પ્રમાણે એક પળનો ચમકારો માત્ર છે, પરંતુ તેટલા સમયમાં પણ **સત્ય** સમજાય તો, તેનો ઉપયોગ જેવો તેવો નથી. આ સત્યનું અવલંબન **ધર્મ** ઉપર રહેલું છે. પ્રાચીન મુનિઓનો નિત્યનો સર્વોત્તમ બોધ એવો છે કે, જીવિતનો ઉપયોગ એવો કરવો કે, વ્યવહાર કુશળ કે વિચાર કુશળ મનુષ્ય એમ માને નહિ કે, આ માનવ જીવન કષ્ટદાયી અને વ્યર્થ છે. આવા વિચારની સુદૃઢતાથી પ્રેરણા કરનારા અને પુણ્ય બુદ્ધિની વૃદ્ધિ કરનારા ધર્મના અનેક ગ્રંથો મહોપકારી મહાત્માઓથી રચાયલા છે. ધર્મ એ શી વસ્તુ છે? અને તે શાથી ઓળખાય છે? તે જાણવા માટે પ્રત્યેક મનુષ્યે વિચાર કરવો, એ પોતાનું કર્ત્તવ્ય છે. આ ભરતખંડ કે જે આખી પૃથ્વીના હૃદયનો મણિ છે, તે બીજા દેશો કરતાં ધર્મ ઐશ્વર્યથી ભરપૂર છે, આથીજ તે આર્યદેશ પ્રધાન કહેવાય છે. એ પવિત્ર ભૂમિમાં જુદી જુદી ધર્મ ભાવનાને આધારે વિવિધ વર્ણ અને જાતિઓ બંધાયલી છે. સૌ પોતપોતાની ધર્મ ભાવનાને ઉત્તમ માને છે. પરંતુ આર્યોની સર્વ ધર્મ ભાવનામાં “ अहिंसा परमो धर्मः ” એ મહા વાક્ય સર્વ માન્ય છે, એથી અહિંસા ધર્મને સર્વોત્તમ પદવી પ્રાપ્ત થાય છે. એ મહા વાક્યને અનુસરી વર્તમાન કાળે કેવલિ પ્રરૂપિત શ્રી જૈન ધર્મ પોતાની વિજય પતાકા ભારતવર્ષ ઉપર સર્વોત્કૃષ્ટપણે ફરકાવી રહ્યો છે,

મનુષ્ય જન્મ એ સર્વોત્તમ છે, અને તે જન્મ મરણરૂપ કાળના કિલ્લામાંથી બહાર નિકળવાનો દરવાજો છે. માટે જ્યાં સુધી શરીરની અવસ્થા પરવશ થઇ નથી, ઇંદ્રિયો અનુકૂળપણે વર્ત્તે છે, જોઇતાં સાધન પૂરાં પડી શકે તેમ છે, અને શરીરરૂપ ધમણમાં પ્રાણનું આવાગમન બંધ થયું નથી, ત્યાં સુધી મનુષ્ય માત્રે સદા સ્મરણમાં રાખવાનું છે કે, આ જગતમાં આ માનવ જીવન અખંડ અને અવિનાશી શિવ સુખની પ્રાપ્તિ માટે છે, અને આ લોક સાથેનો સંબંધ બંધ પડયા પછી અવિનાશી, નિર્વિકારી, ચિદાનંદરૂપ પરમાત્માની સાથે સમાગમ રાખવા માટે છે. તત્પ્રાપ્તિ અર્થે આ લોકમાં રહીને પવિત્ર અને શુદ્ધ આર્હત ધર્મના સેવનકર્ત્તા થવું જોઇએ.

સંપૂર્ણ રીતે આર્હત ધર્મના અધિકારી શ્રમણોપાસકનું હૃદય સંસારની એક એક વસ્તુમાંથી મોહ વાસનાનો ત્યાગ કરી, શ્રી વીતરાગ પ્રભુના ચરણમાંજ વિરામ પામે છે. વળી ધર્મ પરાયણ દૃષ્ટિ એજ જગતનું બાહ્ય તેમજ આધ્યાત્મિક અવલોકન તે કરે છે, અને તેમાંથી મળતો અનુભવ અને બોધ કર્ત્તા પોતાને તેમજ પોતાના સાધર્મી બંધુને ઉદ્દેશીને કથે છે, અને વ્યવહારમાં પણ પરમાર્થ જોઇ શકે, એટલી વિશાળ ધર્મ ભાવના

તેના હૃદયમાં છે. વૈભવ કે સમૃદ્ધિથી તેની દૃષ્ટિ અંજાતી નથી, શુદ્ધ ધાર્મિક હૃદયનેજ તે માન આપે છે, અને પૂર્ણ શ્રદ્ધાથી જ્ઞાન, દર્શન અને ચારિત્રને સેવના કરતાં અનુક્રમે ક્ષપક શ્રેણીમાં તે આરૂઢ થાય છે.

આવા આર્હત ધર્મનું રહસ્ય અને તેના તત્વનું સ્વરૂપ અતિ સૂક્ષ્મ છે, અતિ વિસ્તારવાળું છે, અને તેનું અનુભવરૂપ સ્વરૂપ સમજવામાં સ્વ સંવેદનત્વ તથા ગુરૂગમ અવબોધની સંપૂર્ણ આવશ્યકતા છે. જ્યારે ધર્મનું રહસ્ય અને તત્વ સ્વરૂપ યથાર્થરીતિ જાણવામાં આવે, અને તે પ્રમાણે વર્તના કરવામાં આવે, ત્યારેજ માર્ગાનુસારી શ્રાવકપણું પ્રાપ્ત થાય છે. તેવી અભિલાષા ધારણ કરનાર ઉત્તમ જીવોના હિતને અર્થે પૂર્વાચાર્યોએ પોતાની પછી થનારી સ્વધર્મ પ્રેમી જૈન પ્રજા ઉપર મહાન્ કૃપા કરી, અનેક ગ્રંથો રચેલા છે, તે એવા વિચારથી કે, કાળાંતરે પણ ઉત્તરોત્તર જૈન પ્રજા ધર્મની ઉન્નતિ કરવાને સમર્થ થાય.

તેઓ માંહેલો આ **ધર્મ સંગ્રહ** નામે એક વિધિવાદ પ્રધાન ગ્રંથ છે. પ્રાચીન મહાન્ ગ્રંથકારોના અતિ ઉત્તમ ગ્રંથોમાંથી જિન વચનામૃતનું દોહન કરી આ પૂર્ણ ઉપયોગી ગ્રંથ રચવામાં આવ્યો છે. ગ્રંથ કર્ત્તાએ આ ગ્રંથનું નામ **ધર્મ સંગ્રહ** આપેલું છે, તે યથાર્થ છે. કારણ કે, તેમાં આર્હત ધર્મના ઉપયોગી વિષયનો સંગ્રહ કરવામાં આવ્યો છે. ગ્રંથનો વિષય શો છે ? ગ્રંથના વિષયનો, અને લેખકનો સંબંધ શો છે ? ગ્રંથ રચવાનું પ્રયોજન શું છે ? અને એ ગ્રંથ સમજવાનો અધિકારી કોણ છે ? એ ચાર વાર્ત્તા પ્રત્યેક ગ્રંથ પરત્વે અવશ્ય જાણવી જોઇએ. આનું નામ અનુબંધ ચતુષ્ટય કહેવાય છે. તે વિષે વિચાર કરતાં સમગ્ર ભારત વર્ષની જૈન પ્રજામાં સર્વ માન્ય અને પ્રમાણભૂત એવા આ ધર્મસંગ્રહ ગ્રંથનો વિષય, ગ્રહસ્થ અને યતિધર્મનું વિધિવાદ પ્રધાન પ્રવર્ત્તનનો વિચાર એ છે સંબંધ કર્તવ્યના પ્રતિપાદન પ્રતિપાદકનો છે. પ્રયોજન અધિકારી આસ્તિક મનુષ્યનું ધાર્મિક હિત બતાવવું એ છે, અને તેના અધિકારી જે ધર્માચરણ કરવામાં ઉદ્યુક્ત હોય તે છે.

આ સર્વોત્તમ ગ્રંથનું પૂર ચૌદહજાર, છસો અને બે શ્લોકનું છે. તેના ચાર અધિકાર છે. પહેલા અધિકારમાં ગ્રહસ્થનો સામાન્ય ધર્મ વર્ણવેલો છે. બીજા અધિકારમાં ગ્રહસ્થનો વિશેષ ધર્મ વિસ્તારથી દર્શાવ્યો છે. ત્રીજા અધિકારમાં સાપેક્ષ યતિધર્મનું વર્ણન છે, અને ચોથા અધિકારમાં નિરપેક્ષ યતિધર્મનું બ્યાન આપેલું છે. મૂળ ગ્રંથ તો સંક્ષેપથી છે, પણ ગ્રંથકારે સ્વોપજ્ઞ વૃત્તિથી તેને મોટા રૂપમાં મુકેલો છે. દરેક જુદા જુદા વિષયની વ્યવસ્થા જોતાં લેખ ઘણો ઉત્તમ છે, અને તેની ટીકા બહુ સૂક્ષ્મ વિવેકથી પરિપૂર્ણ છે. જુદા જુદા વિષયોની પર્યાલોચના ઘણી સૂક્ષ્મતાથી કરેલી છે, અને બીજા ગ્રંથોનાં પ્રમાણો આપી ચાલતા વિષયનું એવી રીતે સ્પષ્ટીકરણ કર્યું છે કે, આ ગ્રંથનું સાંગ અધ્યયન કર્યાથી ધર્મનું રહસ્ય, અને સર્વ કર્ત્તવ્ય સમજવામાં આવી જાય તેમ છે.

આ ગ્રંથના કર્ત્તા **શ્રી માનવિજય** ગણી ભારત વર્ષના સર્વ જૈન મુનિઓમાં

એક પ્રખ્યાત જૈન મુનિ થઇ ગયા છે. વિક્રમ સંવત ૧૭૩૧ના વર્ષના વૈશાખ માસની શુક્લ તૃતીયા [ અક્ષય તૃતીયા ] ને દિવસે રાજનગરમાં [ અમદાવાદમાં ] રહી આ ગ્રંથ તેઓએ પૂર્ણ કર્યો છે. એમ તેઓ પોતાની પ્રશસ્તિમાં લખે છે. ગુરૂ પટ્ટાવલીમાં તેઓ જણાવે છે કે, ભગવાન્ મહાવીર સ્વામીના પરિવારમાં તપા ગચ્છની અંદર **શ્રી હીરવિજય** પંડિત થઇ ગયા, જેઓએ અકબર બાદશાહને પ્રતિબોધ આપ્યો હતો, તેમના શિષ્ય **વિજયસેનસૂરિ** થયા, કે જેમણે બાદશાહની સભામાં અન્ય દર્શની પંડિતોનો મોટો પરાભવ કર્યો હતો. તેમના શિષ્ય **તિલકવિજય**, તેમના **વિજયાનંદસૂરિ**, અને તેમના **માનવિજયસૂરિ** થયા છે. આ પ્રસંગે એમ પણ જણાવ્યું છે કે, શ્રી વિજયાનંદસૂરિના **શાંતિવિજય** નામે એક શિષ્ય હતા, તેમના શિષ્ય આ ગ્રંથના કર્તા શ્રી **માનવિજયગણી** છે. આ ઉપરથી તેઓ પરંપરાએ તો વિજયાનંદસૂરિના શિષ્ય હશે, પણ વખતે વડી દીક્ષા મોટા ગુરૂભાઇ શાંતિવિજયની પાસે લીધેલી હોય, એમ જણાય છે. વિશેષમાં વળી લખે છે કે, રાજનગરમાં **મનિયા** નામના એક ધનાઢ્ય શ્રાવક ગ્રહસ્થને પોતાના **શાંતિદાસ** નામના ચતુર પુત્રને ગ્રહ ભાર સોંપી વૃદ્ધ અવસ્થામાં ધર્મ શ્રવણ કરવાની ઇચ્છા થઇ હતી, તેની પ્રાર્થનાથી આ **ધર્મ સંગ્રહ** ગ્રંથ રચવામાં આવ્યો છે, અને વાચકેંદ્ર **યશોવિજય** પંડિતે આ ગ્રંથનું શોધન કરેલું છે.

આવા સર્વોત્તમ ઉપયોગી ગ્રંથનો મૂળ સાથે ભાષાંતર સહિત ઉદ્ધાર થાય તો, અમારા સાધર્મી બંધુઓને લાભ મળે, અને જૈન દર્શનની જ્ઞાન સમૃદ્ધિ જે અંધકારમાં પડી છે તે પ્રકાશમાં આવે, એવા ઉત્તમ હેતુથી આ ગ્રંથ બાહેર પાડવા પ્રયાસ કરવામાં આવ્યો છે. જૈન દર્શનમાં સાત ક્ષેત્રમાં દ્રવ્યનો વ્યય કરવાની જિનાજ્ઞા છે, તે સાત ક્ષેત્રમાં જ્ઞાનક્ષેત્રનો સમાવેશ છે. આ ક્ષેત્ર એવું બલવાન્ છે કે, તેના રક્ષણ કરવા ઉપર આર્હત દર્શનના અસ્તિત્વનો વિશેષ આધાર છે.

આ ગ્રંથનો મોટો વિસ્તાર હોવાથી અમે તેનો આ પ્રથમ ભાગ બાહેર પાડેલો છે. તેમાં પહેલો અધિકાર સંપૂર્ણ, અને બીજા અધિકારમાં પાંચ **અણુવ્રત** સુધીનો ભાગ આપવામાં આવ્યો છે. ગ્રંથ વસ્તુના પ્રવાહનો વિચ્છેદ ન થાય, તે માટે સંસ્કૃત મૂળ ગ્રંથનો અને ભાષાંતરનો સંબંધ જુદો જુદો રાખવામાં આવ્યો છે. ભાષાંતરની પદ્ધતી કેવળ અક્ષરશઃ નહિં લેતાં વાકયના સંબંધને આધારે લેવામાં આવી છે. કારણ કે, ભાષાંતરનો હેતુ ગુજરાતીમાં મૂળ વાત સમજાવવાનો છે, પણ જે અધિકારીને ઉદ્દેશીને મૂળ સંસ્કૃત લેખ હોય, તેવા અધિકારીને ઉપયોગી થાય તેવું ભાષાંતર થાય તો અદોષ છે. એમ ન હોય તો ભાષાંતર નહિ પણ ટીકા કહેવાય.

ભારતવર્ષની જૈન પ્રજા આવા ઉપયોગી ગ્રંથનો લાભ સારી રીતે લઇ શકે, તે હેતુથી ભાષાંતર સ્પષ્ટ અને સરલ કરાવાપર પૂરતું લક્ષ દેવામાં આવ્યું છે, ને આવા ઉત્તમ ગ્રંથનું બાહ્ય સ્વરૂપ સુશોભિત કરવા માટે પણ પૂરતી કાળજી રાખી છે. તેટલું છતાં ધાર્મિક મનુષ્યો એનો વિશેષ લાભ લે, એવા હેતુથી ગ્રંથ મૂલ્ય ઘણું અલ્પ રાખવામાં આવ્યું છે. આવો ઉત્તમ ગ્રંથ ભારતવર્ષની ભૂમિ ઉપર ચિરકાળ વ્યાખ્યાનરૂપે રહી, ભા-

રતીય જૈન સમુદાયને વિશેષ લાભદાયક થાય, અને આવા ધર્મ જ્ઞાનના સંગ્રહથી સમૃદ્ધિ- માન્ એવું શ્રી જૈન શાસન સર્વદા વિજયી થાય—તેવા વિચારને અનુમોદના કરનારૂં એક સુંદર સુભાષિત ગ્રંથકાર પોતાની પ્રશસ્તિને છેડે લખે છેઃ—

**स्रग्धरा.**

**धात्री संपद्विधात्री भुजगपति धृता सार्णवा यावदास्ते ।**
**प्रौचैः सौवर्ण शृंगोल्लिखित सुरपथो मंदराद्रि श्च यावत् ॥**
**विश्वं विद्योतयंतौ तमनु शशिरवी भ्राम्यतश्चेह यावत् ।**
**ग्रंथो व्याख्यायमानो विबुधजनवरैर्नंदता देष तावत् ॥ १ ॥**

" સંપત્તિને આપનારી અને શેષનાગે મસ્તકપર ધરેલી આ પૃથ્વી સમુદ્ર સહિત જ્યાં સુધી રહે, સુવર્ણનાં ઉંચાં શિખરથી આકાશ માર્ગને સ્પર્શ કરતો, મંદરગિરિ જ્યાં સુધી રહે, અને તે ગિરિને અનુસરી, વિશ્વનો ઉદ્યોત કરનારા ચંદ્ર સૂર્ય જ્યાં સુધી આ લોકમાં ભમ્યા કરે, ત્યાં સુધી ઉત્તમ પંડિતોએ વ્યાખ્યાન કરેલો આ ગ્રંથ રહો. " ૧

આ ગ્રંથના મૂળમાં તથા ભાષાંતરમાં માનવ પ્રકૃતિને સુલભ એવા પ્રમાદથી કે દૃષ્ટિ દોષથી જે કાંઇ જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું હોય, અથવા મુદ્રણ કાર્યમાં કાંઇ વર્ણ, માત્રા કે હ્રસ્વ દીર્ઘની સ્ખલના થઇ હોય તો, મિથ્યા દુષ્કૃત હો.

કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના મુકુટ મણિ **રાવ સાહેબ શેઠ વસનજી ત્રીકમજી જે. પી.** જેઓ એક ઉદાર, ધાર્મિક અને ધર્માભિમાની ગૃહસ્થ છે. જૈન શાસનના ઉદ્યોત પ્રતિ જેમનો ઉત્સાહ અપ્રતિમ છે, સાધર્મી બંધુઓની આધ્યાત્મિક ઉન્નતિ માટે જેઓ અહર્નિશ તન, મન, ધનથી, ઉદારતાથી સહાય આપે છે, તેમણે પોતાની કુંપનીના નામની ગ્રંથમાળા તરીકે આ ગ્રંથ છપાવવાના ખરચના રૂ. ૫૦૦) પાંચસે શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગને આપ્યા છે.

જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગનો ઉદ્દેશ જૈન કોમમાં ધર્મ જ્ઞાન પસરાવવાનો છે, અને તે હેતુ પાર પાડવાને તે વર્ગ તરફથી પ્રસ્તુત ગ્રંથના જેવાં ઉપયોગી પુસ્તકો શ્રીમંતોની સહાયથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. **રા. સા. શેઠ વસનજી ત્રીકમજી જે. પી.**એ ઉક્ત પ્રકારની મદદ આપીને વર્ગના કાર્યને સહાય આપી છે. તે શ્રીમંતવર શેઠનો દાખલો અન્ય જૈન ધનિક પુરૂષોએ લેવાની જરૂર છે. કારણ કે, દ્રવ્યની સાર્થકતા તેના સદ્વ્યયમાંજ સમાયેલી છે.

**પ્રસિદ્ધ કર્ત્તા.**

# प्रथम भाग विषयानुक्रमणिका.

## પ્રથમ અધિકાર.


| વિષય. | પૃષ્ઠાંક. |
|---|---|
| મંગળાચરણ. | ૧ |
| ધર્મ શબ્દનો અર્થ. | ૪ |
| ધર્મના બે પ્રકાર. | ૧૦ |
| ગૃહસ્થ ધર્મ અને યતિ ધર્મ. | ૧૦ |
| ગૃહસ્થ ધર્મના બે પ્રકાર. | ૧૦ |
| ગૃહસ્થનો સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ. | ૧૦ |
| ગૃહસ્થના સામાન્ય ધર્મના દશ ભેદ. | ૧૨ |
| આઠ પ્રકારના વિવાહ. | ૧૭ |
| અંતરના છ શત્રુઓ. | ૧૯ |
| ગૃહસ્થે કેવું ઘર બાંધવું. | ૨૧ |
| પ્રસિદ્ધ દેશાચારનું પાલન. | ૨૪ |
| ન્યાયોપાર્જિત ધનનો પ્રકાર. | ૨૫ |
| પોષ્ય વર્ગનું પાલન. | ૨૬ |
| સદ્વર્ત્તન. | ૩૦ |
| સહસા કાર્યનો નિષેધ. | ૩૨ |
| બુદ્ધિના આઠ ગુણ. | ૩૩ |
| કદાગ્રહનો ત્યાગ. | ૩૪ |
| અતિથી સેવા. | ૩૫ |
| ધર્મ, અર્થ અને કામનું સેવન. | ૩૬ |
| નિષિદ્ધ દેશ કાળનો ત્યાગ. | ૩૯ |
| લોક વ્યવહાર પ્રવર્ત્તન. | ૪૦ |
| ગૃહસ્થના સામાન્ય ધર્મનું ફળ. | ૪૬ |
| ઉત્તરોત્તર ગુણ વૃદ્ધિ. | ૪૭ |
| તેવા ગુણીનો સંજ્ઞા વિશેષ વિધિ. | ૫૦ |

| વિષય. | પૃષ્ઠાંક. |
|---|---|
| ધર્મ દેશનાની યોગ્યતા. | ૫૪ |
| દેશના આપવાનો [illegible] | ૬૩ |
| ધર્મ ગ્રહણની યોગ્યતા. | ૧૧૪ |
| ઉપસંહાર. | ૧૨૦ |


## બીજો અધિકાર.


| વિષય. | પૃષ્ઠાંક. |
|---|---|
| ગૃહસ્થનો વિશેષ ધર્મ. | ૧૨૧ |
| સમ્યકત્વનું લક્ષણ. | ૧૨૧ |
| સમ્યકત્વને ઉત્પન્ન કરવાની બે ગતિ. | ૧૨૫ |
| નિઃસર્ગ અને અધિગમનું સ્વરૂપ. | ૧૨૫ |
| સમ્યકત્વના પાંચ ભેદ. | ૧૨૮ |
| મિથ્યાત્વનું સ્વરૂપ. | ૧૫૩ |
| મિથ્યાત્વના પ્રકાર. | ૧૫૪ |
| ગુરૂનું લક્ષણ. | ૧૬૩ |
| સમ્યગ્ દર્શન. | ૧૬૯ |
| શ્રાવકનું લક્ષણ. | ૧૮૬ |
| અણુવ્રત ગ્રહણ કરવાનો વિધિ. | ૨૦૩ |
| અણુવ્રતનું સ્વરૂપ. | ૨૧૧ |
| સ્થાપના યંત્ર. | ૨૧૬ |
| પહેલું અણુવ્રત. | ૨૪૦ |
| બીજું અણુવ્રત. | ૨૪૫ |
| ત્રીજું અણુવ્રત. | ૨૫૧ |
| ચોથું અણુવ્રત. | ૨૫૩ |
| પાંચમું અણુવ્રત. | ૨૫૮ |

श्रीमानविजयगणि विरचितः

श्री

# धर्म संग्रहः

( स्वोपज्ञ वृत्ति सहितः )

प्रणम्य प्रणताशेषसुरासुरनरेश्वरम् ।
तत्वज्ञं तत्त्वदेष्टारं महावीरं जिनोत्तमम् ॥ १ ॥
श्रुताब्धेः संप्रदायाच्च ज्ञात्वा स्वानुभवादपि ।
सिद्धांतसारं ग्रथ्नामि धर्म संग्रह मुत्तमम् ॥ २ ॥

---

શ્રીમાનવિજયગણિ વિરચિત,

# ધર્મ સંગ્રહ.

( સ્વોપજ્ઞ વૃત્તિ સહિત. )

## મંગલાચરણ.

સર્વ સુર, અસુર અને રાજાઓ જેને નમેલા છે એવા, તત્વને જાણનાર, તત્વનો ઉપદેશ કરનાર અને સર્વ સામાન્ય કેવળીમાં ઉત્તમ એવા શ્રી મહાવીર પ્રભુને નમસ્કાર કરી, શાસ્ત્રરૂપ સમુદ્રમાંથી સંપ્રદાય અને સ્વાનુભવથી જાણી સિદ્ધાંતના સારરૂપ " ધર્મ સંગ્રહ " નામે ઉત્તમ ગ્રંથ હું રચું છું. ૧-૨

## स्वोपज्ञ वृत्तिः

प्रणम्य विश्वेश्वर वीरदेवं विश्वातिशायि प्रथित प्रभावम् ।
शास्त्रानुसृत्या किल धर्मसंग्रहं सुखावबुध्यै वृणोमि लेशतः ॥ १ ॥

अत्र ग्रंथकृत्प्रथमं श्लोकद्वयेन मंगलं समाचरन् श्रोतृ प्रवृत्तये स्वाभिधेयं प्रतिजानीते—प्रणम्येति श्रुताब्धेरिति। अहं श्रुताब्धेः सकाशात्तथा संप्रदाया द्गुरुपारं पर्यात् तथा स्वानुभवा च स्वकीय श्रुतचिंतोत्तरोत्पन्नभावना ज्ञाना च ज्ञात्वा निर्णीय धर्ममिति शेषः । सिद्धांतसारं आगमस्य सारभूतं । उत्तमं च लोकोत्तरधर्म निरूपकत्वात् । धर्म संग्रहं धर्म संग्रहनामकं शास्त्रं तत्र संगृह्यतेऽनेनेति संग्रहः। पुंनाम्नीति करणेघः।(१) धर्मस्य वक्ष्यमाणलक्षणस्य संग्रहो धर्मसंग्रह इति।(२) यद्वा धर्मस्य संग्रहो यत्र स-

---

## સ્વોપજ્ઞ વૃત્તિ—ટીકા.

જેમનો વિશ્વથી અતિશય પ્રખ્યાત પ્રભાવ છે એવા જગતના ઇશ્વર શ્રી મહાવીર પ્રભુને પ્રણામ કરી, સુખે બોધ થવા માટે હું આ ધર્મ સંગ્રહ ગ્રંથ ઉપર લેશ માત્ર ટીકા કરૂં છું. ૧

### ધર્મ સંગ્રહનો શબ્દાર્થ.

હવે ગ્રંથકાર પ્રથમ બે શ્લોકથી મંગલાચરણ કરી શ્રોતાઓની પ્રવૃત્તિ કરવા માટે પોતાને જે અભિધેય—કહેવા યોગ્ય-વિષયનો ગ્રંથ કરવાનો છે, તે વિષે પ્રતિજ્ઞા કરે છે—હું પોતે ( માનવિજયગણિ ) શાસ્ત્ર સમુદ્રમાંથી સંપ્રદાય એટલે ગુરૂ પરંપરાએ અને તેમજ સ્વાનુભવથી એટલે મને શાસ્ત્રીય ચિંતવન કર્યા પછી ઉત્પન્ન થયેલ ભાવનાના જ્ઞાનથી જાણીને અર્થાત્ ધર્મનો નિર્ણય કરીને સિદ્ધાંત—આગમનો સાર રૂપ અને લોકોત્તર ધર્મની પ્રરૂપણા કરવાથી ઉત્તમ એવો આ **ધર્મ સંગ્રહ** નામનો ગ્રંથ રચું છું. ( ધર્મ સંગ્રહ એ શબ્દનો અર્થ એવો છે )—જેમાં સંગ્રહ કરાય તે સંગ્રહ કહેવાય. અહીં **सम्** સાથે **ग्रह** ધાતુને ' **पुंनाम्नि** ' એ સૂત્રથી **घ** પ્રત્યય આવેલો છે. (૧) ધર્મ કે જેનું લક્ષણ આગળ કહેવામાં આવશે, તેનો સંગ્રહ-એકઠાપણું, તે **ધર્મસંગ્રહ** કહેવાય છે. (૨) અથવા જેમાં

धर्मसंग्रहः इति व्युत्पत्तिः । तं ग्रथ्नामि रचयामीति क्रियाकारक संबंधः । किं कृत्वा । विशेषेण ईरयति क्षिपति तत्तत्कर्माणीति वीरः । (३) " विदारयति यत्कर्म तपसा च विराजते । तपोवीर्येणयुक्तश्च तस्माद्वीर इति स्मृतः " इति लक्षणनिरुक्ताद्वा वीरः । महांश्चासावितरवीरापेक्षया वीरश्च महावीरः । वीरत्वं च दानयुद्धधर्मभेदात्त्रिधा । ( ४ ) यदाहुः—

कृत्वा हाटक कोटिभि र्जगदस द्दारिद्र्य मुद्रांकितम्
हत्वा गर्भशयानपि स्फुरदरीन् मोहादि वंशोद्भवान् ।
तप्त्वा दुस्तपमस्पृहेण मनसा कैवल्य हेतुं तप
स्त्रेधा वीरयशो दधद्विजयतां वीरस्त्रिलोकी गुरुः ॥ १ ॥

तं प्रणम्य प्रकर्षेण भावपूर्वकं मनोवाक्कायैर्नत्वेति संबंधः । शेषाणि महावीरपदविशेषणानि तैस्तु सद्भूतार्थ प्रतिपादन परैश्चत्वारो भगवद-

---

ધર્મનો સંગ્રહ છે, તે **ધર્મસંગ્રહ** એમ પણ વ્યુત્પત્તિ થાય. તે ધર્મસંગ્રહને હું રચું છું. એ ક્રિયા અને કારકનો સંબંધ થયો. એ ગ્રંથ શું કરીને રચું છું, તે કહે છે. " જે વિશેષપણે તે તે કર્મને ખપાવે તે **વીર** કહેવાય. (૩) અથવા એમ પણ વીરનું લક્ષણ થાય કે, જે કર્મને છોડી દે, તપથી વિરાજમાન થાય, અને તપ તથા વીર્યથી યુક્ત હોય, તે **વીર** કહેવાય છે. " મહાન્ એટલે બીજા વીરની અપેક્ષાએ મોટા એવા વીર તે મહાવીર કહેવાય. તે વીરપણું, દાન, યુદ્ધ અને ધર્મના ભેદથી ત્રણ પ્રકારનું છે. (૪) તે વિષે કહ્યું છે કે,—

" કોટી સુવર્ણનું દાન કરી જગતને દારિદ્રની મુદ્રાના ચિન્હથી રહિત કરી, મોહાદિ વંશમાં ઉત્પન્ન થયેલા અંતરના સ્ફુરણાયમાન શત્રુઓને પણ મારી અને નિઃસ્પૃહ મનવડે કૈવલ્ય પદના કારણરૂપ એવી દુસ્તપ તપસ્યા આચરી, એમ ત્રણ[1] પ્રકારે વીરના યશને ધારણ કરતા, ત્રણ લોકના ગુરૂ શ્રી મહાવીર પ્રભુ વિજય પામો. " ॥ ૧ ॥

---

૧ ત્રણ પ્રકારે વીર એટલે દાનવીર, યુદ્ધવીર અને ધર્મવીર.

तिशयाः प्रकाश्यंते । तत्र पूर्वार्द्धेन पूजातिशयः । ( ५ ) तत्वज्ञमित्यनेन ज्ञानातिशयः । तत्वं सकलपर्यायोपेतसकलवस्तुस्वरुपं जानातीति व्युत्पत्तेः । तत्वदेष्टार मित्यनेन तु वचनातिशयः तत्त्वं दिशतीति व्युत्पत्तिसिद्धेः । ( ६ ) जिनोत्तम मित्यनेन च अपायापगमातिशयः अपायभूतादिरागादयस्तद्-पगमनेन भगवतः स्वरूपलाभः स च जयति रागद्वेषमोहरूपांतरंगान् रिपूनिति शब्दार्थ सिद्धः । ( ७ )

तदेवं चतुरतिशयप्रतिपादनद्वारेण भगवतो महावीरस्य पारमार्थिकी स्तुति रभिहिता इति भावः इति श्लोकयुग्मार्थः । ( ८ )

## अथ धर्मपदवाच्यमाह ।

वचनादविरुद्धा यदनुष्ठानं यथोदितम् ।
मैत्र्यादिभावसंमिश्रं तद्धर्म इति कीर्त्यते ॥ ३ ॥

---

તેવા વીરને પ્રણામ કરીને એટલે ઉત્કર્ષથી ભાવપૂર્વક મન, વચન, કાયાથી નમસ્કાર કરીને ( હું આ ધર્મસંગ્રહ ગ્રંથ રચું છું ) એ સંબંધ છે. અહીં બીજાં શ્રી મહાવીર પ્રભુનાં વિશેષણ કે જે ખરેખરા તેના અર્થને પ્રતિપાદન કરનારાં છે, તે વિશેષણોથી ભગવંતના ચાર અતિશયો પ્રકાશિત કરેલા છે. તેમાં પ્રથમના અર્ધ શ્લોકથી **પુજાતિશય** બતાવ્યો છે. ( ૫ ) **તત્વજ્ઞ** એ વિશેષણથી **જ્ઞાનાતિશય** દર્શાવેલ છે. કારણ કે, તત્વ એટલે સર્વ પર્યાયવાળી સર્વ વસ્તુઓનું સ્વરૂપ તેને જાણે તે **તત્વજ્ઞ** એવી વ્યુત્પત્તિ થાય છે. **તત્વદેષ્ટા** એ વિશેષણથી **વચનાતિશય** જણાવ્યો છે. તેની વ્યુત્પત્તિ એવી સિદ્ધ થાય છે કે, તત્વનો ઉપદેશ કરે તે **તત્વદેષ્ટા** કહેવાય. ( ૬ ) **જિનોત્તમ** એ વિશેષણથી **અપાયાપગમ** નામે અતિશય બતાવ્યો છે. અપાય એટલે વિઘ્નરૂપ એવા પ્રથમના રાગાદિ તેમનો **અપગમ** એટલે નાશ કરવાથી ભગવંતને પોતાના સ્વરૂપનો લાભ થાય છે. તે લાભ, જિન એટલે રાગ, દ્વેષ, મોહરૂપ અંતરના શત્રુઓને જીતે તે **જિન** કહેવાય, એ શબ્દાર્થ ઉપરથી સિદ્ધ થાય છે. ( ૭ )

એવી રીતે ચાર અતિશયનું પ્રતિપાદન કરી તે દ્વારા ભગવાન્ શ્રી મહાવીર પ્રભુની ખરેખરી પારમાર્થિકી–સત્ય–સ્તુતિ કરવામાં આવી છે. એ બે શ્લોકનો અર્થ કહ્યો. ( ૮ )

वचनेति उच्यते इति वचनमागमः तस्मात् वचनमनुसृत्येत्यर्थः । यत् अनुष्टानं इहलोकपरलोकावपेक्ष्य हेयोपादेययोरर्थयोरिहैव शास्त्रे वक्ष्यमाणलक्षणयो र्हानोपादान लक्षणा प्रवृत्तिरिति । तद्धर्म इति कीर्त्यते इत्युत्तरेण योगः । कीदृशाद्वचनादित्याह अविरुद्धात् कषच्छेदतापेषु अविघटमानात् । तत्र विधिप्रतिषेधयोर्बाहुल्येनोपवर्णनं कषशुद्धिः ( ९ )

पदे पदे तद्योगक्षेमकारि क्रियोपदर्शनं छेदशुद्धिः । विधि प्रतिषेध तद्विषयानां जीवादिपदार्थानां च स्याद्वादपरीक्षया याथात्म्येन समर्थनं तापशुद्धिः । ( १० ) तदुक्तं धर्मबिंदौ । विधिप्रतिषेधौ कषः । तत्संभवपालनाचेष्टोक्तिः छेदः । उभयनिबंधनभाववादस्ताप इति । तथाविरुद्धं वचनं जिनप्रणीतमेव । निमित्त शुद्धेर्वचनस्य हि वक्ता निमित्त मंतरंगं तस्य च राग-

---

## હવે ધર્મ એ શબ્દનો અર્થ કહે છે.

**શાસ્ત્રના અવિરોધી વચનને અનુસરી યથાર્થ મૈત્રી વિગેરેના ભાવ સહિત જે આચરણ, તે ' ધર્મ ' કહેવાય છે. ૩**

જે કહેવામાં આવે તે વચન એટલે શાસ્ત્ર, તેને અનુસરીને જે અનુષ્ટાન–આચરણ અર્થાત આ લોક અને પરલોકની અપેક્ષા કરી ત્યાગ કરવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય અર્થ કે જેનાં લક્ષણ આ ગ્રંથમાંજ આગળ કહેવામાં આવશે, તેનો ત્યાગ તથા સ્વીકાર કરવારૂપ પ્રવૃત્તિ, તે ધર્મ કહેવાય છે. ( એ ઉત્તર સાથે સંબંધ ) શાસ્ત્રને અનુસરીને તેમ જે કહ્યું, તે શાસ્ત્ર કેવું તે કહે છે. અવિરોધી એટલે કસોટી, છેદવું અને તપાવવું એ ત્રણ જાતની શુદ્ધિમાં અવિરોધી તેમાં વિધિ–કર્ત્તવ્યનો ઉપદેશ અને પ્રતિષેધ–નિષેધ તેમનું વિશેષપણે વર્ણન કરવામાં આવે તે કષ–કસોટીની શુદ્ધિ. ( ૯ )

પદે પદે યોગ ક્ષેમ કરનારી ક્રિયા બતાવવામાં આવે તે છેદ–છેદવાની શુદ્ધિ, વિધિ અને નિષેધ તે વિષયના જીવ વિગેરે પદાર્થોની સ્યાદ્વાદ મતે પરીક્ષા કરી યથાર્થપણે તેમનું સમર્થન–પ્રતિપાદન કરવામાં આવે, તે તાપ શુદ્ધિ. ( ૧૦ ) તે વિષે ધર્મબિંદુમાં કહેલું છે કે, વિધિ નિષેધ તે કષ શુદ્ધિ, તે વિધિ નિષેધના સંભવિત પદાર્થોનું પાલન કરવા જે

द्वेषमोहपारतंत्र्यमशुद्धिस्तेभ्यो वितथवचनप्रवृत्तेः नचैषा अशुद्धिर्जिने भगवति जिनत्वविरोधात् जयति रागद्वेषमोहरूपांतरंगान् रिपूनिति शब्दार्थानुपपत्तेः। (११) तपनदहनादि शब्दवदन्वर्थतयाचास्याभ्युपगमान्निमित्तशुद्ध्यभावान्नाजिनप्रणीतवचनमविरुद्धं यतः कारणस्वरूपानुविधायि कार्यं तन्न दुष्टकारणारब्धं कार्यमदुष्टं भवितु मर्हति निंबबीजादिवेक्षुयष्टिरिति। अन्यथा कारण व्यवस्थोपरमप्रसंगात्। (१२)

यच्च यदृच्छा प्रणयन प्रवृत्तेषु तीर्थांतरीयेषु रागादिमत्स्वपि घुणाक्षरोत्किरणव्यवहारेण क्वचित्किंचिदविरुद्धमपि वचनमुपलभ्यते मार्गानुसारिबुद्धौ वा प्राणिनी क्वचित्तदपि जिनप्रणितमेव तन्मूलत्वात्तस्य। (१३) तदुक्तमुपदेशपदे।

ચેષ્ટા કહેવી તે છેદ શુદ્ધિ, અને બંનેના નિબંધન રૂપ ભાવનું કથન તે તાપ શુદ્ધિ, એવું અવિરોધી વચન શ્રી જિન પ્રણીતજ હોય છે. નિમિત્તની શુદ્ધિથી વચનનો વકતા શુદ્ધ ગણાય છે. નિમિત્ત એટલે અંતરનું અંગ, તેનું રાગ, દ્વેષ તથા મોહ તે પરતંત્રપણું, તે તેની અશુદ્ધિ છે. કારણ કે તે રાગ દ્વેષ તથા મોહથી વિતથ-અસત્ય વચનની પ્રવૃત્તિ થાય છે. તેવી અશુદ્ધિ શ્રી જિન ભગવંતમાં હોતી નથી. કારણ કે જો તે અશુદ્ધિ હોય તો જિનપણામાં વિરોધ આવે અને રાગ, દ્વેષ અને મોહરૂપ અંતરંગ શત્રુઓને જીતે તે **જિન** એવા શબ્દાર્થની ઉપપત્તિ પણ ઘટે નહીં. (૧૧) તે તો તપન-તાપ કરે તે એટલે સૂર્ય અને દહન-બાળે તે એટલે અગ્નિ-એ શબ્દની જેમ સાર્થક છે. એથી એમ સિદ્ધ થયું કે, નિમિત્ત શુદ્ધિના અભાવથી જે વચન જિન પ્રણીત નથી, તે અવિરોધી નથી. કારણ કે કાર્ય કારણના સ્વરૂપને અનુસારી થાય છે, તેથી દુષ્ટ કારણથી આરંભેલું કાર્ય અદુષ્ટ થવા યોગ્ય નથી. લીંબડાના બીજમાંથી શેરડી થાયજ નહીં. જો એમ બને તો પછી કારણની વ્યવસ્થા તુટવાનો પ્રસંગ આવે. (૧૨)

વળી જે સ્વેચ્છાએ પ્રણીત કરવામાં પ્રવર્તેલા રાગાદિકવાળા અન્ય તીર્થીઓમાં પણ ઘુણાક્ષર * ન્યાયે કોઈ ઠેકાણે કોઈ અવિરોધી વચન જોવામાં આવે છે, તેમજ

* ઘુણ જાતનો કીડો થાય છે, તે લાકડામાં અક્ષર કરી કોતરે છે, તે ઘુણાક્ષર ન્યાય.

" सव्वप्पवायमूलं दुवालसंगं जओ जिणरकायं रयणागरतुल्लं खलु तो सव्वं सुंदरं तस्मिति " कीदृशमनुष्टानं धर्म इत्याह । यथोदितं यथा येन प्रकारेण कालाद्याराधनानुसाररूपेण उदितं प्रतिपादितं तत्रैवाविरुद्धे वचने इति गम्यं अन्यथा प्रवृत्तौ तु तद्वेषित्वमेवापद्यते न तु धर्मः।( १४ ) यथोक्तं । " तत्कारी स्यात्सनियमात्तद्वेषी चेति यो जडः । आगमार्थे तमुल्लंघ्य तत एव प्रवर्त्तते " इति धर्मदासक्षमाश्रमणैरप्युक्तं ।–जो जहवायं न कुणइ मिच्छादिट्ठी तओ उक्को अन्नो वेहई मिच्छत्तं परस्स संकंजणे माणोत्ति " पुनरपि कीदृशमित्याह । मैत्र्यादिभावसंमिश्रं मैत्र्यादयः मैत्रीमुदिता करुणा मध्यस्थलक्षणा ये भावा अंतःकरणपरिणामाः तत्पूर्वकाश्च बाह्यचेष्टाविशेषाः सत्वगुणाधिकक्लिश्यमानाविनयेषु तैः संमिश्रं संयुक्तं ।( १५ ) मैत्र्यादिभावानां

---

માર્ગાનુસારી બુદ્ધિવાળા કોઇ પ્રાણીમાં પણ તેવું વચન જોવામાં આવે છે, તે જિન પ્રણીતજ સમજવું. કારણ કે તેનું મુળ તેમાંથી હોય છે. ( ૧૩ ) તે વિષે ઉપદેશ પદમાં કહેલું છે કે, " જે સર્વ પ્રવાદનું મુળ અને નિર્દોષ હોય તે સર્વ રત્નાકર જેવું જિન ભાષિત સર્વ સુંદર છે. " હવે કેવું અનુષ્ટાન તે ધર્મ કહેવાય ? તે કહે છે–યથોદિત યથા એટલે કાળાદિ આરાધનને અનુસાર રૂપ જે પ્રકારે ઉદિત એટલે પ્રતિપાદન કરેલું તે અવિરોધી વચનમાં પ્રતિપાદન કરેલું એમ ઉપરથી લેવું. જો એમ ન લે અને તેથી અન્યથા રીતે પ્રવૃત્તિ કરવામાં આવે તો તેનું દ્વેષપણુંજ પ્રાપ્ત થાય, ધર્મ ન થાય. ( ૧૪ ) તે વિષે કહ્યું છે કે, " તે નિયમથી તેનો કર્ત્તા થાય, અને અન્યથા તેનો દ્વેષી થાય, એમ જે જડ પુરૂષ શાસ્ત્રના અર્થમાં તેનું ઉલ્લંધન કરી તેથીજ પ્રવર્ત્તે છે. " તે વિષે ધર્મદાસ ક્ષમા શ્રમણ પણ કહે છે કે, " જે અન્યથા કરે તે મિથ્યા દ્રષ્ટિ છે, તેનાથી બીજો કયો મિથ્યાત્વને વધારે છે, તે બીજાની શંકામાં આવે છે. " વળી તે વચન કેવું છે તે કહે છે–મૈત્રી વિગેરે ભાવથી મિશ્ર છે. મૈત્રી વિગેરે એટલે મૈત્રી, મુદિતા, કરૂણા અને મધ્યસ્થાદિ, જે ભાવ એટલે અંતઃકરણના પરિણામ અર્થાત્ સત્વગુણથી અધિક અને વિનયને દુર કરનાર પ્રત્યે તે પૂર્વક કરાતી એક જાતની બાહ્ય ચેષ્ટા.

તે વડે યુક્ત એવું તે વચન છે. ( ૧૫ ) કારણ કે, તે મૈત્રી વિગેરે ભાવના જેનું

निःश्रेयसाभ्युदयफलधर्मकल्पद्रुममूलत्वेन शास्त्रांतरेषु प्रतिपादनात् । तत्र समस्तसत्त्वाविषयः स्नेहपरिणामो मैत्री १ नमनःप्रसादादिभिर्गुणाधिकेऽप्यभिव्यज्यमानांतर्भक्तिरनुरागः प्रमोदः २ दीनादिचानुकंपा करुणा ३ अरागद्वेषभावो माध्यस्थ्यं ४ इति तदेवंविधमनुष्टानं धर्म इति दुर्गतिपतज्जंतुजातधारणात्स्वर्गादिसुगतौधानाच्च धर्म इत्येवं रूपत्वेन कीर्त्यते शब्द्यते सकलाकल्पितभावकल्पनाकल्पनकुशलैःसुधीभिरिति । ( १६ )

नन्वेवं वचनानुष्टानं धर्म इति प्राप्तं तथा च प्रीतिभक्त्यसंगानुष्टानेष्वव्याप्तिरिति चेन्न । वचनव्यवहारक्रियारूपधर्मस्यैवात्र लक्ष्यत्वेनाव्याप्त्यभावादिति वस्तुतः प्रीतिभक्तित्वे इच्छागतजातिविशेषौ तद्धजन्यत्वेन प्रीतिभक्त्यनुष्टानयोर्भेदः । ( १७ ) वचनानुष्टानत्वं वचनस्मरणनियतप्रवृत्तिकत्वं ।

एतत्त्रितयभिन्नानुष्टानत्वं असंगानुष्टानत्वं निर्विकल्पस्वरसवाहि प्रवृत्ति-

---

ફળ મોક્ષનો ઉદય છે એવા ધર્મરૂપ કલ્પવૃક્ષનું મૂલ છે, એમ બીજા શાસ્ત્રોમાં પ્રતિપાદન કરેલું છે. સર્વ પ્રાણી ઉપર સ્નેહનાં પરિણામ કરવાં તે **મૈત્રી** કહેવાય છે, ગુણથી અધિક એવો પુરૂષ ન હોય તોપણ તેની ઉપર મનની પ્રસન્નતા વિગેરેથી અંતરમાં ભક્તિ અનુરાગ પ્રગટ થાય તે **પ્રમોદ** ( મુદિતા ) કહેવાય છે. દીન-દુઃખી વિગેરે પ્રાણી ઉપર અનુકંપા કરવી તે **કરૂણા** કહેવાય છે. અને કોઇ ઉપર રાગ-દ્વેષ ન રાખવો તે **માધ્યસ્થ્ય** કહેવાય છે. એવી જાતનું અનુષ્ટાન-આચરણ તે ધર્મ એટલે દુર્ગતિમાં પડતા જંતુઓના સમૂહને ધારણ કરવાથી અને સ્વર્ગાદિ શુભ ગતિમાં ધાન-સ્થાપન કરવાથી ધર્મ એમ સર્વ અકલ્પિત ભાવની કલ્પના કરવામાં કુશલ એવા સદ્બુદ્ધિવાળા પુરૂષો કહે છે. ( ૧૬ )

અહિં શંકા કરે છે કે, ત્યારે વચનનું અનુષ્ટાન-આચરણ તે ધર્મ એમ થયું તો પ્રીતિ, ભક્તિ તથા અસંગના અનુષ્ટાનમાં તેની વ્યાપ્તિ નહીં થાય, તેના ઉત્તરમાં કહેવાનું કે, તેમ નથી. અહિં તો વચન વ્યવહાર તથા ક્રિયારૂપ ધર્મ જ લક્ષ્ય છે, તેથી અવ્યાપ્તિનો અભાવ છે. વસ્તુતાએ પ્રીતિ ભક્તિપણું એ એક જાતની ઇચ્છા ગત જાતિ છે. તે તેથી જન્ય હોવાને લીધે પ્રીતિ તથા ભક્તિના અનુષ્ટાન વચ્ચે ભેદ છે. [૧૭] વચનના અનુષ્ટાનની પ્રવૃત્તિ તો વચનના સ્મરણમાં નિયતપણે છે.

कत्वं वा । इहतु वचनादित्यत्रवेदात्प्रवृत्तिरित्यत्रेव प्रायोऽन्यत्वार्थिका पंचमी । तथा च वचनप्रयोज्यप्रवृत्तिकत्वं लक्षणमिति न कुत्राप्यव्याप्ति दोषावकाशः। (१८) प्रीतिभक्त्यसंगानुष्टानानामपि वचन प्रयोज्यत्वानपायात् । धर्मश्चित्तप्रभवो यतः क्रियाधिकरणाश्रयं कार्यं मलविगमेनैतत् खलु पुष्टयादि मदेष विज्ञेयः । "रागादयो मलाः खलू वागमसद्योगतो विगम एषां तदयं क्रियांतर बहिःपुष्टिश्चितस्य शुद्धस्य" । पुष्टिः पुण्योपचयः शुद्धिः पापक्षयेन निर्मलता अनुबंधिनि द्वयेऽस्मिन् क्रमेण मुक्तिः पराज्ञेयेत्यादि । षोडशग्रंथानुसारेण तु पुष्टिशुद्धिमच्चित्तं भावधर्मस्य लक्षणं तदनुगता क्रिया च व्यवहारधर्मस्येति पर्यवसन्नं । (१९) प्रतिपादितं चेत्थमेव महोपाध्याय श्री यशोविजयगणिभिरपि स्वकृतद्वात्रिंशिकायां । इत्थं च शुद्धानुष्टानजन्या

અથવા પ્રીતિ, ભક્તિ અને અસંગ એ ત્રણથી તેનું અનુષ્ટાન ભિન્ન છે. અસંગનું અનુષ્ટાન નિર્વિકલ્પ તથા સ્વરસ–આત્મ રસમાં વહન કરતી પ્રવૃત્તિવાળું છે. અહીં **वचनात्** એ **वेदात्प्रवृत्तिः** એ પ્રમાણે પ્રાયે કરી અન્યત્વાર્થી પંચમી વિભક્તિ છે. હવે સિદ્ધ થયું કે, લક્ષણ, વચન ને પ્રયોજ્ય એવી પ્રવૃત્તિવાળું છે, તેથી તેને કોઇ ઠેકાણે અવ્યાપ્તિ દોષનો અવકાશ આવેજ નહિ. [ ૧૮ ]પ્રીતિ, ભક્તિ અને અસંગનાં અનુષ્ટાનને પણ વચનનાં પ્રયોજ્યપણાંનો નાશ થતો નથી. વળી ધર્મ ચિત્તમાંથી ઉત્પન્ન થાય છે. કારણ કે ક્રિયાના આધારે કાર્ય થાય તે મળ દૂર કરવાથી પુષ્ટિ વિગેરે પ્રાપ્ત કરે એટલે એ ધર્મ કહેવાય. અહીં રાગાદિ મળ સમજવા. તેઓનો આગમ–શાસ્ત્રના યોગથી નાશ થાય છે. ત્યારે ક્રિયાંતરે શુદ્ધ ચિત્તની પુષ્ટિ થાય, તે ધર્મ કહેવાય છે. અહીં પુષ્ટિ એટલે પુણ્યનો સંગ્રહ અને શુદ્ધિ એટલે પાપના ક્ષયથી થયેલી નિર્મળતા જાણવી. આ બંને સંબંધમાં આવે એટલે અનુક્રમે પરમ મુક્તિ જાણવી. ઇત્યાદિ, ષોડશ ગ્રંથને અનુસારે તો ઉપર કહેલ પુષ્ટિ અને શુદ્ધિવાળું ચિત્ત તે ભાવ ધર્મનું લક્ષણ અને તેને અનુગત એવી ક્રિયા તે વ્યવહાર ધર્મનું લક્ષણ, એમ જાણવું. [ ૧૯ ]

આ પ્રમાણે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણીએ પણ પોતાની રચેલ દ્વાત્રિંશિકામાં પ્રતિપાદન કરેલ છે. એવી રીતે શુદ્ધ અનુષ્ટાનથી ઉત્પન્ન થવા યોગ્ય, કર્મરૂપ મલનો નાશ

**कर्ममलापगमलक्षणा सम्यग्दर्शनादिनिर्वाणबीजलाभफला जीवशुद्धिरेव धर्मः । यच्चेहाविरुद्धवचनादनुष्ठानं धर्म इत्युच्यते तत्तूपचारात् । यथा तंडुलोदकं पादरोगः । एतेन व्यवहारभावधर्मयो रुभयोरपि लक्षण उपपादिं ते भवतः । भावलक्षणस्य द्रव्ये उपचारेणैव संभवात् अन्योऽन्यानुगतत्वं च तयोस्तत्र । प्रसिद्धमिति प्रदर्शितं धर्मलक्षणं ( २० ) । ३ ॥**

## अथामुमेव धर्मं भेदतः प्रभेदतश्च विभणिषुराह.

**स द्विधा स्यादनुष्ठातृ गृहिव्रतिविभागतः ।**
**सामान्यतो विशेषा च गृहिधर्मोऽप्ययं द्विधा ॥ ४ ॥**

---

થવો, એ લક્ષણવાળી અને સમ્યગ્દર્શન વિગેરે મોક્ષનાં બીજનો લાભ એ ફળવાળી જે જીવની શુદ્ધિ તેજ ખરેખરો ધર્મ છે. 'અવિરૂદ્ધ વચનને અનુસરી જે અનુષ્ઠાન-આચરણ તે ધર્મ કહેવાય' એમ જે કહ્યું, તે તો જેમ ચોખાનું[1] પાણી અને પગનો રોગ એમ કહેવાય છે, તેમ ઉપચારથી કહેલું છે. આથી વ્યવહાર ધર્મ અને ભાવ ધર્મ એ બંને ધર્મનાં લક્ષણ બતાવ્યાં છે. ભાવનાં લક્ષણ તો ઉપચારવડે દ્રવ્યમાંજ સંભવ છે. કારણ કે, ભાવ અને દ્રવ્ય તે બંને પરસ્પર અનુગત છે. એવી રીતે ધર્મનું લક્ષણ પ્રસિદ્ધ રીતે બતાવવામાં આવ્યું. [ ૨૦ ] ૩

### હવે એ ધર્મને ભેદ તથા પ્રભેદથી કહેવા ઇચ્છે છે.

**તે ધર્મ તેના આચરણ કરનાર એવા ગૃહી-ગૃહસ્થ અને વ્રતી-મુનિ એવા વિભાગથી બે પ્રકારનો છે, એટલે ગૃહી ધર્મ અને વ્રતિ ધર્મ એવા તેના બે ભેદ છે. તેમાં ગૃહી ધર્મ પણ સામાન્ય અને વિશેષ એવા બે ભેદવાળો છે. ૪**

---

૧ ચોખાનું પાણી એ ઉપચાર માત્રથી કહેવાય છે. કાંઇ ચોખાનું પાણી હોતું નથી. પાણી ચોખાથી ભિન્ન છે. તેવીજ રીતે પગનો રોગ એ વિષે પણ જાણવું.

सद्विधेति सः यः पूर्वं प्रवक्तुमिष्टो धर्मो द्विधा द्वाभ्यां प्रकाराभ्यां स्याद्भवेत् । कुत इत्याह । अनुष्टातृगृहिव्रतिविभागत इति । अनुष्टातारौ धर्मानुष्टायकौ यौ गृहिव्रतिनौ तयोर्विभागतो विशेषात् गृहस्थधर्मो यतिधर्मश्चेति भावः । ( १ ) तत्र गृहमस्यास्तीति गृही तद्धर्मश्च नित्यनैमित्तिकानुष्टानरूपः । व्रतानि महाव्रतानि विद्यंते यस्मिन् स व्रती तद्धर्मश्च चरणकरणरूपः । तत्र च गृहिधर्मं विशिनष्टि । गृहिधर्मोपीति । अयं साक्षादेव हृदि वर्त्तमानतया प्रत्यक्षो गृहिधर्म उक्तलक्षणः किं पुनः सामान्यधर्म इत्यपि शब्दार्थः । द्विधा द्विभेदः । ( २ ) द्वैविध्यं दर्शयति । सामान्यतो विशेषाच्चेति । तत्र सामान्यतो नाम सर्वविशिष्टजनसाधारणानुष्टानरुपः । विशेषात् शम्यग्दर्शनाणुव्रतादिप्रतिपत्तिरूपः । चकार उक्तसमुच्चय इति । ( ३ )

## ગૃહી ધર્મ અને વ્રતિ ધર્મના ભેદ.

તે ધર્મ, એટલે જે પૂર્વે કહેવા ઇચ્છેલો છે, તે ધર્મ બે પ્રકારે થાય છે, તે કેવી રીતે ? તે કહે છે. અનુષ્ટાતા એટલે ધર્મનું આચરણ કરનારા એવા ગૃહી અને વ્રતી, તેમના વિભાગથી એટલે ગૃહસ્થ ધર્મ અને યતિ ધર્મ એવા તેના બે ભેદ પડે છે. [ ૧ ] જેને ગૃહ-ઘર હોય તે ગૃહી-ગૃહસ્થ કહેવાય. તેનો ધર્મ, એટલે નિત્ય તથા નૈમિત્તિક-અનુષ્ટાન-આચરણ કરવારૂપ છે. વ્રત એટલે પંચમહાવ્રત જેને હોય તે વ્રતી કહેવાય. તેનો ધર્મ એટલે ચરણ કરણરૂપ [ ચારિત્ર ક્રિયારૂપ ] છે, તેમાં ગૃહી ધર્મ વિષે વિશેષ કહે છે. આ એટલે સાક્ષાત્ હૃદયમાં પ્રત્યક્ષ રહેલો ગૃહિ ધર્મ કે જેનું લક્ષણ ઉપર કહેવામાં આવ્યું છે તે. ગૃહિ ધર્મ બે પ્રકારનો છે, તો સામાન્ય ધર્મની શી વાત ? એમ अपि શબ્દનો અર્થ જણાવે છે, તે ગૃહસ્થ ધર્મ બે પ્રકારનો છે. [ ૨ ] તે બે પ્રકાર દર્શાવે છે. સામાન્યથી અને વિશેષથી સામાન્ય ધર્મ એટલે સર્વ વિશિષ્ટ જનને સાધારણ-આચરણરૂપ ધર્મ અને વિશેષ ધર્મ એટલે સમ્યગ્ દર્શન તથા અણુ વ્રત વિગેરેના આચરણરૂપ ધર્મ. અહિં च શબ્દ ઉપર કહેલ સમુચ્ચય અર્થમાં છે. ૩

## तत्राद्यं भेदं दशभिः श्लोकैर्दर्शयति ।

तत्र सामान्यतो गेहि धर्मो न्यायार्जितं धनम् ।
वैवाह्यमन्यगोत्रीयैः कुलशीलसमैः समम् ॥ ५ ॥

शिष्टाचार प्रशंसारि षड्वर्ग त्यजनं तथा ।
इंद्रियाणां जय उपप्लुतस्थानविवर्जनम् ॥ ६ ॥

सुप्रातिवेश्मिके स्थाने नातिप्रकटगुप्तके ।
अनेकनिर्गमद्वारं गृहस्य विनिवेशनम् ॥ ७ ॥

पापभीरुकता ख्यात देशाचार प्रपालनम् ।
सर्वेष्वनपवादित्वं नृपादिषु विशेषतः ॥ ८ ॥

आयोचितव्ययो वेषो विभवाद्यनुसारतः ।
माता पित्रर्चनं संगः सदाचारैः कृतज्ञता ॥ ९ ॥

---

હવે પહેલો સામાન્ય ધર્મનો ભેદ દશ શ્લોકવડે કહે છે.

ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવું, કુળશીળમાં સમાન એવા બીજા ગોત્રની સાથે વિવાહ સંબંધ જોડવો. ૫ ઉત્તમ આચારની પ્રશંસા, છ શત્રુઓના વર્ગનો ત્યાગ કરવો, ઇંદ્રિયોનો જય કરવો, ઉપદ્રવવાળા સ્થાનને છોડી દેવું, ૬ સારા પાડોશવાળા, અતિ ખુલ્લા કે અતિ ગુપ્ત નહીં તેવા સ્થાનમાં નીકળવાના અનેક દ્વારવાળું ઘર બાંધવું. ૭ પાપથી ડરવું, પ્રખ્યાત દેશાચાર પાળવા, સર્વનો અપવાદ-નિંદા કરવી નહીં. તેમાં રાજા પ્રમુખની વિશેષથી ન કરવી. ૮

આવક પ્રમાણે ખર્ચ રાખવો, વૈભવાદિકને અનુસરી વેષ રાખવો, માતા પિતાનું પૂજન કરવું, સદાચારવાળાની સાથે સંગ રાખવો, કૃતજ્ઞતા ( કદર જાણવાપણું ) રાખવી. ૯ અજીર્ણમાં ભોજન કરવું નહિ, નિયમિત

अजीर्णेऽभोजनं काले भुक्तिः सात्म्यादलौल्यतः ।
वृत्तस्थज्ञानवृद्धार्हा गर्हिं तेष्वप्रवर्त्तनम् ॥ १० ॥
भर्त्तव्यभरणं दीर्घदृष्टिर्द्धर्मश्रुतिर्दया ।
अष्टबुद्धिगुणैर्योगः पक्षपातो गुणेषु च ॥ ११ ॥
सदानभिनिवेशश्च विशेषज्ञानमन्वहम् ।
यथार्हमतिथौ साधौ दीने च प्रतिपन्नता ॥ १२ ॥
अन्योऽन्यानुपघातेन त्रिवर्गस्यापि साधनम् ।
अदेशकालाचरणं बलाबलविचारणम् ॥ १३ ॥
यथार्हलोकयात्रा च परोपकृत्तिपाटवम् ।
ह्रीः सौम्यता चेति जिनैः प्रज्ञप्तो हितकारिभिः ॥ १४ ॥

दशभिः कुलकम् ।

---

સમયે સાત્મ્યપણે અધિક ખાવાની આકાંક્ષા વિના ભોજન કરવું, વૃત્તમાં રહેલા જ્ઞાનવૃદ્ધની પૂજા કરવી, નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી. ૧૦ ભરણ-પોષણ કરવા યોગ્ય હોય, તેમનું ભરણ-પોષણ કરવું, દીર્ઘ દ્રષ્ટી રાખવી, ધર્મ સાંભળવો, દયા રાખવી, બુદ્ધિના આઠ ગુણનો યોગ કરવો, ગુણમાં પક્ષપાત રાખવો. ૧૧ હમેશાં આગ્રહ છોડી દેવો, પ્રતિદિવસ વિશેષ જ્ઞાન મેળવવું, અતિથિ, સાધુ કે ગરીબ આવે, તેમનો યથાયોગ્ય સત્કાર કરવો. ૧૨ એક બીજાનો ઉપઘાત ન થાય, તેમ ધર્મ, અર્થ અને કામ સાધવાં, નિષિદ્ધ દેશ કાળ પ્રમાણે આચરણ કરવું નહિ, બળાબળનો વિચાર કરવો. ૧૩ યથાયોગ્ય લોકયાત્રા કરવી, પરોપકારમાં તત્પર રહેવું, લજ્જા રાખવી, અને સૌમ્ય-શાણાપણું રાખવું— એ હિતકારી એવા, શ્રી જિન ભગવંતે ગૃહસ્થનો સામાન્ય ધર્મ કહેલો છે. ૧૪

तत्र तयोः सामान्यविशेषरूपयोः गृहस्थधर्मयोर्वक्तुमुपक्रांतयोर्मध्ये सामान्यतो गृहिधर्म इति अमुना प्रकारेण हितकारिभिः परोपकरणशीलैर्जिनैरर्हद्भिः प्रज्ञप्तः प्ररूपित इत्यनेन संबंधः । स च यथा न्यायार्जितं धनमित्यादि । तत्र स्वामिद्रोह मित्रद्रोह विश्वासितवंचन चौर्यादिगर्ह्यार्थोपार्जनपरिहारेणार्थोपार्जनोपायभूतः स्व स्व वर्णानुरूपः सदाचारो न्यायस्तेनार्जितं संपादितं धनं अयमेव धर्मः । ( १ ) न्यायार्जितं हि धनं अशंकनीयतया स्वशरीरेण तत्फलभोगान्मित्रस्वजनादौ संविभाग करणाच्चेह लोकहिताय । ( २ ) यदाह । " सर्वत्र शुचयो धीराः स्वकर्मबलगर्विताः । स्वकर्मनिंदितात्मानः पापाः सर्वत्र शंकिताः " सत्पात्रेषु विनियोगात् दीनादौ कृपया वितरणाच्च परलोकहिताय पठ्यते च धार्मिकस्य धनस्य शास्त्रांतरे दान स्थानं यथा—" पात्रेदीनादिवर्गे च दानं विधिवदिष्यते । पोष्यवर्गाविरोधेन न विरुद्धं स्वतश्च यत् " ॥ ( ३ )

---

તેમાં એટલે કહેવાને આરંભ કરેલા ગૃહસ્થના સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મમાં ગૃહસ્થનો સામાન્ય ધર્મ પરોપકાર કરવાના સ્વભાવવાળા શ્રી જિન ભગવંતે આ પ્રકારે પ્રરૂપણા કરેલો છે— [ એ સંબંધ લેવો ] તે ગૃહસ્થનો સામાન્ય ધર્મ આ પ્રમાણે–ન્યાયથી ધન ઉપાર્જન કરવું. અહીં ન્યાય એટલે સ્વામીનો દ્રોહ, મિત્રનો દ્રોહ, વિશ્વાસીને છેતરવું, અને ચોરી વિગેરે નિંદિતવડે દ્રવ્યનું ઉપાર્જન કરવું છોડી દઇ પોત પોતાના વર્ણ ( જાતિ ) ને ઘટે તેમ દ્રવ્ય ઉપાર્જન કરવાના ઉપાયરૂપ સદાચાર. તેવડે દ્રવ્ય સંપાદન કરવું, એજ ધર્મ છે. [ ૧ ] કારણ કે, ન્યાયથી ઉપાર્જન કરેલું ધન નિશંકપણે પોતાના શરીરવડે તેનું ફળ ભોગવવાથી અને મિત્ર તથા સ્વજન વિગેરેમાં તેનો વિભાગ કરવાથી આ લોકમાં હિતકારી થાય છે. [ ૨ ] કહ્યું છે કે, " પોતાના કર્મના બળથી ગર્વ ધરનારા ધીર પુરૂષો પવિત્ર રહે છે, અને પોતાના કર્મથી આત્માને નિંદિત કરનારા પાપી લોકો સર્વ સ્થળે શંકાવાળા થાય છે. " વળી તે ન્યાયોપાર્જિત દ્રવ્ય સત્પાત્રમાં આપવાથી અને દીન-દુઃખી વિગેરેને દયાવડે દાન કરવાથી પરલોકના હિતને માટે પણ થાય છે. ધાર્મીકના દ્રવ્યને દાન કરવાનું સ્થાન બીજા શાસ્ત્રમાં આ પ્રમાણે કહ્યું

अन्यायोपात्तं तु लोकद्वयेऽप्यहितायैव । इहलोके विरुद्धकारिणो वधबंधादयो दोषाः परलोके च नरकादिगमनादयः । यद्यपि कस्यचित् पापानुबंधि पुण्यानुभावादैहलौकिकी विपन्न दृश्यते तथाप्यायत्यामवश्यंभाविन्येव । ( ४ ) यतः । " पापेनैवार्थरागांधः फलमाप्नोति यत्कचित् । बडिशामिषवत्तत्तमविनाश्यन जीर्यतीति " न्याय एव परमार्थतोऽर्थोपार्जनोपायोपनीषत् । यदाह । " निपानमिव मंडूकाः सरः पूर्णमिवांडजाः । शुभकर्माणमायांति विवशाः सर्वसंपदः " इदृशं धनं च गार्हस्थ्ये प्रधानकारणत्वेन धर्मतयादौ निर्दिष्टं अन्यथा तदभावे निर्वाहविच्छेदेन गृहस्थस्य सर्वश्रुतक्रियोपरम प्रसंगादधर्म एव स्यात् । ( ५ ) पठ्यते च । " वित्तावोच्छेयंमी गिहिणो सीयंति सव्वकिरियाउनिरवरकस्स उजुतो संपन्नो संजमो चेवत्ति " तथा विवाह्यमित्यादि । गोत्रं नाम तथाविधैक पुरुष-

---

છે.— " પાત્ર અને દીન-દુઃખી વિગેરે વર્ગને વિધિથી દાન કરવું, પણ તે પોષ્ય વર્ગને અને પોતાને અવિરોધ આવે તેમ ન થવું જોઇએ. " ( ૩ )

અન્યાયથી ઉપાર્જન કરેલું દ્રવ્ય તો આ લોક અને પરલોકમાં અહિત કરનારૂં છે. આ લોકમાં વિરોધ કરનારા, વધ ( દેહાંતદંડ ) અને બંધ ( કારાગૃહ ) વિગેરે દોષ થાય છે, અને પરલોકમાં નરકાદિકમાં ગમન વિગેરે દોષ થાય છે. કદિ જો કે પાપાનુબંધી પુણ્યના યોગથી કોઇ માણસને આ લોકમાં વિપત્તિ થતી જોવામાં નથી આવતી, પણ પરિણામે તે અવશ્ય થવાનીજ. ( ૪ ) કહ્યું છે કે, " પાપવડે દ્રવ્ય મેળવી તેના રાગમાં અંધ થયેલો પુરૂષ કદિ કોઇ ફળ મેળવે, પણ છેવટે માછલાંને કાંટામાં આપેલા માંસની જેમ તે પુરૂષનો નાશ કર્યા શિવાય તે દ્રવ્ય પચતું નથી. " તેથી પરમાર્થ-સત્ય રીતે દ્રવ્ય ઉપાર્જન કરવાનો ઉત્તમ ઉપાય ન્યાયજ છે. કહ્યું છે કે, " દેડકાં જેમ જલાશયમાં આવે, અને પક્ષીઓ જેમ પૂર્ણ સરોવરમાં આવે, તેમ સર્વ સંપત્તિઓ વશ થઇ શુભ કર્મ—ન્યાયવાળાની આગળ આવે છે. " એવું ન્યાયોપાર્જિત દ્રવ્ય ગૃહસ્થપણામાં પ્રધાન કારણને લઇ ધર્મરૂપે કહેલું છે, અન્યથા જો દ્રવ્ય ન હોય તો, ગૃહસ્થને નિર્વાહનો ભંગ થવાથી શાસ્ત્રની સર્વ ક્રિયા ઉપરામ પામવાનો પ્રસંગ આવે, એથી અધર્મજ

प्रभवो वंशः । अन्यच्च तद् गोत्रं च अन्यगोत्रं तत्र भवा अन्यगोत्रीया अतिचिरकालव्यवधानवशेन त्रुटितगोत्रसंबंधाः तैः अन्यगोत्रीयैः । कीदृशैस्तैः कुलशीलसमैः । तत्र कुलं पितृ पितामहादि पूर्वपुरुषवंशः शीलं मद्यमांसनिशाभोजनादिपरिहाररूपो व्यवहारः ताभ्यां समैः तुल्यैः समं सार्द्धं किमित्याह । वैवाह्यं विवाह एव तत्कर्म वा वैवाह्यं । ( ६ ) सामान्यतो गृहस्थधर्म इति प्रकृतं अग्रेऽपि सर्वत्र ज्ञेयं । अत्र लौकिक नीतिशास्त्रमिदं द्वादशवर्षा स्त्री षोडषवर्षः पुमान् एतौ विवाहयोग्यौ । विवाहपूर्वो व्यवहारः कुटुंबोत्पादनपरिपालनतारूपश्चतुरो वर्णान् कुलीनान् करोति । युक्तितो वरणविधानं अग्निदेवादिसाक्षिकं च पाणि ग्रहणं विवाहः । ( ७ )

सचलोकेऽष्टविधः । तत्रालंकृत्य कन्यादानं ब्राह्मो विवाहः १ वि-

---

થાય. ( ૫ ) કહ્યું છે કે, " દ્રવ્યના વિચ્છેદથી ગૃહસ્થ સીદાય છે, અને તેથી સર્વ ક્રિયા ઉપરામ પામી જાય છે, અને સર્વ ક્રિયાવાનનેજ સંયમ પ્રાપ્ત થાય છે. "

અન્ય ગોત્રમાં થયેલાની સાથે વિવાહ કરવો. અહિં ગોત્ર એટલે તેવા એક પુરૂષનો ચાલેલો વંશ, અન્ય એટલે બીજું જે ગોત્ર, તેમાં થયેલા એટલે લાંબે કાળે વ્યવધાન–આંતરો પડવાથી જેમનો ગોત્ર સંબંધ તુટી ગયેલો છે તેવા, વળી તે કહેવા જોઇએ ? કુળ અને શીલમાં સરખા. કુળ એટલે પિતા, પિતામહ વિગેરે પૂર્વ પુરૂષનો વંશ, શીલ એટલે મદ્ય, માંસ, રાત્રિ ભોજન વિગેરેનો ત્યાગ કરવારૂપ વ્યવહાર, તે બંનેવડે સરખા એવા પુરૂષોની સાથે વિવાહ અથવા વિવાહનું કર્મ કરવું, તે ગૃહસ્થનો સામાન્ય ધર્મ–આ વાક્ય આગળ પણ સર્વ સ્થળે લગાડવું. ( ૬ )

આ ઠેકાણે લૌકિક નીતિ શાસ્ત્ર આ પ્રમાણે છે— બાર વર્ષની સ્ત્રી અને સોળ વર્ષનો પુરૂષ, એ બન્નેનો વિવાહ કરવો યોગ્ય છે. વિવાહ પૂર્વક કરેલો વ્યવહાર, કે જે કુટુંબને ઉત્પાદન કરવા અને તેનું પાલન કરવા રૂપ છે. તે ચારે ( બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શૂદ્ર ) વર્ણને કુલીન કરે છે. યુક્તિથી વરણવિધાનવાળું અને અગ્નિ વિગેરે દેવતાની સાક્ષીએ પાણિગ્રહણ કરવું, તે વિવાહ કહેવાય છે. ( ૭ ) લોકમાં તે વિવાહ

भवविनियोगेन कन्यादानं प्राजापत्यः २ गोमिथुनदान पूर्वमार्षः ३ यत्र यज्ञार्थमृत्विजः कन्याप्रदानमेव दक्षिणा स दैवः ४ एते धर्म्या विवाहाश्चत्वारः गृहस्थोचित देवपूजनादि व्यवहाराणा मेतदंतरंगकारणत्वात् । मातुः पितुर्बंधूनां चा प्रामाण्या त्परस्परानुरागेण समवाया द्गांधर्वः ५ पणबंधेन कन्याप्रदानमासुरः ६ प्रसह्य कन्याग्रहणाद्राक्षसः ७ सुप्तप्रमत्तकन्या ग्रहणात्पैशाचः ८ एते चत्वारोऽधर्म्याः । यदि वधूवरयोरनपवादं परस्परं रूचिरस्ति तदा अधर्म्या अपि धर्म्याः । ( ८ ) शुद्धकलत्रलाभफलो विवाहः तत्फलं च सुजातसुतसंततिरनुपहता चित्तनिर्वृत्तिर्गृहकृत्य सुविहितत्व माभिजात्याचारविशुद्धत्वं देवातिथिबांधवसत्कारानवद्यत्वं चेति । कुलवधूरक्षणोपाया स्त्वेते गृहकर्मविनियोगः परिमितोऽर्थसंयोगः अस्वातंत्र्यं सदा च मातृतुल्यस्त्रीलोकावरोधनमिति च ॥ ५ ॥

---

આઠ પ્રકારના કહેવાય છે. તેમાં કન્યાને શણગારી તેનું દાન કરવું, તે પહેલો **બ્રાહ્મ** વિવાહ કહેવાય છે. વૈભવ આપી ( પહેરામણી આપી ) કન્યાદાન કરવું, તે બીજો **પ્રાજાપત્ય** વિવાહ કહેવાય છે. ગાયની જોડી આપી કન્યાદાન કરે, તે ત્રીજો **આર્ષ** વિવાહ કહેવાય છે. જેમાં યજ્ઞ માટે વરેલા બ્રાહ્મણને દક્ષિણામાં કન્યા આપવી, તે ચોથો **દૈવ** વિવાહ કહેવાય છે. આ ચાર ધાર્મીક વિવાહ ગણાય છે કારણ કે, ગૃહસ્થને યોગ્ય એવા દેવ પૂજા વિગેરે વ્યવહારનું એ અંતરંગ કારણ છે. માતા, પિતા અને બંધુઓની સંમતિ વિના પરસ્પર અનુરાગથી સ્ત્રી પુરૂષ પરણે, તે પાંચમો **ગાંધર્વ** વિવાહ કહેવાયછે.

કાંઇ પણ " પણ " કરી કન્યા આપે તે છઠ્ઠો **આસુર** વિવાહ કહેવાય છે, બળાત્કારે કન્યાનું હરણ કરે તે સાતમો **રાક્ષસ** વિવાહ કહેવાય છે, સુતેલી અથવા ગફલતમાં રહેલી કન્યાને ઉપાડી જાય તે આઠમો **પિશાચ** વિવાહ કહેવાય છે, આ ચાર અધર્મ વિવાહ ગણાય છે. જો વહુ વર વચ્ચે કોઇ જાતના અપવાદ વિના પરસ્પર રૂચિ થાય, તો તે અધર્મ વિવાહ, પણ ધર્મ વિવાહ કહેવાય છે. ( ૮ )

શુદ્ધ સ્ત્રીનો લાભ થવારૂપ જેનું ફળ છે, તે વિવાહ કહેવાય. તેવા વિવાહનાં ફળ

**शिष्टेत्यादि ।— शिष्यंते स्मेति शिष्टाः वृत्तस्थज्ञानवृद्ध सेवोपलब्ध विशुद्धशिक्षाः मनुजविशेषाः तेषामाचारश्चरितं यथा— ( ९ ) " लोकापवादभीरुत्वं दीनाभ्युद्धरणादरः । कृतज्ञता सुदाक्षिण्यं सदाचारः प्रकीर्तितः ॥ १ ॥ सर्वत्रनिंदा संत्यागोवर्णवादश्च साधुषु । आपद्यदैन्यमत्यंतं तद्वत्संपदि नम्रता ॥ २ ॥ प्रस्तावे मितभाषित्वमविसंवादनं तथा । प्रतिपन्नक्रिया चेति कुलधर्मानुपालनं ॥ ३ ॥ असद्व्ययपरित्यागः स्थाने चैव क्रियासदा । प्रधानकार्ये निर्बंधः प्रमादस्य विवर्जनम् ॥ ४ ॥ लोकाचारानुवृत्तिश्च सर्वत्रोचितपालनम् । प्रवृत्तिर्गर्हिते नेति प्राणैः कंठगतैरपि ॥ ५ ॥ इत्यादि तस्य प्रशंसा प्रशंसनं पुरस्कार इत्यर्थ । ( १० ) यथा । " गुणेषु यत्नः क्रियतां किमाटोपैः प्रयोजनम् । विक्रीयंते न घंटाभिर्गावः क्षीरविवर्जिताः " ॥ तथा । " शुद्धाः प्रसिद्धिमायांति लघवोऽपीह नेतरे । तमस्यपि विलोक्यंते दंतिदंता न दंतिनः " ॥**

---

ઉત્તમ પુત્ર સંતાનની પ્રાપ્તિ, કોઇ વાર હણાય નહિ, તેની ચિત્તને સુખ શાંતિ, ઘરના કાર્યમાં સાવધાનતા, કુલીન આચારની શુદ્ધિ અને દેવતા, અતિથિ અને બાંધવનો નિર્દોષ સત્કાર–એ છે. ગૃહ કાર્યમાં સદા યોજના કરવી, તેની પાસે દ્રવ્ય યોગ પરિમિત રાખવો, સદા અસ્વતંત્રતા અને માતા સમાન સ્ત્રી લોકથી તેનો કબજો રાખવો, એ કુળ વધૂને રક્ષણ કરવાના ઉપાય છે. ૫

શિક્ષા કરાય તે શિષ્ટ એટલે વૃત્તસ્થ જ્ઞાન વૃદ્ધ પુરૂષોની સેવાથી જેમણે શુદ્ધ શિક્ષા મેળવી છે, એવા એક જાતના મનુષ્ય, તેમનો આચાર એટલે ચરિત્ર. જેમકે [ ૯ ] " લોકાપવાદનો ભય, દીન જનનો ઉદ્ધાર કરવામાં આદર, કદર જાણવાપણું, અને દાક્ષિણ્યપણું–એ **સદાચાર** કહેવાય છે.[૧] સર્વ તરફ નિંદાનો ત્યાગ, સાધુ જનની પ્રશંસા, આપત્તિમાં અત્યંત અદીનતા અને સંપત્તિમાં નમ્રતા,[૨] પ્રસંગે મિતભાષીપણું, અસંવાદ, સ્વીકાર કરેલ હોય તે કરવું, કુલ ધર્મનું પાલન,[૩] અસદ્ માર્ગે વ્યય કરવાનો ત્યાગ, ઘટે તે કામ કરવું, મુખ્ય કાર્ય કરવામાં આગ્રહ, પ્રમાદનો ત્યાગ,[૪] લોકાચારને અનુસ-

तथारिषड्वर्गेत्यादि । अरयः शत्रवस्तेषांषड्वर्गः अयुक्तितः प्रयुक्ताः कामक्रोधलोभमानमदहर्षादयः ते शिष्टगृहस्थानामंतरंगारिकार्यं कुर्वंति । ( ११ ) तत्र परपरिगृहीतास्वनूढासु वा स्त्रीषु दुरभिसंधिः कामः । अविचार्य परस्यात्मनोऽपायहेतुरंतर्बहिर्वा स्फुरणात्मा क्रोधः । दानार्हेषु स्वधनाप्रदानं अकारण परधनग्रहणं च लोभः । दुरभिनिवेशारोहो युक्तोक्ताग्रहणं वा मानः । कुलबलैश्वर्यविद्यारूपादिभिरहंकारकरणं परप्रधर्षनिबंधनं वा मदः । निर्निमित्तमन्यस्य दुःखोत्पादनेन स्वस्य द्यूतपापर्द्ध्याद्यनर्थसंश्रयेण वा मनःप्रमोदो हर्षः । ततोस्यारिषड्वर्गस्य त्यजनमनासेवनं । एतेषां च त्यजनीयत्वमपायहेतुत्वात् । ( १२ )

---

રવું, સર્વ સ્થળે યોગ્ય હોય તેનું પાલન કરવું, અને કંઠે પ્રાણ આવ્યા હોય, તોપણ નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી[૫]—ઇત્યાદિ તેની પ્રશંસા કરવી. વળી કહ્યું છે કે, (૧૦) " ગુણમાં પ્રયત્ન કરો, આડંબરનું શું પ્રયોજન છે ? દૂધ વગરની ગાયો માત્ર ઘુઘરમાલથીજ વેચી શકાતી નથી. " તેમ કહ્યું છે કે, " કદી નાના હોય, પણ જો તે શુદ્ધ હોય તો પ્રસિદ્ધિમાં આવે છે, બીજા મોટા આવતા નથી. અંધકારમાં પણ હાથીના દાંત જેવામાં આવે છે, હાથી જેવામાં આવતા નથી. "

અરિષડ્વર્ગ—અરિ એટલે શત્રુઓ તેમનો ૭ નો વર્ગ, તે **અરિષડ્વર્ગ** કહેવાય છે. તે ૭ શત્રુ, કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ તે પ્રમુખ—યુક્તિ વગર ઉપયોગમાં લીધેલા તેઓ ઉત્તમ ગ્રહસ્થોને અંતરના શત્રુનું કાર્ય કરે છે. ( ૧૧ ) તેમાં બીજાએ પરણેલી અથવા અવિવાહિત એવી સ્રીઓ ઉપર દુષ્ટ કામના કરે તે **કામ** કહેવાય છે. અવિચારે પરનો અને પોતાનો નાશ કરવામાં હેતુરૂપ અને અંદર તથા બાહેર સ્ફુરણાયમાન થાય તે **ક્રોધ** કહેવાય છે. દાનને લાયક હોય, તેમને પોતાનું ધન આપે નહિ, અને બીજાના ધનને કારણ વગર લે, તે **લોભ** કહેવાય છે. દુરાગ્રહ આવવાથી ઘટિત વચન સ્વીકારે નહીં, તે **માન** કહેવાય છે. કુળ, બળ, ઐશ્વર્ય, વિદ્યા, રૂપ વિગેરેથી અહંકાર કરવાનું કારણરૂપ અથવા જે બીજા ઉપર ધસારો કરવામાં કારણરૂપ થાય, તે **મદ** કહેવાય છે. નિમિત્ત શિવાય બીજાને દુઃખ ઉત્પન્ન કરવાથી અથવા પોતાને જુગાર, શીકાર વિગેરે

यदाह । दांडक्यो नाम भोजः कामात् ब्राह्मण कन्याममभिमन्यमानः सबंधुराष्ट्रो विननाश कशलश्च वैदेहः १ क्रोधाज्जनमेजयो ब्राह्मणेषु विक्रांतस्तालजंघश्च भृगुषु २ लोभादैलश्चातुर्वर्ण्यमभ्याहारायमाणः सौवीरश्चाजबिंदुः ३ मानाद्रावणः परदारान् प्रार्थयन् दुर्योधनो राज्यादंशं च ४ मदादंभ उद्भवो भूतावमानी हैहयश्चार्जुनः ५ हर्षाद्वातापि रगस्त्यमभ्यासादयन् वृष्णिजंघश्च द्वैपायनमिति ६ तथा इंद्रियाणां जय इति । इंद्रियाणां श्रोत्रादींद्रियाणां जयः अत्यंतासक्ति परिहारेण स्वस्वविकारनिरोधः । ( १३ ) इंद्रियजयो हि पुरुषाणां परम संपदे भवति । यदाह । " आपदां कथितः पंथा इंद्रियाणामसंयमः । तज्जयः संपदां मार्गो येनेष्टं तेन गम्यताम् " । इंद्रियाण्येव तत्सर्वंयत्स्वर्गनरकावुभौ निगृही-

અનર્થનો આશ્રય કરવાથી જે મનમાં આનંદ આવે, તે **હર્ષ** કહેવાય છે. તે શત્રુના ૭ વર્ગનો ત્યાગ એટલે અસેવા કરવી, તેઓ નાશના હેતુ છે, તેથી ત્યાગ કરવા યોગ્ય છે. ( ૧૨ ) તે વિષે કહેવાય છે કે, કામથી[૧] **દાંડકય** નામે ભોજ બ્રાહ્મણની કન્યા ઉપર ગયેલ, તેથી તે બંધુ અને દેશ સહિત નાશ પામ્યો હતો. **કરાળ** નામે વૈદેહ [ જનક ] પણ કામથી નાશ પામ્યો હતો. ક્રોધથી[૨] બ્રાહ્મણો ઉપર રોષ ધરનાર **જનમેજય** અને ભૃગુ ઉપર રોષ ધરનાર **તાલજંઘ** વિનાશ પામ્યા હતા. લોભથી[૩] ચારે વર્ણનું ખાઇ જનાર **ઐલ** અને સૌવીર દેશનો **અજબિંદુ** ઉડી ગયા હતા. માનથી[૪] પરસ્ત્રીની પ્રાર્થના કરનાર **રાવણ** અને રાજ્યના ભાગને નહિ આપનાર **દુર્યોધન** નાશ પામ્યા હતા. મદથી[૫] સર્વ પ્રાણીનું અપમાન કરનાર **અગસ્ત્ય** અને **હૈહય** કુળનો **સહસ્રાર્જુન** પાયમાલ થયા હતા. હર્ષથી[૬] **અગસ્ત્ય** મુનિને ખાઇ જનાર **વાતાપિદૈત્ય** અને **દ્વૈપાયનને** ભક્ષણ કરવા જનાર **વૃષ્ણિજંઘ** નાશ પામ્યા હતા.

ઇંદ્રિયોનો જય કરવો. શ્રવણ વિગેરે ઇંદ્રિયોનો જય એટલે અત્યંત આસક્તિ છોડી દઇ પોતપોતાના વિકારનો રોધ કરવો. [ ૧૩ ] તે ઇંદ્રિયોનો જય પુરૂષને પરમ સંપત્તિને માટે થાય છે. કહ્યું છે કે, " ઇંદ્રિયોનો અસંયમ તે આપત્તિનો માર્ગ છે, અને ઇંદ્રિયોનોજય તે સંપત્તિનો માર્ગ છે, તે બંનેમાં જે ઇષ્ટ હોય તે માર્ગે ચાલો. "

तानि सृष्टानि स्वर्गाय नरकाय चेति । सर्वथेंद्रियजयस्तु यतीनामेव इहतु सामान्यतो गृहस्थधर्म एवाधिकृत स्तेनैवमुक्तं युक्त मिति । ( १४ ) तथा उपप्लुतेति–उपप्लुतं स्वचक्रपरचक्रविक्षोभात् दुर्भिक्षमारीति जन-विरोधादेश्वास्वस्थीभूतं यत्स्थानं ग्रामनगरादि तस्य विवर्जनं परिहरणं । अत्यज्यमाने हि तस्मिन् धर्मार्थकामानां पूर्वार्जितानां विनाशेन नव्यानां चानुपार्जनेनो भयलोकभ्रंश एव स्यात् ॥ ६ ॥

सुप्रतिवेस्मिकेत्यादि–नविद्यंते नैकानि बहूनि निर्गमद्वाराणि निःसरणमार्गो यत्र यथास्यात्तथा गृहस्य अगारस्य विनिवेशनं स्थापनं । बहुषु हि निर्गमेषु अनुपलक्ष्यमाणनिर्गम प्रवेशानां दुष्टलोकाना मापाते स्त्री द्रविणादिविप्लवः स्यात् । ( १५ )

---

જે સ્વર્ગ અને નરક તે સર્વ ઇંદ્રિયોજ છે. ઇંદ્રિયો નિગ્રહ કરેલી હોય તો તે સ્વર્ગ છે, અને છુટી મુકી હોય તો તે નરક છે. ઇંદ્રિયોનો જય તો સર્વથા મુનિઓનેજ હોય છે, પણ અહીં ગૃહસ્થના સામાન્ય ધર્મનો અધિકાર ચાલે છે, તેથી એમ કહ્યું તે યુકત છે. [ ૧૪ ] વળી ઉપપ્લુત સ્થાનને છોડી દેવું. ઉપપ્લુત એટલે સ્વચક્ર તથા પરચક્રના ક્ષોભથી અને દુકાળ, મરકી, ઇતિ * ( સાત જાતના ઉપદ્રવ ) અને લોક વિરોધ વિગેરે-થી અસ્વસ્થ એવું સ્થાન એટલે ગામ, નગર, પ્રમુખ, તેને છોડી દેવું. જો તેવું સ્થાન છોડે નહીં તો, પૂર્વે મેળવેલા ધર્મ, અર્થ અને કામનો વિનાશ થઇ જાય, અને નવા તે મેળવી શકાય નહીં, તેથી ઉભય લોકનો નાશજ થાય છે. ૬

ગૃહસ્થે કેવા ઘરમાં રહેવું ? જેનાં નીકળવાનાં દ્વાર–માર્ગ ઘણા ન હોય, તેવી રીતે જે ઘર બાંધવામાં આવ્યું હોય. કારણ કે જો નિકળવાના માર્ગ ઘણા હોય તો જેમ-નું પેશવું અને નીકળવું જાણવામાં આવે નહીં, એવા દુષ્ટ લોકો આવી પડવાથી સ્ત્રી

---

* અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, ટીડ, શુડા, સ્વચક્ર, અને પરચક્ર, એ સાત જાતના ઉપદ્રવને **ઇતિ** કહે છે. પોતાના દેશનો બળવો તે સ્વચક્ર, અને પરદેશી બળવો તે પરચક્ર.

अत्र चानेक द्वारताया निषेधनविधिराक्षिप्यते ततः प्रतिनियतद्वारसुरक्षित-गृहो गृहस्थः स्यादितिलभ्येत । तथाविधमपि गृहं स्थान एव निवेशितुं युक्तं ना स्थाने । स्थानं तु शल्यादिदोषरहितं बहलदूर्वाप्रवालकुशस्तंब-प्रशस्तं वर्णगंध मृत्तिका सुस्वादुजलोद्गमनिधानादिमच्च । स्थानगुणदोष-परिज्ञानं च शकुन स्वप्नोपश्रुतिप्रभृतिनिमित्तादिबलेन । ( १६ ) स्थान-मेव विशिनष्टि । सुप्रातिवेश्मिक इति । शोभनाः शीलादिसंपन्नाः प्राति-वेश्मिका यत्र तस्मिन् । कुप्रातिवेश्मिके पुनः । " संसर्गजा दोष गुणा भवंती " ति वचनात् निश्चितं गुणहानिरुत्पद्यत इति तन्निषेधः । कुः-प्रातिवेश्मिका स्त्वेते शास्त्रप्रसिद्धाः । ( १७ ) " खरिआ तिरिरकजोणी तालायरसमणमाहणसुसाणा । वग्गुरिअहवा गुम्मि अहरि एस पुलिंद मच्छिदा " । पुनः किंभूते स्थाने अनतिप्रकटगुप्तके । अतिप्रकटं असं-

---

તથા દ્રવ્ય પ્રમુખનો વિનાશ થઇ જાય. [ ૧૫ ] અહીં ઘરને અનેક દ્વાર કરવાનો નિષેધ કર્યો, તેથી એમ સિદ્ધ થયું કે, ગૃહસ્થે પોતાનું ઘર એક દ્વાર નિર્યમિત્ત કરી રક્ષિત કરવું. આવું એક દ્વારવાળું ઘર હોય તે પણ સારા સ્થાનેજ બાંધવું યુક્ત છે, નઠારે સ્થાને નહીં. જે શલ્ય [ અસ્થિ ] વિગેરે દોષથી રહિત હોય, જે ધ્રો તથા ડાભનાં ભોથાં ઘણાં હોવાથી શ્રેષ્ટ હોય, અને જેમાં સારા રંગની સુગંધી મૃત્તિકા, સ્વાદિષ્ટ જલ અને નિધાન હોય, તે સારૂં સ્થાન કહેવાય છે. તે સ્થાનના ગુણ દોષ જાણવાનું જ્ઞાન શકુન, સ્વપ્ન, શ્રવણ વિગેરે નિમિત્તાદિકના બળથી મેળવી શકાય છે. ( ૧૬ )

વળી તે કેવું સ્થાન જોઇએ ? સારા પાડોશીવાળું, સારા એટલે શીલાદિ ગુણે સંપન્ન એવા પાડોશીઓ જેમાં હોય તે. " દોષ અને ગુણ સંસર્ગ પ્રમાણે થાય છે. " એવું વચન છે, તેથી નઠારા પાડોશથી અવશ્ય ગુણની હાનિ થાય છે, તેથી તેવા પાડોશમાં રહેવાનો નિષેધ છે. કેવા પાડોશીઓ નઠારા કહેવાય તે શાસ્ત્ર પ્રસિદ્ધ છે. ( ૧૭ ) તે આ પ્રમાણે—" હલકી જાતના, ખરાબ ઓલાદમાંથી થયેલા, શુદ્ર, ભિક્ષુક-બ્રાહ્મણ, વાઘરી, શીકારી, આહેર અને ભિલ્લ જાતિના પાડોશી ખરાબ છે. "

निहितगृहांतरतयाऽतिप्रकाशं । अतिगुप्तकं गृहांतरैरेव सर्वतः संनिहितैरनुपलक्ष्यमाणद्वारादि विभागतयाऽतीवप्रच्छन्नं तदेवातिगुप्तकं ' स्वार्थिकोऽण् ' नाति प्रकटं अनति प्रकटं नाति गुप्तक मनति गुप्तकं ततोऽनति प्रकटं चानतिगुप्तकं चेति द्वंद्वः तस्मिन् । ( १८ ) अतिप्रकटे स्थाने क्रियमाणं गृहं परिपार्श्वतो निरावरणतया चौरादयो निःशंकमनसोऽभिभवेयुः । अतिगुप्ते च सर्वतो गृहांतरैर्निरुद्धत्वान्न स्वशोभां लभते प्रदीपनाद्युपद्रवेषु च दुःखनिर्गम प्रवेशं च स्यात् ॥ ७ ॥

पापेति । पापानि दृष्टा दृष्टापायकारणानि कर्माणि तेभ्यो भीरुकताभयं तत्र दृष्टापायकारणानि चौर्यपारदारिकत्व द्युत रमणादीनि इहलोकेपि सकल लोक सिद्ध विडंबनानि अदृष्टापायकारणानि मद्यमांससेवनादीनि

---

વળી તે કેવું સ્થાન હોવું જોઇએ ? અતિ પ્રગટ-ખુલ્લું અને અતિ ગુપ્ત ન હોય તેવું, અતિ પ્રગટ એટલે આસપાસ કોઇ ઘર નજિક ન હોવાથી અતિ પ્રકાશમાં આવેલું, અતિ ગુપ્ત એટલે આસપાસ સર્વ તરફ બીજાં એવાં ઘર આવેલાં હોય કે, જેથી ઘરનાં દ્વાર વિગેરેના ભાગ દેખાય નહીં, તેવું અતિ ગુપ્ત અતિ ગુપ્ત તેજ અતિગુપ્તક. અહિં **સ્વાર્થમાં અણ્** પ્રત્યય આવેલો છે. અતિ પ્રગટ નહીં અને ગુપ્ત નહીં, તે દ્વંદ્વ સમાસ છે. ( ૧૮ ) જો અતિ પ્રકટ-ખુલ્લા સ્થાનમાં ઘર કરેલું હોય તો આસપાસ આવરણ ન હોવાને લીધે તેની અંદર ચોર પ્રમુખ નિઃશંક મનથી પ્રવેશ કરી, પરાભવ કરી જાય. જો અતિ ગુપ્ત હોય તો આસપાસ આવેલાં બીજાં ઘરોથી નિરોધ થવાને લીધે ઘરની શોભા આવે નહીં. વળી જો અગ્નિની લાય લાગવા વિગેરે ઉપદ્રવ થાય તો, તેમાંથી નીકળવું કે પેસવું દુઃખદાયક થઇ પડે છે. ૭

પાપ—એટલે પાપ કર્મ-દષ્ટ અને અદષ્ટ અપાયનાં કારણભૂત જે કર્મ, તેઓથી બીક રાખવી. તેમાં દષ્ટ અપાયનાં કારણો ચોર્ય, પારદારિકત્વ, દ્યુત રમણાદિ આ લોકમાં પણ સમસ્ત લોકને અનુભવ સિદ્ધ દુઃખદાયક છે. અને અદષ્ટ અપાયનાં કારણો જે મદ્ય માંસનું સેવન કરવા વિગેરે. જેમનું ફળ શાસ્ત્રમાં નરકાદિ કહેલું છે તે. તે દષ્ટ આ લોક તથા

शास्त्रनिरुपित नरकादि यातना फलानि भवंतीति दृष्टा दृष्टापायहेतुभ्यो दूर मात्मनो व्यावर्त्तनमिति तात्पर्यम् । ( १९ )

तथा ख्यातेति ख्यातस्य प्रसिद्धस्य तथा विधापरशिष्टसंमततया दूरं रूढिमागतस्य देशाचारस्य सकल मंडल व्यवहाररूपस्य भोजनाच्छादनादि चित्रक्रियात्मकस्य मपालन मनुवर्त्तनं तदाचाराति लंघने तद्देशवासि जनतया सह विरोध संभवेना कल्याणलाभः स्यादिति । पठंति चात्र लौकिकाः । (२०) "यद्यपि सकलां योगी छिद्रां पश्यति मेदिनीम् । तथापि लौकिकाचारं मनसापि न लंघयेत् " इति । तथा सर्वेष्विति–सर्वेषु जघन्योत्तममध्यमभेदेषु जंतुषु अपवादः अश्लाघा तं करोतीत्येवंशीलः अपवादी तत्प्रतिपेधा दनपवादी तस्य भावः तत्वं अपवादाभाषण मित्यर्थः । परापवादो हि बहुदोषः ( २१ ) यदाह वाचकचक्र-

અદૃષ્ટ–પરલોકના વિનાશના હેતુરૂપ તે પાપમાંથી આત્માને નિવૃત્ત કરવો, એ તાત્પર્ય છે. (૧૯) તેમ પ્રખ્યાત એટલે તેવા બીજા શિષ્ટ પુરૂષોએ સંમત કરેલો તેથી ઘણા વખતથી રૂઢિમાં આવેલો દેશાચાર એટલે સર્વ જનમંડલનો ભોજન વસ્ત્રાદિકની જુદી જુદી ક્રિયારૂપ વ્યવહાર તેનું પ્રપાલન એટલે અનુવર્તન કરવું. જો તે દેશાચારનું ઉલ્લંઘન કરવામાં આવે તો, તે દેશના લોક સમૂહ સાથે વિરોધ થવાનો સભવ અને તેથી અકલ્યાણ થાય તે વિષે લૌકિકમાં પણ કહેવાય છે કે, ( ૨૦ ) " કદિ યોગી સર્વ પૃથ્વીને છિદ્રવાળી જુવે, તથાપિ તેણે લોકાચારનું ઉલ્લંઘન મનથી પણ કરવું નહીં."

સર્વની નિંદા કરવી નહિ. સવ એટલે ઉત્તમ, મધ્યમ અને જઘન્ય પ્રાણીઓનો અપવાદ–નિંદા. જે અપવાદ નિંદા કરે તે અપવાદી કહેવાય. તેનો પ્રતિષેધ કરે, તે અનપવાદી તેનો ભાવ એટલે અપવાદ બોલવાપણું નહિ તે. પરનો અપવાદ બોલવામાં બહુ દોષ છે. ( ૨૧ ) તે વિષે વાચક **ચક્રવર્ત્તીસૂરી** મહારાજ કહે છે કે, " બીજાનો પરાભવ અને નિંદા કરવાથી તેમજ પોતાનો ઉત્કર્ષ કરવાથી અનેક કોટી ભવે પણ મુકી શકાય નહિ, તેવું નીચગોત્ર કર્મ પ્રત્યેક ભવે બંધાય છે. " એવી રીતે સર્વ માણસનો પણ અ-

र्त्ती । " परपरिभवपरिवादा दात्मोत्कर्षाच्च बध्यते कर्म । नीचैर्गोत्रं प्रतिभवमनेकभवकोटि दुर्मोचम् " तदेवं सकलजनगोचरोऽप्यवर्णवादो न श्रेयान् किं पुनः नृपामात्यपुरोहितादिषु बहुजनमान्येषु । नृपाद्यवर्णवादात्तु प्राणनाशादिरपि दोषः स्यात् अत उक्तं नृपादिषु विशेष इति ॥ ८ ॥

आयेति—आयस्य वृद्ध्यादि प्रयुक्त धनधान्याद्युपचयरूपस्योचितः चतुर्भागादितया योग्यः वित्तस्य व्ययः भर्त्तव्यभरण स्वभोग देवातिथि पूजनादिषु प्रयोजनेषु विनियोजनम् । ( २२ ) तथा च नीतिशास्त्रं । " पादमायान्निधिं कुर्यात्पादं वित्ताय घट्टयेत् । धर्मोपभोगयोः पादं पादं भर्त्तव्यपोषणे " । केचित्त्वाहुः । आयादर्द्धं नियुंजीत धर्मे समधिकं ततः । शेषेणशेषं कुर्वीत यत्नतस्तुच्छमैहिकं " । आयानुचितो हि व्ययो रोग इव शरीरे कृशीकृत्य विभवसार मखिलव्यवहारासमर्थं पुरुषंकरो-

---

વર્ણવાદ બોલવો સારો નથી, તો બહુ જનને માનવા યોગ્ય એવા, રાજા, મંત્રી અને પુરોહિત વિગેરેનો અવર્ણવાદ બોલવો, કેમ સારો હોય ? રાજા વિગેરેનો અવર્ણવાદ બોલવાથી તો પ્રાણ હાનિ પ્રમુખ દોષ પણ થઇ જાય છે. તેથી કહ્યું છે કે, રાજા વિગેરેની નિંદાનો વિશેષ ત્યાગ કરવો. ૮

આય એટલે વ્યાજ વિગેરેમાં યોજેલા ધન, ધાન્ય વિગેરેની સંગ્રહ થવારૂપ આવક. તેનો ઉચિત એટલે ચોથો ભાગ વિગેરેથી યોગ્ય એવો દ્રવ્યનો વ્યય એટલે ભરણ કરવા યોગ્યનું ભરણ–પોષણ કરવું, પોતાના ઉપભોગમાં લેવું, અને દેવ, અતિથિની પૂજા વિગેરેમાં વાપરવું–ઇત્યાદિ ખર્ચ કરવો. [ ૨૨ ] તે વિષે નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે, " આવકમાંથી એક ચતુર્થાંશનો સંગ્રહ કરવો, એક ચતુર્થાંશ દ્રવ્યમાં જોડી દેવું, એક ચતુર્થાંશ ધર્મ તથા ઉપભોગમાં વાપરવું, અને એક ચતુર્થાંશ ભરણ કરવા યોગ્ય હોય તેના ભરણ–પોષણમાં વાપરવું. " કેટલાએક વળી કહે છે કે, " આવકમાંથી અરધું વાપરવું, તેમાં ધર્મની અંદર તેથી અધિક અને બાકીનું રહે તેમાંથી અવશેષ કામ કરવું. કારણ કે આ લોકનું કાર્ય તુચ્છ છે. " જો આવક પ્રમાણે વ્યય ન કરે તો, તે અનુચિત વ્યય શરીરમાં રોગની જેમ વૈભવના સારને કૃશ કરી પુરૂષને બધો વ્યવહાર ચલાવવામાં

ति । ( २३ ) पठ्यते च । " आयव्ययमनालोच्य यस्तु वैश्रवणायते । अचिरेणैव कालेन सोऽत्र वै श्रवणायते " । इति । तथा वेषेति । विभवादीनां वित्तवयोऽवस्था निवासस्थानादीनामनुसारतः आनुरूप्येण वेषो वस्त्राभरणादिभोगः लोकपरिहासाद्यनास्पदतया योग्यो वेषः कार्य इति भावः । ( २४ ) यो हि सत्यप्याये कार्पण्याद् व्ययं न करोति सत्यपि वित्ते कुचेलत्वादि धर्मा भवति स लोकगर्हितो धर्मेऽप्यनधिकारी स्यात् । प्रसन्न नेपथ्यो हि पुमान् मंगलमूर्त्तिर्भवति । मंगलाच्च श्री समुत्पत्तिः । ( २५ ) यथोक्तं । श्रीर्मंगलात्प्रभवति प्रागल्भ्याच्च प्रवर्द्धते । दाक्ष्यात्तु कुरुते मूलं संयमात्प्रतितिष्ठते " । मूलमित्यनुबंधं । प्रतितिष्ठतीति प्रतिष्ठां लभते इति । मातेति— माता च पिता च माता पितरौ ' आद्वंद्वे ' इत्यात्त्वं मातुश्चाभ्यर्हितत्वात् पूर्वनिपातः । ( २६ ) यन्मनुः । " उपा-

---

અસમર્થ કરી દે છે. ( ૨૩ ) તે વિષે કહ્યું છે કે, " જે પુરૂષ આવક અને ખર્ચ જોયા વગર વૈશ્રવણ–કુબેર ભંડારી જેવો થાય છે, તે થોડા વખતમાં શ્રમણ–સાધુ જેવો થઇ જાય છે. "

વૈભવાદિ પ્રમાણે વેશ રાખવો. વૈભવાદિ એટલે દ્રવ્ય, વય, અવસ્થા, અને નિવાસ સ્થાન વિગેરેને અનુસારે યોગ્ય વેષ એટલે વસ્ત્રાભરણ પહેરવાની ઢબ કે જે લોકને ઉપહાસ્યનું સ્થાન ન થવાથી યોગ્ય એવો રાખવો. [ ૨૪ ] જે આવક છતાં કૃપણતાથી ખર્ચ ન કરે, અને દ્રવ્ય છતાં કુચેલત્વ–ફાટલ તુટલ વસ્ત્ર પહેરવાં વિગેરે રાખે તે લોકમાં નિંદિત અને ધર્મના અધિકાર વગરનો થાય છે. પ્રસન્ન વેષ રાખનારો પુરૂષ મંગલ મૂર્તિ થાય છે, અને માંગલ્યથી લક્ષ્મીની ઉત્પત્તિ છે. [ ૨૫ ] કહ્યું છે કે, " માંગલ્યથી લક્ષ્મી ઉત્પન્ન થાય છે, ચાતુર્યથી વધે છે, ડાહાપણથી મૂળ કરે છે, અને સંયમથી પ્રતિષ્ઠા મેળવે છે. " અહિં મૂળ એટલે ઉંડો સંબંધ લેવો. માતા પિતાનું પૂજન કરવું. માતા અને પિતા એ દ્વંદ્વ સમાસમાં **માતા** એ પદને **' આ દ્વંદ્વે '** એ સૂત્રથી **આ** થયેલ છે. માતૃ શબ્દનો પૂર્વ નિપાત કરવામાં આવ્યો છે. ( ૨૬ ) મનુ લખે છે કે, " દશ ઉપાધ્યાય જેવા એક આચાર્ય, સો આચાર્ય જેવા એક પિતા, અને સો પિતા જેવી એક માતા

ध्याया दशाचार्य आचार्याणां शतंपिता । सहस्रं तु पितुर्माता गौरवे-णातिरिच्यते " इति । माता जननी पिता जनक स्तयोरर्चनं पूजनं त्रिसंध्यं प्रणामकरणेन परलोकहितानुष्टाननियोजनेन सकल व्यापारेषु तदाज्ञया प्रवृत्त्या वर्णगंधादि प्रधानस्य पुष्पफलादिवस्तुन उपढौकनेन तदूलोगे भोगेन चान्नादीनां तदीयव्रतविशेषोल्लंघन व्यापारादि लक्षणौ-चित्यातिक्रमवर्जनेनेति । ( २७ ) तथा । संग इत्यादि । सन् शोभन आचार इहपरलोकहितावहा प्रवृत्तिर्येषां ते सदाचाराः तैः सह संगः संगतिः । असत्संगे हि सपदि शीलं विलीयेत । ( २८ ) यदाह । " यदि सत्संगति रतो न भविष्यसि भविष्यसि अथासज्जने गोष्टीषु पतिष्यसि पतिष्यसि " इति । तथा । " संगः सर्वात्मना त्याज्यः स-चेत्त्यक्तुं न शक्यते स सद्भिः सहकर्त्तव्यः संतः संगस्य भेषजम् " इति च । तथा कृतज्ञतेति–कृतस्यज्ञता ज्ञानं अनिह्नवः । एवं हि तस्य महान्

---

ગૌરવથી અધિક થાય છે. " માતા અને પિતાનું અર્ચન એટલે ત્રિકાલ તેમને પ્રણામ કરવો, પરલોકનું હિત આચરવા સર્વ વ્યાપાર-કાર્ય કરવામાં તેમની આજ્ઞાવડે પ્રવૃત્તિ કરવી, વર્ણ ગંધ પ્રમુખ મુખ્ય પુષ્પ ફળાદિ વસ્તુ તેમની આગળ ધરવી. અન્ન વિગેરેનો તેમને ઉપભોગ કરાવવો, અને તેમના વ્રત વિશેષનું ઉલ્લંઘન કરવારૂપ વ્યાપાર તથા તેમની યોગ્યતાનો અતિક્રમ તે વર્જવા. ( ૨૭ ) સદાચારી પુરૂષોની સાથે સંગ કરવો, સત્–સારો આચાર એટલે આ લોક અને પરલોકના હિતમાં પ્રવૃત્તિ જેમને હોય તે **સદાચારી** કહેવાય છે. તેમની સાથે સંગ કરવો. અસત્ પુરૂષનો સંગ કરવાથી તત્કાળ શીલ-નો લોપ થઇ જાય છે. ( ૨૮ ) કહ્યું છે કે, " તું જો સંત્સંગ કરીશ નહીં તો, અ-સજ્જનની ગોષ્ટીમાં પડીશ. " તેમ વળી કહ્યું છે કે, " પ્રથમ તો સર્વથા સંગનોજ ત્યાગ કરવો. જો તેનો ત્યાગ ન થઇ શકે તો તે સંગ સત્પુરૂષોની સાથે કરવો; કારણ કે સત્પુરૂષો સંગનું ઔષધ છે. "

કૃતજ્ઞતા–**कृत** એટલે કરેલાની **ज्ञता** એટલે જ્ઞાન અર્થાત્ કરેલાને છુપાવવું નહીં તે. એથી તેને મોટો કુશળતાનો લાભ થાય છે. તેમ વળી એથી કરીને કરેલા ઉપકારને

कुशलला भो भवति अतएव कृतोपकारं शिरसि भारमिव मन्यमानाः कदापि न विस्मरंति साधवः । ( २९ ) तदुक्तं । " प्रथमवयसि पीतं तोयमल्पं स्मरंतः शिरसि निहितभारा नालिकेरा नराणाम् । उदकममृतकल्पं दद्युराजीवितांतं नहि कृतमुपकारं साधवो विस्मरंति " इति । ९

अजीर्णे इति ।— अजीर्णे अजरणे पूर्वभोजनस्य । अथवा अजीर्णे परिपाकमनागते पूर्वभोजने अर्द्धजीर्णे इत्यर्थः । अभोजनं भोजन त्यागः । ( ३० ) अजीर्णभोजने हि सर्वरोगमूलस्य वृद्धिरेव कृता भवति । यदाह । " अजीर्णप्रभवा रोगा " इति । तत्राजीर्णं चतुर्विधं । ( ३१ ) " आमं विदग्धं विष्टब्धं रसशेषं तथा परम् । आमे तु द्रवगंधित्वं विदग्धे धूमगंधिता । विष्टब्धे गात्रभंगोऽत्र रसशेषेषु जाड्यता " । द्रवगंधित्वमिति द्रवस्य गूथस्य कुथिततक्रादेरिव गंधोयस्यास्ति तत्तथा तद्भावस्तत्त्वमिति । " मलवातयोर्विगंधो विड्भेदो गात्रगौरवमरु-

---

सज्जन पुरुषो पोताना मस्तकपर बोजानी जेम मानता कदि पण भुली जता नथी. [ २९ ] कह्युं छे के, " नाळीएरीना वृक्ष प्रथम वयमां जे अल्प जळपान करेल तेने संभारी मस्तकपर भार लइ ते जळदायक पुरुषने जीवित सुधी अमृत जेवुं जळ आपे छे, ते उपरथी सिद्ध थाय छे के, साधु पुरुषो करेला उपकारने भुली जता नथी. " ९

अजीर्ण होय तो भोजननो त्याग करवो. अजीर्ण एटले प्रथम करेल भोजन जर्युं न होय अथवा प्रथमनुं जमेल अन्न परिपाक थयुं न होय अर्थात् अरधुं पच्युं होय, त्यारे भोजननो त्याग करवो. [ ३० ] अजीर्ण भोजन करवाथी सर्व रोगना मूळनी वृद्धि करेली थाय छे. कह्युं छे के, " सर्व रोग अजीर्णमांथी थाय छे. " अजीर्ण चार जातनुं छे. ( ३१ ) ते कहे छे-१ आम, २ विदग्ध, ३ विष्टब्ध, अने ४ रसशेष. आम अजीर्ण थयुं होय तो विष्टामां गंध आवे, विदग्ध अजीर्ण होय तो धुमाडा जेवी गंध आवे, विष्टब्ध अजीर्ण होय तो गात्र भांगे, अने रसशेष अजीर्ण होय तो शरीर अकडी जाय. " द्रवगंधि ए शब्दनो अर्थ एवो छे के, विष्टामां कोही गयेल छासना जेवो

**च्यम् । अविशुद्धश्चोद्गारः षडजीर्णव्यक्तलिंगानि । ( ३२ ) मूर्छाप्रलापो-वमथुः प्रसेकः सदनं भ्रमः । उपद्रवा भवंत्येते मरणं वा प्यजीर्णतः " । प्रसेक इति अधिकनिष्ठीवन प्रवृत्तिः । सदनमिति अंगग्लानिरिति । ( ३३ ) तथा काल इत्यादि । काले बुभुक्षोदयावसरलक्षणे सात्म्यात् । " पानाहारादयो यस्याविरुद्धाः प्रकृतेरपि सुखित्वाय च कल्प्यंते तत्सा-त्म्यमिति गीयते " । ( ३४ ) इत्येवं लक्षणात् अलौल्यतश्च चकारो गम्यः आकांक्षा तिरेकादधिकभोजनलक्षणलौल्यत्यागात् भुक्तिर्भोजनं अ-यमभिप्रायः । आजन्म सात्म्येन भुक्तं विषमपि पथ्यं भवति परमसा-त्म्यमपि पथ्यं सेवेत न पुनः सात्म्यप्राप्तमप्यपथ्यं । ( ३५ )**

ગંધ આવે તે. અજીર્ણ થયાના ૭ સ્પષ્ટ ચિન્હ છે. તે આ પ્રમાણે—વિષ્ટા અને વાયુમાં ગંધ આવે, હમેશ કરતાં વિષ્ટા જુદી જાતની આવે, શરીર ભારે રહ્યા કરે, રૂચી ન થાય અને અશુદ્ધ ઉદ્ગાર ( ઓડકાર ) આવ્યા કરે—એ ૭ ચિન્હ અજીર્ણનાં છે. [ ૩૨ ] અથવા " મૂર્છા, પ્રલાપ, વમન, વિશેષ થુંકવું ( મોળ આવવી ) શરીરમાં બેચેની અને ભ્રમ—એ ઉપદ્રવ થાય છે. અથવા અજીર્ણથી મૃત્યુ પણ થઇ જાય છે. " મૂળમાં **प्रसेक** શબ્દનો અર્થ વિશેષ થુંકવું થાય છે, અને **सदन** એટલે શરીરમાં ગ્લાની—બેચેની થાય એવો અર્થ છે. [ ૩૩ ]

સમય પ્રમાણે ભોજન કરવું. સમય—કાળ એટલે ભુખ લાગવાનો સમય તેમાં સાત્મ્યપણાથી **સાત્મ્ય**નું લક્ષણ એવું છે કે, " જેનાં આહાર પાન પ્રકૃતિને અવિરૂદ્ધ હોઇ સુખીપણા માટે થાય, તે **સાત્મ્ય** કહેવાય છે. " તેવા સાત્મ્યપણાથી તેમ અલૌલ્યતા-થી અહીં **च** શબ્દ ઉપરથી લેવો. લૌલ્યતા એટલે ઇચ્છા ઉપરાંત અધિક ભોજન કરવું તે તેનો ત્યાગ તે અલૌલ્યતા અર્થાત્ સાત્મ્ય અને અલૌલ્યતાથી ભોજન કરવું—કહેવાનો અભિપ્રાય એવો છે કે, જન્મથી માંડીને સાત્મ્યપણે વિષ ખાધું હોય તોપણ, તે પથ્ય થાય છે. પરંતુ અસાત્મ્ય પણ પથ્ય સેવવું અને સાત્મ્યપણે પ્રાપ્ત થયેલ પણ અપથ્ય ન સેવવું. ( ૩૫ ) જે એમ માને કે, ' બલવાનને સર્વ પથ્ય છે, ' એમ માની જે કાળ-કૂટનો સ્વાદ લે તે સારી રીતે શિક્ષિત થઇ વિષ તંત્રને જાણનારો હોય, તથાપિ તે મૃત્યુ-

सर्वं बलवतः पथ्य मिति मन्वानः कालकूटं स्वादेत्सुशिक्षितो हि विषतंत्रज्ञो म्रियत एव । कदाचि द्विषात् सात्म्यमपि च लौल्य परिहारेण यथाग्नि बलमेव भुंजीत अतिरिक्त भोजनं हि वमनविरेचनमरणादि विना न साधु भवति यो हि मितं भुंक्ते स बहु भुंक्ते अक्षुधितेना मृतमपि भुक्तं भवति विषं । तथा क्षुत्कालाति क्रमादन्नद्वेषो देहसादश्च भवति विध्याते ऽग्नौ किंनामेंधनं कुर्यादिति । ( ३६ ) तथा वृत्तेति—वृत्तमनाचारपरिहारः सम्यगाचारपालनं च तत्र तिष्ठंतीति वृत्तस्थाः । ज्ञानं हेयोपादेय वस्तुनिश्चयः तेन वृद्धा महांतो वृत्तस्थाश्चते ज्ञान वृद्धाश्च तेषामर्हा सेवा अभ्युत्थानादिलक्षणा । गुणभाजो हि पुरुषाः सम्यक् सेव्यमाना नियमात्कल्पवरव इव सदुपदेशादि फलैः फलन्ति।(३७)यथोक्तं । " उपदेशः शुभो नित्यं दर्शनं धर्मचारिणाम् । स्थाने विनय इत्येतत्साधु सेवा महत्फलम् " इति ॥ तथा गर्हितेषु इति । गर्हितेषु लोकलोकोत्तरयो रना-

---

નેજ પામે છે. કદી વિષથી સાત્મ્ય હોય તે પણ લોલ્યતા છોડી જઠરાગ્નિના બળ પ્રમાણે ખાવું. અધિક કરેલું ભોજન વમન, પ્રસેક, કે મરણ વિના સારૂં થતું નથી. જે મિત ભોજન કરે છે, તે ઘણું ભોજન કરે છે. ક્ષુધા લાગ્યા સિવાય અમૃત પણ ખાધું હોય તો તે વિષ છે. તેમ વળી જો ક્ષુધા લાગવાનો સમય વીતી જાય તો તેથી અન્ન ઉપર દ્વેષ અને શરીરની કૃશતા થાય છે. અગ્નિ બુઝાયા પછી ઇંધણાં શું કરી શકે? [૩૬]

વૃત્તમાં રહેલા જ્ઞાન વૃદ્ધની સેવા કરવી. વૃત્ત એટલે અનાચારનો ત્યાગ અને આચારનું સમ્યક પ્રકારે પાલન, તેમાં રહેલા એવા જ્ઞાન એટલે હેયોપાદેય વસ્તુનો નિશ્ચય, તેવડે વૃદ્ધ મહાન્ તે જ્ઞાન વૃદ્ધ. વૃત્તમાં રહેલા એવા જ્ઞાન વૃદ્ધ પુરૂષો તેમની સેવા એટલે તેમને જોઇ સામું ઉઠવું, ગુણી પુરૂષો જો સારી રીતે સેવ્યા હોય તો, તે નિયમથી કલ્પવૃક્ષની જેમ સદુપદેશ પ્રમુખ ફળવડે ફળિત થાય છે. ( ૩૭ ) કહ્યું છે કે, " નિત્યે ઉત્તમ ઉપદેશ, ધર્મચારીનાં દર્શન અને ઘરે ત્યાં વિનય—એ સાધુ સેવાનું મહા ફળ છે. "

નિંદિત કામમાં પ્રવર્તવું નહીં. નિંદિત-એટલે આ લોક અને પરલોકમાં અનાદર

दरणीयतया निंदनीयेषु मद्यमांससेवनपररामाभिगमनादि पापस्थानेषु अप्रवृत्तिः गाढं मनोवाक्कायानामनवतारः। आचार शुद्धौ हि सामान्यायामपि कुलाद्युत्पत्तौ पुरुषस्य माहात्म्यमुपपद्यते । ( ३८ ) यथोक्तं । " नकुलं हीनवृत्तस्य प्रमाणमिति मे मतिः । अंत्येष्वपि हि जातानां वृत्तमेव विशिष्यते " ॥ १० ॥

भर्त्तव्येति— भर्त्तव्यानां भर्तुं योग्यानां मातृपितृगृहिण्यपत्यसमाश्रितस्वजनलोकतथाविधभृत्यप्रभृतीनां भरणं पोषणं । तत्र त्रीण्यवश्यं भर्त्तव्यानि मातापितरौ सतीभार्या अलब्धबलानि चापत्यानीति। ( ३९ ) यदुक्तं । वृद्धौ च मातापितरौ सतीं भार्यां सुतान् शिशून्। अप्यकर्मशतं कृत्वा भर्त्तव्यान् मनुरब्रवीत् " ॥ विभवसंपत्तौ चान्यानपि । अन्यत्रा-

કરવા યોગ્ય હોવાથી નિંદવા યોગ્ય એવા મદ્ય માંસનું સેવન, અને પરસ્ત્રી ગમન વિગેરે પાપ સ્થાન તેમાં અપ્રવૃત્તિ કરવી, એટલે મન, વચન કાયાને ગાઢ રીતે તેમાં ઉતારવાં નહીં. એક સામાન્ય આચારની શુદ્ધિ હોય તોપણ કુળ વિગેરેની ઉત્પત્તિમાં પુરૂષનું માહાત્મ્ય ઉપપાદીત થાય છે. ( ૩૮ ) કહ્યું છે કે, " હીન વૃત્તવાળાનું સારૂં કુળ હોય તોપણ તે પ્રમાણભૂત હોતું નથી, એમ મારો મત છે. કદિ ચંડાળ જાતિમાં થએલા હોય, તોપણ જો તેમનામાં વૃત્ત-સદાચાર હોય, તો તે વિશેષ થાય છે. " ૧૦

ભરણ-પોષણ કરવા યોગ્ય હોય, તેમનું ભરણ-પોષણ કરવું. ભરણ-પોષણ કરવા યોગ્ય જે માતા, પિતા, સ્ત્રી, સંતાન, આશ્રિત સ્વજન લોક અને તેવાજ નોકર ચાકર વિગેરે તેમનું ભરણ-પોષણ કરવું. તેમાં ત્રણ તો અવશ્ય પોષણ કરવા યોગ્ય છે. એક માતા, પિતા, બીજી સતી સ્ત્રી, અને ત્રીજા જેમણે હજુ બળ પ્રાપ્ત થયું ન હોય એવાં સંતાન. ( ૩૯ )

કહ્યું છે કે, " વૃદ્ધ માતા, પિતા, સતી સ્ત્રી, અને શિશુ વયનાં છોકરાં તેમનું સૈંકડો અકર્મ કરીને પણ ભરણ-પોષણ કરવું, એમ મનુએ કહ્યું છે. " જો વૈભવ હોય તો બીજાનું પણ પોષણ કરવું. તે વિષે અન્ય સ્થળે કહ્યું છે કે, " હે તાત, ગૃહસ્થ ધર્મમાં લક્ષ્મીએ સેવેલા એવા તમારા ઘરમાં ચાર જણાઓ નિવાસ કરો. દરિદ્રી મિત્ર,

प्युक्तं । " चत्वारि तेनांतगृहे वसंतु श्रियाभिजुष्टस्य गृहस्थधर्मे । सखा दरिद्रो भगिनी व्यपत्या जातिश्च वृद्धो विधनः कुलीनः " ( ४० ) इति । तथा दीर्घकालभावित्वाद्दीर्घस्यार्थस्यानर्थस्य च दृष्टिः पर्यालोचनं सुविमृश्यकारित्वमित्यर्थः । अविमृश्यकारित्वे हि महादोषसंभवात् । यत उक्तं । " सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् । वृणते हि विमृश्यकारिणं गुणलुब्धाः स्वयमेव संपदः " ( ४१ ) इति ॥ तथा धर्मस्याभ्युदयनिःश्रेयसहेतोः इहैव शास्त्रे वक्तुं प्रस्तावितस्य कांत कांतासमेतयुवजन किंनरारब्धगीताकर्णनोदाहरणेन श्रुतिः श्रवणं तस्माच्च मनः खेदापनोदादिगुणः स्यात् । ( ४२ ) यदाह । " क्लांतमपोह्यति खेदं तप्तं निर्वाति बुध्यते मूढम् । स्थिरतामेति व्याकुल मुपयुक्तसुभाषितं चेतः " ॥ प्रत्यहं धर्मश्रवणं चोत्तरोत्तरगुण प्रतिपत्ति साधनत्वात्प्रधान-मिति । ( ४३ )

---

સંતાન વગરની બેન, એક જાતિનો વૃદ્ધ અને નિર્ધન કુલીન માણસ. ( ૪૦ )

દીર્ઘ દ્રષ્ટી રાખવી, દીર્ઘ એટલે દીર્ઘ—લાંબે કાળે થનારા અર્થ અને અનર્થની દ્રષ્ટી એટલે વિચાર રાખવો, અર્થાત્ સારી રીતે વિચારીને કામ કરવું. અવિચારે કરવામાં મહા દોષ થવાનો સંભવ છે. કહ્યું છે કે, " સહસા કામ કરવું નહીં. તેવો અવિવેક પરમ આપત્તિનું સ્થાન થાય છે. ગુણલુબ્ધ એવી સંપત્તિઓ વિચારીને કામ કરનાર પુરૂષને સ્વયમેવ વરે છે. " [ ૪૧ ]

ધર્મ સાંભળવો. ધર્મ કે જે આબાદી તથા કલ્યાણનો હેતુ રૂપ છે, અને આજ ગ્રંથમાં કહેવા માટે પ્રસ્તુત કરેલો છે, તેનું શ્રવણ એટલે સુંદર સ્ત્રી સાથે રહેલા યુવાન કિંનરે આરંભેલા ગીતના શ્રવણનું ઉદાહરણ લઇ સાંભળવું. તેવા શ્રવણથી મનનો ખેદ દૂર થવા વિગેરે ગુણ થાય છે. ( ૪૨ ) કહ્યું છે કે, " સુભાષિતનો ઉપયોગ કરવાથી ચિત્ત ગ્લાની પામ્યું હોય તો ખેદ દૂર કરે છે, મુઢ થઇ ગયું હોય તો પ્રતિબોધ પામે છે અને વ્યાકુળ થયું હોય તો સ્થિરતા મેળવે છે. " પ્રતિ દીવસ ધર્મ શ્રવણ કરવું, તે ઉત્તરોત્તર ગુણનું સાધન હોવાથી પ્રધાન છે. [ ૪૩ ]

तथा दया दुःखितजंतु दुःखत्राणाभिलाषः । दयालुर्हि सर्वसत्वहितकांक्षितया परमयतनावान् सर्वमेव धर्मं क्षमादिसार माराधयाति। तदुक्तं। धर्मस्य दया मूलमित्यादि। (४४) तथा अष्टभिर्बुद्धिगुणैर्योगः समागमः। बुद्धिगुणाः शुश्रूषादयः तेत्वमी । " शुश्रूषा श्रवणं चैव ग्रहणं धारणं तथा । ऊहापोहोऽर्थ विज्ञानं तत्त्वज्ञानं च धी गुणाः " ॥ तत्र शुश्रूषा श्रोतुमिच्छा । श्रवणमाकर्णनं । ग्रहणं । शास्त्रार्थोपादानं । धारण मविस्मरणं। ऊहो विज्ञातमर्थमवलंब्य अन्येषु तथा विधेषु व्याप्त्या वितर्कणं। (४५) अपोह उक्तियुक्तिभ्यां विरुद्धादर्थाद्धिंसादिकात् प्रत्यपायसंभावनया व्यावर्त्तनं । अथवा ऊहः सामान्यज्ञानं अपोहो विशेष ज्ञानं । अर्थविज्ञानं ऊहापोह योगान्मोहसंदेहविपर्यासव्युदासेन ज्ञानं । तत्वज्ञानं ऊहापोह विशुद्धमिदमित्थमेवेति निश्चयः । शुश्रूषादिभिर्हि उपाहित प्रकर्षः पु-

---

દયા રાખવી-દયા એટલે દુઃખી પ્રાણીને દુઃખમાંથી બચાવાની ઇચ્છા. દયાળુ પુરૂષ સર્વ પ્રાણીના હિતની ઇચ્છાને લીધે પરમ જતનાવાળો થઇ ક્ષમાદિ ગુણથી શ્રેષ્ટ એવા સર્વ ધર્મને આરાધે છે, તેથી કહ્યું છે કે, " ધર્મનું મૂળ દયા છે. " [ ૪૪ ]

બુદ્ધિના આઠ ગુણનો યોગ કરવો. બુદ્ધિના આઠ ગુણ શુશ્રૂષા વિગેરે છે-તે આ પ્રમાણે-" શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઉહ, અપોહ, અર્થ વિજ્ઞાન અને તત્વ જ્ઞાન એ બુદ્ધિના આઠ ગુણ છે. " તેમાં શુશ્રૂષા એટલે સાંભળવાની ઇચ્છા, ગ્રહણ એટલે શાસ્ત્રના અર્થનું ગ્રહણ કરવું, ધારણ એટલે તે ગ્રહણ કરેલા અર્થને ભુલી જવા નહીં તે, ઉહ એટલે જાણેલા અર્થને અવલંબી તેવા બીજા અર્થમાં તેની વ્યાપ્તિનો વિતર્ક કરવો. [ ૪૫ ]

અપોહ એટલે ઉક્તિ તથા યુક્તિ વડે હિંસાદિ વિરૂદ્ધ અર્થથી અપાય-નાશની સંભાવના વડે નિવૃત્ત થવું, અથવા ઉહ એટલે સામાન્ય જ્ઞાન, અને અપોહ એટલે વિશેષ જ્ઞાન. અર્થ વિજ્ઞાન એટલે ઉહ અપોહના યોગથી મોહ, સંદેહ અને વિપર્યાસ [ વિપરીત જ્ઞાન ] ના નાશથી થયેલું જ્ઞાન. તત્વજ્ઞાન એટલે ઉહ અપોહ કરી શુદ્ધ ' આ

माप्त कदाचिद कल्याण मामोति । एते च बुद्धिगुणा यथासंभवं द्रष्टव्याः । ( ४६ ) तथा गुणेषु सौजन्यौदार्यधैर्यदाक्षिण्यस्थैर्यप्रियंप्रथमाभिभाषणादिषु स्वपरयो रुपकारणेष्वात्मधर्मेषु पक्षपातो बहुमानं तत्प्रशंसा साहाय्यदानादिमानुकूला प्रवृत्तिः । गुणपक्षपातिनो हि जीवा अवंध्यपुण्यबीज निषेकेणेहामुत्र च गुणग्रामसंपदमारोहंति ॥ ११ ॥

तथा अनभिनिवेशः अभिनिवेशराहित्यं अभिनिवेशश्च नीतिपथमनागतस्यापि पराभिभवपरिणामेन कार्यस्यारंभः स च नीचानां भवति । ( ४७ ) यदाह । " दर्पः श्रमयति नीचान् निष्फलनयविगुण दुष्करारंभैः । स्रोतोविलोमतरण व्यसनिभिरायास्यते मत्स्यैः " ॥ अनभिनिवेशश्च कादाचित्कः शाठ्यान्नीचानामपि स भवति अत आह सदेति ।

આમજ છે, ' એવો નિશ્ચય. આ શુશ્રૂષા વિગેરે બુદ્ધિના આઠ ગુણ વડે ઉત્કર્ષને પ્રાપ્ત કરનાર પુરૂષ કદિ પણ અકલ્યાણને પામતો નથી. એ બુદ્ધિના ગુણ જ્યાં જેવી રીતે સંભવે તેમ જોઇ લેવા. [ ૪૬ ]

ગુણોમાં પક્ષપાત કરવો. ગુણ એટલે સૌજન્ય, ઔદાર્ય, ધૈર્ય, દાક્ષિણ્ય, સ્થિરતા, પ્રથમ પ્રિય ભાષણ વિગેરે પોતાના અને પરના ઉપકાર કરનાર આત્માના ધર્મ. તેમાં પક્ષપાત એટલે બહુમાન કરવું, અથવા તેની પ્રશંસા સહાય આપવા વિગેરેથી અનુકૂળ પ્રવૃત્તિ કરવી. ગુણના પક્ષપાતી જીવ પુણ્યના સફળ બીજના સિંચન કરવા વડે આલોક અને પરલોકમાં ગુણગ્રામની સંપત્તિ ઉપર આરૂઢ થાય છે. ૧૧

આગ્રહ રાખવો નહીં. આગ્રહ રાખવો તે નીતિ માર્ગને નહીં પ્રાપ્ત થયેલ એવા બીજાના પરાભવના પરિણામે કરેલા કાર્યનો આરંભ. તે દુરાગ્રહ નીચ લોકોને હોય છે. [ ૪૭ ] તે વિષે કહ્યું છે કે, " નિષ્ફળ ન્યાય, ગુણ રહિત દુષ્કર આરંભ વડે ગર્વ નીચ પુરૂષોને શમાવી દે છે. જુઓને, પ્રવાહની આગે તરવારના વ્યસનવાળાં માછલાં જેવો પ્રયાસ કરે છે ? " તે આગ્રહનો ત્યાગ કોઇ વાર શઠપણાથી નીચ પુરૂષોને પણ

( ४८ ) तथा वस्तुनोः कृत्याकृत्ययोः स्वपरयोर्विशेषस्यांतरस्य ज्ञानं निश्चयः । अविशेषज्ञोहिनरः पशोर्नातिरिच्येत । अथवा विशेषस्यात्मन एव गुणदोषाधिरोहलक्षणस्य ज्ञानं । यदाह । " मत्यंह मत्यावक्षेत नरश्चरितमात्मनः । किंतु मे पशुभिस्तुल्यं किंतु सत्पुरुषैरिति " ॥ तच्च कदाचिदितरस्यापि भवतीत्यत आह अन्वहमिति निरंतर मित्यर्थः । ( ४९ ) तथा न विद्यते सतत प्रवृत्तातिविशदैकाकारानुष्ठानतया तिथ्यादि दिन विभागो यस्य सोऽतिथिः । यथोक्तं । " तिथिपर्वोत्सवाः सर्वे त्यक्ता येन महात्मना । अतिथिं तं विजानीया च्छेषमभ्यागतं विदुः " ॥ ( ५० ) साधुः शिष्टाचाररतः सकललोकाविगीतः दीनः ' दीङ्क्षये ' इति धातो-रर्थात् क्षीणसकलधर्मार्थकामाराधनशक्तिः तेषु प्रतिपन्नता प्रतिपत्तिः अन्न-

---

થાય છે, માટેજ કહ્યું કે, તે સદા હમેશાં આગ્રહનો ત્યાગ કરવો. ( ૪૮ )

પ્રતિદિન વિશેષ જ્ઞાન મેળવવું પોતાના અને પરના કૃત્ય અકૃત્યનું વિશેષ જ્ઞાન એટલે અંતરનો નિશ્ચય કરવો. જે પુરૂષ વિશેષજ્ઞ ન હોય તે પશુથી અધિક થતો નથી. અથવા વિશેષ એટલે આત્માના ગુણ દોષના આરોપણ સંબંધી જ્ઞાન. કહ્યું છે કે " માણસે પ્રતિદિવસ પોતાનું ચરિત્ર વિચારી જોવુ કે, મારૂં ચરિત્ર પશુ જેવું છે કે સત્પુરૂષના જેવું છે ? તેવું જ્ઞાન કદિ કોઇવાર બીજા સાધારણ માણસને પણ થાય છે, તેથી કહ્યું કે, પ્રતિદિન અર્થાત્ હમેશાં વિશેષ જ્ઞાન મેળવવું. [ ૪૯ ]

અતિથી, સાધુ અને દીન જનનો યથા યોગ્ય સત્કાર કરવો. અતિથી એટલે હમેશાં અતિ ઉજ્વળ એકાકાર આચરણમાં પ્રવૃત્તિ કરવાથી જેને તિથિ વિગેરે દિવસનો વિભાગ હોતો નથી, તે **અતિથી** કહેવાય. કહ્યું છે કે, " જે મહાત્માએ તિથિ, પર્વના સર્વ ઉત્સવ ત્યાગ કરેલા છે, તે **અતિથી** કહેવાય છે, અને બાકીના અભ્યાગત કહેવાય છે. " [ ૫૦ ]

**સાધુ** એટલે શિષ્ટ આચારમાં તત્પર અને સર્વ લોકમાં અનિંદિત પુરૂષ **દીન** એ શબ્દ **દીङ्** ક્ષય પામવું એ ધાતુ ઉપરથી થયેલો છે, તેથી દીન એટલે સર્વ ધર્મ

पानादिरूपोपचार इति यावत् । कथं यथार्हं औचित्यानतिक्रमेण औचित्यं च यस्यातिथ्यादे रुत्तममध्यमजघन्यरूपा प्रतिपत्तिरित्यर्थः तस्यानुल्लंघनेन । तदुल्लंघनेहि शेषाः संतोऽपि गुणा असंत इव भवंति । ( ५१ ) यदाह । " औचित्यमेकमेकत्र गुणानां कोटिरेकतः । विषायते गुणग्राम औचित्य परिवर्जितः " इति ॥ १२ ॥

**त्रिवर्गेति**— त्रिवर्गो धर्मार्थ कामाः । तत्र यतोऽभ्युदयान्निः श्रेयस-सिद्धिः स धर्मः । यतः सर्व प्रयोजनसिद्धिः सोऽर्थः । यत आभिमानिक रसानुविद्धा सर्वेंद्रिय प्रीतिः स कामः । ततोऽन्योन्यस्य परस्परस्य अनु-पघातेन अपीडनेन त्रिवर्गस्यापि उक्तस्वरुपस्य नत्वेकैकस्येत्यपि शब्दार्थः साधनं सेवनं त्रिवर्गसाधनविकलस्य उभयभवभ्रष्टत्वेन जीवन नैरर्थ-स्यात् । ( ५२ ) यदाह । " यस्य त्रिवर्गशून्यानि दिनान्यायांति यांति

---

અર્થ અને કામને આરાધવાની શક્તિ જેની ક્ષીણ થઇ છે તેવા માણસ. તે અતિથી, સાધુ અને દીન જનમાં પ્રતિપન્નતા— પ્રતિપત્તિ અર્થાત્ અન્નપાનાદિ રૂપ ઉપચાર કરવો તે. તે કેવી રીતે ઉપચાર કરવો ? યથાયોગ્ય એટલે યોગ્યતાનું ઉલ્લંઘન કર્યા સિવાય યોગ્યતા એટલે જે અતિથિ પ્રમુખને ઘટે તેવી ઉત્તમ, મધ્યમ અને જઘન્યરૂપ સત્કાર. તેવી યોગ્યતાનું ઉલ્લંઘન કર્યા સિવાય યોગ્યતાનું ઉલ્લંઘન કરવાથી સારા ગુણ પણ નહારા ગુણ જેવા થાય છે. ( ૫૧ ) કહ્યું છે કે, " એક તરફ યોગ્યતા અને એક તરફ કોટી ગુણ છે. કારણકે, યોગ્યતા વિનાનો ગુણનો સમૂહ વિષના જેવો છે. " ૧૨

ત્રિવર્ગ—ધર્મ, અર્થ, કામને પરસ્પર બાધ આવે નહીં તેમ સાધવા. ધર્મ, અર્થ અને કામ— એ ત્રિવર્ગ કહેવાય છે. જેનાથી અભ્યુદય—કલ્યાણની સિદ્ધિ થાય તે **ધર્મ**, જેનાથી સર્વ પ્રયોજનની સિદ્ધિ થાય તે **અર્થ**, અને જેનાથી અભિમાનના રસ સહિત સર્વ ઇંદ્રિયોની પ્રીતિ થાય તે **કામ** કહેવાય છે. તે ધર્મ, અર્થ અને કામને પરસ્પર ઉપઘાત—પીડા ન થાય તેમ સાધવા એટલે સેવવા. અહીં **अपि** [ પણ ] શબ્દનો એવો **અર્થ છે કે**, તે ત્રણેને સેવવા, એકનેજ નહીં. તે ત્રિવર્ગના સેવનથી રહિત એવા પુરૂષનું

च । स लोहकारभस्त्रेव श्वसन्नपि न जीवति " । ( ५३ )

तत्र धर्मार्थयोरुपघातेन तादात्विक विषयसुखलुब्धो वनगज इव को नाम न भवत्या स्पदमापदां । न च तस्य धनं धर्मः शरीरं वा यस्य कामेऽत्यंतासक्तिः । धर्मकामातिक्रमा द्धनमुपार्जितं परे अनुभवंति स्वयंतु परं पापस्य भाजनं सिंह इव सिंधुर वधात् । अर्थकामातिक्रमेण च धर्मसेवा यतीनामेव न गृहस्थानां । ( ५४ ) न च धर्मबाधयार्थकामौ सेवेत बीजभोजिनः कुटुंबिन इव नास्त्यधार्मिकस्यायत्यां किमपि कल्याणं । स खलु सुखी योऽमुत्र सुखाविरोधेनेहलोकसुखमनुभवति । तस्माद्धर्माबाधनेन कामार्थयोर्मतिमता यतितव्यम् । एवमर्थबाधया धर्मकामौ सेवमानस्य ऋणाधिकत्वं कामबाधया धर्मार्थौ सेवमानस्य गार्हस्थ्या भावः स्यात् । एवं च तादात्विकमूलहरकदर्येषु धर्मार्थकामाना मन्योन्यबाधा सुलभैव । तथाहि । ( ५५ )

---

જીવન ઉભય લોકથી ભ્રષ્ટપણાને લીધે નિરર્થક થાય છે. [ ૫૨ ]

કહ્યું છે કે, " જે માણસને ધર્મ, અર્થ અને કામથી શૂન્ય એવા દિવસો આવે અને ચાલ્યા જાય છે, તે માણસ લુહારની ધમણની જેમ શ્વાસ લે છે, પણ જીવતો નથી. " [ ૫૩ ] ધર્મ તથા અર્થનો ઉપઘાત કરી તે કાળના વિષય સુખમાં લુબ્ધ થયેલો કયો પુરૂષ વનના હાથીની જેમ આપત્તિનું સ્થાન થતો નથી ? જેની કામમાં અતિ આસક્તિ છે, તે પુરૂષને ધન, ધર્મ કે શરીર કાંઇ રહેતું નથી. ધર્મ અને કામનું ઉલ્લંઘન કરી ઉપાર્જન કરેલા ધનને બીજાઓ અનુભવે છે, અને પોતે ગજેંદ્રને મારનાર સિંહની જેમ પાપનું ભાજન થાય છે. અર્થ અને કામનું ઉલ્લંઘન કરી કેવળ ધર્મ સેવન કરવું, એ મુનિયોનેજ છે, ગૃહસ્થોથી તેમ થઇ શકતું નથી. ( ૫૪ ) ધર્મનો બાધ કરી કેવળ અર્થ કામ સેવવા નહીં. બીજને ખાનારા કુટુંબીની જેમ પરિણામે અધર્મીનું કલ્યાણ નથી. જે પરલોકના સુખનો વિરોધ કર્યા વગર આ લોકનું સુખ

यः किमप्यसंचित्योत्पन्नमर्थमपव्योति स तादात्विकः । यः पितृपैतामहमर्थमन्यायेन भक्षयति स मूलहरः । यो भृत्यात्मपीडाभ्यामर्थं संचिनोति न तु क्वचिदपि व्ययते स कदर्यः । तत्र तादात्विक मूलहरयोरर्थभ्रंशेन धर्म कामयोर्विनाशान्नास्ति कल्याणं । कदर्यस्य त्वर्थसंग्रहो राजदायाद तस्कराणां निधिः न तु धर्मकामयोर्हेतुरिति । अनेन त्रिवर्गबाधा गृहस्थस्य कर्त्तुमनुचितेति प्रतिपादितं । यदा तु दैववशाद्बाधा संभवति तदोत्तरोत्तरबाधायां पूर्वस्य बाधा रक्षणीया । तथाहि । कामबाधायां धर्मार्थयोर्बाधा रक्षणीया तयोः सतोः कामस्य सुकरोत्पादत्वात् । कामार्थयोस्तुबाधायां धर्मो रक्षणीयः धर्ममूलत्वादर्थकामयोः । उक्तं च । ( ५६ )

ભોગવે છે, તેજ ખરેખરો[1] સુખી છે. તેથી બુદ્ધિમાન પુરૂષે ધર્મને બાધા કર્યા વિના કામ તથા અર્થ સેવવા યત્ન કરવો. અર્થનો બાધ કરી ધર્મ કામને સેવનાર પુરૂષને અધિક કરજ થઇ જાય. અને કામનો બાધ કરી કેવળ ધર્મ અર્થને સેવનાર પુરૂષને ગ્રહસ્થપણાનોજ અભાવ થાય. એથી તે તાદાત્વિક મૂળ હર અને કદર્ય ( લુબ્ધ ) જાતના પુરૂષોને ધર્મ, અર્થ અને કામની બાધા થવી સુલભ છે, તે ત્રણ જાતના પુરૂષોનાં લક્ષણ કહે છે. ( ૫૫ ) જે કાંઇ પણ સંચય કરે નહીં, અને જે દ્રવ્ય પેદા થાય તે ખર્ચી નાંખે, તે તાદાત્વિક પુરૂષ કહેવાય છે. જે બાપદાદાનું દ્રવ્ય અનીતિથી ખાઇ જાય તે મૂલહર પુરૂષ કહેવાય છે. જે ખાવા પીવાની અને શરીરની પીડા ભોગવી, દ્રવ્યનો સંચયજ કર્યા કરે, અને કયારે પણ ખર્ચ કરે નહીં, તે કદર્ય પુરૂષ કહેવાય છે. તેમાં તાદાત્વિક અને મૂલહર જાતના પુરૂષોને દ્રવ્યનો નાશ થવાથી ધર્મ અને કામનો પણ વિનાશ થાય, તેથી તેમનું કલ્યાણ થતું નથી. કદર્ય પુરૂષને તો જે દ્રવ્યનો સંગ્રહ થાય, તે રાજા, ભાગીદાર અને ચોર લોકોનોજ ભંડાર છે, તે કદિ ધર્મ અને કામનો હેતુ થતોજ નથી. આથી પ્રતિપાદન થયું કે, ગ્રહસ્થને ધર્મ, અર્થ તથા કામની બાધા કરવી અયોગ્ય છે, જો દૈવ યોગે બાધા થઇ આવે તો ઉત્તરોત્તર બાધા થતાં પૂર્વની બાધા

૧ સિંહ હાથીનો શિકાર કરી ચાલ્યો જાય છે, અને તેનું માંસાદિક બીજાં શીયાળ વિગેરે પશુઓ ખાઇ જાય છે.

" धर्मश्चेन्नावसीदेत कपालेनापि जीवतः । आढ्योऽस्मी त्यवगंतव्यं धर्मवित्ता हि साधवः " ॥ तथा प्रतिषिद्धो देशोऽदेशः प्रतिषिद्धः कालः अकालः तयोरदेशाकालयोरचरणं चरणाभावः । अदेशाकालचारी हि चौरादिभ्योऽवश्यमुपद्रवमाप्नोति । तथा बलं शक्तिः स्वस्य परस्य वा द्रव्यक्षेत्रकालभावकृतं सामर्थ्यं अबलमपि तथैव तयोर्विचारणं पर्यालोचनं । बलाबलपरिज्ञाने हि सर्वः सफल आरंभः अन्यथा न विपर्ययः । यदाह । (५७)

" स्थाने शमवतां शक्त्या व्यायामे वृद्धि रंगिनाम् । अयथाबलमारंभो निदानं क्षयसंपदः ॥ " अत एव च पठ्यते । " कः कालः कानि मित्राणि को देशः कौन्ययागमौ । कश्चाहं का च मे शक्तिरिति चिंत्यं मुहुर्मुहुः " इति ॥ १३ ॥

---

રાખવી. એટલે જો કામને બાધા થાય તો, ધર્મ તથા અર્થને બાધા ન થવા દેવી. કારણ કે જો ધર્મ અર્થ હોય તો કામ થવો સહેલો છે. જો કામ તથા અર્થને બાધા થાય તો, ધર્મને બાધા થવા ન દેવી. કારણ કે અર્થ અને કામનું મૂળ ધર્મ છે. કહ્યું છે કે, [ ૫૬ ] " કપાળ ( ખોપરી ) લઇ માગીને જીવતાં પણ જો ધર્મ ન સીદાય તો જાણવું કે, હું ધનાઢ્ય છું. કારણ કે સાધુઓ ધર્મરૂપી દ્રવ્યવાળા હોય છે. "

નિષિદ્ધ દેશ કાળ પ્રમાણે વર્તવું નહીં. નિષિદ્ધ એવો દેશ તે અદેશ અને નિષિદ્ધ એવો કાલ તે અકાલ. તે નિષિદ્ધ દેશ કાલનું આચરણ એટલે ચરણનો અભાવ અર્થાત્ નિષિદ્ધ દેશ કાલ પ્રમાણે ચાલવું નહીં. નિષિદ્ધ દેશ કાલ પ્રમાણે ચાલનાર પુરૂષ ચોર વિગેરેથી અવશ્ય ઉપદ્રવ પામે છે. બલ અને અબલનો વિચાર કરવો. બલ એટલે શકિત, પોતાનું અને બીજાનું દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવવડે કરાએલું સામર્થ્ય. અબલ એટલે અશકિત. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવવડે કરાએલું અસામર્થ્ય. તે બંનેનો વિચાર કરવો. કહ્યું છે કે, [ ૫૭ ] " જે જ્યાં ઘટે ત્યાં સમતા રાખે અને શકિત હોય તો વ્યાયામ [ કસરત ] કરે, તેવા પ્રાણીઓની વૃદ્ધિ—આબાદી થાય છે. જે પોતાનું બલ જાણ્યા સિવાય મોટો આરંભ કરવો, તે ક્ષય સંપત્તિનું મુલ કારણ છે. " એથી વળી બીજે પણ કહ્યું છે કે, કેવો કાલ છે ? મિત્રો કોણ છે ? દેશ કેવો છે ? ખર્ચ અને આવક શું છે ? હું કોણ

यथार्हेति—यथार्हा या यस्योचिता लोकयात्रा लोकचित्तानुवृत्तिरुपो व्यवहारः सा विधेया । यथार्ह लोकयात्रातिक्रमे हि लोकचित्त विराधनेन तेषा मात्मन्यनादेयतया परिणामापादनेन स्वलाघवमेवो त्पादितं भवति ( ५८ ) एवं चान्यस्यापि स्वगतस्य सम्यगाचारस्य लघुत्वमेवोपनीतं स्यादिति । उक्तंच । ( ५९ ) " लोकः खल्वाधारः सर्वेषां धर्मचारिणां यस्मात्तस्मा ल्लोकविरुद्धं धर्मविरुद्धं च संत्याज्यं । " तथा परोपकृतौ परोपकारे पाटवं पटुत्वं परोपकारपरो हि पुमान् सर्वस्य नेत्रामृतांजनं । तथा ह्रीः लज्जा वैयात्याभावः इति यावत् । लज्जावान् हि प्राणप्रहाणेऽपि न प्रतिज्ञातमपजहाति । यदाह । ( ६० ) " लज्जां गुणौघजननीं

છું ? અને મારી શકિત શી છે ? એમ વારંવાર વિચારવું. "

યથાર્હ લોક યાત્રા કરવી, યથાર્હ એટલે જે જેને ઘટે તેવી લોકયાત્રા કરવી એટલે લોકોના ચિત્તને અનુસરવારૂપ વ્યવહાર કરવો. યથાર્હ લોક યાત્રાનું ઉલ્લંઘન કરવાથી લોકોના ચિત્તની વિરાધના થાય, અને તેથી પોતાની તરફ લોકોનાં અગ્રાહ્ય પરિણામ થવાને લીધે પોતેજ પોતાની લઘુતા ઉત્પન્ન કરેલી થાય છે. [ ૫૮ ]

એથી બીજા પણ સ્વગત સમ્યક્ આચારની લઘુતાજ કરેલી થાય છે. કહ્યું છે કે, [ ૫૯ ]" સર્વ ધર્મચારીઓનો આધાર લોક છે, તેથી લોક વિરૂદ્ધ તથા ધર્મ વિરૂદ્ધ કરવું છોડી દેવુ."

પરોપકાર કરવામાં તત્પર થવું. પરોપકાર કરવામાં પટુતા રાખવી. કારણ પરોપકાર કરવામાં તત્પર એવો પુરૂષ સર્વ જનના નેત્રનું અમૃતાંજનરૂપ છે.

લજ્જા રાખવી. લજ્જા એટલે જંગલીપણાનો-બેઅદબીપણાનો અભાવ. લજ્જાવાળો પુરૂષ પ્રાણની હાનિ થાય તોપણ, પોતાની પ્રતિજ્ઞા છોડી દેતો નથી. કહ્યું છે કે, [ ૬૦ ] " અત્યંત શુદ્ધ હૃદયવાળી પૂજ્ય માતા જેવી ગુણના સમૂહને ઉત્પન્ન કરનારી લજ્જાને અનુસરનારા તેજસ્વી પુરૂષો પોતાના પ્રાણને સુખે ત્યજી દે છે, પણ સત્યની મર્યાદાના વ્યસનવાળા તેઓ પોતાની પ્રતિજ્ઞા ત્યજી દેતા નથી. "

जननीमिवार्यामत्यंतशुद्धहृदयामनुवर्त्तमानाः । तेजस्विनः सुखमसूनपि संत्यजंति सत्यस्थिति व्यसनिनो न पुनः प्रतिज्ञाम् " ॥ तथा सौम्यः अक्रूराकारः क्रूरो हि लोकस्योद्वेगकारणं सौम्यश्च सर्वजनसुखाराध्यो भवति इति ॥ १४ ॥

उक्त सप्रभेदः सामान्यतो गृहिधर्मः । ( ६१ ) अत्रेदमवधेयं न्यायार्जितधनसुस्थान गृहनिवेशनमातापित्रर्चनादीनां सिद्धांते कर्त्तव्यताबोधक प्रत्यक्षवचनानुपलंभेन धर्मलक्षणस्य योजयितुमशक्यत्वेऽपि तत्तदधिकारि शिष्टाचारमहिम्ना तादृशतादशविधिवचनानामुन्नासंलग्नतादोष इति । एवमप्या प्राप्तांश एव विधि प्रवृत्तेः प्राप्तेषु धनादिषु न्यायार्जितत्वाद्यंशानामेव विधेयत्वाद्विशिष्टे कथं धर्मत्वं विध्यस्पर्शादिति चेत्सत्यं अनुद्यताविधेयतयो र्विषयता विशेषतयोः प्राप्त्यप्राप्ति नियतत्वेऽपि इष्ट साधनत्वादिरूप विध्यर्थस्य विशिष्ट एव संभवात् । ( ६२ ) कथं

---

હમેશાં સૌમ્ય થવું. સૌમ્ય એટલે ક્રૂર ન લાગે તેવી આકૃતિવાળા થવું. ક્રૂર માણુસ લોકોને ઉદ્વેગનું કારણુ થાય છે, અને સૌમ્ય માણુસ સર્વ લોકોને સુખે આરાધવા યોગ્ય થાય છે. ૧૪

આ પ્રમાણે ગ્રહસ્થને સામાન્ય ધર્મ ભેદ સાથે કહ્યો. ( ૬૧ ) અહીં એટલું જાણુવાનું છે કે, ન્યાયોપાર્જિત દ્રવ્ય, સારે સ્થાને ઘર બાંધવું, અને માતા પિતાનું અર્ચન ઇત્યાદિ વિષે સિદ્ધાંતમાં કર્ત્તવ્ય તરીકે બોધ થાય, તેવા પ્રત્યક્ષ વચન જોવામાં આવતાં નથી, તેથી તે ધર્મના લક્ષણુ તરીકે યોજવા અશકય છે. તથાપિ તે તે અધિકારી શિષ્ટાચારના મહિમાથી તેવા તેવા વિધિવચનોને સંલગ્નતા દોષ લાગતો નથી. કદિ અહીં શંકા કરે કે, એથી એમ સિદ્ધ થયું કે, અપ્રાપ્ત અંશમાંજ વિધિની પ્રવૃત્તિ થાય. પ્રાપ્ત એવા ધનાદિકમાં ન્યાયાર્જિતપણું વિગેરે અંશ વિધેય છે, તો વિશિષ્ટાચારમાં શી રીતે ધર્મપણું આવે ? તેમાં વિધિનો સ્પર્શ નથી. એ શંકા સત્ય છે, પણુ અનુદ્યતા અને વિધેયતાની તથા વિષયતા અને વિશેષતાની પ્રાપ્તિ તથા અપ્રાપ્તિ નિયત હોવા છતાં

तर्हि संतताभ्यासविषयाभ्यास भावाभ्यासानां मध्ये भावाभ्यासस्यैव धर्मा-नुष्टानत्व मनुमत मुपदेशपदे संतताभ्यास विषयाभ्यासयोश्च निषिद्धमिति चेत् न कथंचित् सम्यग्दर्शनाद्यनुगतभावग्राहि निश्चयनयाभि प्रायेणैव त-न्निषेधादपुनर्बंधकाद्युचितभावलेशग्राहि व्यवहारनयाभि प्रायेण तत्समर्थना देव । तथा च तद्ग्रंथः ( ६३ ) " अन्ने भणिंतितिविहं सवय विस-यभाव जोगओणवरं धम्मंमि अणुट्ठाणं जहुत्तरपहाणरूवं तु " १ " ए अंचणजुत्तिखमणिच्छयणयजोगओ जओ विसए । भावेण य परिहीणं धम्माणु ट्ठाण मोक्किहणु " २ " ववहारओ उजुज्जइ तहा तहा अपुणबंध गाई सुंत्ति " ॥ एतदर्थो यथा । ( ६४ )

अन्ये आचार्या ब्रुवते त्रिविधं त्रिप्रकारं सतत विषयभावयोगतः

---

પણ ઇષ્ટ સાધનત્વાદિરૂપ વિધિ અર્થનો વિશિષ્ટાચારમાંજ સંભવ છે. [ ૬૨ ] અહીં કદી શંકા કરવામાં આવે કે, ઉપદેશ સ્થાને સતત અભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસમાં એક ભાવાભ્યાસનેજ ધર્માનુષ્ટાન સંમત છે, સંતતાભ્યાસ અને વિષયાભ્યાસને નિષિદ્ધ છે, તો તેનું કેમ કરવું ? તેના સમાધાનમાં એટલુંજ કે, જે સંતતાભ્યાસ અને વિષયાભ્યાસને નિષિદ્ધ કરેલ છે, તે સમ્યગ્ દર્શનાદિકને અનુસરેલા ભાવગ્રાહી નિશ્ચય નયના અભિપ્રાયથીજ અને અપુનર્બંધક વિગેરે યોગ્ય ભાવના લેશ ગ્રાહી એવા વ્યવહાર નયના અભિપ્રાય વડે તેનું સમર્થ છે તેથીજ. તે વિષે ગ્રંથમાં આ પ્રમાણે લખેલું છે. " બીજાઓ સંતતાભ્યા-સ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસ—એમ ત્રણ પ્રકારે ઉત્તર પ્રધાનરુપ ધર્માનુષ્ટાન કહે છે. "

એ બંને પ્રકારનું અનુષ્ટાન નિશ્ચય નયના અભિપ્રાયથી ઘટતું નથી. જેથી અર્હંત પૂજારૂપ વિષયાભ્યાસમાં પણ ભાવાભ્યાસથી રહિત એવું અનુષ્ટાન તો કેવી રીતે ઘટે ? અને વ્યવહાર નયના અભિપ્રાયે તે બંને અનુષ્ટાન ઘટે છે. તે પ્રકારે અપુનર્બંધક વિગેરેમાં પણ જાણવું. " એ ગાથાઓનો સવિસ્તર અર્થ આ પ્રમાણે છે. [ ૬૪ ] બીજા આચાર્યો અનુષ્ટાનને સતત, વિષય અને ભાવથી ત્રણ પ્રકારનું કહે છે. અહિ

योगशब्दस्य प्रत्येकमभिसंबंधात् सततादिपदानां सतताभ्यासादौ लाक्षणिकत्वात्सतताभ्यासविषयाभ्यासभावाभ्यासयोगादित्यर्थः । नवरं केवलं धर्मेऽनुष्टानं यथोत्तरं प्रधानरूपं इत्येवकारार्थः यद्यदुत्तरं त देव ततः प्रधानमित्यर्थः । तत्र सतताभ्यासो नित्यमेव मातापितृ विनयादिप्रवृत्तिः । ( ६५ ) विषयाभ्यासो मोक्षमार्गनायकेऽर्हल्लक्षणे पौनःपुन्येन पूजनादि प्रवृत्तिः । भावाभ्यासो भावानां सम्यग्दर्शनादीनां भवोद्वेगेन भूयोभूयः परिशीलनं । एत च्च द्विविधमनुष्टानं न युक्तिक्षमं नोपपत्ति सहं निश्चय नययोगेन निश्चयनयाभिप्रायेण । यतो मातापित्रादिविनय स्वभावे सतताभ्यासे सम्यग्दर्शनाद्यनाराधनारूपे धर्मानुष्टानं दुरापास्तमेव । विषय इत्यनंतरं अपिर्गम्यः । विषयेऽपि अर्हदादिपूजालक्षणे विषयाभ्यासेपि भावेन भववैराग्यादिना परिहीणं धर्मानुष्टानं कथं नु न कथंचिदित्यर्थः । उकारः प्राकृतत्वात् । (६६) परमार्थोपयोगरूपत्वाद्धर्मानुष्टानस्य निश्चयनयमते भावा-

સતત વિગેરે પ્રત્યેક શબ્દે યોગ શબ્દનો સંબંધ લેવો. વળી સતત વિગેરે પદો સતતાભ્યાસમાં લાક્ષણિક છે, તેથી સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસના યોગથી એવો અર્થ થાય. વિશેષ અહિં એટલું કે, કેવળ ધર્મને વિષે અનુષ્ટાન તે યથોત્તર પ્રધાનરૂપ એટલે જે જે ઉત્તર તે તે તેથી પ્રધાન એવો અર્થ થાય. સતતાભ્યાસ એટલે નિત્યે માતા પિતાનો વિનય કરવા વિગેરે પ્રવૃત્તિ. [ ૬૫ ] વિષયાભ્યાસ એટલે મોક્ષ માર્ગના નાયક શ્રી અર્હંત પ્રભુની પૂજા વિગેરેમાં વારંવાર પ્રવૃત્તિ. ભાવાભ્યાસ એટલે ભાવ જે સમ્યગ્ દર્શન પ્રમુખ તેમનું ભવ—સંસાર તરફ ઉદ્વેગતા કરી વારંવાર પરિશીલન કરવું. એમાં બે પ્રકારનું અનુષ્ટાન નિશ્ચય નયના અભિપ્રાય વડે યુક્તિથી ઘટતું નથી, જેથી માતા પિતા વિગેરેનો વિનય કરવાના સ્વભાવરૂપ સતતાભ્યાસ કે જે સમ્યગ્ દર્શનાદિકની આરાધના કરવાથી તેમાં ધર્મનું અનુષ્ટાન તો દૂર રહો, પણ વિષય એટલે અર્હંતની પૂજા વિગેરે કરવારૂપ વિષયાભ્યાસમાં પણ ભવ વૈરાગ્યથી રહિત એવું ધર્માનુષ્ટાન કોઇ રીતે હોતું નથી. ( અહિં अपि ( પણ ) એ અધ્યાહારથી લેવો અને મૂળ ગાથામાં उ છે તે પ્રાકૃત ભાષાને લઇને છે. ) ( ૬૬ ) એથી સિદ્ધ થયું કે, ધર્માનુષ્ટાન પરમાર્થ ઉપયો-

भ्यास एव धर्मानुष्ठानं नान्ययद्वमितिनिर्गधः । व्यवहारस्तु व्यवहार तस्तु व्यवहारनयादेशात्तु युज्यते द्वयमपि तथा तथा तेन तेन प्रकारेणापुनर्बंधकादिषु अपुनर्बंधक प्रभृतिषु तत्रापुनर्बंधकः पापं न तीव्रभावात्करोतीत्याद्युक्तलक्षणः आदिशब्दादपुनर्बंधकस्यैव विशिष्टोत्तरावस्थाविशेषभाजौ मार्गाभिमुखमार्गे पतितौ अविरतसम्यग्दृष्ट्यादयश्च गृह्यंते इति । ( ६७ ) ननु तथापि धर्मसंग्रहण्यां निश्चयनयमतेन शैलेषी चरम समय एव धर्म उक्तः तत्पूर्वसमयेषु तत्साधनस्यैव संभवः । “ सोउभवखयहेउ सीलेसी चरम समयभावि जो । सेसो पुणणीच्छयउ तस्सेवप सावगोभ णिओत्तिवचनात् । ( ६८ )

अत्र तु निश्चयतो धर्मानुष्ठानसंभवश्चाप्रमत्त संयता नामेवेति कथं न विरोधः इति चेत् । न । धर्म संग्रहण्यां धर्मस्यैवाभि धित्सितत्वेन तत्र धर्मपदव्युत्पत्तिनिमित्तग्राहकैदंभूतरूपनिश्चयनयस्य शैलेशी चरम समय एव

---

ગરૂપ છે તેથી નિશ્ચય નયના મત પ્રમાણે ભાવાભ્યાસજ ધર્માનુષ્ટાન છે. બીજા બે સતતાભ્યાસ અને વિષયાભ્યાસ નથી. વ્યવહારથી એટલે વ્યવહાર નયના આદેશથી તો તે બંને અભ્યાસ ધર્મનુષ્ટાનરૂપે ઘટે છે. તે તે પ્રકારે અપુનર્બંધક વિગેરેમાં પણ છે. તીવ્ર ભાવથી પાપ ન કરે તે અપુનર્બંધક કહેવાય છે. આદિ શબ્દથી અપુનર્બંધકનાજ વિશિષ્ટાવસ્થા અને ઉત્તરાવસ્થાના બિશેષમાં રહેલા માર્ગાભિમુખ અને માર્ગ પતિત તેમજ અવિરત સમ્યગ્દૃષ્ટિ વિગેરે લેવા. [ ૬૭ ]

અહીં શંકા કરે છે કે, ધર્મ સંગ્રહણીમાં તો નિશ્ચય નયનામત પ્રમાણે શૈલીશીના છેલ્લા સમયમાંજ ધર્મ કહેલો છે. કારણ કે તેના પૂર્વ સમયમાં તેનાં સાધનનોજ સંભવ છે. કહ્યું છે કે, “ જે શૈલીશીના ચરમ સમયમાં થવાનો તેજ સંસારના ક્ષયનો હેતુ થાય છે; અને બાકી તો નિશ્ચય નયથી તેને શ્રાવક કહેલો છે. ” [ ૬૮ ] અહીં કોઇ શંકા કરે કે, નિશ્ચય નયથી ધર્માનુષ્ટાનનો સંભવ અપ્રમત્ત સંયમીનેજ થાય, એ વિરોધ કેમ ન કહેવાય ? તેના સમાધાનમાં કહેવાનું કે, તેમ નથી. કારણ કે ધર્મ

प्रवृत्तिसंभवात् । अत्रतु धर्मानुष्टानपदव्युत्पत्तिनिमित्त ग्राहकैवंभूतरूपनिश्चयनयस्या प्रमत्त संयत एव प्रवृत्ति संभवेन विरोधलेश स्याप्यनवकाशात् । इंतैवंनिरूपित चरितो भावाभ्यासोऽप्रमत्त संयतस्यैव प्रमत्तसंयत देशविरता विरतसम्यग्दृशां त्वापेक्षिकत्वेनौपचारिक एव प्राप्त इत्यपुर्नबंधस्यैवौपचारिक इति कथं युज्यते इति चे यथा पर्यवनयव्युत्क्रांतार्थग्राही द्रव्योपयोगः परमाणावेवा पश्चिमविकल्पनिर्वचनः । ( ६९ ) तथा । निश्चयनयव्युत्क्रांतार्थग्राही व्यवहारनयोऽप्यपुनर्बंधक एव तथेत्यभिप्रायादिति गृहाण । अतएव अपुनर्बंध कस्यायं व्यवहारेण तात्विकः अध्यात्मभावनारूपो निश्चये नोत्तरस्य । इदमुक्तं योगबिंदौ । ( ७० ) यत्त्वत्रापुनर्बंधकस्याप्युपलक्षणत्वात्सम्यगृदृष्टयादिनामपि वृत्तौ ग्रहणं कृतं तत्तदपे क्षयैवेति तत्वं ।

---

સંગ્રહણીમાં ધર્મજ કહેવાને ઇચ્છેલ હોવાથી તેમાં ધર્મ પદની વ્યુત્પત્તિના નિમિત્તનો ગ્રાહકરૂપ નિશ્ચય નયની પ્રવૃત્તિનો સંભવ શૈલેષીકરણના છેલ્લા સમયમાંજ હોય છે. અહીં તો ધર્માનુષ્ઠાન પદની વ્યુત્પત્તિના નિમિત્તના ગ્રાહકરૂપ નિશ્ચય નયની પ્રવૃત્તિ અપ્રમત્ત સંયમીમાંજ સંભવે છે, તેથી એક લેશ માત્ર વિરોધ આવવાનો અવકાશ નથી.

વળી શંકા કરે છે કે, એવી રીતે નિરૂપણ કરેલ ભાવાભ્યાસ અપ્રમત્ત સંયમીનેજ છે, અને પ્રમત્ત સંયમી, દેશ વિરત અને અવિરત સમ્યગ્ દૃષ્ટિવાળાને તો અપેક્ષા માત્ર હોવાથી ઉપચાર માત્રજ પ્રાપ્ત થાય તો, તે ઉપચાર માત્ર અપુનર્બંધકને કેમ ઘટે? તેના સમાધાનમાં કહેવાનું કે, જે પર્યવનયના વ્યુત્ક્રમવાળા અર્થને ગ્રહણ કરનાર દ્રવ્યોપયોગ પરમાણુમાંજ અપશ્ચિમ વિકલ્પ જણાવે છે. ( ૬૯ ) તેમ નિશ્ચય નયના વ્યુત્ક્રમવાળા અર્થને ગ્રહણ કરનાર વ્યવહારનય પણ અપુનર્બંધકજ છે, તેવા અભિપ્રાયથી તે વાત કબુલ કરો. વળી એથીજ કરીને અપુનર્બંધકને વ્યવહારનય વડે અધ્યાત્મ ભાવનારૂપ તાત્વિક છે, અને નિશ્ચય નયવડે ઉત્તર પક્ષને તાત્વિક છે. તે વિષે યોગબિંદુમાં પણ તેમજ કહેલું છે. ( ૭૦ ) અહીં તત્વ એ છે કે, જે અપુનર્બંધકનું ઉપલક્ષણથી સમ્યગ્ દ્રષ્ટિ વગેરેનું વૃત્તિમાં ગ્રહણ કરેલું છે, તે તે તેની અપેક્ષાએજ છે. અહીં

तदयं परमार्थः निश्चयेनानुपचरितं धर्मानुष्ठानमप्रमत्तसंयतानामेव प्रमत्तसंयतादीनां त्वपेक्षया निश्चयव्यवहाराभ्या मपुनर्बंधकस्यतु व्यवहारेणैव तेन सामान्यतो गृहि धर्मो व्यवहारेणापुनर्बंधकापेक्षयैवेति स्थितमिति। (७१)

## सप्रभेदं सामान्यतो गृहि धर्म मभिधाय सांप्रतं तत्फलं दर्शयन्नाह—

एतद्युतं सुगार्हस्थ्यं यः करोति नरः सुधीः ।
लोकद्वयेऽसौ भूरि सुखमाप्नोत्यनिंदितम् ॥ १५ ॥

एतद्युतमिति— एतेनानंतरोदितेन सामान्यगृहिधर्मेण संयुतं सहितं सुगार्हस्थ्यं शोभनगृहस्थभावं यः कश्चित्पुण्यसंपन्नः सुधीः प्रशस्त बुद्धिः

---

પરમાર્થ એમ થયો કે, નિશ્ચય નયથી ઉપચાર નહીં પામેલું ધર્માનુષ્ટાન અપ્રમત્ત સંયમીનેજ ઘટે છે. પ્રમત્ત સંયમી વિગેરેને અપેક્ષાથી નિશ્ચય અને વ્યવહારનયે ઘટે, અને અપુનર્બંધકને તો વ્યવહારનયથીજ ઘટે. તેથી સિદ્ધ થયું કે, આ ગૃહસ્થનો સામાન્ય ધર્મ વ્યવહારનય વડે અપુનર્બંધકની અપેક્ષાથીજ છે. ( ૭૧ )

## એ પ્રમાણે ગ્રહસ્થનો સામાન્ય ધર્મ કહીને હવે તેવા ધર્મથી શું ફળ મળે, તે કહે છે.

**જે ઉત્તમ બુદ્ધિવાળો પુરૂષ એ ગૃહસ્થના સામાન્ય ધર્મ સહિત એવો પોતાનો ગૃહસ્થ વ્યવહાર ચલાવે છે, તે પુરૂષ આલોક અને પરલોકમાં અનિંદિત એવું ઘણું સુખ પ્રાપ્ત કરે છે. ૧૫**

એવી રીતે ઉપર કહેલા ગૃહસ્થના સામાન્ય ધર્મ વડે યુક્ત એવું ઉત્તમ ગૃહસ્થપણું જે કોઇ પુણ્ય સંપન્ન અને ઉત્તમ બુદ્ધિવાળો પુરૂષ ચલવે છે, તે ઉત્તમ ગૃહસ્થઆ લોક અને પરલોક બંનેમાં ( અહિં **अपि** શબ્દનો અર્થ એવો છે કે, આ લોકમાં

नरः पुमान् करोति विदधाति असौ सुगार्हस्थ्यकर्त्ता लोकद्वयेऽपि इहलोकपरलोकरूपे किंपुनरिहलोक एवेत्यपिशब्दार्थः । अनिंदितं शुभानुबंधितया अगर्हणीयं भूरि प्रचूरं सुखं शर्म आप्नोति लभते इति प्रतिपादितं सामान्यतो गृहिधर्मफलं ॥ १५ ॥

## अथैतद्गुणयुक्तस्य पुंसः सदृष्टांतमुत्तरोत्तर गुण वृद्धियोग्यतां दर्शयति—

तस्मिन् प्रायः प्ररोहंति धर्मबीजानि गेहिनि ।
विधिनोप्तानि बीजानि विशुद्धायां यथा भुवि ॥ १६ ॥

तस्मिन्निति— प्रायोबाहुल्येन धर्मबीजानि लोकोत्तर धर्मकारणानि ।
तानि चामूनि योगदृष्टि समुच्चये प्रतिपादितानि ।
जिनेषु कुशलं चित्तं तन्नमस्कार एव च ।
प्रणामादि च संशुद्धं योगबीज मनुत्तमम् ॥ १ ॥

---

પણ ) અનિંદિત એટલે શુભાનુબંધી હોવાથી નિંદા કરવા યોગ્ય નહીં તેવું ઘણું સુખ પ્રાપ્ત કરે છે. એવી રીતે ગૃહસ્થના સામાન્ય ધર્મનું ફળ પ્રતિપાદન કર્યું. ૧૫

## હવે તેવા ગુણ વાળા પુરૂષને ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થવાની યોગ્યતા થાય છે તે દૃષ્ટાંતથી દર્શાવે છે.

**જેમ વિધિથી શુદ્ધ ભૂમિમાં વાવેલાં બીજ ઉગી નીકળે છે, તેમ તેવા ગૃહસ્થની અંદર ધર્મનાં બીજ પ્રાયે કરીને ઉગી નીકળે છે. ૧૬**

પ્રાયે કરીને ધર્મનાં બીજ એટલે લોકોત્તર ધર્મનાં કારણ. તે યોગ દૃષ્ટિ સમુચ્ચય

उपादेयधियात्यंतं संज्ञाविष्कंभणान्वितम् ।
फलाभिसंधिरहितं संशुद्धं ह्येतदीदृशम् ॥ २ ॥
आचार्यादिष्वपि ह्येताद्विशुद्धं भावयोगिषु ।
वैयावृत्यं च विधिवच्छुद्धाशय विशेषतः ॥ ३ ॥
भवो द्वेगश्च सहजो द्रव्याभिग्रहपालनम् ।
तथा सिद्धांत माश्रित्य विधिना लेखनादि च ॥ ४ ॥
लेखना पूजनाभ्यां च श्रवणं वाचनोद्ग्रहः ।
प्रकाशनाथ स्वाध्याय श्चेतना भवतेति च ॥ ५ ॥
दुःखितेषु दयात्यंत मद्वेषो गुणवत्सु च ।
औचित्या सेवनं चैव सर्वत्रैवा विशेषतः ॥ ६ ॥"

નામના ગ્રંથમાં આ પ્રમાણે કહેલાં છે— " શ્રી જિન ભગવંતમાં કુશળ એવું ચિત્ત રાખવું, તેમને નમસ્કાર કરવો, શુદ્ધ પ્રણામાદિ રાખવા, સર્વોત્તમ યોગ બીજ અતિ ઉપાદેય-ગ્રાહ્ય બુદ્ધિથી સંજ્ઞાએ યુકત, અને ફળની આશા વગરનું, એવું એ શુદ્ધ છે. ૧-૨ આચાર્ય વિગેરે શુદ્ધ ભાવયોગીમાં પણ શુદ્ધ આશયથી વિધિ પૂર્વક તેમનું વૈયાવૃત્ય કરવું. ૩ સ્વાભાવિક સંસાર તરફ ઉદ્વેગ રાખવો, દ્રવ્ય અભિગ્રહનું પાલન કરવું, સિદ્ધાંતને વિધિથી લખાવવા વિગેરે કરવું, ૪ સિદ્ધાંતનું લેખના તથા પૂજન વડે શ્રવણ કરવું, વાચના આપવી, તેમાંથી સાર ગ્રહણ કરવો. પ્રકાશના, સ્વાધ્યાય, ચેતના અને ભાવના કરવી. ૫ દુઃખી ઉપર દયા રાખવી, ગુણી ઉપર દ્વેષ ન કરવો, સર્વત્ર ઉચિત હોય તે સેવવા, એ લોકોત્તર ધર્મનાં કારણ છે. ૬ એવા ગુણનું પાત્રરૂપ ગૃહસ્થને વિષે તે ધર્મ બીજ પ્રકર્ષ વડે એટલે પોતાના ફળની સફળતાના કારણપણે ઉગે છે, એટલે ધર્મ ચિંતા વિગેરેરૂપ અંકુરવાળા થાય છે. કહ્યું છે કે, " તેની સારી પ્રશંસા વિગેરે કરવી, તે ધર્મના બીજનું વાવવું છે, અને પછી તે ધર્મની ચિંતા વિગેરે કરવા, તે તેના અંકુરાદિ છે, અને મોક્ષ એ તે તેના ફળની સિદ્ધિ છે. ચિંતા તે અંકુરા, તેનું શ્રવણ તે કાંડ [ કોંટા નીકળી મોલ થવા તે ] અનુષ્ઠાન તે નાલવું, અને દેવતા તથા મનુષ્યની સંપત્તિઓ તે તેનાં પુષ્પ જાણવાં. " તે ધર્મબીજ કેવાં થઇ ઉગે છે ? તે કહે છે-વિધિ એટલે દેશને

इति । तस्मिन् पूर्वोक्तगुणभाजने गेहिनि गृहस्थे प्ररोहंति प्रकर्षेण स्वफलावंध्यकारणत्वेन रोहंति धर्मचिंतादि लक्षणांकुरादिमंति जायंते । उक्तं च । " वपनं धर्मबीजस्य सत्प्रशंसादि तद्गतम् । तच्चिंता द्यंकुरादि स्यात्फलसिद्धिस्तु निर्वृत्तिः चिंतासच्छ्रुत्यनुष्टानदेवमानुषसंपदाः । क्रमेणांकुरसत्कांडनालपुष्पसमामताः " ॥ कीदृशानि संति प्ररोहंतीत्याह । विधिना देशनार्हे बालादि पुरुषौ चित्य लक्षणेन उप्तानि निक्षिप्तानि अनिक्षिप्तेषु हि तेषु कथमपि धर्मस्यानुदयात् । यत उपदेशपदे " अकए बीजरके वे जहा सुवासेवि न भवई सस्सं तह धम्मबीज विरहे तसु स्समाएवि तस्स स्संति " ॥ यथेति दृष्टांतार्थः बीजानि शाल्यादीनि विशुद्धायां अनुपहतायां भुवि पृथिव्यां विधिनोप्तानि संति । प्रायोग्रहणा दकस्मादेव पक्कानि तथा भव्यत्वे क्वचिन्मरुदेव्या दावन्यथा भावेऽपि न विरोध इति ॥ १६ ॥

---

યોગ્ય એવા બાલ પ્રમુખ પુરૂષની યોગ્યતા તે વડે વાવેલા એટલે રોપેલા. કારણ કે તે રોપ્યા વગર કોઇ રીતે પણ ધર્મનો ઉદય થતો નથી. ઉપદેશ પદમાં કહ્યું છે કે, " જેમ બીજ નાખ્યા વિના ધાન્ય થતું નથી, તેમ ધર્મ બીજના વિરહથી તેનું ઉત્તમ ફળ થતું નથી. " મૂળમાં **यथा** શબ્દ દૃષ્ટાંતના અર્થમાં છે. જેમ બીજ એટલે શાલિ વિગેરે શુદ્ધ–અનુપહત ભૂમિમાં વિધિ વડે વાવેલા હોય તે ઉગી નીકળે છે. મૂળમાં **प्रायः** ( ઘણું કરીને ) એ શબ્દનું ગ્રહણ છે, તેથી કોઇ વાર અકસ્માત પણ ધર્મ બીજ પકવ થાય છે, તે મરૂદેવા પ્રમુખને તેમ બનેલ છે. તે અન્યથા થયેલ છે, તે છતાં તેમાં વિરોધ આવતો નથી. ૧૬

## अथ पूर्वोक्तगुणवत एव संज्ञाविशेषविधिं तदवस्थाविशेष विधिं चाह—

स आदि धार्मिकश्चित्रस्तत्तत्तंत्रानुसारतः ।
इह तु स्वागमापेक्षं लक्षणं परिगृह्यते ॥ १७ ॥

स इति—सः पूर्वोक्त गुणै रुत्तरोत्तर गुणवृद्धि योग्यतावान् आदि धार्मिकः प्रथममेवारब्ध स्थूलधर्माचारत्वेनादि धार्मिक संज्ञया प्रसिद्धः स च तानि तानि तंत्राणि शास्त्राणि तदनुसारतः चित्रो विचित्राचारो भवति भिन्नाचारास्थितानामप्यंतः शुद्धिमतामपुनर्बंधकत्वाविरोधात् अपुनर्बंधकस्य हि नानास्वरूपत्वात् तत्त त्तंत्रोक्तापि मोक्षार्था क्रिया घटते । तदुक्तं

---

પૂર્વે કહેલા ગુણવાળા ગૃહસ્થના સંજ્ઞા વિશેષ વિધિ અને તદવસ્થા વિશેષ વિધિ કહે છે.

તે આદિ ધાર્મિક ગૃહસ્થ તે તે શાસ્ત્રાનુસારે વિચિત્ર આચારવાળો થાય છે. અહિં તો તે આદિ ધાર્મિકનું લક્ષણ સ્વાગમ—સ્વશાસ્ત્રની અપેક્ષાએ લેવામાં આવે છે. ૧૭

તે પૂર્વે કહેલા ગુણથી ઉત્તરોત્તર ગુણની વૃદ્ધિ થવાની યોગ્યતાવાળો આદિ ધાર્મિક એટલે સ્થૂળ ધર્મના આચાર પ્રથમજ આરંભેલા તેથી **આદિ ધાર્મિક** એવા નામથી પ્રસિદ્ધ થયેલા ગૃહસ્થ તે તે શાસ્ત્રને અનુસારે ચિત્ર—વિચિત્ર આચારવાળો થાય છે. વિચિત્ર—ભિન્ન ભિન્ન આચારમાં રહેલા હોય પણ જો અંદર શુદ્ધિવાળા હોય તો તેઓમાં અપુનર્બંધકપણાનો વિરોધ આવતો નથી. કારણ કે, અપુનર્બંધકનું સ્વરૂપ નાના પ્રકારનું છે, અને તેથી તે તે શાસ્ત્રમાં કહેલી મોક્ષાર્થે ક્રિયા ઘટે છે. તે વિષે યોગ

योगबिंदौ । ( १ ) " अपुनर्बंधस्यैवं सम्यग् नीत्योपपद्यते । तत्तत्तंत्रोक्तमखिल मवस्थाभेदसंश्रयात् " इति । इहतु प्रक्रमे स्वागमापेक्षं स्वागमानुसारि लक्षणं व्यंजकं प्रक्रमादादि धार्मिकस्य परिगृह्यते आश्रीयते बोध्यन्यैः शिष्टबोधिसत्वनिवृत्त प्रकृत्यधिकारादि शब्दैरभिधीयते स एवास्माभिरादि धार्मिकापुनर्बंधकशब्दैरितिभावः । लक्षणमित्येकवचनं जात्यपेक्षं तल्लक्षणं संपादनविधिश्चायमुक्तो ललितविस्तरायां–( २ ) " परिहर्तव्योऽकल्याणमित्रयोगः सेवितव्यानि कल्याणमित्राणि न लंघनीयोचितास्थितिः अपेक्षितव्यो लोकमार्गः माननीया गुरुसंहतिः भवितव्यमेतत्तंत्रेण प्रवर्त्तितव्यं दानादौ कर्तव्योदार पूजा भगवतां निरूपणीयः साधुविशेषः श्रोतव्यं विधिना धर्मशास्त्रं भावनीयं महायत्नेन प्रवर्त्तितव्यं विधानतः अवलंबनीयं धैर्य प-

---

બિંદુમાં પણ કહેલું છે. [ ૧ ] " તે તે શાસ્ત્રમાં કહેલું બધું સમ્યગ્ નીતિ વડે અપુનર્બંધકને અવસ્થા ભેદના આશ્રયથી ઘટે છે. " અહિં ચાલતા ક્રમમાં સ્વાગમની અપેક્ષા કરનારૂં એટલે સ્વશાસ્ત્રને અનુસરનારૂં લક્ષણ એટલે વ્યંજક પ્રસ્તુતમાં તે આદિ ધાર્મિકનું ગ્રહણ થાય છે. બોધીથી અન્ય પુરૂષો શિષ્ટ બોધી, સત્વ, નિવૃત્ત, પ્રકૃતિ અધિકારી વિગેરે શબ્દોથી જેને કહે છે, તેનેજ અમે આદિ ધાર્મિક અને અપુનર્બંધક શબ્દોથી કહીએ છીએ એ ભાવાર્થ છે. લક્ષણ શબ્દ એકવચનમાં મુક્યો છે, તે જાતિની અપેક્ષા એ છે તે લક્ષણ, અને સંપાદન વિધિ લલિત વિસ્તરામાં આ પ્રમાણે કહે છે. ( ૨ ) અકલ્યાણ મિત્રનો યોગ છોડવો. કલ્યાણ મિત્રોને સેવવા, ઉચિત સ્થિતિ ઓલંઘવી નહીં, લોક માર્ગની અપેક્ષા રાખવી, ગુરૂ—વડિલ વર્ગને માન આપવું, શાસ્ત્ર પ્રમાણે વર્ત્તવું, દાન વિગેરેમાં પ્રવર્ત્તવું, ભગવંતની મહા પૂજા કરવી, સાધુ વિશેષનું નિરૂપણ કરવું, વિધિથી ધર્મ શાસ્ત્ર સાંભળવું, મોટા યત્નથી ભાવના ભાવવી, વિધિથી પ્રવર્ત્તવું, ધૈર્ય રાખવું, પરિણામ વિચારવું, મૃત્યુ તરફ દૃષ્ટિ રાખવી, પરલોકમાં પ્રધાન થવું, ગુરૂ જનની સેવા કરવી, યોગ પટનું દર્શન કરવું, તેના રૂપ વિગેરેને ચિત્તમાં સ્થાપવા, ધારણાનું નિરૂપણ કરવું, વિક્ષેપ માર્ગને છોડી દેવો, યોગની સિદ્ધિમાં યત્ન કરવો, ભગવંતની પ્રતિમા કરાવવી, ભુવનપતિનું વચન લખવું, મંગલજાપ કરવો,

र्यालोचनीया आयतिः अवलोकनीयो मृत्युः भवितव्यं परलोक प्रधानेन सेवितव्यो गुरुजनः कर्त्तव्यं योगपट दर्शनं स्थापनीयं तद्रूपादि चेतसि निरूपयितव्या धारणा परिहर्त्तव्यो विक्षेपमार्गः यतितव्यं योगसिद्धौ कारयितव्या भगवत्प्रतिमा लेखनीयं भुवनेश्वरवचनं कर्त्तव्यो मंगलतापः प्रतिपत्तव्यं चतुःशरणं गर्हितव्यानि दुष्कृतानि अनुमोदनीयं कुशलं पूजनीया मंत्रदेवताः श्रोतव्यानि सच्चेष्टितानि भावानीयमौदार्यं वर्त्तितव्यमुत्तमज्ञानेन एवं भूतस्य येह प्रवृत्तिः सा सर्वैव साध्वी मार्गानुसारी ह्ययं नियमादपुनर्बंधकादिः तदस्यैवंभूतगुणसंपदाभावात् अत आदित आरभ्यास्य प्रवृत्तिः सत्प्रवृत्तिरेव नैगमानुसारेण चित्रापि प्रस्थकप्रवृत्तिकल्पा । तदेवं तदधिकृत्याहुः ( ३ ) " वारादि प्रवृत्तिरपि रूपनिर्माण प्रवृत्तिरेव तद्वदादि धार्मिकस्य धर्मे कात्स्न्र्येन तद्गामिनी न तद्बाधिनीति हार्दः तत्त्वावि-

---

ચારશરણને અંગીકાર કરવા, દુષ્કૃત્યને નિંદવા, કુશલની અનુમોદના કરવી, મંત્રદેવતાની પૂજા કરવી, સત્પુરૂષોના ચરિત્ર સાંભળવાં, ઉદારતા રાખવી અને ઉત્તમ જ્ઞાનમાં પ્રવર્ત્તવું—આવી રીતે જે પ્રવૃત્તિ છે તે બધી ઉત્તમ પ્રવૃત્તિ જાણવી. એવી પ્રવૃત્તિવાળો પુરૂષ માર્ગાનુસારી છે અને નિયમથી અપુનર્બંધકાદિ છે. તેને એવી ગુણસંપત્તિ હોવાથી આદિ પ્રથમથીજ માંડીને એની પ્રવૃત્તિ સત્પ્રવૃત્તિજ છે. નૈગમ–નયના અનુસારે તે પ્રવૃત્તિ વિચિત્ર છતાં પણ પ્રસ્થક—પ્રયાણ કરનારની પ્રવૃત્તિ જેવી છે. તે વિષે આ પ્રમાણે અધિકાર કહે છે. ( ૩ )

વાર વિગેરેની પ્રવૃત્તિ પણ રૂપ નિર્માણની પ્રવૃત્તિજ છે. તેની જેમ આદિ ધાર્મિકની ધર્મમાં સમગ્રપણે તદ્ગામી પ્રવૃત્તિ છે, તેને બાધ કરનારી નથી, એવો હાર્દ છે. હાર્દ એટલે તત્વના અવિરોધી જેનું હૃદય હોય, તે તેથી સમંતભદ્રપણું પ્રાપ્ત થાય છે. કારણ સર્વ ચેષ્ટાનું તે મૂળ છે–હવે એથી તે તે દર્શનને અનુસારે જે નીકળી આવ્યું, તે સર્વ સપ્ત, મંડિત પ્રબોધ દર્શન વિગેરે અહીં યોજવું. એવી રીતે પ્રવર્ત્તતો અનિષ્ટ સાધક ન ગણાય. અન્ય લિંગી ભગ્ન હોય, તોપણ તેવા ગુણે અપુનર્બંધક થાય છે, અને

रोधकं हृदयं अस्य ततः समंतभद्रता तन्मूलत्वात्सकलचेष्टि तस्य । एव-
मतो विनिर्गतं तत्तद्दर्शनानुसारतः सर्वमिह योज्यं सुप्रमंडित प्रबोधदर्शना-
दि । नह्येवं प्रवर्त्तमानोऽनिष्ट साधक इति भग्नोऽप्येतद्यन्यलिंगोऽपुनर्बंधक
इति । तं प्रत्युपदेशसाफल्यं न अनिवृत्ताधिकारायां प्रकृतावेवंभूत इति
कापिलाः । न अन्यवासभवविपाक इति च सौगताः । अपुनर्बं-
कास्त्वेवंभूता इति जैनाः । इति अपुनर्बंधकलक्षणं चेदं प्रसंगेनात्रावसे-
यं ( ४ ) " पावणतिव्वभावा कुण इणबहु मन्नई भवं घोरं । उचि अ-
ट्ठिइं च सेवइ सव्वत्थविअ पुणबंधोत्ति " एतद्वृत्तिर्यथा—पापमशुद्धं कर्म-
तत्कारण त्वाद्धिंसाद्यपि पापं तन्न नैव तीव्रभावाद्गाढसंक्लिष्ट परिणामात्क-
रोति अत्यंतोत्कटमिथ्यात्वादि क्षयोपशमेन लब्धात्मनैर्मल्यविशेषात्तीव्रेति
विशेषणादापन्नं अतीव्रभावात्करोत्यपि तथा विधकर्मदोषा तथा बहुमन्यते

તેવા પ્રત્યે ઉપદેશ કરવો તે સફળ છે. ' જેનો અધિકાર નિવૃત્ત થયો નથી, એની પ્રકૃતિમાં પુરૂષ આવો છે. ' એમ કહેનારા કપિલ મતવાળાઓમાં તે નથી. અન્ય વાસવાળા સંસારનો વિપાક છે, એમ માનનારા બૌદ્ધ લોકોમાં પણ તે નથી. અપુનર્બંધક આવા હોય, તેમ જૈન કહે છે. આ પ્રમાણે અપુનર્બંધકનું લક્ષણ આ પ્રસંગે બતાવ્યું, તે જાણી લેવું. ( ૪ )

એ ગાથાની ટીકા આ પ્રમાણે છે—પાપ એટલે અશુદ્ધ કર્મ તેનાં કારણપણાને લીધે હિંસાદિ પણ પાપ સમજવું. તે તીવ્ર ભાવેથી એટલે ગાઢ સંક્લિષ્ટ થયેલા પરિણામથી કરતો નથી. અતિ ઉત્કટ મિથ્યાત્વાદિના ( ક્ષયોપશમથી ) આત્માને એક જાતનું નિર્મળપણું પ્રાપ્ત થયેલ તેથી **तीव्र** એવું વિશેષણ છે. એથી એમ થાય કે, અતીવ્રભાવથી કરે, પણ તેવા કર્મના દોષથી આ ઘોર સંસારનું બહુ માન કરે છે. ઘોરપણાને જાણીને તેવી યોગ્ય સ્થિતિને સેવે છે. અહીં **च** શબ્દ સમુચ્ચય અર્થમાં છે, કર્મના લાઘવથી સર્વત્ર પણ હો. એક તરફ તો દેશકાળની અવસ્થાની અપેક્ષાએ સર્વ દેવ, અતિથી, અને માતા પિતા વિગેરેમાં માર્ગાનુસારીપણાને લઇ મયૂરનાં બચ્ચાંના દૃષ્ટાંતથી

बहुमानविषयीकरोति भवं संसारं घोरं रौद्रं घोरत्वावगमा त्तथा उचित-स्थिति मनुरूपप्रतिपत्तिं च शब्दः स मुख्ये सेवते भजते कर्म लाघवा-त्सर्वत्राप्यास्तामेकत्र देशकालावस्थापेक्षया समस्तेष्वपि देवातिथिमातापितृ प्रभृतिषु मार्गानुसारितातिमुखत्वे मयूर शिशुदृष्टांता दपुनर्बंध उक्तानिर्वचनो जीव इत्येवं क्रियालिंगो भवतीत्यलं प्रसंगेन ॥ १८ ॥

## अथोक्त स्वरुपस्यादि धार्मिकस्य सद्धर्मदेशना योग्यत्वं दर्शयति—

**स धर्म देशना योग्य मथस्थत्वा जिनैर्मतः ।**
**योगदृष्ट्युदयात्सार्थं यद्गुणस्थान मादिमम् ॥ १८ ॥**

**स इति—स पूर्वोक्त गुणसंपत्त्या प्रसिद्ध आदि धार्मिको धर्मदे-**

---

જાણવું કે, અપુનર્બંધક એ પૂર્વે કહેલ વ્યુત્પત્તિવાળો જીવ થાય, અને તે એવી ક્રિયાનો લિંગી થાય, એ વિષે હવે વિશેષ કરવાની જરૂર નથી. ૧૭

ઉપર કહેલા આદિ ધાર્મિકની ઉત્તમ દેશનાની યોગ્યતા કહે છે.

**તે આદિ ધાર્મિક શ્રી જીન ભગવંતે ધર્મ દેશનાને યોગ્ય કહેલો છે. યોગ દૃષ્ટિના ઉદયથી જે સાર્થક એવું પહેલું ગુણ સ્થાન છે. ૧૮**

પ્રથમ કહેલા ગુણની સંપત્તિ વડે પ્રસિદ્ધ તે આદિ ધાર્મિક પુરૂષ ધર્મ દેશનાને યોગ્ય એટલે લોકોત્તર ધર્મની પ્રજ્ઞાપના કરવાને લાયક શ્રી જીનભગવંતે કહેલ છે. કાળથી એ ચરમાવર્ત્તવર્ત્તીજ છે એમ કહ્યું નથી તે છતાં જાણી લેવું. તે વિષે ઉપદેશ

ज्ञना योग्यः लोकोत्तर धर्म प्रज्ञपनार्हः जिनैः अर्हद्भिर्मत उपदिष्टः । कालतश्चायं चरमावर्त्तवर्त्येव इत्यनुक्तमपि ज्ञेयं । यत् उक्तं उपदेशपदे ( १ ) " घणमिच्छत्तो कालो एत्थ अकालोउ होइणायव्वो । कालो अ अपुणबंधगपमिई धीरेहिं णिद्दिट्ठो " ॥ १ ॥ " णिच्छयओ पुणएसो विन्नेओ गंठिभेअकालंमि । एयमिविहि सयपालणाओ आरोग्गमेयाउ " ॥ २ ॥ एतद्वृत्तिर्यथा—घनं मिथ्यात्वं यत्र स कालोऽचरमावर्त्त लक्षणः अत्र वचनौषधप्रयोगेऽकालस्तदनवसर एव भवति विज्ञेयश्चरमावर्त लक्षणस्तु तथा भव्यत्व परिपाकतो बीजाधानबीजोद्भेद बीजपोषणादिषु स्यादपि काल इत्यत एवाह काल स्त्ववसरः पुनरपुनर्बंधकप्रभृतिः तत्रादिशब्दा न्मार्गाभिमुख मार्ग पतितौ गृह्येते । ( २ ) तत्र मार्गश्चेतसोऽवक्र गमनं भुजंगनलिका यामतुल्यो विशिष्ट गुणस्थानावाप्ति प्रवणः स्वरसवाही क्षयोपशम विशेषो हेतु स्वरूप फलशुद्धाभिमुख इत्यर्थः तत्र पतितः भव्यविशेषः मार्ग-

પદમાં કહ્યું છે [ ૧ ] કે, તે ગાથાની ટીકા આ પ્રમાણે છે " જેમાં ઘન—ઘાટું મિથ્યાત્વ છે તે કાળ અચરમાવર્ત્તી છે. અહીં વચન ઔષધ પ્રયોગમાં અકાળ એટલે અવસર નહીં તેજ જાણવા યોગ્ય છે. ચરમાવર્ત્ત લક્ષણ જે કાળ છે તે તેવા ભવ્યપણાના પરિપાકથી બીજનું આધાન, બીજનું ઉગવું અને બીજનું પોષણ વિગેરેમાં પણ કાળ હોય છે. એથી કહે છે કે, કાળ એ અવસર તે અપુનર્બંધક વિગેરે તેમાં આદિ શબ્દ છે તેથી માર્ગાભિમુખ અને માર્ગ પતિત એ બંનેનું ગ્રહણ કરવું. [ ૨ ] માર્ગ એટલે ચિત્તનું સરળ ગમન, ભુજંગ નલિકાની લંબાઇ જેવો, વિશિષ્ટ ગુણ સ્થાનની પ્રાપ્તિમાં તત્પર, સ્વરસને વહન કરનાર, ક્ષયોપશમ વિશેષ જે હેતુ સ્વરૂપ ફળની શુદ્ધિની અભિમુખ એવો અર્થ થાય. તેવા માર્ગમાં પતિત—પડેલો ભવ્ય પ્રાણી વિશેષ તે માર્ગપતિત કહેવાય છે. તેના આદિભાવને પ્રાપ્ત થયેલ તે માર્ગાભિમુખ કહેવાય છે. એ માર્ગપતિત

पतित इत्युच्यते तदादिभावापन्नश्च मार्गाभिमुख इति । एतौ चरमयथा प्रवृत्तकरण भागभाजावेव ज्ञेयौ । अपुनर्बंधकोऽपुनर्बंधककालः प्रभृतिर्यस्य स तथा धीरैर्निर्दिष्टो व्यवहारत इति ( ३ ) निश्चयस्तु कालो ग्रंथिभेद-कालएव यस्मिन्काले ऽपूर्वकरणनिवृत्तिकरणाभ्यां ग्रंथिर्भिन्नो भवति तस्मिन्नेवेत्यर्थः । यतोऽस्मिन् विधिना अवस्थोचितकृत्यकरणलक्षणेन सदा सर्वकालं या पालना वचनौषधस्य तया कृत्वारोग्यं संसार व्याधिरोध लक्षणं एतस्मा द्वचनौषध प्रयोगाद्भवति । अपुनर्बंधक प्रभृतिषु वसन प्रयोगः क्रियमाणोऽपि न तथा सूक्ष्मबोधविधायकोऽनाभोगबहुलत्वा त्तत्कालस्य । ( ४ ) भिन्नग्रंथ्यादयस्तु व्यावृत्तमोहत्वंनाति निपुणबुद्धितया तेषु तेषु कृत्येषु वर्त्तमानास्तत्कर्मव्याधि समुच्छेदका जायंते इति ग्रंथिभेद मेव पुरस्कुर्वन्नाह । ( ५ ) " इयराविहंदिए यंमि एस आरोगासाह

અને માર્ગાભિમુખ—બંને ચરમ—છેલ્લા યથાર્થ પ્રવર્ત્તેલા કરણના ભાગને ભજનારા જાણવા. અપુનર્બંધક—એટલે અપુનર્બંધક કાળ જે આદિ જેને એવો તે ધીર પુરૂષોએ વ્યવહારનયથી કહેલ છે. ( ૩ ) નિશ્ચયનયથી તો કાળ એટલે ગ્રંથિ ભેદનો કાળજ લેવો. એટલે જે કાળમાં અપૂર્વકરણ અને નિવૃત્તિકરણ વડે ગ્રંથિ ભિન્ન થાય છે, તેજ કાળે એમ અર્થ કરવો. જેથી તેમાં વિધિ એટલે અવસ્થાને ઉચિત એવાં કાર્ય કરવાં તે. તે વડે સર્વ કાળ જે વચનરૂપ ઔષધનું પાલન કરવું, જેથી કરીને સંસારરૂપ વ્યાધિના વિરોધ થવારૂપ આરોગ્ય એ વચનરૂપ ઔષધના પ્રયોગથી થાય છે. અપુનર્બંધક વિગેરેમાં વચન પ્રયોગ કરવામાં આવે ( તો પણ ) તેવા સૂક્ષ્મ બોધનો વિધાયક થતો નથી. કારણ કે, તે કાળમાં અનાભોગ ઘણો હોય છે. [ ૪ ] ભિન્ન ગ્રંથિ વિગેરે તો મોહ રહિત હોવાથી અતિ નિપુણ બુદ્ધિવાળા હોય છે, તેથી તે તે કાર્યમાં વર્ત્તતા થકા તે તે કર્મરૂપ વ્યાધિનો ઉચ્છેદ કરનારા થાય છે. તે ગ્રંથિભેદને અગ્ર કરી આ પ્રમાણે કહે છે—**इयरा** એ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે. [ ૫ ] ઇતરથા પણ એટલે વિધિનું સર્વદા પાલન કર્યા વિના પણ એ ગ્રંથિ ભેદ કર્યે છતે એ વચનરૂપ ઔષધનો પ્રયોગ આરોગ્ય સાધક થાય છે એટ-

गोचेव पुग्गलपरि अद्धंजमूणमे अंमि संसारो " ॥ इतरथा व्याख्या– इतरथापि विधेः सदा पालनमंतरेणापि हंदीति पूर्ववत् एतस्मिन् ग्रंथिभेदे कृते सत्येष वचनौषधप्रयोगः आरोग्यसाधकश्चैव भावारोग्यनिष्पादक एव संपद्यते । तथा च पठ्यते । ( ६ ) " लब्धं मुहूर्त्तमपि ये परिवर्जयंति सम्यक्त्वरत्नमनवद्यपद प्रदायि । यास्यंति तेपि न चरं भववारिराशौ तद्बिभ्रतां चिरतरं किमिहास्ति वाच्यं " ॥ १ ॥ अत्रहेतुमाह । पुद्गलपरावर्त्तार्द्धयावत् यद्यस्मादूर्द्ध न किंचिद्धीनं एतस्मिन् ग्रंथिभेदे कृते सति संसारो जीवानां तीर्थकराद्याशातनाबहुलानामपीति विंशिकायामपि । ( ७ ) " अचरमपरि अहे सुं कालो भवबालकालमो भणिओ । चरमो अधम्म जुव्वण कालो तहचित्तभेउत्ति ॥ ताबीअपुव्वकालो णेउभवकालबाल एवेह । इअरो उ धम्मजुव्वण कालो विहिलिंग गम्मुत्ति ॥ ननु गलमच्छभवविमोअ गविसन्नभोईण जारिसो एसो । मोहासुहोवि असुहो

---

લે ભાવ આરોગ્યનો સાધનારજ થાય છે તે વિષે કહ્યું છે કે, [ ૬ ] " અનવદ્ય પદને આપનાર સમ્યકત્વ રત્ન પ્રાપ્ત થયું હોય, તેને જેઓ એક મુહૂર્ત વાર ધરી છોડી દે છે, તેઓ પણ આ સંસારરૂપ સમુદ્રમાં ગતિ કરતા નથી. તો જેઓ તેને ચિરકાળ ધારણ કરે છે, તેઓની તો શી વાત કરવી ? " તેનો હેતુ કહે છે—અર્ધ પુદ્ગલ પરાવર્ત્ત સુધી એટલે તેથી ઉપર કાંઇ હીન નહીં તેમ, એ ગ્રંથિભેદ કરવાથી તીર્થંકર પ્રમુખની આશાતનાથી બહુ એવા જીવને સંસાર હોય છે. તે વિષે વિંશિકામાં પણ કહેલ છે. [ ૭ ]

"અચરમ પરાવર્ત્તમાં જે કાલ તે સંસારનો અલ્પ કાળ કહેલ છે. ચરમ—છેલ્લો અધર્મ યૌવનનો કાળ તે ચિત્તને ભેદવાનો કાળ છે. તે બીજનો પૂર્વકાળ તે સંસારનો બાલ કાળ જાણવો. અને બીજો ધર્મ યૌવનનો કાળ તે વિધિલિંગથી ગમ્ય છે. " અહીં શંકા કરે છે કે, હરિભદ્રસૂરિ લખે છે કે, " મિથ્યાત્વીને મોહથી શુભ પરિણામ હોય, પણ ફળ વખતે અશુભ પરિણામ થાય " તેથી મિથ્યા દૃષ્ટિ વિપર્યાસ યુકત છે તેથી તેમને થયેલ શુભ પરિણામ તે ફળ વખતે અશુભજ થાય. તો પછી આદિ ધાર્મિકને

तष्फलओएवमेसोत्ति " श्री हरिभद्रवचनानुसारेण विपर्य्यासयुक्तत्वान्मिथ्यादृशां शुभपरिणामोऽपि फलतोऽशुभ एवेति । कथमादि धार्मिकस्य देशना योग्यत्वमित्याशंकायामाह । मध्यस्थत्वादिति रागद्वेषरहितत्वात् पूर्वोक्तगुणयोगादेव माध्यस्थ्योपसंपत्ते रित्यर्थः। मध्यस्थस्यैव चागमेषु धर्मार्हत्वप्रतिपादनात् यतः ( ८ ) " रत्तो दुट्ठो मूढो पुव्वं वुग्गाहिओ अ चत्तारि । ए ए धम्माणरहा धम्मारहोउ मज्झत्थोत्ति " श्री हरिभद्रवचनं तु कदाग्रह सत्ताभिग्रहिक माश्रित्येति न विरोधः । इदमत्र हृदयं यः खलु मिथ्यादृशामपि केषांचित्स्वपक्षनिबद्धोद्धरानुबंधानामपि प्रबलमोहत्वे सत्यपि कारणांतरादुपजायमानो रागद्वेषमंदतालक्षण उपशमो भूयानपि दृश्यते स पापानुबंधि पुण्यहेतुश्चात्पर्यंतदारुण एव तत्फलसुखव्यामूढानां तेषां पुण्याभासकर्मोपरमेनरकादि पातावश्यं भावादित्यसत्प्रवृत्तिरेवायं ।

---

દેશના આપવાની યોગ્યતા શી રીતે કહેવાય ? તે શંકા ઉપરથી મૂળમાં કહ્યું છે કે, માધ્યસ્થપણાથી આદિ ધાર્મિક દેશનાને યોગ્ય થાય છે. અર્થાત્ માધ્યસ્થપણાની પ્રાપ્તિ રાગ દ્વેષ રહિત હોવાથી પૂર્વે કહેલા ગૃહસ્થના ગુણના યોગથીજ થાય છે. આગમમાં મધ્યસ્થ ધર્મને યોગ્ય છે, એમ કહેલું છે. [ ૮ ] વળી હરીભદ્રસૂરીનું વચન છે કે, " રક્ત [ રાગી ] દુષ્ટ અને મૂઢ પુરૂષ ધર્મને અયોગ્ય છે, અને મધ્યસ્થ પુરૂષ ધર્મને યોગ્ય છે. " હરિભદ્રસૂરિનું આ વચન કદાગ્રહ અને સદાગ્રહ આશ્રીને છે, તેથી વિરોધ નથી. અહીં એવો આશય છે કે, કેટલાએક મિથ્યાત્વીઓ કે જેઓ સ્વપક્ષમાં ઉગ્ર રીતે બંધાયા છે, તેમને મોહનું પ્રબલપણું છતાં પણ બીજા કારણને લઇને રાગ, દ્વેષ, મંદતા રૂપ જે ઉપશમ થયેલો જોવાય છે, તે પાપાનુબંધી પુણ્યનો હેતુ અને અંતે દારૂણ છે. તેના ફળના સુખમાં મૂઢ થયેલા તેઓનો જ્યારે પુણ્યાભાસ કર્મ ઉપશમ પામે, ત્યારે અવશ્ય નરકમાં પાત થાય છે, તેથી તે ઉપશમ અસત્ પ્રવૃત્તિવાળોજ છે, ગુણવાન્ પુરૂષની પ્રજ્ઞાપનાની યોગ્યતાને લીધે જિજ્ઞાસા પ્રમુખ ગુણના યોગથી મોહના આકર્ષ વડે પ્રાપ્ત થયેલા રાગ, દ્વેષની શકિતનો પ્રતિઘાત રૂપ એવો જે ઉપશમ તેજ સત્પ્રવૃત્તિવાળો છે. કારણ કે, આગ્રહ રહિત પુરૂષોએ સારા અર્થનો પક્ષપાત કરી તેને સાર રૂપે ગ્રહણ કરેલો છે.

यश्च गुणवत्पुरुषप्रज्ञापनार्हत्वेन जिज्ञासादि गुणयोगान्मोहापकर्ष प्रयुक्तराग-द्वेषशक्ति प्रतिघातलक्षण उपशमः सतु सत्प्रवृत्तिरेव आग्रहनिवृत्तेः सदर्थ-पक्षपातसारत्वादिति । नन्वेवमपि स्वागमानुसारिण आदि धार्मिकस्योपपन्नं माध्यस्थ्यं परं तस्य विचित्राचारत्वेन भिन्नाचारत्वे स्थितानां तेषां स्व स्वमतनिष्ठानां कथं तदुपपद्यते तदभावे च कथं देशनायोग्यत्वमि-त्याह ( ९ )

योग इत्यादि यद्यस्माद्धेतो स्तस्येति शेषः योगदृष्ट्युदयात् यो-गदृष्टि प्रादुर्भावात् आदिमं गुणस्थानं सार्थं अन्वर्थं भवति । अयंभावः मिथ्यादृष्टयोऽपि परमार्थगवेषणपराः संतः पक्षपातं परित्यज्या द्वेषादि गुण-स्थाः खेदादि दोष परिहाराद्यदा संवेगतारतम्यमाप्नुवंति तदा मार्गा-भिमुख्या त्तेषामिक्षुरसपक्कत्वगुडकल्पा मित्रा–तारा–बला–दीप्रा चेति च-तस्रो योगदृष्टय उल्लसंति । भगवत्पतंजलि भदत्त भास्करादीनां तदभ्यु पगमात् । तत्र मित्रायां दृष्टौ स्वल्पो बोधो यमो योगांगं देवकार्यादाव-

---

અહિં શંકા કરે છે કે, એવી રીતે સ્વાગમાનુસારી એવા આદિ, ધાર્મિકને મધ્ય-સ્થપણું પ્રાપ્ત કરોછે, પણ વિચિત્ર આચારને લઇ ભિન્ન આચારમાં રહેલા અને પોત પો-તના મત પર નિષ્ટા રાખનારા તેઓને મધ્યસ્થપણું શી રીતે થાય, અને જ્યારે મધ્યસ્થ-પણું ન હોય પછી દેશનાની યોગ્યતા કેમ ઘટશે ? (૯) તેના સમાધાન માટે '**યોગ**' ઇત્યાદિ કહે છે–જેથી તે આદિ ધાર્મિકને યોગ દ્રષ્ટિનો ઉદય થવાથી પહેલું ગુણ સ્થાન સાર્થક થાય છે. ભાવાર્થ એવો છે કે, મિથ્યા દૃષ્ટિ પણ પરમાર્થની ગવેષણામાં તત્પર થઇ, પક્ષ-પાત છોડી દઇ અદ્વેષ પ્રમુખ ગુણ સ્થાને રહી ખેદાદિ દોષનો ત્યાગ કરી, જ્યારે સંવેગના તારતમ્યને પામે છે, ત્યારે માર્ગાભિમુખપણાથી તેમનામાં ઇક્ષુ, તેનો રસ, તેની પક્વતા અને ગોળના જેવી મિત્રા, તારા, બલા અને દીપ્રા એ ચાર યોગ દ્રષ્ટિઓ ઉલ્લાસ પામે છે. તે ભગવાન્ પતંજલિ, ભદત્ત અને ભાસ્કરાદિ આચાર્યોએ સ્વીકારી છે. તેમાં પ્રથમની

खेदो योगबीजोपादानानां भवोद्वेगः सिद्धांत लेखनादिकं बीजश्रुतोपरम श्रद्धासंगमश्च भवति चरम यथा प्रवृत्तकरणसामर्थ्येन कर्ममलस्याल्पी कृतत्वादत एवेदं चरमयथा प्रवृत्तकरणं परमार्थतोऽपूर्वकरण मेवेति योगबिंदौ व्यवस्थितं । तथा च तद्ग्रंथः ( १० ) " अपूर्वासन्नभावेन व्याभिचार वियोगतः । तत्वतोऽपूर्व मेवेदमिति योगविदो विदुः " ॥ " प्रथमं यद्गुणस्थानं सामान्येनोपवर्णितम् । अस्यां तु तदवस्थायां मुख्यमन्वर्थ योगतः " ॥ इति । तारायां तु मनाक्स्पष्टं दर्शनं शुभा नियमाः—तत्वजिज्ञासा योगकथा स्वविच्छिन्ना प्रीतिः भाव योगिषु यथाशक्त्युपचारः उचितक्रिया हानिः स्वाचारहीनतायां महात्रासः अधिककृत्याजिज्ञासा च भवति । तथास्यां स्थितः स्वप्रज्ञाकाल्पितेऽविसंवाददर्शना न्नानाविधमुमुक्षुप्रवृत्तेः कार्त्स्न्येन ज्ञातुमशक्यत्वा च्च शिष्टाचरितमेव पुरस्कृत्य प्रवर्त्तते ।

---

મિત્રા નામની દ્રષ્ટિમાં અલ્પબોધ, યોગનું અંગ, યમ, દેવ, કાર્ય વિગેરેમાં અખેદ, યોગ બીજના ઉપાદાનમાં સંસાર તરફ ઉદ્વેગ, સિદ્ધાંત લેખ વિગેરે, બીજ શ્રુતનો ઉપરમ અને શ્રદ્ધાનો સંગમ થાય છે. કારણ કે, ચરમ યથા પ્રવૃત્ત કરણના સામર્થ્યથી કર્મનો મલ અલ્પ કરે છે. એ ચરમ યથા પ્રવૃત્ત કરણનો પરમાર્થ અપૂર્વ કરણજ થાય છે, એમ યોગ બિંદુમાં કહેલ છે. તે ગ્રંથમાં લખે છે કે,— ( ૧૦ )

" અપૂર્વ આસન્ન ભાવ અને વ્યભિચારના વિયોગથી તત્વરીતે તે અપૂર્વ કરણજ છે, એમ યોગ શાસ્ત્ર જાણનારા કહે છે. " " જે પ્રથમ ગુણ સ્થાન સામાન્યપણે વર્ણવેલું છે, પણ તેની અવસ્થામાં અન્વર્થ યોગથી મુખ્ય છે. " બીજી તારા નામની દૃષ્ટિમાં દર્શનનો જરા સ્પર્શ થાય છે, તેથી શુભ નિયમ તત્વ જાણવાની ઇચ્છા, યોગની કથાઓમાં અવિચ્છિન્ન પ્રીતિ, ભાવ યોગીઓને વિષે યથાશક્તિ ઉપચાર, યોગ્ય ક્રિયાની હાની નહિ, પોતાના આચારની હીનતા થાય તો, મહાત્રાસ અને અધિક કાર્યને જાણવાની ઇચ્છા થાય છે. એ તારા દષ્ટિમાં રહેલ પુરૂષ પોતાની પ્રજ્ઞાની કલ્પનામાં અવિસંવાદ ( અવિપરિત ભાવ ) જોવાને લીધે તેમાં વિવિધ જાતના મુમુક્ષુઓની પ્રવૃત્તિ થાય છે, અને વળી તે

उक्तं च । ( ११ ) " नास्माकं महती प्रज्ञा सुमहान् शास्त्र विस्तरः । शिष्टाः प्रमाणमिह तदित्यस्यां मन्यते सदा " ॥ बलायां दृष्टौ दृढदर्शनं स्थिरं सुखमासनं परमातत्वशुश्रूषा योगगोचरा क्षेपस्थिरचित्ततया योगसाधनोपाय कौशलं च भवति । दीप्रायां दृष्टौ प्राणायामः प्रशांतवाहिता लाभाद् योगोत्थान विरहः तत्त्व श्रवणं प्राणेभ्योऽपि धर्मस्याधिकत्वेन परिज्ञानं तत्त्वश्रवणतो गुरूभक्तेरुद्रेका त्समापत्यादिभेदेन तीर्थकृद्दर्शनं च भवति ।(१२) तथा मित्रा दृष्टिस्तृणाग्निकणोपमा तत्वतोऽभीष्टकार्यक्षमा सम्यक् प्रयोगकालं यावदनवस्थानात् अल्पवीर्यतया ततः पटुबीज संस्काराधानानुपपत्तेः विकलप्रयोगादतो वंदनादि कार्यायोगादिति । तारादृष्टि गोमयाग्निकणसदृशीयमप्युक्तकल्पैव तत्वतो विशिष्ट वीर्यस्थितिविकलत्वा दतोपि प्रयोगकाले स्मृतिपाटवासिद्धेः तदभावे प्रयोगावैकल्यात्ततस्तथा तत्कार्याभावादिति । (१३)

---

જાણવાને અશકય છે, એથી તે દૃષ્ટિ શિષ્ટાચાર પૂર્વક પ્રવર્ત્તે છે. કહ્યું છે કે, ( ૧૧ ) " અમારી બુદ્ધિ મોટી નથી, અમારે શાસ્ત્રનો મોટો સંગ્રહ થયો નથી. પણ તેમાં શિષ્ટ પુરૂષો સદા પ્રમાણરૂપ છે, એમ માનીએ છીએ. " ત્રીજી બાળા નામની દૃષ્ટિમાં દૃઢ દર્શન રહેલું છે. સ્થિર અને સુખકારી આસન હોય છે, તત્વ સાંભળવાની પરમ ઇચ્છા થાય છે, અને યોગના વિષયમાં આવતા આક્ષેપવડે ચિત્ત સ્થિર થવાથી યોગ સાધનના ઉપાય મેળવવાની કુશળતા થાય છે.

ચોથી દીપ્રા દૃષ્ટિમાં પ્રાણાયામ થાય છે, પ્રશાંત વાહિતા–નાડીના લાભને લીધે અયોગ ઉત્થાનનો અભાવ થાય છે, તત્વ શ્રવણ કરાય છે. ધર્મ પ્રાણથી પણ અધિક છે, એમ પરિજ્ઞાન થાય છે, અને તત્વ શ્રવણથી ગુરૂ ભક્તિ વિશેષ થવાને લીધે સમાપત્તિ વિગેરે ભેદથી શ્રી તીર્થંકરનું દર્શન થાય છે. ( ૧૨ )

મિત્રા દૃષ્ટિની ઉપમા ઘાસના અગ્નિના તણખા જેવી છે. તત્વથી ઇષ્ટ કાર્ય કરવાને સમર્થ છે, પણ સારી રીતે પ્રયોગ કરવાના સમય સુધી તે રહી શકતી નથી, તેથી અલ્પ વીર્યપણાને લઇ બીજના પટુ સંસ્કારના આધાનની ઉપપત્તિ—સિદ્ધિ થતી નથી. કારણ કે, તે પ્રયોગ વિકળ હોવાથી વંદનાદિ કાર્યનો યોગ થતો નથી.

बला दृष्टिः काष्ठाग्निकणतुल्या ईषद्विशिष्टोक्तबोधोदयात् तद्भावेनात्र मनाक् स्थितिवीर्ये अतः पटु माया स्मृतिरिह प्रयोगसमये तद्भावे चार्थे प्रयोगमात्र प्रीत्यायत्तलेशभावादिति । ( १४ ) दीप्रा दृष्टिर्दीपप्रभासदृशी विशिष्टतरोक्तबोधत्रयादतोत्रोदग्रे स्थितिवीर्ये तत्पद्यपि प्रयोगसमये स्मृतिः एवं भावतोऽप्यत्र द्रव्यप्रयोगो वंदनादौ तथा भक्तितो यत्र भेदप्रवृत्तेरिति प्रथमगुण स्थान प्रकर्ष एतावानिति समयविदः । ( १५ ) इत्थं चोक्तस्य योगदृष्टिसमुच्चयग्रंथार्थस्यानुसारेण मिथ्यादृष्टिनामपि माध्यस्थ्यादिगुणमूलक-

---

તારા દ્રષ્ટિ છાણાના અગ્નિના કણુ જેવી છે. આ દ્રષ્ટિ પણ પેહેલાના જેવીજ છે. કારણુ કે, તેમાં પણ તત્વથી વિશિષ્ટ વીર્યની સ્થિતિ વિકલ હોવાથી પ્રયોગ વખતે પટુતા ( જાગ્રતી ) રહી શકતી નથી. પટુતા વિના પ્રયોગની અવિકલતા હોતી નથી, તેથી કાર્ય થવાનો અભાવ છે. ( ૧૩ )

બલા દ્રષ્ટિ કાષ્ટના અગ્નિના કણુ જેવી છે, તેમાં જરા વિશિષ્ટ બોધનો ઉદય થાય છે, તેથી તેની અંદર જરા સ્થિતિ અને વીર્ય રહે છે, માટેજ ત્યાં સ્મૃતિની પટુતા પ્રાયે કરીને થાય છે. કારણુ તેના પ્રયોગ વખતે અને તેના ભાવમાં અર્થના માત્ર પ્રયોગની પ્રીતિને આધીન લેશ માત્ર ભાવ છે. ( ૧૪ )

દીપ્રા દ્રષ્ટિ દીપકની પ્રભા—કાંતિ જેવી છે. ઉપર કહેલા વિશેષ ત્રણે બોધથી અહીં સ્થિતિ અને વીર્ય ઉગ્ર હોય છે, તેથી પ્રયોગ વખતે અતિ પટુ સ્મૃતિ રહે છે. એવી રીતે અહિં ભાવથી વંદનાદિકમાં દ્રવ્ય પ્રયોગ છે. કારણુ કે, તેવી ભક્તિથી ભેદની પ્રવૃત્તિ થાય છે.

એવી રીતે પહેલા ગુણુ સ્થાનનો ઉત્કર્ષ એટલો છે, એમ સિદ્ધાંતવેત્તાઓ કહે છે. ( ૧૫ ) એવી યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથના કહેલા અર્થને અનુસારે મિથ્યા દ્રષ્ટિઓને પણ માધ્યસ્થ્ય વિગેરે ગુણુ જેનાં મૂળ છે, એવા મિત્રાદિ દ્રષ્ટિયોગવડે તેને ગુણ સ્થાનકપણાની સિદ્ધિ થાય છે. અને તેમ પ્રવૃત્તિ કરવાથી આગ્રહીપણાના અભાવનો સંભવ થાય છે. તે આગ્રહીપણાનો અભાવ તેજ તેને દેશનાની યોગ્યતાનું સુંદર કારણુ છે, એમ સિદ્ધ થયું.

मित्रादिदृष्टि योगेन तस्य गुणस्थानकत्वसिद्धेः तथा प्रवृत्तेरनाभिग्रहिकस्य संभवादनाभिग्रहिकत्वमेव तस्य देशना योग्यत्वे शोभननिबंधनमित्यापर्श्व । इत्थं चानाभोगतोऽपि मार्गगमनमेव स दंधन्यायेन त्वध्यात्मचिंतका इति ललितविस्तरावचनानुसारेण यद्यनाभोगवान् मिथ्यादृष्टिरपि मिथ्यात्वमंद-तोद्भूतमाध्यस्थ्य तत्वजिज्ञासादि गुणयोगान्मार्ग मेवानुसरति तर्हि तद्वि-शेषगुणयोगादनाभिग्रहिके तु सुतरां धर्म देशना योग्यत्वमितिभावः इति धर्मदेशनार्ह उक्तः ॥ १८ ॥

## अथ तत्प्रदानविधिमाह ।

सा च संवेगकृत्कार्या शुश्रूषोर्मुनिना परा ।

बालादि भावं संज्ञाय यथाबोधं महात्मना ॥ १९ ॥

सा इति— सा च देशना संवेगकारिणी संवेगलक्षणं चेदं—

---

" અધ્યાત્મ ચિંતકો કહે છે કે, અનાભોગથી પણું અંધપરમપરા ન્યાયે માર્ગ ગમન-માર્ગાનુસારીપણું સારૂં છે. " આ લલિત વિસ્તરાના વચનને અનુસારે એમ નક્કી થયું કે, જો કદિ અનાભોગવાન મિથ્યા દ્રષ્ટિ હોય, પણ તે મિથ્યાત્વની મંદતાથી ઉત્પન્ન થયેલ મધ્યસ્થપણું, અને તત્વ જિજ્ઞાસા વિગેરે ગુણના યોગથી માર્ગાનુસારી થાય, તો તે વિશેષ ગુણના યોગથી આગ્રહીપણું ન હોવાને લીધે તેનામાં હમેશાં ધર્મદેશનાની યોગ્યતા, એવો ભાવ છે. એવી રીતે ધર્મ દેશનાને યોગ્ય એવો ગ્રહસ્થ કહ્યો. ૧૮

## દેશના આપવાનો વિધિ કહે છે.

**મહાત્મા એવા મુનિએ સારી બાલ પ્રમુખ ભાવ જાણીને સાંભળવાને આવેલા એવા ગ્રહસ્થને સંવેગ થાય તેવી ઉત્કૃષ્ટ દેશના આપવી. ૧૯**

તે દેશના સંવેગને કરનારી હોવી જોઇએ. સંવેગનું લક્ષણ આ પ્રમાણે છે—

" तथ्ये धर्मे ध्वस्तहिंसाप्रबंधे देवे रागद्वेषमोहादिमुक्ते । साधौ सर्वग्रंथसंदर्भहीने संवेगोऽसौ निश्चलो योऽनुरागः " इति ॥ मुनिना गीतार्थेन साधुना अन्यस्य धर्मोपदेशेऽनधिकारित्वात् । यथोक्तं निशीथे— ( १ )

" संसारदुखमहणो विबोहणो भवियपुंडरीयाणं । धम्मो जिणपणत्तो पकप्पजइणा कहे अव्वोत्ति " ॥ प्रकल्पयतिनेति अधीतनिशीथाध्ययनेन परा अशेषतीर्थांतरीयधर्मातिशायितया प्रकृष्टा कार्या प्रज्ञापनीया । कीदृशस्य पुरतः सा कार्येत्याह । शुश्रूषोः श्रोतुमुपस्थितस्य । मुनिना च किं ज्ञानपूर्वमारभ्ये ये त्याह । बालादिभावमित्यादि । बालादीनां त्रयाणां धर्मपरीक्षकाणां आदिपदेन मध्यमबुद्धिबुधयो ग्रहणात् । भावं परिणामविशेषं स्वरूपं वा संज्ञाय सम्यक् अवैपरीत्येन ज्ञात्वा अवबुध्य तस्य त्रिविधस्य धर्मपरीक्षकस्य रूचिरूपलक्षणमिदं षोडश प्रकरणोक्तं । ( २ )

---

" સત્ય અને હિંસાનો પ્રબંધ જેમાં નાશ પામ્યો હોય, તેવા ધર્મમાં, રાગ, દ્વેષ તથા મોહ વિગેરે રહિત એવા દેવમાં અને સર્વ પરિગ્રહથી રહિત એવા મુનિમાં જે નિશ્ચલ અનુરાગ તે **સંવેગ** કહેવાય છે. " તેવી સંવેગ કરનારી દેશના મુનિ એટલે ગીતાર્થ સાધુએ આપવી. તેવા મુનિ સિવાય બીજાને ધર્મોપદેશ આપવાનો અધિકાર નથી. તે વિષે નિશીથ સૂત્રમાં કહેલું છે. ( ૧ )

" સંસારનાં દુઃખને નાશ કરનાર અને ભવિજનરૂપ પુંડરિક-કમળને બોધ કરનાર એવો શ્રી જીન પ્રણિત ધર્મ પ્રકલ્પ યતિએ કહેવો. " અહીં પ્રકલ્પ યતિ એટલે નિશીથાધ્યયન જેણે અધિત કર્યું હોય, તેવા સાધુ લેવા. તે દેશના પરા એટલે બધા બીજા તીર્થના ધર્મથી અતિશય હોવાથી ઉત્કૃષ્ટ એવી આપવી. તે દેશના કેવા પુરૂષની આગળ કરવી ? તે કહે છે. જે સાંભળવાને પ્રાપ્ત થાય તેને કહેવી. તે દેશના મુનિએ શું જાણીને કહેવી ? તે કહે છે. બાલાદિ ભાવને જાણીને કહેવી. બાલ વિગેરે ધર્મના ત્રણ જાતના પરીક્ષકો છે. આદિ શબ્દથી મધ્યમ બુદ્ધિ અને બુધનું ગ્રહણ કરવું. એટલે બાલ, મધ્યમ બુદ્ધિ અને બુધ—એ ત્રણ જાતના પરીક્ષકોનો ભાવ એટલે પરિણામ અથવા સ્વરૂપ સારી રીતે જાણીને એટલે અવિપરીતપણે જાણીને તેને દેશના આપવી. તે બાલાદિ ત્રણ પ્રકારના ધર્મ પરીક્ષ-

" बालः पश्यति लिंगं मध्यम बुद्धिस्तु मध्यमाचारः । ज्ञेय इह तत्वमार्गे बुधस्तु मार्गानुसारीयः " इति । इत्थं च तद्भावज्ञानपूर्वकं तदनुसारेण देशना विधेयेति संपन्नं तत्र बालस्य परिणाममाश्रित्य हितकारिणी देशना यथा (३)

" बाह्यचरणप्रधाना कर्त्तव्या धर्मदेशनेह बालस्य ।
स्वयमपि च तदाचार स्तदग्रतो नियमतः सेव्यः ॥ १ ॥
सम्यग्लोचविधानं ह्यनुपानकत्वमथ धरा शय्या ।
प्रहरद्वयं रजन्याः स्वापः शीतोष्णसहनं च ॥ २ ॥
षष्टाष्टमादिरूपं चित्रं बाह्यं तपो महाकष्टम् ।
अल्पोपकरणसंधारणं च तच्छुद्धता चैव ॥ ३ ॥
गुर्वी पिंड विशुद्धिश्चित्रा द्रव्याद्यभिग्रहा श्चैव ।
विकृतीनां संत्यागः तथैक सिज्झ्झादिपारणकं ॥ ४ ॥

---

કનાં લક્ષણ ષોડશ પ્રકરણમાં આ પ્રમાણે કહેલ છે.— ( ૨ ) " બાલ લિંગને જુવે છે, મધ્યમ બુદ્ધિનો આચાર મધ્યમ હોય છે, અને બુધ એ તત્વ માર્ગમાં માર્ગાનુસારી જાણવો. " એવી રીતે તે પરીક્ષકોના ભાવનું જ્ઞાન જાણી તેને અનુસારે દેશના આપવી, એ યોગ્ય છે. તેમાં બાલ પરીક્ષકનાં પરિણામને આશ્રી હિતકારિણી દેશના આ પ્રમાણે છે.— ( ૩ )

બાલ પુરૂષને બાહ્ય આચરણ પ્રધાન દેશના આપવી. પોતાને પણ તેની આગળ તેનો આચાર સેવવા યોગ્ય છે. સારી રીતે લોચ કરવો, અનુપાન કરવું, પૃથ્વી ઉપર શય્યા કરવી, રાત્રિના બે પહોર સુવું, શીત અને ઉષ્ણ સહન કરવાં, છઠ, અઠ્ઠમ વિગેરે વિચિત્ર અને મહા કષ્ટરૂપ બાહ્ય તપ આચરવો, અલ્પ ઉપકરણો ધારણ કરવા, તે શુદ્ધ રાખવા, પિંડ–આહારની શુદ્ધિ મોટી રાખવી, દ્રવ્ય વિગેરેના વિચિત્ર અભિગ્રહ લેવા, વિકૃતિ ( વિગે ) નો ત્યાગ કરવો, એક શજ્જાતર વિગેરેથી પારણું કરવું, અનિયમિત

अनियतविहारकल्पः कायोत्सर्गादिकरणमनिशं च ।
इत्यादि बाह्यमुच्चैः कथनीयं भवति बालस्य ॥ ५ ॥

इदानीं मध्यमबुद्धेर्देशना विधिर्यथा—

मध्यमबुद्धे स्त्वीर्यासमिति प्रभृति त्रिकोटि परिशुद्धम् ।
आद्यंतमध्ययोगैर्हि तदं खलु साधु सद्वृत्तम् ॥ १ ॥
अष्टौ साधुभिरनिशं मातर इव मातरः प्रवचनस्य ।
नियमेन न मोक्तव्याः परमं कल्याणमिच्छद्भिः ॥ २ ॥
एतत्सचिवस्य सदा साधोर्नियमान्न भवभयं भवति ।
भवति च हितमत्यंतं फलदं विधिनागमग्रहणं ॥ ३ ॥
गुरु पारतंत्र्यमेवच तद्बहुमानात्सदाशयानुगतम् ।
परमगुरुप्राप्तेरिह बीजं तस्माच्च मोक्ष इति " ॥ ४ ॥

---

વિહાર કરવો અને હમેશાં કાયોત્સર્ગ પ્રમુખ ક્રિયા કરવી, એ બાહ્ય ચરણ ઉપદેશ બાલ પુરૂષને ઉંચે પ્રકારે કહેવો.

મધ્ય બુદ્ધિ ધર્મ પરીક્ષકની દેશના આ પ્રમાણે—ઇર્યાસમિતિ વિગેરે મન, વચન અને કાયાથી શુદ્ધ, આદિ, અંત અને મધ્ય યોગ વડે હિતકારી એવું મધ્યમ બુદ્ધિ પુરૂષનું સાધુ વૃત હોય છે. પરમ કલ્યાણને ઇચ્છનારા મુનિઓએ પ્રવચનની જાણે માતા હોય, તેવી આઠ માતાઓને નિયમ વડે છોડી દેવી નહીં. એ આઠ માતાઓની સાથે રહેનાર સાધુને નિશ્ચે સંસારનો ભય થતો નથી, તેને તે અત્યંત હિતકારી અને ફળદાયક થાય છે. તેમણે વિધિથી આગમ ભણવા, ગુરૂને પરતંત્ર રહેવું, ગુરૂનું બહુમાન કરી, શુદ્ધ હૃદય રાખવું, આ પરમગુરૂની પ્રાપ્તિનું બીજ છે, અને તેનાથી મોક્ષ થાય છે." આ પ્રમાણે મધ્યમ બુદ્ધિને સાધુવૃત કહેવું.

इत्यादि साधुवृत्तं मध्यमबुद्धेः सदा समाख्येयं ।
अथ बुधोपदेशविधिर्यथा आगमतत्वं परं बुधस्य भावप्रधानं तु ॥ ५ ॥

वचनाराधनया खलु धर्मस्तद्बाधया त्वधर्म इति ।
इदमत्र धर्मगुह्यं सर्वस्वं चैतदेवास्य ॥ ६ ॥

यस्मात्प्रवर्त्तकं भुवि निवर्त्तकं चांतरात्मनो वचनं ।
धर्मश्चैतत्संस्थो मौनींद्रं चैतदिह परमम् ॥ ७ ॥ इत्यादि ।

कथं सा कार्येत्याह । यथाबोधमिति बोधानतिक्रमेण अनवबोधे धर्माख्यानस्योन्मार्गे देशनारूपत्वेन प्रत्युतानर्थसंभवात् न ह्येडांधः समाकृष्यमाणः समाध्वानं प्रतिपद्यते इति । मुनिना कीदृशेन महात्मना तदनुग्रहैकपरायण तया महान् आत्मा यस्य स तेनेति संक्षेपतो धर्मदेशना प्रदानविधि विंस्तरतस्तु धर्मबिंदावुक्तः सचायं । ( ४ )

---

હવે બુધનો ઉપદેશ વિધિ આ પ્રમાણે—" બુધ પુરૂષને આગમતત્વ પરમ ઉત્કૃષ્ટ પ્રમાણરૂપ છે. પ્રવચનની આરાધના કરવાથી ધર્મ થાય છે, અને પ્રવચનને બાધા કરવાથી અધર્મ થાય છે. આ પ્રમાણે આ ધર્મનું ગુહ્ય અને સર્વસ્વ તે બુધને ઉચિત છે. અંતરાત્માનું પૃથ્વી ઉપર પ્રવર્ત્તક અને નિવર્ત્તક એમ બે વચન છે, તેની અંદર ધર્મ રહેલો છે, અને તે પરમ મુનીંદ્રપણું છે. "

હવે તે દેશના કેવી રીતે આપવી ? તે કહે છે— યથાબોધ પ્રમાણે એટલે બોધનું ઉલ્લંઘન કર્યા વગર આપવી. જો બોધ ન હોય, તો ધર્માખ્યાન ઉન્માર્ગ દેશનારૂપ થવાથી ઉલટો અનર્થ થવા સંભવ છે. કારણ કે, બહેરો અને આંધળો પુરૂષ દોર્યો હોય, તોપણ સરખે માર્ગે ચાલતો નથી. કેવા મુનિએ દેશના આપવી ? તે કહે છે— મહાત્મા એટલે તેનો અનુગ્રહ કરવા તત્પરપણાને લઇ જેનો મહાન્ આત્મા છે, એવા મુનિએ દેશના આપવી. આ પ્રમાણે સંક્ષેપથી ધર્મદેશના આપવાનો વિધિ કહ્યો છે, તે વિસ્તારથી ધર્મ બિંદુમાં કહેલો છે. [ ૪ ] તે આ પ્રમાણે— " હવે અમે તે દેશનાની વિધિનું વર્ણન કરી-

" इदानीं तद्विधि मनुवर्त्तयिष्यामः " इति । इदानीं संप्रति तद्विधिं सद्धर्मदेशनाक्रमं वर्णयिष्यामः निरूपयिष्यामो वयमिति । तद्यथा । ( ५ ) तत्प्रकृति देवताधिमुक्ति ज्ञानमिति तस्य सद्धर्म देशनार्हजंतोः प्रकृतिः स्वरूपं गुणवल्लोकसंगप्रियत्वादिका देवताधिमुक्तिश्च बुद्धकपिलादिदेवताविशेषभक्तिः तयोर्ज्ञानं प्रथमतो देशकेन कार्यं ज्ञातप्रकृतिको हि पुमान् रक्तो द्विष्टो मूढः पूर्वं व्युद्ग्राहितश्च चेन्न भवति तदा कुशलैस्तथा तथानुवर्त्त्य लोकोत्तर गुणपात्रतामानीयते विदित देवताविशेषाधिमुक्ति श्च तत्तद्देवता प्रणीतमार्गानुसारिवचनोपदर्शनेन दूषणेन च सुखमेव मार्गेऽवता रयितुं शक्य इति । ( ६ ) तथा साधारण गुणप्रशंसेति । साधारणानां लोक लोकोत्तरयोः सामान्यानां गुणानां प्रशंसा पुरस्कारो देशनार्हस्याग्रतो विधेया । यथा । " प्रदानं प्रच्छन्नं गृहमुपगते संभ्रमविधिः प्रियं कृत्वा मौनं सदसि कथनं चाप्युपकृतेः । अनुत्सेको लक्ष्म्या

શું " હવે તે વિધિ એટલે સદ્ધર્મની દેશનાનો ક્રમ, તેનું અમે નિરૂપણ કરીશું. તે આ પ્રમાણે. ( ૫ ) તેની પ્રકૃતિ અને દેવતાની અધિમુક્તિનું જ્ઞાન કરવું. તેની એટલે સદ્ધર્મની દેશનાને યોગ્ય એવા પ્રાણીની પ્રકૃતિ એટલે સ્વરૂપ–ગુણવાન લોકનો સંગ તથા પ્રિયપણું વિગેરે. દેવતાધિ મુક્તિ એટલે બુદ્ધ, કપિલ વિગેરે દેવતાની વિશેષ ભક્તિ, તે પ્રકૃતિ અને દેવતાધિ મુક્તિનું જ્ઞાન પ્રથમ ઉપદેશકે કરવું. પ્રકૃતિને જાણનારો પુરૂષ જો રાગી, દ્વેષી, મૂઢ, અને પ્રથમ ક્ષોભ પામેલો ન થાય, તો પછી કુશળ પુરૂષો તેને તેવી રીતે અનુવર્તન કરવા યોગ્ય એવા લોકોત્તર ગુણની પાત્રતામાં લાવી શકે છે. અને દેવતા વિશેષની ભક્તિ જાણનાર પુરૂષ તે તે દેવતાઓએ રચેલા માર્ગને અનુસરતાં વચન અને તેમાં થતાં દૂષણ બતાવી સુખે માર્ગમાં લાવી શકાય છે. ( ૬ ) સાધારણ ગુણની પ્રશંસા કરવી. સાધારણ એટલે લોક તથા લોકોત્તરમાં સામાન્ય એવા ગુણની પ્રશંસા કરવી. એટલે દેશનાને યોગ્ય એવા પુરૂષની આગળ તે ગુણનાં વખાણ કરવાં. તે આ પ્રમાણે—ગુપ્ત રીતે દાન આપવું, કોઇ ઘેર આવે ત્યારે સંભ્રમથી બેઠા થઇ જવું, કોઇનું પ્રિય કરીને મૌન રહેવું, કોઇએ કરેલા ઉપકારને સભા વચ્ચે કહેવો, લક્ષ્મીનો ગર્વ ન

निरभिभवसाराः परकथाः श्रुते चासंतोषः कथमनभिजाते निवसति "॥ तथा सम्यक्तादधिकाख्यानमिति । सम्यगविपरीतरूपतया तेभ्यः साधारणगुणेभ्योऽधिका विशेषवंतो ये गुणास्तेषामाख्यानं कथनं। यथा (७)

" पंचैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् ।
अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुन वर्जनम् "

इति । तथा अबोधेऽप्यनिंदेति । अबोधेप्यनवगमेऽपि सामान्य गुणानां विशेषगुणानां वा व्याख्यातानामपि अनिंदा अहो मंदबुद्धिर्भवान् य इत्थमाचक्षाणेष्वप्यस्मासु न बुध्यते वस्तुतत्त्वमित्येवं श्रोतुस्तिरस्काररूपपरिहाररूपा निंदितो हि श्रोता किंचिद् बुभुत्सुरपि सन् दूरं विरज्यत इति। तर्हि किं कर्त्तव्यमित्याह ।(८) शुश्रूषा भावकरणमिति। धर्मशास्त्र

---

કરવો, બીજાની વાર્ત્તા પરાભવ વગરની કરવી અને શાસ્ત્રજ્ઞાન મેળવવામાં અસંતોષ—અતૃપ્તિ—એ સઘળા ગુણ જે કુલીન ન હોય તેમાં ક્યાંથી હોય ?

" સારી રીતે તે સાધારણ ગુણથી અધિક કહેવા. " સારી રીતે એટલે અવિપરીતરૂપે તે સાધારણ ગુણથી અધિક–વિશેષ જે ગુણ, તે કહેવા. કહ્યું છે કે, (૭) " અહિંસા, સત્ય, અચૌર્ય, ત્યાગ–દાન અને બ્રહ્મચર્ય એ પાંચ સર્વ ધર્મીઓમાં પવિત્ર છે."

" બોધ ન હોય તે છતાં નિંદા ન કરવી. " અબોધ એટલે સામાન્ય ગુણ, અને વિશેષ ગુણ કે જેની વ્યાખ્યા કરવામાં આવી છે, તેમનો બોધ ન હોય તે છતાં નિંદા ન કરવી. " અરે ! તું મંદ બુદ્ધિવાળો છે, અમે આમ કહીએ છીએ, તોપણ તું વસ્તુ તત્વને જાણતો નથી. " આ પ્રમાણે શ્રોતાનો તિરસ્કાર કરવારૂપ નિંદાનો ત્યાગ કરવો. કારણ કે, નિંદા કરેલો શ્રોતા કાંઇક બોધ પામવાની ઇચ્છાવાળો હોય, તોપણ વિરક્ત થઇ દૂર ચાલ્યો જાય છે, ત્યારે શું કરવું તે કહે છે. (૮)

" ધર્મ શાસ્ત્ર સાંભળવાનાં પરિણામ કરવાં. " ધર્મ શાસ્ત્ર સાંભળવાની ઇચ્છારૂપ ભાવ–પરિણામ તે કરવાં. તે તે વચનોથી શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા ઉત્પન્ન કર્યા

प्रति श्रोतुमिच्छा शुश्रूषा तल्लक्षणो भावः परिणामस्तस्य करणं निर्वर्त्तनं तैस्तैर्वचनैरिति शुश्रूषामनुत्पाद्य धर्मकथने प्रत्युतानर्थसंभवः । पठ्यते च । ( ९ ) " स खलु पिशाचकी वातकी वा यः परेऽनर्थिने वाचमुदीरयति " । भूयो भूय उपदेश इति । भूयो भूयः पुनः पुनरुपदिश्यते इ-इत्युपदेशः । उपदेष्टुमिष्टवस्तु विषयः कथंचिदनवगमे सति कार्यः किं न क्रियते दृढ संनिपात रोगिणां पुनः पुनः क्रिया तिक्तादि क्काथपानो-पचार इति । तथा बोधे प्रज्ञोपवर्णन मिति । बोधे स कृदुपदेशेन भूयो भूय उपदेशेन चोपदिष्ट वस्तुनः परिज्ञाने तस्य श्रोतुः प्रज्ञोपवर्णनं बुद्धि प्रशंसनं यथा ना लघुकर्माणः प्राणिनः एवंविधसूक्ष्मार्थबोद्धारो भवंतीति । तथा तंत्रावतार इति । तंत्रे आगमे अवतारः प्रवेशः आगमबहुमानोत्पा-दनद्वारेण तस्य विधेयः । आगमबहुमानश्चैव मुत्पादनीयः ( १० )

---

વગર ધર્મ કહેવામાં ઉલટો અનર્થ થવા સંભવ છે. કહ્યું છે કે, ( ૯ ) " જે બીજા અર્થ વગરના પુરૂષને વાણીથી ઉપદેશ કરે, તે માણસ પિશાચ પકડ્યો હોય, તેવો અથવા વાયુવાળો જાણવો. "

" વારંવાર ઉપદેશ કરવો. " ઉપદેશ કરાય, તે ઉપદેશ તે. વારંવાર કરવો. ઉપ-દેશ કરવાને ઇચ્છેલો વિષય જો કોઇ રીતે સમજવામાં ન આવે તો, તેને વારંવાર કહી ઠસાવવો. જેમને સનિપાતનો રોગ દૃઢ થયો હોય, તેને વારંવાર તીખા વિગેરેના ક્વાથ [ ઉકાળા ] નો ઉપચાર શું વારંવાર નથી કરવામાં આવતો ?

" બોધ થાય ત્યારે તેની બુદ્ધિનું વર્ણન કરવું. " એક વાર અથવા વારંવાર ઉપદેશ કરવાથી બોધ એટલે ઉપદેશ કરેલી વસ્તુનું જ્ઞાન થાય તો તે શ્રોતાની બુદ્ધિની પ્રશંસા કરવી—જેમકે, ભારે કર્મી પ્રાણીઓ આવા સૂક્ષ્મ અર્થના બોધવાળા થતા નથી.

" તંત્ર—શાસ્ત્રમાં પ્રવેશક કરાવવો. " તંત્ર એટલે આગમમાં તે આગમ ઉપર બહુ માન ઉત્પન્ન કરાવી તે દ્વારા તેનો પ્રવેશ કરાવવો. આગમનું બહુ માન આ પ્રમાણે કરવું. ( ૧૦ ) " પરલોકની બાબતમાં પ્રાયે કરી આસન્ન ભવ્ય અને શ્રદ્ધા ધનવાળો બુદ્ધિ-

“ परलोकविधौ शास्त्रात्प्रायो नान्यदपेक्षते ।
आसन्नभव्यो मतिमान् श्रद्धाधनसमन्वितः ॥ १ ॥
उपदेशंविनाप्यर्थकामौ प्रति पटुर्जनः ।
धर्मस्तु न विना शास्त्रादिति तत्रादरो हित ॥ २ ॥
अर्थादावविधानेऽपि तदभावः परं नृणाम् ।
धर्मात्रिधानतोऽनर्थः क्रियोदाहरणात्परः ॥ ३ ॥
तस्मात्सदैव धर्मार्थी शास्त्रयत्नः प्रशस्यते ।
लोके मोहांधकारेऽस्मिन् शास्त्रालोकः प्रवर्त्तकः ॥ ४ ॥

शास्त्रयत्न इति शास्त्रे यत्नो यस्येति समासः ।

पापामयौषधं शास्त्रं शास्त्रं पुण्यनिबंधनम्
चक्षुः सर्वत्रगं शास्त्रं शास्त्रं सर्वार्थसाधनम् ॥ ५ ॥
न यस्य भक्तिरेतस्मिंस्तस्य धर्मक्रियापि हि ।
अंधप्रेक्षाक्रिया तुल्या कर्मदोषादसत्फला ॥ ६ ॥

માન પુરૂષ શાસ્ત્ર વિના બીજાની અપેક્ષા કરતો નથી. ૧ ઉપદેશ વિના માણસ અર્થ અને કામ પ્રત્યેજ ચતુર થાય છે. શાસ્ત્ર વિના ધર્મ થતો નથી. તેથી તે શાસ્ત્રમાં આદર કરવો હિતકારી છે. ૨ અર્થ વિગેરે ન કરવાથી પુરૂષને તે અર્થનો અભાવ થાય એટલુંજ, અને ધર્મ ન કરવાથી ક્રિયાના ઉદાહરણ થકી ઉત્કૃષ્ટ અનર્થ થાય છે. ૩ તેથી ધર્મના અર્થી પુરૂષે શાસ્ત્ર માટે યત્ન કરવો તે પ્રશંસવા યોગ્ય છે. આ લોકને વિષે મોહરૂપ અંધકારમાં શાસ્ત્રનો પ્રકાશ પ્રવર્તક છે. ૪ મૂલમાં શાસ્ત્ર યત્ન એ શબ્દનો સમાસ કરતાં ‘ શાસ્ત્રમાં જે યત્ન જેનો ’ એવો અર્થ થાય છે. શાસ્ત્ર એ પાપરૂપ રોગમાં ઔષધરૂપ છે. શાસ્ત્ર પુણ્યનું કારણ છે, સર્વ વ્યાપક ચક્ષુ છે, અને શાસ્ત્ર સર્વ અર્થનું સાધન છે. ૫ જેની ભક્તિ શાસ્ત્ર ઉપર નથી, તેની ધર્મક્રિયા આંધળાની જોવાની ક્રિયા જેવી છે અને કર્મ દોષથી નઠારા ફળવાળી છે. ૬ જે શ્રાવક અહંકાર વગરનો થઈ માનવા યોગ્યને માને છે,

यः श्राद्धो मन्यते मान्यानहंकार विवर्जितः ।
गुणरागी महाभागस्तस्यधर्मक्रिया परा ॥ ७ ॥

यस्यत्वनादरः शास्त्रे तस्य श्रद्धादयो गुणाः ।
उन्मत्तगुणतुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ॥ ८ ॥

मलिनस्य यथात्यंतं जलं वस्त्रस्य शोधनम् ।
अंतःकरणरत्नस्य तथा शास्त्रं विदुर्बुधाः ॥ ९ ॥

शास्त्रे भक्तिर्जगद्वंद्यैर्मुक्तिदूति परोदिता ।
अत्रैवेयमतो न्याय्या तत्प्राप्त्यासन्न भावतः ॥ १० ॥

अत्रैवेति मुक्तावेव इयमिति शास्त्रभक्तिः तत्प्राप्त्यासन्नभावत इति मुक्तिसमीपभावादिति । तथा प्रयोग आक्षेपण्या इति । प्रयोगो व्यापारणं धर्मकथाकाले आक्षिप्यंते आकृष्यंते मोहात्तत्वं प्रति भव्यप्राणिनोऽनयेति आक्षेपणी तस्याः कथायाः । सा चार व्यवहार प्रज्ञप्तिदृष्टिवादभेदाच्च

---

તે ગુણરાગી અને મહાભાગ શ્રાવકની ધર્મક્રિયા ઉત્કૃષ્ટ છે. ૭ જેને શાસ્ત્ર ઉપર અનાદર છે, તેના શ્રદ્ધા વિગેરે ગુણ ઉન્મત્ત પુરૂષના ગુણ જેવા હોવાથી સત્પુરૂષોને પ્રશંસાપાત્ર. થતા નથી. ૮ જેમ અતિ મલિન વસ્ત્રનું શોધન જલ છે, તેમ અતિ મલિન અંતઃકરણરૂપ રત્નનું શોધન શાસ્ત્ર છે. ૯ એમ વિદ્વાનો કહે છે. જગતને વાંદવાયોગ્ય એવા તીર્થંકર પ્રમુખ પુરૂષોએ શાસ્ત્રની ભકિતને મુકિતની ઉત્કૃષ્ટ દૂતી કહેલી છે, અને તે મુકિતની પ્રાપ્તિમાં સાંનિધ્યપણાથી બરાબર અહિં મુકિતમાંજ એ શાસ્ત્રભકિત ઘટેજ છે. ૧૦ અહિંજ એટલે મુકિતમાંજ. એ શાસ્ત્રભકિત તે મુકિતની પ્રાપ્તિમાં સમીપ રહેવાને લીધે દૂતી ઘટે છે. “ આક્ષેપણી કથાનો પ્રયોગ કરવો. ” પ્રયોગ એટલે વ્યાપાર. ધર્મકથા વખતે મોહમાંથી તત્વપ્રત્યે ભવ્ય પ્રાણીઓને આક્ષેપ કરે—આકર્ષણ કરે તે આક્ષેપણી કથા કહેવાય છે. તેવી કથા કથાનો વ્યાપાર કરવો. તે આચાર, વ્યવહાર, પ્રજ્ઞપ્તિ અને દ્રષ્ટિવાદ એવા ચાર

तुर्द्धा । तत्राचारो लोचास्नानादिसुष्ठुक्रियारूपो व्यवहारः कथंचिदापन्नदोषव्यपोहाय प्रायश्चितलक्षणः प्रज्ञप्तिः संशयापन्नस्य मधुरवचनैः प्रज्ञापनं दृष्टिवादश्च श्रोत्रपेक्षया सूक्ष्मजीवादिभावकथनमिति । तथा ज्ञानाद्याचारकथनमिति । ( ११ ) ज्ञानस्य श्रुतलक्षणस्य आचारो ज्ञानाचारः आदिशब्दाद्दर्शनाचार श्चारित्राचारस्तपआचारो वीर्याचारश्चेति ततो ज्ञानाद्याचाराणां कथनं प्रज्ञापनमिति समासः । तत्र ज्ञानाचारोऽष्टधा कालविनय बहुमानो पधाननिह्नव व्यंजनार्थ तदुभयभेदलक्षणः तत्र काल इति यो यस्यांगप्रविष्टादेः श्रुतस्य काल उक्तः तस्मिन्नेव तस्य स्वाध्यायः कर्त्तव्यो नान्यदा तीर्थकरवचनाद्दृष्टं च कृष्यादेः कालकरणे फलं विपर्यये तु विपर्यय इति । ( १२ ) तथा श्रुतग्रहणं कुर्वता गुरोर्विनयः कार्यः विनयो

---

ભેદથી એ કથા ચાર પ્રકારની છે. લોચ કરાવવો, સ્નાન કરવું નહિ એવી ઉત્તમ ક્રિયારૂપ જે પ્રવર્તન તે **આચાર** કહેવાય છે. કોઇ પ્રકારે પ્રાપ્ત થયેલા દોષને ટાળવા જે પ્રાયશ્ચિત લેવું તેરૂપ **વ્યવહાર** કહેવાય છે. સંશય પામેલા જનને મધુર વચનથી જણાવવું, તે **પ્રજ્ઞપ્તિ** કહેવાય છે. શ્રોતાની અપેક્ષાએ સૂક્ષ્મ જીવ વિગેરેના ભાવ કહેવા તે **દ્રષ્ટિવાદ** કહેવાય છે.

" જ્ઞાનાદિ આચાર કહેવા. " [ ૧૧ ] જ્ઞાન એટલે શ્રુત—શાસ્ત્રનું લક્ષણ તેનો આચાર તે જ્ઞાનાચાર કહેવાય છે. આદિ શબ્દથી દર્શનાચાર, ચારિત્રાચાર, તપ આચાર અને વીર્યાચાર લેવા. તે જ્ઞાનાચાર વિગેરેને કહેવા એટલે જણાવવા, એમ સમાસ કરવો. તેમાં કાળ, વિનય, બહુ માન, ઉપધાન, નિહ્નવ, વ્યંજન ભેદ, અર્થ ભેદ, અને ઉભય ભેદ એમ જ્ઞાનાચાર આઠ પ્રકારનો છે. તેમાં કાળ એટલે જે અંગ પ્રવિષ્ટ વિગેરે શ્રુત શાસ્ત્રનો જે સમય કહ્યો હોય તેમાંજ તે શ્રુતનો સ્વાધ્યાય કરવો. તે સિવાય બીજા કાળમાં ન કરવો. તીર્થંકર પ્રભુનાં વચનથી જોવામાં આવે છે કે, કૃષિ—ખેતી વિગેરેનું ફળ કાળે કરવાથી મળે છે, અને વિપર્યય એટલે અકાળે કરવાથી વિપર્યય થાય છે. એટલે ફળ મળતું નથી. [ ૧૨ ]

ह्यभ्युत्थान पादधावनादिः अविनयगृहितं हि तदफलं भवति । तथा श्रुतग्रहणोद्यते न गुरोर्बहुमानः कार्यः बहुमानो नाम आंतरो भावप्रतिबंधः एतस्मिन् सति अक्षेपेणाविकलं श्रुतं भवति । ( १३ ) अत्र च विनय बहुमानयोश्चतुर्भंगी भवति एकस्य विनयो न बहुमानोऽपरस्य बहुमानो न विनयः अन्यस्य विनयोऽपि बहुमानोऽपि अन्यतरस्य नापि विनयो नापि बहुमान इति । ( १४ )

तथा श्रुतग्रहणमभीप्सतोपधानं कार्यं उपदधाति पुष्णाति श्रुतमित्युपधानं तपः तद्धि यद्यत्राध्ययने आगाढादियोगलक्षणमुक्तं तत्तत्र कार्यं तत्पूर्वं श्रुतग्रहणस्यैव फलवत्त्वात् । अनिह्नव इति गृहीत श्रुतेन अनिह्नवः कार्यः यद्यत्सकाशेऽधीतं तत्र स एव कथनीयो नान्यः चित्तकालुष्यापत्तेरिति । तथा श्रुत-

શ્રુત—શાસ્ત્ર ગ્રહણ કરનારાએ ગુરૂનો વિનય કરવો જોઇએ. વિનય એટલે સામા ઉઠી માન આપવું તથા પગ ધોવા વિગેરે કર્મ. અવિનયથી કરેલું શાસ્ત્ર ગ્રહણ નિષ્ફળ થાય છે.

શ્રુત—શાસ્ત્ર ભણવામાં ઉજમાળ થયેલા પુરૂષે ગુરૂનું બહુ માન કરવું. અંતરનો ભાવ બંધાય તે બહુ માન કહેવાય છે. એ બહુ માન કરવાથી તત્કાળ શાસ્ત્ર સફળ થાય છે. ( ૧૩ )

અહિં વિનય અને બહુ માનના ચાર ભાંગા આ પ્રમાણે થાય છે. ૧ એકને વિનય હોય તો બહુ માન ન હોય. ૨ બીજાને બહુ માન હોય અને વિનય ન હોય. ૩ ત્રીજાને વિનય પણ હોય અને બહુ માન પણ હોય. અને ૪ ચોથાને વિનય પણ ન હોય અને બહુ માન પણ ન હોય. ( ૧૪ )

શ્રુત—શાસ્ત્ર ગ્રહણને ઇચ્છનારા માણસે ઉપધાન કરવું. શાસ્ત્રને પોષણ કરે તે ઉપધાન તપ કહેવાય છે. જે અધ્યયનમાં આગાઢ પ્રમુખ યોગનું જે લક્ષણ કહેલું હોય, તે તે અધ્યયનમાં કરવું. કારણકે, તે પૂર્વક શાસ્ત્ર ગ્રહણ કરવાથી તે સફળ થાય છે.

" શાસ્ત્રને ગ્રહણ કર્યા પછી તે શિષ્યે નિહ્નવન ન કરવો. " જેની પાસે અભ્યાસ

ग्रहण प्रवृत्तेन तत्फलमभीप्सता व्यंजनभेदोऽर्थभेद उभयभेदश्च न कार्यः तत्र व्यंजनभेदो ( १५ ) यथा " धम्मो मंगल मुक्कठं " इति वक्तव्ये " पुन्नोकल्लाणमुकोसं " इत्याह । अर्थभेदस्तु यथा " आवंतीलोगंसि-विप्परामसंति " इत्यत्राचार सूत्रे यावंतः केचन लोकेऽस्मिन् पाषंडिलोके विपराभृशंतीत्यर्थाभिधाने आवंति जनपदे के आरज्जुवंतोलोका पराभृशति कूपे इत्याह । उभयभेदस्तु द्वयोरपि यथात्म्योपमर्दे ( १६ ) यथा " धर्मो मंगल मुक्कस्थः अहिंसा पर्वत मस्तके " इत्यादि दोषश्चात्र व्यंजनभेदादर्थभेदः तद्भेदे क्रियायाः क्रियाभेदे च मोक्षाभावः तदभावे च निरर्थका दीक्षेति । ( १७ ) दर्शनाचारोऽपि निशंकित निःकांक्षित

---

કર્યો હોય, તેનુંજ ખરૂં નામ આપવું. બીજાનું આપવું નહિ. તે અનિહ્નવ કહેવાય. બીજાનું નામ આપવાથી કલુષતા પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રને ગ્રહણ કરવામાં પ્રવર્ત્તેલા પુરૂષે જો શાસ્ત્રાધ્યયનના ફળની ઇચ્છા હોય તો વ્યંજનભેદ, અર્થભેદ. અને ઉભયભેદ ન કરવા. વ્યંજનભેદ એટલે વ્યંજન—અક્ષરનો ભેદ કરવો. ( ૧૫ ) જેમકે, " **धम्मो मंगल मुक्कठं** " એમ કહેવાનું છે, તેને બદલે " **पुन्नो कल्लाण मुक्कोसं** " એમ કહે તે વ્યંજન ભેદ કહેવાય છે.

અર્થ ભેદ આ પ્રમાણે—આચારાંગસૂત્રમાં **आवंती** એ સૂત્રનો અર્થ એવો છે કે, " જેટલા કોઈ આ પાખંડી લોકમાં પરામર્શ કરે છે. " આવો અર્થ નહીં કહેતાં તેનો અર્થ કરે કે, " અવંતી દેશમાં રજ્જ—દોરી વગરના લોકો કુવામાં પડે છે. "

ઉભયભેદ એટલે વ્યંજન, અને અર્થ બંનેના યથાર્થપણાનો ભેદ કરે તે-[ ૧૬ ] જેમકે " ધર્મ ઉત્કૃષ્ટ મંગલ રૂપ છે, અને પર્વતના મસ્તક ઉપર અહિંસા છે. " અહિં વ્યંજનભેદ અને અર્થભેદથી એવો દોષ થાય કે, તેથી ક્રિયાનો ભેદ થઇ જાય, જ્યારે ક્રિયાનો ભેદ થાય તો પછી મોક્ષનો અભાવ થાય, અને જ્યારે મોક્ષનો અભાવ થાય તો પછી દીક્ષા નિરર્થક થઇ જાય. ( ૧૭ )

निर्विचिकित्सा प्रमूढदृष्टि उपबृंहा स्थिरीकरण वात्सल्य तीर्थ प्रभावना भेदादष्टधैव । ( १८ ) तत्र निःशंकित इति शंकनं शंकितं निर्गतं शंकितं यतोऽसौ निःशंकितः देशसर्वशंकारहित इत्यर्थः । तत्र देशशंका—समाने जीवत्वे कथमेको भव्योऽपरस्त्वभव्य इति शंकते सर्वशंका तु प्राकृत-निबद्धत्वात्सकलमेवेदं परिकल्पितं भविष्यतीति न पुनरालोचयति ( १९ ) यथा भावा हेतुग्राह्या अहेतुग्राह्याश्च तत्र हेतुग्राह्या जीवास्तित्वादयः अहे-तुग्राह्या भव्यत्वादयोऽस्मदाद्यपेक्षया प्रकृष्टज्ञानगोचरत्वात्तद्धेतूनामिति प्राकृ-तनिबंधोऽपि बालादि संधारण इति । उक्तंच- ( २० ) "बालस्त्रीमंद-मूर्खाणां नृणां चारित्रकांक्षिणाम् । अनुग्रहार्थं तत्वज्ञैः सिद्धांतः प्राकृतः स्मृतः" दृष्टेष्टाविरुद्धत्वा च्च नायं परिकल्पनागोचरः ततश्च निःशंकितो जीव एवार्हच्छासन प्रतिपन्नो दर्शनाचार इत्युच्यते ( २१ ) अनेन

---

દર્શનાચાર નિઃશંકિત, નિઃકાંક્ષિત, નિર્વિચિકિત્સા, પ્રમૂઢ દ્રષ્ટિ, ઉપવૃંહા, સ્થિરીકરણ, વાત્સલ્ય, અને તીર્થ પ્રભાવના એવા આઠ ભેદવાળો છે— [ ૧૮ ] તેમાં નિઃશંકિત એટલે જેની શંકા ગઇ હોય તે અર્થાત્ દેશથી સર્વ શંકાએ રહિત. તેમાં દેશથી શંકા આ પ્રમાણે— જીવપણું સમાન છતાં એક જીવ ભવ્ય, અને એક જીવ અભવ્ય કેમ થાય ? એવી શંકા કરે તે, અને સર્વથી શંકા તો પ્રાકૃત—નિબંધને લઇને છે.—જેમ કે, ' આ બધું કલ્પિત હશે. ' એવી શંકા કરે તે. પણ તે એવો વિચાર કરે નહીં [ ૧૯ ] કે, ભાવ—પદાર્થો હેતુથી ગ્રાહ્ય, અને અહેતુથી ગ્રાહ્ય છે. તેમાં જીવનું અસ્તિત્વ વિગેરે ભાવ તે હેતુ ગ્રાહ્ય છે, અને ભવ્યત્વ વિગેરે ભાવ અહેતુ ગ્રાહ્ય છે, કારણ કે, અમારા વિગેરેની અપેક્ષાએ તે હેતુઓ ઊત્કૃષ્ટ જ્ઞાનના વિષયમાં આવે છે. પ્રાકૃત નિબંધ પણ બાલ પ્રમુખને લગતો છે. કહ્યું છે કે, [ ૨૦ ] "ચારિત્રની ઇચ્છા રાખનારા બાલ, સ્ત્રી, મંદ, અને મૂર્ખ લોકોના અનુગ્રહ માટે તત્વજ્ઞ પુરૂષોએ સિદ્ધાંતને પ્રાકૃત કરેલો છે. " વળી દષ્ટ—જોવામાં આવેલા આ લોકના ઇષ્ટની વિરૂદ્ધ નથી તેથી એ કલ્પનાનો વિષય થઇ શકતો નથી. તેથી સિદ્ધ થયું કે, અર્હંતના શાસનને પ્રાપ્ત થયેલ નિઃશંકિત જીવજ દર્શનાચાર એમ કહેવાય [ ૨૧ ] વળી તેથી કરીને દર્શન, અને દર્શની—જીવનો અભેદથી ઊપચાર કહેવામાં આવ્યો

दर्शन दर्शनिनोरभेदोपचारमाह तदेकांतभेदेत्वदर्शिन इव फलाभावान्मोक्षाभाव इत्येवं शेषपदेष्वपि भावना कार्या । ( २२ ) तथा निःकांक्षितो देशसर्वकांक्षारहितः तत्र देशकांक्षा एकं दर्शनं कांक्षते दिगंबरदर्शनादि सर्वकांक्षा तु सर्वाण्ये वेति नालोकयति षट्जीवनिकायपीडामसत्प्ररूपणां चेति । ( २३ ) विचिकित्सा मति विभ्रमो निर्गता विचिकित्सा यस्मादसौ निर्विचिकित्सः साध्वेवं जिन दर्शनं किंतु प्रवृत्तस्यापि सतो ममास्मात्फलं भविष्यति वा न वा कृषीवलादिक्रियासूभयथाप्युपलम्भेरिति कुविकल्परहितः नह्यविकल उपाय उपेयवस्तुपरिमापको न भवतीति संजातनिश्चय इत्यर्थः यद्वानिर्विजुगुप्सारहितः । ( २४ ) तथा अमूढदृष्टिः बालतपस्वितपो विद्याद्यति शयैर्न मूढा स्वभावान्न चलिता दृष्टिः सम्यग्दर्शनरूपा यस्यासौ अमूढदृष्टिः ( २५ ) एतावान् गुणिप्रधानो

---

છે. જો એકાંતે ભેદજ લઇએ તો, દર્શન રહિત પુરૂષની જેમ ફળના અભાવથી મોક્ષને પણ અભાવ થાય. એવી રીતે શેષ—બાકીના પદમાં પણ ભાવના કરવી [ ૨૨ ] નિઃકાંક્ષિત એટલે દેશથી સર્વ આકાંક્ષાએ રહિત. તેમાં દેશથી કાંક્ષા એટલે એક દર્શનની આકાંક્ષા કરે તે દિગંબરનું દર્શન વિગેરે, અને સર્વથી આકાંક્ષા એટલે સર્વ દર્શનોની આકાંક્ષા કરે તે ષટ્ જીવની કાયાની પીડા, અને અસત્ પ્રરૂપણાને તે જોતા નથી. ( ૨૩ )

નિર્વિચિકિત્સ વિચિકિત્સા એટલે મતિને વિભ્રમ. તે મતિને વિભ્રમ જેમાંથી ગયો છે તે નિર્વિચિકિત્સ કહેવાય છે. જેમકે આ જિન દર્શન સારૂં છે, પણ તેમાં પ્રવર્ત્તેલા એવા મને એથી કાંઇ ફળ થશે કે નહીં ? ખેડુત વિગેરેની ક્રીયાઓમાં ઉભય રીતે પણ ફળની પ્રાપ્તી છે, એવા કુવિકલ્પથી રહિત અર્થાત્ અવિકલ ( પૂરે નહિ તેવો ) ઉપાય મેળવવા યોગ્ય વસ્તુને પ્રાપ્ત કરાવનારો ન થાય એમ નહીં અર્થાત્ થાયજ. આવો જેને નિશ્ચય થયો હોય, અથવા નિર્વિજુગુપ્સાએ રહિત હોય તે. ( ૨૪ )

અમૂઢ દૃષ્ટિ. બાલ તપસ્વીઓના તપ તથા વિદ્યા વિગેરે અતિશયથી જેની સમ્યગ્ દર્શનરૂપ દૃષ્ટિ મૂઢ એટલે સ્વભાવથી ચલિત ન થઇ હોય તે અમૂઢ દૃષ્ટિ કહેવાય છે. ( ૨૫ ) આટલો ગુણી પ્રધાન દર્શનાચાર કહ્યો. હવે ગુણ પ્રધાન દર્શનાચાર કહે છે.

दर्शनाचारनिर्देशः अधुना गुणप्रधानः । उपबृंहणं नाम समानधार्मिकाणां सद्गुणप्रशंसनेन तद्वृद्धिकरणं ।( २६ ) स्थिरीकरणं धर्माद्विषीदतां तत्रैव स्थापनं । ( २७ ) वात्सल्यं समानधार्मिक जनोपकारकरणं । ( २८ ) प्रभावना धर्मकथादिभिस्तीर्थख्यापनेति । ( २९ ) गुणप्रधानश्चायं निर्देशो गुणगुणिनोः कथंचिद्भेदख्यापनार्थं एकांताभेदे गुणनिवृत्तौ गुणिनोऽपि निवृत्तेः शून्यतापत्तिरिति । ( ३० ) चारित्राचारोऽष्टधा पंच समितित्रिगुप्तिभेदात् तत्स्वरूपं च प्रतीतमेव । तप आचारस्तु द्वादश विधः बाह्यांतर तपःषट्कद्वयभेदात् तत्र अनशनमूनोदरता वृत्तिसंक्षेपणं रसत्यागः कायक्लेशः संलीनतेति बाह्यं तपः प्रोक्तं । प्रायश्चित्तं ध्यानं वैयावृत्यविनयावथोत्सर्गः स्वाध्याय इति तपःषट्प्रकारमाभ्यंतरं भवति ।

---

ઉપવૃંહણ એટલે સાધર્મિ બંધુઓના સદ્ગુણની પ્રશંસા કરી તેમના ગુણની વૃદ્ધિ કરવી. ( ૨૬ )

સ્થિરીકરણ એટલે ધર્મથી સીદાતા માણુસોને તે ધર્મમાં રાખવા. [ ૨૭ ]

વાત્સલ્ય એટલે સાધર્મિ જનનો ઉપકાર કરવો. [ ૨૮ ]

પ્રભાવના એટલે ધર્મકથા વિગેરેથી તીર્થની ખ્યાતી કરાવવી. ( ૨૯ )

આ ગુણ પ્રધાન નિર્દેશ ગુણ તથા ગુણીનો ભેદ જણાવા માટે છે. જો એકાંતે તેમનો અભેદ લઇએ તો, ગુણની નિવૃત્તિ થતાં ગુણીની પણ નિવૃત્તિ થાય અને શૂન્ય પણાની પ્રાપ્તિ થાય. ( ૩૦ )

ચારિત્રાચાર આઠ પ્રકારનો છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના ભેદથી તે આઠ પ્રકારનો થાય છે. તેનું સ્વરૂપ જણાય તેવું છે.

તપ આચાર ૭ બાહ્ય તપ અને ૭ અભ્યંતર તપ મળી બાર ભેદવાળો છે. તેમાં અનશન, ઊનોદરતા, વૃત્તિસંક્ષેપણ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા એ ૭ પ્રકારનું બાહ્યતપ કહેલું છે. પ્રાયશ્ચિત્ત, ધ્યાન, વૈયાવૃત્ય, વિનય, ઉત્સર્ગ, અને સ્વાધ્યાય એ ૭ પ્રકારનું આભ્યંતર તપ કહેલું છે. [ ૩૧ ]

( ३१ ) वीर्याचारः पुनः अनिन्हुतबाह्याभ्यंतरसामर्थ्यस्य सतः अनंतरोक्त षट्त्रिंशद्विधे ज्ञानदर्शनाद्याचारे यथाशक्ति प्रतिपत्तिलक्षणं पराक्रमणं प्रतिपत्तौ च यथाबलं पालनेति । ( ३२ ) तथा निरीह शक्यपालनेति । निरीहेण ऐहिकपारलौकिकफलेषु राज्यदेवत्वादिलक्षणेषु व्यावृत्ताभिलाषेण शक्यस्य ज्ञानाचारादेर्विहितमिदमिति बुद्ध्या पालना कार्या इतिच कथ्यते इति । ( ३३ ) तथा अशक्ये भावप्रतिपत्तिरिति । अशक्ये ज्ञानाचारादि विशेष एव कर्त्तुमपार्यमाणे कुतोऽपि वृत्ति संहननकालबलादि वैकल्याद्भावप्रतिपत्तिः भावेन अंतःकरणेन प्रतिपत्तिः ( ३४ ) अनुबंधः न पुनस्तत्र प्रवृत्तिरपि अकालौत्सुक्यस्य तत्त्वत आर्त्तध्यानत्वादिति । ( ३५ ) तथा पालनोपायोपदेश इति । एतस्मिन् ज्ञानाचारे प्रतिपन्ने सति पाल-

---

વીર્યાચાર તે બાહ્ય અને અભ્યંતર સામર્થ્યને પ્રકાશિત કરનાર એવા પુરૂષને ઉપર કહેલા છત્રીશ પ્રકારના જ્ઞાન દર્શનાદિ આચારમાં યથાશક્તિ પ્રતિપાદન કરવારૂપ પરાક્રમ ફેરવવું, અને તે પ્રતિપાદન કરેલા જ્ઞાન દર્શનાદિ આચારનું પોતાના બળ પ્રમાણે પાલન કરવું તે. ( ૩૨ )

નિરીહ—નિઃસ્પૃહ થઇ શકાય તેમ તે થઇ જ્ઞાનાચાર વિગેરેનું પાલન કરવું. નિરીહ એટલે આલોકનું ફળરાજ્ય વિગેરે અને પરલોકનું ફળ દેવપણાની પ્રાપ્તિ વિગેરે તેમાં અભિલાષ નિવૃત્ત કરી શકય એવા જ્ઞાનાચાર વિગેરેનું ' આવિહિત કરવાનું કહેલું છે ' એવી બુદ્ધિથી પાલન કરવું. [ ૩૩ ]

અશકય છતાં તેમાં ભાવ–અંતઃકરણથી સતત પ્રવર્ત્તવું. અશકય એટલે જ્ઞાનાચાર વિગેરે કરી શકાય નહીં, તે છતાં એટલે વૃત્તિનો નાશ તથા કાળબળ વિગેરે કોઇ કારણથી તે ન થઇ શકે તેમ હોય, છતાં ભાવ–અંતઃકરણવડે તેમાં પ્રતિપત્તિ સતત પ્રવૃત્તિ કરવી ( ૩૪ ) માત્ર એકલી પ્રવૃત્તિ નહીં પણ અનુબંધ–સતતપણે પ્રવૃત્તિ કરવી. કારણ કે અકાળે ઉત્સુકપણામાં તત્વ રીતે આર્ત્ત ધ્યાનજ થાય છે. [ ૩૫ ]

પાળવાના ઉપાયનો ઉપદેશ આપવો, એ જ્ઞાનાચાર પ્રતિપાદન કરે છતે તેને

नाय उपायस्य अधिकगुणतुल्य गुणलोकमध्यमसंवासलक्षणस्य निजगुण-स्थान कोचितक्रियापरिपालनानुस्मारणस्वभावस्य चोपदेशो दातव्य इति । ( ३६ )

तथा फलप्ररूपणेति । अस्याचारस्य सम्यक् परिपालितस्य सतः फलमिहैव तावदुपप्लवह्रासो भावैश्वर्यवृद्धिर्जनप्रियत्वं च परत्र च सुगति जन्मोत्तम स्थानलाभः परंपरया निर्वाणावाप्तिश्चेति यत्कार्यं तस्य प्ररूपणा प्रज्ञापना विधेयेति । ( ३७ ) अत्रैव विशेषमाह । देवर्द्धिवर्णनमिति । देवानां ऋद्धेः विभूते रूपादिलक्षणाया वर्णनं प्रकाशनं यथा तत्रोत्तमा रूपसंपत् सत्स्थिति प्रभावसुखद्युति लेश्यायोगो विशुद्धेंद्रियावधित्व प्रकृष्टाभिभोगसाधनानि दिव्यो विमाननिवह इत्यादि वक्ष्यमाणमेव । ( ३८ ) तथा सुकुलागमनोक्तिरिति । देवस्थानाच्च्युतावपि विशिष्टे देशे विशिष्टे काले

પાળવાં માટે ઉપાય એટલે પોતાથી અધિક ગુણવાળા અને પોતાની સમાન ગુણવાળા લોક સાથે વાસ કરવો, અથવા પોતાના ગુણ સ્થાનકને યોગ્ય એવી ક્રિયાનું પાલન સંભારવાનો સ્વભાવ રાખવો. તેવા ઉપાયનો ઉપદેશ આપવો. [ ૩૬ ]

" ફળની પ્રરૂપણા કરવી. " સારી રીતે પાળેલા એ આચારનું ફળ એટલે આ લોકમાં અંતરાયનો નાશ, ભાવ તથા ઐશ્વર્યની વૃદ્ધિ, અને લોકપ્રિયતા, અને પરલોકમાં સારી ગતિમાં જન્મ, ઉત્તમ સ્થાનનો લાભ, અને પરંપરાએ મોક્ષની પ્રાપ્તિરૂપ કાર્ય તેની પ્રરૂપણા કરવી. ( ૩૭ )

અહિં વિશેષ કહે છે— " દેવતાની ઋદ્ધિનું વર્ણન કરવું. " દેવતાની ઋદ્ધિ એટલે રૂપાદિ લક્ષણવાળી સમૃદ્ધિનું વર્ણન કરવું–પ્રકાશિત કરવું. જેમકે જે દેવતાની ગતિમાં રૂપ સંપત્તિ ઉત્તમ હોય છે. સારી સ્થીતિ, પ્રભાવ, સુખ, કાંતિ અને લેશ્યાનો યોગ ત્યાં હોય છે. શુદ્ધ ઇંદ્રિયો, અવધિજ્ઞાન અને ઉત્કૃષ્ટ ભોગનાં સાધનો તેમજ દિવ્ય વિમાનનો સમૂહ ત્યાં હોય છે, ઇત્યાદિ આગળ આવશે. [ ૩૮ ]

" સારા કુળમાં આગમન થવાનું કહેવું. " દેવલોકમાંથી ચ્યવતાં પણ સારા

निष्कलंकेऽन्वये उदग्रे सदाचारेणा ख्यायिकापुरुषयुक्तेऽनेकमनोरथावपूरक मत्यंतनिरवद्यं जन्मेत्यादिवक्ष्यमाण लक्षणैव । ( ३९ ) " तथाकल्याणपरंपरा ख्यानमिति " । ततः सुकुलागमनादुत्तरं कल्याणपरंपरायाः तत्र सुंदरं रूपं आलयो लक्षणानां रहितमामयेनेत्यादिरूपाया अत्रैव धर्मफलाध्याये वक्ष्यमाणाया आख्यानं निवेदनं कार्यमिति । ( ४० ) " तथासदाचारगर्हेति " । असदाचारः सदाचारविलक्षणो हिंसानृतादिर्दशविधः पापहेतुभेदरूपः । यथोक्तं । " हिंसानृतादयः पंच तत्त्वाश्रद्धानमेवच । क्रोधादयश्च चत्वार इति पापस्य हेतवः " ॥ १ ॥ तस्य गर्हा असदाचारगर्हा । ( ४१ )

यथा । " न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषम् । न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तमः " ॥ २ ॥ द्विषद्विषतमोरोगै-

---

દેશમાં, સારા કાળમાં, નિષ્કલંક અને સદાચારથી પ્રખ્યાત એવા પુરૂષવાળા ઉંચા કુળમાં અનેક મનોરથને પૂરનારૂં અત્યંત નિર્દોષ જન્મ ઇત્યાદિ આગળ કહેવામાં આવશે, તે લક્ષણવાળું કથન કરવું. [ ૩૯ ]

" કલ્યાણની પરંપરા કહેવી. " તે સારા કુળમાં આવવા પછી કલ્યાણની પરંપરા એટલે સુંદર રૂપ, લક્ષણોનું સ્થાન, અને રોગ રહિત ઇત્યાદિ કલ્યાણની શ્રેણી જે આ ગ્રંથમાં ધર્મ ફળાધ્યાયમાં કહેવામાં આવશે તેનું નિવેદન કરવું. ( ૪૦ )

" અસત્ આચારની નિંદા કરવી. " સદાચારથી વિલક્ષણ [ વિપરીત ] આચાર તે અસદાચાર કહેવાય છે. તે હિંસા અસત્ય વિગેરે દશ પ્રકારનો છે, અને પાપના હેતુનો ભેદ રૂપ છે. તે વિષે કહ્યું છે કે, " હિંસા, અસત્ય વિગેરે પાંચ તત્વ ઉપર અશ્રદ્ધા, અને ક્રોધાદિ ચાર કષાય—એ પાપના હેતુ છે. " તે અસદાચારની ગર્હા નિંદા કરવી. તેવી તત્વ ઉપર અશ્રદ્ધાની પણ નિન્દા કરવી. ( ૪૧ )

તે આ પ્રમાણે— " મિથ્યાત્વના જેવો કોઇ શત્રુ નથી, મિથ્યાત્વ જેવું કોઇ વિષ નથી, મિથ્યાત્વ જેવો કોઇ રોગ નથી, અને મિથ્યાત્વના જેવું કોઇ તપ નથી. શત્રુ, વિષ

दुःखमेकत्र दीयते । मिथ्यात्वेन दुरंतेन जंतोर्जन्मनि जन्मनि ॥ ३ ॥ वरं ज्वलाकुले क्षिप्तोदेहिनात्मा हुताशने । न तु मिथ्यात्वसंयुक्तं जीवितव्यं कदाचन ॥ ४ ॥ इति तत्वाश्रद्धानगर्हा । एवं हिंसादिष्वपि गर्हा योजना कार्या । ( ४२ ) " तथा तत्स्वरूपकथनमिति " । तस्य असदाचारस्य हिंसादेः स्वरूपकथनं यथा प्रमत्त योगात्प्राणिव्यपरोपणं हिंसा । असदभिधानं मृषा । अदत्तादानं स्तेयं । मैथुनमब्रह्म । मूर्छा परिग्रह इत्यादि । ( ४३ ) " तथा स्वयंपरिहार इति " । स्वयमाचारकथकेन परिहारोऽसदाचारस्य संपादनीयः । यतः स्वयमसदाचारमपरिहरतो धर्मकथनं नटवैराग्यकथनमिवानादेयमेव स्यान्नतु साध्यसिद्धिकरमिति । ( ४४ ) " तथा ऋजुभावासेवनमिति " ऋजुभावस्य कौटिल्य

---

અંધકાર અને રોગ પ્રાણીને એક વાર દુઃખ આપે છે, અને દુષ્ટ અંતવાળું મિથ્યાત્વ જન્મો જન્મ દુઃખ આપે છે. જ્વાળાઓથી આકુળ એવા અગ્નિમાં પ્રાણીએ પોતાને આત્મા નાખી દેવો તે સારો, પણ મિથ્યાત્વ સહિત જીવવું, તે કદી પણ સારૂં નથી. " એ તત્વની અશ્રદ્ધાની નિંદા કહેવામાં આવી. એવી રીતે હિંસા વિગેરેની પણ નિંદાની યોજના કરી લેવી. [ ૪૨ ]

" તે અસદાચારનું સ્વરૂપ કહેવું. " તે અસત્ આચાર જે હિંસાદિ તેનું સ્વરૂપ કહેવું. જેમકે, પ્રમાદના યોગથી પ્રાણીનો નાશ કરવો તે હિંસા, અસત્ય બોલવું, તે મૃષાવાદ, અદત્ત ન આપેલું હોય તે લેવું, તે અદત્તાદાન—ચોરી, મૈથુન સેવવું, તે અબ્રહ્મ અને મૂર્છા રાખવી તે પરિગ્રહ ઇત્યાદિ સ્વરૂપ કહી બતાવવું. ( ૪૩ )

" સ્વયં પોતે અસત્ આચારનો પરિહાર—ત્યાગ કરવો. " સ્વયં—પોતે એટલે આચાર કહેનારે અસદાચારનો પરિહાર—ત્યાગ સંપાદન કરવો. કારણ કે પોતે સદાચારનો ઉપદેશક હોઇ અસદાચારને છોડયા વિના ધર્મ કથન કરે તે નટે કરેલા વૈરાગ્યના કથન જેવું અગ્રાહ્યજ થાય. સાધ્યની સિદ્ધિ કરનારૂં થતું નથી. [ ૪૪ ]

" ઉપદેશકે સરળ ભાવની સેવના કરવી. " ઋજુ—સરળ ભાવ એટલે કુટિલતા-

त्यागरूपस्यासेवनमनुष्ठानं देशकेनैव कार्यं एवं हि तस्मिन्नविप्रतारणकारिणि संभाविते सति शिष्यस्तदुपदेशान्न कुतोऽपि दूरवर्ती स्यादिति । ( ४५ ) " तथा पायहेतुत्वदेशनेति । " अपायानामनर्थानां इहलोकपरलोकगोचराणां हेतुत्वं प्रस्तावादसदाचारस्य यो हेतुभावः तस्य देशना विधेया । यथा यन्न प्रयाति पुरुषः स्वर्गं यच्च प्रयाति विनिपातं तत्र निमित्तमनार्यः प्रमाद इति निश्चितमिदं मे प्रमादश्चासदाचार इति अपायानेव व्यक्तिकुर्वन्नाह । ( ४६ ) " नारकदुःखोपवर्णनमिति । " नरके भवा नारकाः तेषा मुपलक्षणत्वा त्तिर्यगादीनां च दुःखान्यशर्माणि तेषा मुपवर्णनं विधेयं । यथा—

" तीक्ष्णैरसिभिर्दीप्तैः कुंतैर्विषमैः परश्वधैश्चक्रैः ।
परशुत्रिशूलतोमरमुद्गरवासी मुमूढीभिः ॥ १ ॥
संभिन्नतालुशिरसः छिन्न भुजाश्छिन्नकर्णनासौष्टाः ।
भिन्नहृदयोदरांत्रा भिन्नाक्षिपुटाः सुदुःखार्त्ताः ॥ २ ॥

---

નો ત્યાગ, તેની સેવના ઉપદેશકેજ કરવી. " એથી તે ઉપદેશક બીજાને ઠગતો નથી, એમ લાગવાથી શિષ્ય તેના ઉપદેશથી કોઇ રીતે દૂર રહેતો નથી. ( ૪૫ )

" અનર્થના હેતુ વિષે દેશના આપવી. " જે આલોક અને પરલોકના અનર્થ છે, તેઓનો હેતુ અર્થાત્ અસદાચારનો જે હેતુ ભાવ તેની દેશના આપવી. જેમકે, " પુરૂષો જે સ્વર્ગે જતા નથી અને વિનિપાતને પામે છે—પાછા પડે છે, તેનું નિમિત્ત કારણ અનાર્ય એવો પ્રમાદ છે. મને નિશ્ચય થયો છે કે, પ્રમાદજ અસદાચાર છે, તે અનર્થને સ્પષ્ટ કરે છે. ( ૪૬ ) " નારકીના દુઃખનું વર્ણન કરવું. " નરકમાં થયા—રહ્યા તે નારકી ઉપલક્ષણથી તિર્યંચ વિગેરે પણ લેવા. તેમના દુઃખનું વર્ણન કરવું. જેમકે, " તિક્ષણ ખડ્ગ, ચળકતાં ભાલાં વિષમ કુવાડા, ચક્ર, ફરસી, ત્રિશૂલ, તોમર, મુદ્ગળ, વાંસલા, અને મુષ્ટિઓથી જેમનાં તાળવાં અને મસ્તક ભેદાઇ ગયાં છે, ભુજાઓ છેદાઇ ગઇ છે, કાન, નાસિકા અને હોઠ ચકદાઇ ગયા છે, છાતી, ઉદર, અને આંતરડાં છુંદાઇ ગયાં છે,

निपतंत उत्पतंतो विचेष्टमाना मही तले दीनाः ।
नेक्षंते त्रातारं नैरयिकाः कर्मपटलांधाः ॥ ३ ॥ (४७)

क्षुत्तृट्हिमान्युष्णभयार्दीतानां पराभियोग व्यसनातुराणाम् ।
अहो तिरश्चामतिदुःखितानां सुखानुषंगः किलवार्त्तमेतत् ॥ ४ ॥

मानुष्यकेऽपि दारिद्र्यरोगदौर्भाग्यशोकमुख्याणि ।
जातिकुलावयवादि न्यूनत्वं चाश्नुते प्राणी ॥ ५ ॥

देवेषु च्यवनवियोगदुःखितेषु क्रोधेर्ष्या मदमदनातितापितेषु ।
आर्या नस्तदिह विचार्य संगिरंतां यत्सौख्यं किमपि निवेदनीयमस्ति
॥ ६ ॥ इति । " ( ४८ )

" तथा दुःकुलजन्मप्रशस्तिरिति । " दुःकुलेषु शकयवनशबरबर्वरादिसंबंधिषु यज्जन्म असदाचाराणां प्राणिनां प्रादुर्भावः तस्य प्रशस्तिः

અને આંખોના ડોળા ફુટી ગયા છે. એથી દુઃખ વડે પીડિત થઇ પૃથ્વી ઉપર દીન થઇ તરફડતા ઉછળતા અને ચેષ્ટા કરતા નારકીના જીવો કર્મના પડળથી અંધ થઇ પોતાના રક્ષકને જોઇ શકતા નથી. [ ૪૭ ] ક્ષુધા, તૃષા, બરફ, ગરમી, અને ભયથી પીડિત અને બીજાને અભિયોગ—તાબે થવાના દુઃખથી આતુર એવા અતિ દુઃખી તિર્યંચને સુખ મળવાની તો વાર્તાજ સમજવી. મનુષ્યપણામાં પણ પ્રાણી દારિદ્ર, રોગ, દુર્ભાગ્ય અને શોક તથા જાતિની, કુળની, અને અવયવની ન્યૂનતા પામે છે. ચવવું, અને વિયોગથી દુઃખી થતાં અને ક્રોધ, ઇર્ષ્યા, મદ, અને કામથી અતિ પરિતાપ પામતા એવા દેવતાઓમાં પણ હે આર્ય ! વિચારીને કહો કે, જે કાંઈ પણ તેમાં નિવેદન કરવા યોગ્ય સુખ છે. [ ૪૮ ]

" નઠારા કુળમાં જન્મ થાય, તેની પ્રજ્ઞાપના કરવી. " દુષ્કુળ એટલે શક, યવન, શબર ( ભીલ ) બર્બર વિગેરે નઠારાં કુળ તેમાં જન્મ એટલે સદાચાર વગરનાં પ્રાણીઓનો અવતાર, તેની પ્રજ્ઞાપના કરવી. તેવા કુળમાં ઉત્પન્ન થયેલાને કેવી રીતે

प्रज्ञापना कार्या । ( ४९ ) तत्र चोत्पन्नानां किमित्याह । " दुःखपरंपरानिवेदनमिति । " दुःखानां शारीर मानसा शर्मलक्षणानां परंपरा प्रवाहस्तस्या निवेदनं प्ररूपणं यथा— असदाचारपारवश्याज्जीवा दुःकुलेषुत्पद्यन्ते तत्र चा सुंदरवर्णरसगंधस्पर्शशरीरभाजां तेषां दुःखानिराकरणनिबंधनस्य धर्मस्य स्वप्नेऽप्यनुपलंभाद्धिंसानृतस्तेया शुद्धकर्मप्रवणानां नरकादिफलः पापकर्मोपचय एव संपद्यते तदभिभूतानां इह परत्र चाव्यवच्छिनानुबंधा दुःखपरंपरा प्रसूयते ( ५० ) । यदुच्यते ।

" कर्मभिरेव स जीवो विवशः संसारचक्रमुपयाति ।
द्रव्यक्षेत्राद्वा भावभिन्नभावर्त्तते बहुशः ॥ १ ॥ " ( ५१ )

" तथा उपायतो मोहनिंदेति । " उपायतः उपायेनानर्थप्रधानानां मूढपुरुषलक्षणानां प्रपंचनरूपेण मोहस्य मूढताया निंदा अनादरणीयता-

---

પ્રજ્ઞાપના કરવી ? ( ૪૯ ) તે કહે છે.

" દુઃખની પરંપરાની પ્રરૂપણા કરવી. " દુઃખ એટલે શરીર તથા મનની પીડાઓ, તેમની પરંપરા એટલે પ્રવાહ તેની પ્રરૂપણા કરવી. જેમકે— " અસદાચારને પરવશ થવાથી જીવ નઠારા કુળમાં ઉત્પન્ન થાય છે, તે કુળમાં નઠારાં વર્ણ, રસ, ગંધ, સ્પર્શ અને શરીરને પ્રાપ્ત થયેલા જીવોને દુઃખને નિરાકરણ કરનાર ધર્મની સ્વપ્નામાં પણ પ્રાપ્તિ થતી નથી, અને તેથી હિંસા, મૃષાવાદ, ચોરી પ્રમુખ અશુદ્ધ કર્મમાં પ્રવીણ થતાં તેઓને નરકાદિકનું ફળ આપનાર પાપ કર્મનોજ વધારો થાય છે. તે પાપ કર્મના વધારાથી પરાભવ પામેલા તે જીવોને આલોક અને પરલોકમાં અવ્યવચ્છિન્ન એવી દુઃખની પરંપરા ઉત્પન્ન થાય છે. [ ૫૦ ] કહ્યું છે કે, " તે જીવ કર્મને પરવશ થઈ, આ સંસારચક્રમાં આવે છે, અને તે ભાવથી ભિન્નપણે દ્રવ્ય અને ક્ષેત્રથી બહુ વાર તેમાં આવર્ત્તન કર્યા કરે છે. " [ ૫૧ ]

" ઉપાયથી મોહની નિંદા કરવી. " ઉપાય એટલે અનર્થ જેમને પ્રધાન છે, એવા મૂઢ પુરૂષનાં લક્ષણને વિસ્તારથી જણાવવારૂપ ઉપાય તે વડે મોહ એટલે મૂઢતાની

ख्यापनेति । ( ५२ ) यथा ।

" अमित्रं कुरुते मित्रं मित्रं द्विष्टि हिनस्ति च ।
कर्म चारभते दुष्टं तमाहुर्मूढचेतसम् ॥ १ ॥
अर्थवंत्युपपन्नानि वाक्यानि गुणवंति च ।
नैव मूढो विजानाति मुमुर्षुरिव भैषजम् ॥ २ ॥
संप्राप्तं पंडितः कृच्छ्रं पूजया प्रतिबुध्यते ।
मूढस्तु कृच्छ्रमासाद्य शिलेवांभसि मज्जति ॥ ३ ॥" ( ५३ )

अथवोपायतो मोहफलोपदर्शनद्वार लक्षणान्मोहनिंदा कार्येति । यथा ।

" जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुताम् ।
वीक्षमाणा अपि भुवं नोद्विजंत्यपि मोहतः ॥ १ ॥ ( ५४ )
धर्मबीजं परं प्राप्य मानुष्यं कर्मभूमिषु ।
न सत्कर्मकृषावस्य प्रयतंतेऽल्पमेधसः ॥ २ ॥

---

નિંદા કરવી, તે પ્રત્યે અનાદર કરવો. ( ૫૨ ) જેમકે, " અમિત્રને મિત્ર કરે, મિત્રનો દ્વેષ અને નાશ કરે, અને દુષ્ટ કર્મનો આરંભ કરે, તે મૂઢ હૃદયવાળો પુરૂષ કહેવાય છે. મરવા ઇચ્છનાર માણસ જેમ ઔષધને જાણતો નથી, તેમ મૂઢ પુરૂષ અર્થવાળા, ઘટે તેવા અને ગુણ ભરેલાં વાક્ય જાણતો નથી. પંડિત માણસ આવી પડેલાં કષ્ટને પૂજા વડે સમજી લે છે, અને મૂઢ પુરૂષ કષ્ટ પ્રાપ્ત થવાથી જળમાં પથ્થરની શિલાની જેમ ડુબી જાય છે. ( ૫૩ )

અથવા ઉપાય એટલે મોહના ફળનાં દર્શનનું દ્વાર, તેથી મોહની નિંદા કરવી." જેમકે, જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, રોગ અને શોક વિગેરેથી ઉપદ્રવ પામતી પૃથ્વીને જોતાં છતાં માણસ મોહથી ઉદ્વેગ પામતા નથી. ( ૫૪ ) આ કર્મ ભૂમિમાં ધર્મનું બીજરૂપ ઉત્તમ માનુષ્યત્વ પ્રાપ્ત કર્યા છતાં અલ્પ બુદ્ધિવાળા [ મૂઢ ] પુરૂષો એ ધર્મ બીજની સત્કર્મરૂપ ખેતી કરવામાં પ્રયત્ન કરતા નથી. [ એની એટલે એ ધર્મ બીજની એમ લેવું. ] મત્સ્ય

अस्येति धर्मबीजस्य ।

बडिशामिषवत्तुच्छे कुसुखे दारुणोदये ।

सक्तास्त्यजंति सच्चेष्टां धिगहो दारुणं तमः ॥ ३ ॥ इति ( ५५ )"

" तथा सद्ज्ञानप्रशंसनमिति । " सद् अविपर्यस्तं ज्ञानं यस्य स सद्ज्ञानः पंडितो जनः तस्य सतो वा ज्ञानस्य विवेचन लक्षणस्य प्रशंसनं पुरस्कार इति । यथा– " तन्नेत्रैस्त्रिभिरीक्षते न गिरिशो नो पद्मजन्माष्टभिः स्कंदो द्वादशभिर्नवा न मघवा चक्षुः सहस्रेण च । संभूयापि जगत्त्रयस्य नयनैस्तद्वस्तु नो वीक्ष्यते प्रत्याहृत्यदृशः समाहितधियः पश्यंति यत्पंडिताः ॥ १ ॥ " ( ५६ ) इति । तथा ।

" ना प्राप्यमभिवांछंति नष्टंनेच्छंति शोचितुम् ।

आपत्सु च न मुह्यंति नराः पंडित बुद्धयः ॥ १ ॥

न हृष्यत्यात्मनो मानेनापमाने च रुष्यति ।

गांगो ह्रद इवाक्षोभ्यो यः स पंडित उच्यते ॥ २ ॥ "

---

મારવાના કાંટા જેવા તુચ્છ અને દારૂણ–ભયંકર ઉદયવાળા નઠારા સુખમાં આસકત થએલા પુરૂષો સત્–સારી [ અથવા સત્પુરૂષની ] ચેષ્ટા છોડી દે છે. તેમના એ દારૂણ તમ–મોહાંધકારને ધિક્કાર છે. " [ ૫૫ ]

" સત્ જ્ઞાનની અથવા સદ્જ્ઞાની પંડિતની પ્રશંસા કરવી. " સત્ એટલે યથાર્થ જેમનું જ્ઞાન છે, એવા પંડિત જન અથવા સત્ જ્ઞાન એટલે વિવેચનરૂપ જ્ઞાનની પ્રશંસા કરવી. જેમકે, " અપ્રતિહત દ્રષ્ટિવાળા અને સમાધિવાળી બુદ્ધિએ યુકત એવા પંડિત પુરૂષો જે વસ્તુ જુએ છે, તેને શંકર ત્રણ નેત્રોથી, બ્રહ્મા આઠ નેત્રોથી, કાર્તિકેય બાર નેત્રથી, અને ઇંદ્ર હજાર નેત્રોથી તેમજ ત્રણ જગતનાં એકઠાં થયેલાં નેત્રોથી તે વસ્તુ જોઇ શકતા નથી. " [ ૫૬ ] જે અપ્રાપ્ય વસ્તુને ઇચ્છતા નથી, નાશ પામેલી વસ્તુનો શોક કરવા ઇચ્છતા નથી, અને આપત્તિમાં મુંઝાતા નથી, તે પુરૂષો ખરેખરા પંડિત બુદ્ધિવાળા છે. જે પોતાનું માન થતાં હર્ષ પામે નહીં, અને અપમાન થતાં કોપ પામે નહીં, તેમજ ગંગા નદીના ધ્રોની જેમ ક્ષોભ પામે નહીં, તે પંડિત કહેવાય છે.

" तथा पुरुषकारसत्कथेति । " पुरुषकारस्योत्साहलक्षणस्य सत्कथा माहात्म्यप्रशंसनं यथा– " दुर्गो तावदियं समुद्रपरिखा तावन्निरालंबनं व्योमैतन्ननु तावदेव विषमः पातालयात्राक्रमः दत्वा मूर्द्धनिपादमुद्यमभिदो दैवस्य कीर्त्तिप्रियैर्वीरैर्यावदहो न साहसतुलामारोप्यते जीवितम् ॥ १ ॥ " तथा । " विहायपौरुषं कर्म यो दैवमनुवर्त्तते । तद्विनश्यति तं प्राप्य क्लीबंपतिमिवांगना " ॥ २ ॥ " तथा वीर्यर्द्धिवर्णनमिति " वीर्यर्द्धेः प्रकर्षरूपायाः शुद्धाचारबललभ्यायाः तीर्थकरवीर्यपर्यवसानायाः वर्णनमिति । यथा । " मेरुं दंडंधरां छत्रं यत्केचित्कर्तुमीशते । तत्सदाचारकल्पद्रुफलमाहुर्महर्षयः " ॥ १ ॥ " तथा परिणते गंभीरदेशनायोग इति । " परिणते गंभीरायाः पूर्वदेशनापेक्षयाऽत्यंतसूक्ष्मायाः आत्मास्तित्वतद्बंधमोक्षादिकाया देशनाया योगो व्यापारः कार्यः । इदमुक्तं भवति यः पूर्वं

" પુરૂષાર્થના માહાત્મ્યની પ્રશંસા કરવી. " પુરૂષાર્થી એટલે ઉત્સાહી, તેના માહાત્મ્યની પ્રશંસા કરવી. જેમકે, " ઉદ્યમને તોડનારા દૈવ–નશીબના માથા ઉપર પગ દઇ કીર્ત્તિ પ્રિય એવા વીર પુરૂષો જ્યાં સુધી પોતાના જીવિતને સાહસ [ હિંમત ] ની તુલનામાં મુકે નહીં, ત્યાં સુધીજ આ સમુદ્રની ખાઇ દુર્ગમ છે, અને ત્યાં સુધી આકાશ ટેકા વગરનું છે, અને ત્યાં સુધીજ પાતાળની યાત્રા વિષમ છે. જે પુરૂષાર્થ છોડી દૈવ–નશીબને અનુસરે છે, તે પુરૂષાર્થ નપુંસક પતિને પ્રાપ્ત કરી, સ્ત્રીની જેમ તે પુરૂષને પ્રાપ્ત કરી, વિનાશ પામી જાય છે.

" વીર્યની સમૃદ્ધિનું વર્ણન કરવું. " વીર્યની સમૃદ્ધિ એટલે ઉત્કર્ષરૂપ શુદ્ધ આચારના બળથી લભ્ય એવી તીર્થંકરના વીર્ય સુધી પોહોંચે તેવી વીર્ય ઋદ્ધિ તેનું વર્ણન કરવું. જેમકે— " મેરૂ પર્વતનો દંડ અને પૃથ્વીનું છત્ર કરવાને જે કોઇ સમર્થ થાય છે, તે સદાચારરૂપ કલ્પવૃક્ષનું ફળ, એમ મહર્ષિઓ કહે છે. "

" પરિણામ થતાં ગંભીર દેશનાનો યોગ કરવો. " પરિણામમાં ગંભીર એટલે પૂર્વ દેશનાની અપેક્ષાએ સૂક્ષ્મ એવા આત્માનું અસ્તિત્વ, બંધ અને મોક્ષ વિગેરેને લગતી દેશનાનો યોગ એટલે વ્યાપાર કરવો. કહેવાની મતલબ એવી છે કે, પૂર્વે સાધારણ

साधारण गुणप्रशंसादिरनेकधोपदेशः प्रोक्त आस्ते स यदा तदाचारकर्म ह्रासातिशयादं गांगिभावलक्षणं परिणाममुपागतोभवति ( ५७ ) तदा जीर्णे भोजनमिव गंभीरदेशनायामसौ देशनार्होऽवतार्यत इति । अयं च गंभीरदेशनायोगो न श्रुतधर्मकथनमंतरेणोपपद्यत इत्याह । " श्रुतधर्मकथनमिति । " श्रुतधर्मस्य वाचनापृच्छनापरावर्त्तनानुपेक्षा धर्मकथन लक्षणस्य सकलकुशलकलापकल्पद्रुम विपुलालंवालकल्पस्य कथनं । ( ५८ ) यथा । " चक्षुष्मंतस्त एवेह ये श्रुतज्ञान चक्षुषा । सम्यक् सदैव पश्यंति भावान् हेयेतरान्नराः " ॥ १ ॥ अयं च श्रुतधर्मः प्रतिदर्शन मन्यथान्यथा प्रवृत्त इति नासावद्यापि तत्सम्यग्भावं विवेचयितुमलमित्याह । " बहुत्वात्परीक्षावतार इति " । तस्य हि बहुत्वाच्छ्रुतधर्माणां श्रुतधर्म इति शब्दसमा-

ગુણની પ્રશંસા વિગેરે અનેક રીતે જે ઉપદેશ કહ્યો હોય, તે ઉપદેશ જ્યારે તે આચારવાળા કર્મનો અતિશય હ્રાસ ( ઓછાપણું ) થવાથી અંગાગી ભાવ પરિણામને પામે છે. [ ૫૭ ] ત્યારે જીર્ણ પછી [ પચી ગયા પછી ] ભોજનની જેમ એ ઉપદેશને યોગ્ય એવા પુરૂષને ગંભીર-સૂક્ષ્મ દેશનામાં ઉતારવો. આ ગંભીર દેશનાનો યોગ શ્રુત-શાસ્ત્રનાં ધર્મનાં કથન શિવાય થતો નથી, તે કહે છે—

" શ્રુત-શાસ્ત્ર ધર્મનું કથન કરવું. " શ્રુત ધર્મ એટલે વાચના, પૃચ્છના ( પુછવું ) પરાવર્ત્તન [ આવર્ત્તન કરવું ] અને અનુપેક્ષા ( તે તરફ બેદરકારી ન રાખવી ) રૂપ ધર્મનું કથન કે જે સર્વ કુશળ સમૂહરૂપ કલ્પવૃક્ષમાં ક્યારા સમાન છે, તેનું કથન કરવું. [ ૫૮ ] જેમકે— " જે શ્રુત-શાસ્ત્ર જ્ઞાનરૂપ ચક્ષુથી ગ્રહણ કરવા યોગ્ય ભાવને સર્વદા સારી રીતે તે જુવે છે, તેજ આલોકમાં ચક્ષુવાળા છે. " આ શ્રુત ધર્મ પ્રત્યેક દર્શનમાં જુદી જુદી રીતે પ્રવર્ત્તેલો છે, તેથી તે અદ્યાપિ સારી રીતે વિવેચન કરી શકાય તેમ નથી, તેથી કહે છે—

" શ્રુત ધર્મ ઘણી રીતે પ્રવર્ત્યો છે, તેથી તેની પરીક્ષા કરવી. " તે શ્રુત ધર્મ ઘણો છે, એટલે શ્રુત ધર્મ એ શબ્દની સમાનતાથી બુદ્ધિ છેતરાય તેવું છે, માટે તેની

नतया विप्रलब्धबुद्धेः परीक्षायां त्रिकोटि परिशुद्धिलक्षणायां श्रुतधर्मसंबंधिन्यामवतारः कार्यः । अन्यत्राप्यवाचि । ( ५९ ) " तं शब्द मात्रेण वदंति धर्मं विश्वेपि लोका न विचारयंति । स शब्दसाम्येऽपि विचित्रभेदैर्विभिद्यते क्षीरमिवार्जुनीयम् ॥ १ ॥ लक्ष्मीं विधातुं सकलां समर्थं सुदुर्लभं विश्वजनीनमेनं । परीक्ष्य गृह्णंति विचारदक्षाः सुवर्णं वद्वंचनभीतचित्ताः ॥ २ ॥ इति । " परीक्षोपायमेवाह । ( ६० ) कषादि प्ररूपणेति " । यथा सुवर्णमात्रसाम्येन तथा विधमुग्धलोकेष्वविचारेणैव शुद्धाशुद्धरूपस्य सुवर्णस्य प्रवृत्तौ कषच्छेदतापाः परीक्षणाय विचक्षणैराद्रियंते तथा त्रापि श्रुतधर्मे परीक्षणीये कषादीनां प्ररूपणेति । कषादीनेवाह । " विधिप्रतिषेधौ कष इति । " विधिरविरुद्धकर्त्तव्यार्थोपदेशकं वाक्यं यथा—" स्वर्गकेवलार्थिना तपोध्यानादि कर्त्तव्यं समितिगुप्तिशुद्धा क्रिया "

---

ત્રિકોટી [ ત્રણ રીતે ] શુદ્ધિરૂપ શ્રૃત ધર્મ સંબંધી પરીક્ષામાં ઉતરવું, તે વિષે બીજે પણ કહેલું છે. [ ૫૯ ] " ધર્મને શબ્દ માત્રથી બધા લોકો કહે છે, પણ તેઓ વિચારતા નથી. તે ધર્મ શબ્દથી સમાન છે, પણ અર્જુન [ આંજણીયા ] વૃક્ષના દૂધની જેમ વિચિત્ર ભેદથી તેના ભેદ થાય છે. છેતરવાથી જેમનું ચિત્ત ભય પામેલું છે, એવા પુરૂષો જેમ સુવર્ણને પરીક્ષા કરી લે છે, તેમ વિચારદક્ષ પુરૂષો સર્વ લક્ષ્મીને કરવા સમર્થ, દુર્લભ અને સર્વ જનના હિતકારી એવા ધર્મને ગ્રહણ કરે છે. " હવે તેની પરીક્ષાનો ઉપાય કહે છે— ( ૬૦ )

" કષ–કસોટી વિગેરેની પ્રરૂપણા કરવી. " જેમ સુવર્ણ એવા સરખા નામથી તેવા મુગ્ધ-ભોળા લોકોમાં અવિચારથી શુદ્ધ અશુદ્ધ એવા સુવર્ણની પ્રવૃત્તિ થાય છે, તેથી વિચક્ષણ પુરૂષો તે સુવર્ણની પરીક્ષા કરવા માટે કષ–કસોટી, છેદ અને તાપનો ઉપયોગ કરે છે, તેમ પરીક્ષા કરવા યોગ્ય એવા આ શ્રૃત ધર્મમાં કસોટી વિગેરેની પ્રરૂપણા કરવી. તે કસોટી વિગેરે કહે છે—

" વિધિ અને પ્રતિષેધ–તે શ્રૃત ધર્મની કસોટી છે. " વિધિ એટલે અવિરૂદ્ધ એવા કર્ત્તવ્ય અર્થનો ઉપદેશ કરનારૂં વાક્ય. જેમકે, કેવળ જ્ઞાન તથા સ્વર્ગના અર્થીએ

इत्यादि । " प्रतिषेधः पुनर्नहिंस्यात्सर्वभूतानि नानृतं वदेत् " इत्यादि । ततो विधिश्च प्रतिषेधश्च विधिप्रतिषेधौ । किमित्याह कषः सुवर्णपरीक्षायामिव कषपट्टकरेखा इदमुक्तं भवति–यत्रधर्मे उक्तलक्षणो विधिः प्रतिषेधश्च पदे पदे सुपुष्कल उपलभते सधर्मः कषशुद्धः ( ६१ ) न पुनरन्यधर्मस्थिताः सत्वा असुरा इव विश्णुना उच्छेदनीयाः तेषां हि वधे दोषो न विद्यते इत्यादिक वाक्यगर्भ इति । " छेदमाह । तत्संभवपालनाचेष्टोक्तिः छेद इति " तयोर्विधिप्रतिषेधयोरनाविर्भूतयोः संभवः प्रादुर्भूतयोश्च पालना रक्षा रूपा तत तत्संभवपालनार्थं या चेष्टा भिक्षाटनादिबाह्यक्रियारूपा तस्या उक्तिः छेदः । ( ६२ ) यथा कषशुद्धावप्यंतरामशुद्धिमाशंकमानाः सौवर्णिकाः सुवर्ण गोलिकादे छेदमाद्रियंते तथा कषशुद्धावपि धर्मस्य छेदमपेक्षंते स

---

તપ ધ્યાન વિગેરે કરવા તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી શુદ્ધ એવી ક્રિયા કરવી. ઇત્યાદિ પ્રતિષેધ એટલે નિષેધનો ઉપદેશ કરનારૂં વાક્ય. જેમકે, " સર્વ પ્રાણી માત્રની હિંસા કરવી નહીં, અસત્ય બોલવું નહીં, ઇત્યાદિ તે વિધિ અને પ્રતિષેધ તે શ્રુત ધર્મની પરીક્ષામાં કસોટીરૂપ છે. જેમ સુવર્ણની પરીક્ષામાં કસોટીની રેખા છે, તેમ કહેવાની મતલબ એવી છે કે, જે ધર્મમાં પૂર્વોક્ત લક્ષણવાળા વિધિ તથા પ્રતિષેધ પદે પદે પુષ્કળ મળે, તે કષ-કસોટી શુદ્ધ ધર્મ છે. ( ૬૧ ) અન્ય ધર્મમાં રહેલાં પ્રાણીઓ વિષ્ણુને જેમ અસુરો ઉચ્છેદ કરવા યોગ્ય છે, તેમ તે ઉચ્છેદ કરવા યોગ્ય છે, તેમનો વધ કરવામાં દોષ નથી. ઇત્યાદિ વાક્યવાળો ધર્મ કસોટી શુદ્ધ કહેવાતો નથી. હવે છેદ કહે છે—

" તે વિધિ અને પ્રતિષેધ ન થયા હોય તો તેમનો સંભવ અને થયા પછી તેમનું પાલન—તે સંભવ અને પાલનની ચેષ્ટા કહેવી. " તે વિધિ નિષેધ ન થયા હોય તો તેનો સંભવ અને થયા પછી તેમનું પાલન—રક્ષણ તે સંભવ અને પાલનને માટે જે ચેષ્ટા એટલે ભિક્ષાટન વિગેરે બાહ્ય ક્રિયારૂપ ચેષ્ટા તેનું કથન, તે છેદ કહેવાય છે. ( ૬૨ ) જેમ સોની લોકો કસોટીની શુદ્ધિ થઇ હોય તે છતાં અંદર અશુદ્ધિની શંકા કરતાં તે સુવર્ણની ગોળી [ લગડી ] વિગેરેનો છેદ કરવા આદર કરે છે, તેમ ધર્મની કસોટીથી શુદ્ધિ થઇ હોય પણ તે છેદરૂપ શુદ્ધિની અપેક્ષા કરે છે. તે છેદ બાહેરની શુદ્ધ ચેષ્ટારૂપ

च छेदो विशुद्धबाह्यचेष्टारूपो विशुद्धा च चेष्टा सा यत्रासंतावपि विधि प्रतिषेधा वबाधितरूपौ स्वात्मानं लभेते लब्धात्मानौ चातीचारलक्षणोपचारविरहितौ उत्तरोत्तरां वृद्धिमनुभवतः ( ६३ ) सा यत्र धर्मे चेष्टा स प्रपंचा प्रोच्यते स धर्मः छेदशुद्ध इति । यथा कषछेदशुद्धमपि सुवर्णं तापसहमानं कालिकोन्मिलनदोषान्न सुवर्णभावमश्नुते एवं धर्मोऽपि सत्यामपि कषच्छेदशुद्धौ ताप परीक्षायामनिर्वहमाणो न स्वभावमासादयत्यतस्तापं प्रज्ञापयन्नाह । " उभय निबंधनभाववादस्ताप इति । " उभयोः कषच्छेदयोरनंतरमेवोक्तरूपयोर्निबंधनं परिणामि किमित्याह । तापः ( ६४ ) अत्र श्रुतधर्मपरीक्षाधिकारे इदमुक्तं भवति यत्र शास्त्रे द्रव्यरूपतया प्रच्युतानुत्पन्नः पर्यायात्मकतया च प्रतिक्षणमपरापरस्वभावास्कंदनेनानित्यस्व-

જાણવો. તે બાહેરની શુદ્ધ ચેષ્ટા તેનું નામ કે જેમાં વિધિ નિષેધરૂપને બાધિત કર્યા વગર પોતાના આત્મા સ્વરૂપને તે પ્રાપ્ત કરે છે, અને સ્વરૂપ પ્રાપ્ત કર્યા પછી અતિચારરૂપ ઉપચારથી રહિત થઇ ઉત્તરોત્તર વૃદ્ધિને અનુભવે છે. [ ૬૩ ] એવી ચેષ્ટા જે ધર્મમાં સવિસ્તર કહેવામાં આવે, તે ધર્મ છેદની પરીક્ષામાં શુદ્ધ સમજવો. જેમ સુવર્ણ કસોટી અને છેદની પરીક્ષાથી શુદ્ધ થયું હોય પણ જો તે તાપને સહન ન કરે તો અર્થાત્ તપાવવાની પરીક્ષામાં બરાબર ન ઉતરે તો તેમાં કાળાશને દોષ રહેવાથી તે બરાબર સુવર્ણત્વ પ્રાપ્ત કરતું નથી. એમ ધર્મ પણ કસોટી અને છેદની પરીક્ષામાં શુદ્ધ ઠર્યો હોય પણ જો તે તાપની પરીક્ષામાં ન ઉતરે તો તે પોતાના ધર્મત્વ ભાવને પામતો નથી. તેથી તાપની પરીક્ષા કહે છે.

" કસોટી અને છેદની પરીક્ષાનો પરિણામી ભાવ કહેવો તે તાપ કહેવાય છે. " ઉભય એટલે કસોટી અને છેદની પરીક્ષા કે જેનું સ્વરૂપ ઉપર કહેવામાં આવ્યું છે, તેના પરિણામી ભાવને કહેવો તે તાપ કહેવાય છે. [ ૬૪ ] આ શ્રુત ધર્મની પરીક્ષાના અધિકારમાં કહેવાની મતલબ એવી છે કે, જે શાસ્ત્રમાં જીવાદિ પદાર્થ દ્રવ્યરૂપે ચવીને ઉત્પન્ન નહીં થયેલ અને પર્યાયરૂપે પ્રત્યેક ક્ષણે બીજા બીજા સ્વભાવ ઉપજવાથી અનિત્ય સ્વભાવી કહેવામાં આવે તે શ્રુત ધર્મની તાપની પરીક્ષામાં શુદ્ધિ સમજવી. કારણકે, પરિણામી

भावो जीवादि रवस्थाप्यते स्या त्तत्र तापशुद्धिः यतः परिणामिन्येवात्मादौ तथाविधाशुद्धपर्यायनिरोधेन ध्यानाध्ययनाद्यपरशुद्धपर्यायप्रादुर्भावादुक्तलक्षणः कषो बाह्यचेष्टाशुद्धिलक्षणश्च छेद उपपद्यते न पुनरन्यथेति । ( ६५ ) एतेषां मध्यात्को बलीयानितरो वेति प्रश्ने यत्कर्त्तव्यं तदाह । " अमीषामंतरदर्शनमिति " । अमीषां त्रयाणां परीक्षा प्रकाराणां परस्परमंतरस्य विशेषस्य समर्थासमर्थरूपस्य दर्शनं कार्यमुपदेशकेन तदेव दर्शयति । " कषच्छेदयोरयत्न इति " । कषच्छेदयोः परीक्षाक्षमत्वेनादरणीयतायामयत्नोऽतात्पर्यं मतिमतामिति कुत इत्याह । " तद्भावेऽपितापानावेऽभाव इति " । तयोः कषच्छेदयोः भावः सत्ता तद्भावः तस्मिन् किंपुनरतद्भाव इत्यपिशब्दार्थः किमित्याह । तापाभावे उक्त लक्षण तापविरहे अभावः

( રૂપાંતર પામનારા ) આત્માદિ પદાર્થને વિષે તેવા અશુદ્ધ પર્યાયનો નિરોધ કરવાથી ધ્યાન અધ્યયનાદિ બીજા શુદ્ધ પર્યાય પ્રગટ થતાં જેનું લક્ષણ કહેવામાં આવ્યું છે, એવી કસોટી અને બાહેરની ચેષ્ટાની શુદ્ધિરૂપ છેદ ઉત્પન્ન થાય તે સિવાય થાય નહીં. [ ૬૫ ] એ કષ, છેદ અને પરિતાપની અંદર બલવાન કોણ ? અને બીજો કોણ ? એવો પ્રશ્ન થતાં જે કર્ત્તવ્ય હોય તે કહે છે.

" એ કષ, છેદ અને તાપમાં તફાવત હોય તે ઉપદેશકે બતાવવો. " એ પરિક્ષાના ત્રણ પ્રકાર છે, તેમાં પરસ્પર જે વિશેષ એટલે સમર્થ કે અસમર્થ હોય તેનું ઉપદેશકે દર્શન કરાવવું. તે દર્શાવે છે.

" કસોટી અને છેદ એ બે પરીક્ષામાં યત્ન ન કરવો. " કસોટી અને છેદ એ બે પરીક્ષા સમર્થ નથી, તેથી તેમાં આદર કરવામાં અયત્ન એટલે બુદ્ધિમાન પુરૂષોને યત્ન કરવામાં કાંઇ તાત્પર્ય નથી. શા માટે તાત્પર્ય નથી ? તે કહે છે.

" તે કસોટી અને છેદ કર્યા હોય પણ તાપને અભાવે તેનો અભાવજ છે. " તે કસોટી અને છેદનો ભાવ એટલે સત્તા હોય, જ્યારે સત્તા ન હોય તો પછી શું કામનું ? એ અપિ શબ્દનો અર્થ છે. તે છતાં જો તાપ જેનું લક્ષણ ઉપર કહેવામાં આ-

परमार्थतोऽसत्त्वैव परीक्षणीयस्य न हि ( ६६ ) तापे विघटमानं हेम कषच्छेदयोः सतोरपि स्वं स्वरूपं प्रतिपत्तुमलं जातिसुवर्णत्वात्तस्य एतदपि कथमित्याह । " तच्छुद्धौ हि तत्साफल्यमिति " । तच्छुद्धौ तापशुद्धौ हिर्यस्मात्तत्साफल्यं तयोः कषच्छेदयोः सफलभावः तथाहि ध्यानाध्ययनादिकोऽर्थो विधीयमानः प्रागुपात्तकर्मनिर्जरणफलः हिंसादिकश्च प्रतिषिध्यमानो नव कर्मोपादाननिरोधफलः बाह्यचेष्टाशुद्धिश्चानयो रेवानाविर्भूतयोर्योगेनाविर्भूतयोश्च परिपालनेन फलवती स्यात् न चा परिणामिन्यात्मन्युक्तलक्षणौ कषच्छेदौ स्वकार्यं कर्त्तुं प्रभविष्णू स्यातामिति ( ६७ ) तयोस्तापशुद्धायेव सफलत्वमुपपद्यते न पुनरन्यथेति । ननु फलविकलावपि तौ भविष्यत इत्याह । " फलवंतौ च तौ ताविति " । उक्त लक्षणफलभाजौ संतौ पुनस्तौ कषच्छेदौ तौ वास्तवौ कषच्छेदौ भवतः स्व-

---

વ્યું છે, તેનો અભાવ હોય તો પછી ખરી રીતે પરીક્ષા કરવા યોગ્ય વસ્તુની અસત્તાજ છે. ( ૬૬ ) તાપની પરિક્ષામાં ફાટી ગયેલું સુવર્ણ કસોટી અને છેદની પરીક્ષામાં ઉતર્યું હોય તોપણ પોતાનું સ્વરૂપ મેળવવાને સમર્થ થતું નથી. અહીં શંકા થાય કે, તે જાતવાળા સોનાને એમ કેવી રીતે થાય ? તેના સમાધાનમાં કહે છે.

" તાપની શુદ્ધિ હોય તો તેમની સફળતા છે. " તાપની શુદ્ધિ હોય તો તે કસોટી અને છેદની સફળતા થાય છે. તે આ પ્રમાણે—ધ્યાન અધ્યયન વિગેરે અર્થ—કાર્ય કરવાથી તેનું ફળ પૂર્વે ઉપાર્જન કરેલા કર્મ નિર્જરારૂપ થાય છે, અને હિંસા વિગેરે નિષેધવાથી તેનું ફળ નવા કર્મના મૂળ કારણને રોકવારૂપ થાય છે, અને બાહેરની ચેષ્ટાની શુદ્ધિ એ બંને [ ધ્યાનાધ્યયનનું આચરણ અને હિંસાદિકનો નિષેધ ] ન થયા હોય તો તેનો યોગ કરવાથી અને થયા હોય તો તેનું પાલન કરવાથી સફળ થાય છે. એ આત્માનો પરિણામ ( રૂપાંતર ) થયા વગર તે કસોટી અને છેદ કે જેનાં લક્ષણ આગળ કહેલાં છે, તે પોતાનું કાર્ય કરવાને સમર્થ થતાં નથી. [ ૬૭ ] તે કસોટી અને છેદનું સાફલ્ય તો તાપની શુદ્ધિમાંજ રહેલું છે, તે સિવાય નહીં. અહીં શંકા થાય કે, તે કસોટી અને છેદ ફળ વિનાના થશે તો શું કરવું ? તે માટે કહે છે—

साध्यक्रियाकारिणि हि वस्तुनि वस्तुत्वमुशंति संतः । विपक्षे बाधामाह । " अन्यथा याचितकमंडनमिति " ( ६८ ) अन्यथा फलविकलौ संतौ वस्तु परीक्षाधिकारे समवतारि तावपि तौ याचितकमंडनं द्विविधं ह्यलंकारफलं निर्वाहे सति परिशुद्धाभिमानिक सुखजनिका स्वशरीर शोभा कथंचिन्निर्वहणाभावे च तेनैव निर्वाहः न च याचितकमंडने एतद्द्वितयमप्यस्ति परकीयत्वात्तस्य ततो याचितकमंडन मिव याचितकमंडनं इदमुक्तं भवति द्रव्यपर्यायोभयस्वभावे जीव कषच्छेदौ निरुप चरिततयोपष्टयाप्यमानौ स्वफलं प्रत्यवंध्यसामर्थ्याविव स्यातां नित्याद्येकांतवादेतु स्ववाद शोभार्थं तद्वादिभिः कल्पमाणावप्येतौ याचितकमंडनाकारौ प्रतिभासेते न पुनः

---

" તે કસોટી અને છેદ ફળવાળા હોય તોજ વાસ્તવિક થાય છે. " જેનું લક્ષણ કહેલું છે, એવા ફળવાળા તે કસોટી અને છેદ હોય તો તે ખરેખરા વાસ્તવિક કષચ્છેદ થાય છે. સત્પુરૂષો પોતાને સાધ્ય એવી ક્રિયાને કરનારી વસ્તુમાંજ તેનું વસ્તુપણું ઇચ્છે છે. જો તેમ ન હોય તો જે બાધ આવે તે કહે છે—

" જો તે કસોટી અને છેદ નિષ્ફળ હોય તો તે માગી લાવેલા આભૂષણ જેવા છે. " ( ૬૮ ) અન્યથા એટલે જો તે કષચ્છેદ નિષ્ફળ હોય તો તે વસ્તુની પરીક્ષામાં ઉતર્યા હોય તથાપિ તે માગી લાવેલા આભૂષણ જેવા છે. આભૂષણ—અલંકારનું ફળ બે પ્રકારનું છે. જો પોતાનો નિર્વાહ થતો હોય તો અભિમાન સંબંધી સુખને ઉત્પન્ન કરનારી પોતાના શરીરની શોભા મળે તે ફળ અને જો કોઇ રીતે પોતાનો નિર્વાહ ન થતો હોય તો તે અલંકાર વડે નિર્વાહ થઇ શકે, તે બીજું ફળ. આ બંને ફળ માગી લાવેલા અલંકારમાં હોતા નથી. કારણકે, તે પારકું છે, તેથી માગી લાવેલું આભૂષણ તે તો માગી લાવેલુંજ ગણાય. આ ઉપરથી એમ સમજવું કે, દ્રવ્ય અને પર્યાય—એ ઉભય સ્વભાવવાળા જીવની પરીક્ષામાં કસોટી અને છેદ નિરૂપચરિતપણે લાગુ કર્યા હોય તો તે પોતાના ફળ પ્રત્યે સફળ સામર્થ્યવાળા થાય છે, અને ' જીવ નિત્ય છે, ' ઇત્યાદિ એકાંતવાદમાં તે મતના વાદીઓ પોતાના વાદની શોભા માટે એ કષ અને છેદની પરીક્ષા કલ્પે, પણ તે બંને તેમાં માગી લાવેલા આભૂષણ જેવા જણાય છે, એટલે પોતાનું કાર્ય

स्वकार्यं कराविति ( ६९ ) आह अवगतं यथा कषच्छेदतापशुद्धः श्रुतधर्मो ग्राह्यः परं किंप्रणेतृकोऽसौ प्रमाणमिति व्यतिरेकतः साधयन्नाह । " नातत्ववेदिवादः सम्यग्वाद इति " न नैव अतत्ववेदिनः साक्षादेव वस्तुतत्त्वमज्ञातुं शीलस्य पुरुषविशेष स्यार्वागदर्शिन इत्यर्थः वादो वस्तुप्रणयनमतत्ववेदिवादः । ( ७० ) किमित्याह सम्यग्वादो यथावस्थितार्थवादः साक्षादवीक्षमाणेन हि प्रमात्रा प्रोक्तं जात्यंधचित्रकनरालिखितचित्रकर्मवत् यथावस्थितरूपविसंवादेना समंजसमेव शास्त्रं स्यादिति कथं तद्भाषितं वस्तु अविपरीतरूपतां प्रतिपत्तु मुत्सहते इति । सम्यग्वादताय । एवोपायमाह । " बंधमोक्षो पपत्ति तस्तच्छुद्धिरिति " बंधोमिथ्यात्वादिहेतुभ्यो जीवस्य कर्मपुद्गलानां च वह्न्ययः पिंडयोरिव क्षीरनीरयोरिवा परस्परमविभाग परिणामे नावस्थानं मोक्षः पुनः सम्यग्दर्शनज्ञानचारित्रेभ्यः कृ-

---

કરનારા થતા નથી ( ૬૯ )

અહિં શંકા થાય કે, આ ઉપરથી જાણવામાં તો આવ્યું કે, કષ, છેદ અને તાપથી શુદ્ધ એવો શ્રુત ધર્મ ગ્રાહ્ય છે, પણ તે કોણે રચેલો હોય, તે પ્રમાણ ગણાય ? તેને વ્યતિરેક ( અભાવ ) થી સાધતાં કહે છે.

" જે અતત્વવેદીનો વાદ હોય, તે સમ્યગ્વાદ કહેવાતો નથી. " અતત્વવેદી એટલે સાક્ષાત્ વસ્તુ તત્વને જાણવાના સ્વભાવવાળો ન હોય તે. અર્થાત્ આગળ જોનારો ન હોય તેવો પુરૂષ. તેનો વાદ એટલે વસ્તુનું યથાર્થ કથન તે અતત્વવેદિ વાદ કહેવાય છે. ( ૭૦ ) તે અતત્વવેદી વાદ શું ન કહેવાય ? તે કહે છે. તે સમ્યગ્ વાદ ન કહેવાય. સમ્યગ્ વાદ એટલે જેવી હોય, તેવી યથાર્થ વસ્તુનો વાદ, તે નથી. સાક્ષાત્ વસ્તુને નહીં જોનારો પ્રમાતા [ પ્રમાણ કર્તા ] એ કહેલું શાસ્ત્ર જાતિથી અંધ એવા ચિત્રકારે આલેખેલા ચિત્ર કર્મની જેમ યથાર્થ રૂપનું ( વસ્તુનું ) નિર્માણ ન થવાથી અયોગ્ય થાય છે. તેવા પ્રમાતાએ કહેલ વસ્તુ અવિપરીતરૂપ પ્રતિપાદન કરવાને કેમ સમર્થ થાય ? હવે સમ્યગ્વાદપણાનોજ ઉપાય કહે છે.

र्मणामत्यंतोच्छेदः ततो बंधश्च मोक्षश्च बंधमोक्षौ तयोरुपपत्तिर्घटना तस्याः सकाशात् शुद्धिः वस्तुवादनिर्मलता चिंतनीया ( ७१ ) इदमुक्तं भवति यस्मिन् सिद्धांते बंधमोक्ष योग्य आत्मा तैस्तैर्विशेषैर्निरूप्यते स सर्ववेदि पुरुषप्रतिपादित इति कोविदैर्निश्चीयत इति । इयमपि बंधमोक्षोपपत्तिर्यथा पुज्यते तथाह । " इयं बध्यमान बंधनभावे इति " इयं बंधमोक्षोपपत्तिः बध्यमानस्य च बंधनस्य च वक्ष्यमाणस्य भावे सद्भावे सति भवति कुत इत्याह । " कल्पनामात्र मन्यथेति " यस्मात्कारणादियं कल्पनैव केवलावितथार्थं प्रतिभासरूपा न पुनस्तत्र प्रतिभासमानोऽर्थोऽपीति कल्पनामात्र मन्यथा मुख्यबध्यमान बंधनयोरभावे वर्त्तते इति । बध्यमान बंधन

---

" બંધ અને મોક્ષની ઘટનાથી તે વસ્તુવાદની શુદ્ધિ છે. " મિથ્યાત્વાદિ હેતુઓથી અગ્નિ, અને લોઢાના પિંડની જેમ અથવા દુધ, અને પાણિની જેમ જીવ, અને કર્મના પુદ્ગળોને પરસ્પર વિભાગ ન થાય તેવા પરિણામે રહેવું, તે **બંધ** કહેવાય છે. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રથી કર્મનો અત્યંત ઉચ્છેદ થાય તે **મોક્ષ** કહેવાય છે. તે બંધ અને મોક્ષની ઘટનાથી શુદ્ધિ એટલે યથાર્થ વસ્તુવાદની નિર્મલતા ચિંતવવી. [ ૭૧ ] કહેવાની મતલબ એવી છે કે, જે સિદ્ધાંતમાં બંધ, અને મોક્ષને યોગ્ય એવો આત્મા તે તે વિશેષતાથી નિરૂપણ કરવામાં આવે, તે સિદ્ધાંત સર્વજ્ઞ પુરૂષે પ્રતિપાદન કરેલો છે; એમ વિદ્વાનો નિશ્ચય કરે છે. આ બંધ, અને મોક્ષની ઊપપત્તિ જેમ ઘટે તેમ કહે છે—

" આ બંધ અને મોક્ષની ઊપપત્તિ બધ્યમાન, અને બંધનના સદ્ભાવમાં થાય છે " આ બંધ, અને મોક્ષની ઊપપત્તિ બધ્યમાન, અને બંધન કે, જે આગળ કહેવામાં આવશે, તેમનો સદ્ભાવ હોય ત્યારે થાય છે. તે કેવી રીતે ? તે કહે છે—

" અન્યથા કલ્પના માત્ર છે. " જે કારણ માટે એ કેવળ સત્ય અર્થના પ્રતિભાસ—રૂપે કલ્પના રૂપ છે. તેમાં પ્રતિભાસ થતો અર્થ પણ નથી. એજ કલ્પના માત્ર છે. અન્યથા એટલે મુખ્ય બધ્યમાન, અને બંધનના અભાવે થાય છે. હવે બધ્યમાન અને બંધન શું, તે કહે છે.

" બધ્યમાન ( બંધાતો ) તે આત્મા, અને સત્કર્મ એ બંધન વસ્તુ છે. " બધ્ય-

एव व्याचष्टे । " बध्यमान आत्मा बंधनं वस्तु सत्कर्मेति । " तत्र बध्यमानः स्वसामर्थ्यतिरोधानेन पारवश्यमानीयमानः क इत्याह । आत्मा चतुर्दश भूतग्रामभेदभिन्नो जीवः प्रतिपाद्यते तथा बध्यते बध्यते मिथ्यात्वादिभिर्हेतु भिरात्माने नेति बंधनं कि मित्याह । वस्तु सत्परमार्थतो विद्यमानं कर्म ज्ञानावरणादि अनंतानंतपरमाणुप्रचयस्वभावं अतएव मूर्त्त प्रकृतीति । अत्रात्म ग्रहणेन सांख्यमतनि रासमाह । ( ७२ ) यतस्तत्रोच्यते—आत्मा न बध्यते नापि संसरति कश्चित्संसरति बध्यते मुच्यते च नानाश्रया प्रकृतिः । वस्तु सद्ग्रहणेन तु सौगतमतस्य यत स्तत्रापि पठ्यते—

" चित्तमेव हि संसारो रागादि क्लेशवासितम् ।
तदेव तैर्विनिर्मुक्तं भवांत इति कथ्यते " ॥ १ ॥

रागादि क्लेशवासितमिति रागादि क्लेशैः सर्वथा चित्ताद व्यतिरि-

---

માન એટલે પોતાનું સામર્થ્ય ઢંકાઇ જવાથી પરવશ થયેલો. તેવો કોણ ? આત્મા જે ચૌદ ભૂત [ પ્રાણી ] ના ભેદથી ભેદવાળો જીવ કહેવાય છે. બંધન એટલે મિથ્યાત્વ વિગેરે હેતુઓથી જે વડે આત્મા બંધાય તે. તે શી વસ્તુ છે? સત એટલે પરમાર્થપણે વિદ્યમાન એવું જ્ઞાનાવરણાદિ કર્મ જે અનંતાનંત પરમાણુઓના સમૂહ રૂપ સ્વભાવ વાલું છે. એથી એ મૂર્ત્ત [ મૂર્તિમાન્ ] પ્રકૃતિવાલું છે. અહિં આત્મા શબ્દનું ગ્રહણ કરવાથી સાંખ્યમતને પરાસ્ત કર્યો છે. [ ૭૨ ] કારણ કે, તે સાંખ્યમતમાં કહ્યું છે કે, " આત્મા બંધાતો નથી, તેમ સંસાર પામતો નથી. કોઇ સંસાર પામે છે. નાના પ્રકારની પ્રકૃતિ બંધાય છે અને મુકાય છે. " ત્યાં જે વસ્તુ અને સત્ શબ્દનું ગ્રહણ કર્યું છે, તેથી બૌદ્ધમત પરાસ્ત થાય છે. બૌદ્ધ મતમાં કહે છે કે, " રાગાદિ કલેશથી વાસિત એવું ચિત્તજ સંસાર છે, અને જ્યારે તે ચિત્ત રાગાદિ કલેશથી મુક્ત થાય, તેજ ભવાંત ( મોક્ષ ) કહેવાય છે. " રાગાદિ કલેશથી વાસિત એટલે સર્વદા ચિત્તથી જુદા નહિ રહેનારા રાગાદિ કલેશ વડે સંસ્કાર પામેલું. એટલે એમ સિદ્ધ થયું કે, બધ્યમાનથી અભિન્ન એવી વસ્તુ સત્કર્મ છે.

कैर्वासितं संस्कृतं एवं हि बध्यमानान्न भिन्नं वस्तु सत्कर्मेत्युपगतं भवति तत्र प्रकृते रेव बंधमोक्षाभ्युपगमे आत्मनः संसारापवर्गावस्थयो रभिन्नैक-स्वभावत्वेन योगिनां यमनियमाद्यनुष्टानं मुक्ति फल तयोक्तं यद्योग शास्त्रेषु तद् व्यर्थमेव स्यात् । ( ७३ )

बौद्धस्यापि चित्तादव्यतिरिक्त कर्म वादिनोऽवस्तु सत्वमेव कर्मणः स्यात् यतो यद्यतोऽव्यतिरिक्त स्वरूपं तत्तदेव भवति । न च लोके तदेव तेनैव बध्यते इति प्रतीतिरस्ति बध्यमानबंधनयोः पुरुषनिगडादि-रूपयोर्भिन्नस्वभावयोरेव लोके व्यवह्रियमाणत्वा त्किं च चित्त मात्रत्वे कर्मणोऽभ्युपगम्यमाने संसारापवर्गयोर्भेदो न प्रतिमाप्नोति ( ७४ ) चित्त मात्रस्योभयत्राप्यविशेषात् । बंधमोक्षहेतूनेवाह । " हिंसादयस्तद्योगहेतवस्त-दितरे तदितरस्येति । " हिंसादय इति हिंसानृतादयो जीवपरिणामवि-शेषाः किमित्याह तद्योगहेतवः तस्य बंधस्य संसारफलत्वेन परमार्थचिंतायां पापात्मकस्यैव योगहेतव आत्मना सह बंधकारणभावमापन्ना वर्त्तते । यदवाचि ।—

તેમાં જ્યારે પ્રકૃતિનેજ બંધ મોક્ષની પ્રાપ્તિ કહેલી છે, તો આત્માની સંસારાવસ્થા અને મોક્ષાવસ્થાનો એક અભિન્ન સ્વભાવ હોવાથી યોગીઓને યમ નિયમ વિગેરે અનુષ્ટાન મુક્તિ રૂપ ફલ આપે છે એમ જે તેમના યોગ શાસ્ત્રમાં કહેલું છે, તે વ્યર્થ થાય છે. [ ૭૩ ] બૌદ્ધ મત કે જે કર્મ, ચિત્તથી જુદું નથી એમ માને છે, તે અવસ્તુ સત્વજ કર્મને થાય છે. કારણ કે, જે જેનાથી અવ્યતિરિક્ત હોય તે તે રૂપેજ હોય છે. લોકમાં પણ તે તેનાથીજ બંધાય છે, એવી પ્રતીતિ હોતી નથી. કારણકે, બધ્યમાન અને બંધન કે જે પુરૂષને પગની બેડી જેવા અને ભિન્ન સ્વભાવવાલા છે, તેઓનોજ લોકમાં વ્યવહાર ચાલે છે. કેમકે કર્મને ચિત્ત માત્રત્વ લઇએ તો સંસાર અને મોક્ષનો ભેદજ નહીં રહે. ( ૭૪ ) અને કર્મને ચિત્તમાત્રપણામાં સંસાર અને મોક્ષનો ભેદ પ્રાપ્ત થતો નથી. કારણ કે, બંનેમાં તફાવત રહેતો નથી. હવે બંધ મોક્ષના હેતુઓ કહે છે—

" हिंसानृतादयः पंच तत्त्वाश्रद्धानमेव च ।
क्रोधादयश्च चत्वार इति पापस्य हेतवः " ॥ १ ॥

तथा तदितरे तेभ्यो हिंसादिभ्य इतरे अहिंसादय एव तदितरस्य तस्माद्बंधादितरो मोक्षः तस्यानुरूपकरणप्रभवत्वात्सर्वकार्याणामिति । बंधस्यैव स्वरूपमाह । " प्रवाहतोऽनादि मानिति " । प्रवाहतः परंपरातः अनादिमान् आदिभूतबंधकालविकलः । अत्रैवार्थे उपचयमाह । " कृतकत्वेऽप्यतीतकालवदुपत्तिः " । कृतकत्वेऽपि स्वहेतुभिर्निष्पादितत्वेऽपि बंधस्य अतीतकालस्येवोपपत्तिर्घटना अनादिमत्त्वस्य वक्तव्या ( ७५ ) किमुक्तं भवति प्रतिक्षणं क्रियमाणोऽपि प्रवाहापेक्षया अतीतकालवदनादि

---

" હિંસા વિગેરે તે બંધના યોગના હેતુઓ છે અને અહિંસા વિગેરે તે મોક્ષના યોગના હેતુઓ છે. " હિંસાદિ એટલે હિંસા, અસત્ય વિગેરે જીવના પરિણામ વિશેષ, તે બંધ એટલે સંસારના ફળ રૂપે હોઇ પરમાર્થની ચિંતામાં પાપરૂપ. તે બંધના યોગના હેતુઓ છે, એટલે આત્માની સાથે બંધના કારણ ભાવને પામેલા છે. કહ્યું છે કે,– " હિંસા, અસત્ય વિગેરે પાંચ, તત્વ ઉપર અશ્રદ્ધા અને ક્રોધાદિ ચાર કષાય-એ પાપના હેતુઓ છે. " તદિતર એટલે તે હિંસાદિથી જુદા અહિંસાદિ તે બંધથી ઇતર એટલે મોક્ષ. કારણ કે, સર્વ કાર્યોમાં અનુરૂપતા ( યોગ્યતા ) કરવાથી તે થાય છે. તેવા મોક્ષના યોગના હેતુઓ છે.

બંધનું સ્વરૂપ કહે છે—

" પ્રવાહ—પરંપરાથી બંધ અનાદિ છે." પ્રવાહ—પરંપરાથી બંધ અનાદિ છે એટલે આદિકાળથી રહિત છે. તે વિષે વધારો કહે છે—

" પોતાના હેતુઓથી સિદ્ધ થતાં પણ તે બંધની ઘટના ભૂતકાળના જેવી છે. " પોતાના હેતુઓથી બંધ સિદ્ધ થતાં પણ તેની ઘટના એટલે અનાદિપણાની ઘટના ભૂતકાળના જેવી છે. ( ૭૫ ) એ કહેવાની મતલબ એવી છે, કે બંધ પ્રતિક્ષણે કરવામાં આવે પણ તે પ્રવાહની અપેક્ષાએ અતીત કાળની જેમ અનાદિજ છે. હવે જોવાથી તે બંનેનો દ્રષ્ટાંત અને દાર્ષ્ટાંતિક [ દ્રષ્ટાંત આપવા યોગ્ય ] નો ભાવ થયો તે સાક્ષાત્ દર્શાવવા કહે છે.

मानेव । अथ यादृशाद् नयो दृष्टांतदार्ष्टांतिकभावोऽभूतं साक्षादेव दर्शयन्नाह । " वर्त्तमानताकल्पं कृतकृत्वमिति " । यादृशी अतीतकालसमयानां वर्त्तमानता तत्कल्पं क्रियमाणत्वमित्युपन्यसितुं युक्तं स्यात् । यादृशि चात्मनि प्रागुपन्यस्ता हेतव उपपद्यंते तमन्वयव्यतिरेकाभ्यामाह । " परिणामिन्यात्मनि हिंसादयो भिन्नेऽभिन्ने च देहादिति " । परिणमनं परिणामः द्रव्यरूपतयाऽवस्थितस्यैव वस्तुनः पर्यायांतरप्रतिपत्तिः यदुक्तं— परिणामो ह्यर्थांतरगमनं न च सर्वथा व्यवस्थानं न च सर्वथा विनाशः ( ७६ ) परिणामः तद्विदामिष्टः परिणामो नित्यमस्यास्तीति परिणामी तत्र आत्मनि जीवहिंसादयः प्राग्निरूपिता उपपद्यंते तथा भिन्ने पृथग्रूपे अभिन्ने च तद्विपरीते चकारो विशेषणसमुच्चये कस्मादित्याह देहात् शरीरात् । अन्वैवार्थे विपक्षे बाधामाह । " अन्यथा तदयोग इति " ।

---

" જે અતીત કાળનું વર્ત્તમાન કાળના જેવું તે કૃતકત્વ છે. " અતીતકાળના સમયની જેવું વર્ત્તમાનકાળપણું તેના જેવું તે છે એટલે ક્રિયમાણપણું લેવું યુક્ત છે. હવે જેવા આત્માને વિષે પૂર્વે હેતુઓ સ્થાપિત કર્યા છે, તે આત્માને અન્વય ( તેનો ભાવ ) અને વ્યતિરેક [ તેનો અભાવ ] વડે કહે છે.

" પરિણામી એવા આત્માને દેહથી ભિન્ન અને અભિન્ન લઇને હિંસાદિ ઉપપાદન થાય છે. " પરિણામ એટલે દ્રવ્યરૂપે રહેલી વસ્તુને બીજા પર્યાયની પ્રાપ્તિ. તે વિષે કહ્યું છે. " પરિણામ એટલે અર્થાંતર ગમન સારાંશ કે, સર્વથા વ્યવસ્થા નહીં, તેમ સર્વથા વિનાશ નહીં તે. [ ૭૬ ] તેવો પરિણામ તેના જ્ઞાતાઓને ઇષ્ટ છે. એવો પરિણામ જેને નિત્યે હોય તે પરિણામી કહેવાય. તેવા પરિણામી આત્માને વિષે પૂર્વે નિરૂપણ કરેલા જીવ હિંસાદિ પ્રતિપાદિત થાય છે. તેમ તે ભિન્ન એટલે જુદારૂપે અને અભિન્ન એટલે તેથી વિપરીત [ એકરૂપે ] છે. અહીં **च** શબ્દ વિશેષણ સમુચ્ચયના અર્થમાં છે. તે કોનાથી ભિન્ન ? તે કહે છે—દેહથી-શરીરથી. એ વિષે વિપરીત પક્ષ લેતાં જે બાધ આવે તે કહે છે—

यदिह परिणाम्यात्मा भिन्नाभिन्नश्च देहान्नेष्यते तदा तेषां हिंसादिनां बंधहेतुतयोपन्यस्तानामयोगोऽघटना । कथमित्याह—" नित्य एवाधिकारतोऽसंभवादिति " नित्य एव अच्युतानुत्पन्नस्थिरैकस्वभावे आत्मनि न तु पर्यायतयावलंबनेनानित्यरूपेऽपीत्येवकारार्थोऽभ्युपगम्यमाने द्रव्यास्तिक नयावष्टंभतोऽधिकार तस्तिल तुषत्रिभागमात्रमपि पूर्वस्वरूपाद् प्रच्यवमानत्वेनासंभवादघटनात् हिंसायाः ( ७७ )

यतो विवक्षितहिंसा विवक्षितपर्याय विनाशादिस्वभावा शास्त्रेषु गीयते । यथोक्तं ।

" तत्पर्याय विनाशो दुःखोत्पादस्तथा च संक्लेशः ।
एष वधो जिनभणितो वर्जयितव्यः प्रयत्नेन " ॥ १ ॥

---

" અન્યથા તે હિંસાદિકનો યોગ નથી. " અન્યથા એટલે એ પરિણામી આત્મા જો દેહથી ભિન્ન અને અભિન્ન ન લઇએ તો બંધના હેતુરૂપે કહેલા તે હિંસાદિક ઘટતા નથી. કેમ ઘટતા નથી ? તે કહે છે—

" નિત્ય એવાજ આત્મામાં અધિકારથી તે અસંભવિત છે. " નિત્ય એટલે અચ્યુત ( નહીં ચવેલો ) અનુત્પન્ન, ( ઉત્પન્ન નહીં થયેલ ) અને એક સ્થિર સ્વભાવવાળા આત્મા જાણવો. પર્યાય રૂપે અવલંબન વડે અનિત્ય રૂપી આત્મા ન લેવો. એમ **एव** [ જ ] શબ્દના અર્થથી જાણવું. તેવો આત્મા જો લઇએ તો દ્રવ્યાસ્તિક નયના ટેકાથી અધિકાર વડે તલના તુષ ( છોલા ) ના માત્ર ત્રીજા ભાગ જેટલું પણ પૂર્વના સ્વરૂપથી ચ્યવતું ન હોવાને લીધે હિંસાનો સંભવ કે, ઘટના થતી નથી. ( ૭૭ ) કારણકે જે વિવક્ષિત [ કહેવા ઇચ્છેલ ] હિંસા છે, તે વિવક્ષિત પર્યાયનો વિનાશ થવા રૂપ સ્વભાવ વાળી છે, એમ શાસ્ત્રમાં કહેલું છે. જેમકે, " તેના પર્યાયનો વિનાશ, દુઃખની ઉત્પત્તિ અને કલેશ એનું નામ હિંસા એમ શ્રીજિન ભગવંતે કહેલું છે, તેવી હિંસા પ્રયત્નથી વર્જવી. "

" જો આત્માને અનિત્ય લઇએ તો બીજો હિંસા કરનાર થાયજ નહિં. " અનિત્ય

" तथा अनित्ये चापरा हिंसनेनेति " । अनित्ये च सर्वथा प्रतिक्षणभंगुरे पुनरात्मन्यभ्युपगम्यमानेसाति अपरेण केनचिल्लुब्धकादिना अहिंसनेन अव्यापादनेन कस्य चिच्छूकरादेर्हिंसासंभवः ( ७८ ) प्रतिक्षणभंगुरत्वाभ्युपगमे हि सर्वेष्वात्मसुखत एव स्वजन्मलाभभक्षणानंतरं सर्वथा निवर्त्तमानेषु कः कस्य हिंसकः कोवा कस्य हिंसनीय इति । " तथा भिन्न एव देहान्न स्पृष्ट वेदनमिति । " यदि हि भिन्न एव विलक्षण एव सर्वथा देहादात्मा तदा न नैव स्पष्टस्य योषिच्छरीर शयनासनादेः कंरकज्वलनज्वालादेश्च इष्टानिष्टरूपस्पर्शेंद्रिय विषयस्य देहेन स्पृश्यमानस्य वेदनमनुभवनं प्राप्नोति भोगिनः पुरुषस्य । नहि देवदत्ते शयनादीनि भोगांगानि स्पृशति विष्णुमित्रस्यानुभव प्रतीति रस्तीति । " तथा

એટલે સર્વથા પ્રત્યેક ક્ષણે નાશવંત એવો આત્મા લઈએ તો બીજા કોઈ લુબ્ધક— શિકારી વડે હિંસા થવી સંભવતી નથી— એટલે તેનાથી કોઈ ડુક્કર વિગેરેની હિંસાનો સંભવજ નથી. ( ૭૮ ) અર્થાત્ જ્યારે આત્માને પ્રતિક્ષણે ભંગુર—નાશવંતપણું સ્વીકાર કરવાથી સર્વે આત્મ સુખથીજ પોતાના જન્મનો લાભ જે ભક્ષણ તે કર્યા પછી સર્વથા નિવૃત્ત થાય છે, એટલે કોણ કોનો હિંસક, અને કોણ કોને હિંસા કરવા યોગ્ય ? એ વાત રહેતી નથી.

" આત્મા દેહથી ભિન્નજ છે એમ હોય તો તેને સ્પર્શનો અનુભવ ન થવો જોઈએ. " જો આત્મા દેહથી ભિન્ન હોય તો સ્પૃષ્ટ કરેલા સ્ત્રીનું શરીર, શય્યા આસન વિગેરે તથા કાંટા, અગ્નિની જ્વાળા પ્રમુખ તે ઇષ્ટ—અનિષ્ટરૂપ સ્પર્શ ઇંદ્રિયનો વિષય દેહની સાથે સ્પર્શ થતાં ભોગવાળા પુરૂષને તેનો અનુભવ ન થવો જોઇએ. દેવદત્ત નામનો માણુસ શયન વિગેરે ભોગના અંગનો સ્પર્શ કરે, અને વિષ્ણુમિત્રને તેના અનુભવની પ્રતીતિ થાય —એવું બનેજ નહીં.

" અનુગ્રહ પણ નિરર્થક થાય. " નિરર્થક એટલે પુરૂષને સંતોષ થવારૂપ ફળની રહિત [ અહિં च શબ્દ સમુચ્ચય— અર્થમાં છે. ] એવો અનુગ્રહ એટલે માલા, ચંદન, અંગરાગ, વસ્ત્ર વિગેરે ભોગના અંગ વડે દેહને સંતોષ થવો તે. જો આત્મા દેહથી અત્યંત

निरर्थक श्चानुग्रह इति । " निरर्थकः पुरुषसंतोषलक्षण फलविकलः चः समुच्चये अनुग्रहः स्रचंदनांगवसनादिभिर्भोगांगैरुपष्टंभो भवेद्देहस्य देहादात्मनोऽत्यंतभिन्नत्वात् निग्रहस्याप्युपलक्षणमेतत् । एवं भेदपक्षं निराकृत्याभेदपक्षनिराकरणायाह–" अभिन्न एवामरणं वैकल्या योगादिति " । अभिन्न एव देहात्सर्वथा नानात्व मनालंबमाने आत्मनि सति " चैतन्यविशिष्टः कायः पुरुष " इति मतावलंबिनां सुरगुरुशिष्याणामभ्युपगमेन किमित्याह अमरणं मृत्योरभावः आपद्यते आत्मनः ( ७९ )

कुत इत्याह—वैकल्यस्यायोगादघटनात् यतो मृतेऽपि देहे न किंचित्पृथिव्यादिभूतानां देहारंभकाणां वैकल्यमुपपद्यते वायोस्तत्र वैकल्यमिति चेन्न वायुमंतरेण उच्छूनभावायोगात् तर्हि तेजसस्तत्र वैकल्यमस्तीति चेन्न तेजसो व्यतिरेकेण कुथितभावाप्रतिपत्तेरिति ( ८० ) कथं देहाभिन्नात्मवादिनामरणमुपपन्नं भवेदिति प्राक्तनावस्थयोर्वायुतेजसोस्तत्राभावात्

---

ભિન્ન લઈએ તો માલા ચંદન વિગેરેથી જે દેહને સંતોષ થવા રૂપ જે ફળ છે, તે નિરર્થક થાય છે. જેવો અનુગ્રહ તેવો નિગ્રહ પણ જાણી લેવો. એવી રીતે ભેદનો પક્ષ તોડી, હવે અભેદનો પક્ષ તોડવા કહે છે.

" જો આત્મા દેહથી અભિન્ન લઈએ તો વિકલપણાના અયોગથી મૃત્યુજ ન થવું જોઈએ. " જો આત્મા દેહથી સર્વથા અભિન્ન એટલે ભિન્નતાના આલંબન વગરનો છે. એટલે " ચૈતન્ય વિશિષ્ટ જે દેહ તે પુરૂષ—આત્મા " એવો સુર ગુરૂ ( બૃહસ્પતિ ) ના શિષ્યોનો મત છે, તે પ્રમાણે લેતાં શું થાય તે કહે છે—તેમ લેવાથી આત્માને મૃત્યુનોજ અભાવ થાય. ( ૭૯ ) કારણ કે, વિકલપણાનો યોગ થતો નથી. અર્થાત્ મૃત્યુ પામેલા દેહમાં પૃથિવી વિગેરે દેહના આરંભક—પંચભૂતની વિકલતા થતી નથી. વાયુની વિકલતા છે. એમ જો કહીએ તો તે પણ નથી. કારણ કે, વાયુ શિવાય શરીર ઊપસેલું ન રહી શકે—જો તેમાં તેજની વિકલતા છે એમ કહીએ તો તે પણ નથી. કારણ કે, તેજ શિવાય શરીર કુથિતભાવને પામી જાય. [ કોહી જાય ] ( ૮૦ ) તોપછી દેહથી અભિન્ન એવા આત્માને માનનારા વાદીના મત પ્રમાણે તે આત્માનું મરણ કેવી રીતે થાય ? પૂર્વની અવસ્થા

मरणमुपपद्यते इति चेत् उच्यते । ( ८१ ) " मरणे परलोकाभाव " इति मरणे अभ्युपगम्यमाने परलोकस्याभावः प्रसज्यते नहि देहादभिन्न एवात्मन्यभ्युपगम्यमाने कश्चित्परलोकयायी सिद्ध्यति देहस्यात्रैव तावत्पातदर्शनात्तद्व्यतिरिक्तस्य चात्मनोऽनभ्युपगमात् न च वक्तव्यं परलोक एव तर्हि नास्ति तस्य सर्वशिष्टैः प्रमाणोपष्टंभोपपन्नत्वेनाभीष्टत्वात् प्रमाणं चेदं यो योऽभिलाषः स सोऽभिलाषांतरपूर्वको दृष्टो यथा ( ८२ )

यौवनकालाभिलाषो बालकालीनाभिलाषपूर्वकः अभिलाषश्च बालस्य तदहर्जातस्य प्रसारितलोचनस्य मातुः स्तनौ निभालयतः स्तन्यस्पृहारूपः यच्च तदभिलाषांतरं तन्नियमाद्भवांतरभावीति । ( ८३ ) " तथा देहकृतस्यात्मनानुपभोग इति " । एकांतभेदे देहात्मनोर्देहकृतस्य शुभस्याशुभस्यचात्मनानुपभोगः सुखदुःखानुभवद्वारेणावेदनमापद्यते न हि कश्चि-

---

वाला वायु अने तेजनो तेमां अभाव थवाथी मरणज थाय. एम जो कहेशो तो आ प्रमाणे कहे छे— ( ८१ ) " मरण थतां पर लोकनो अभाव थाय छे. " आत्मानुं मरण थतां पर लोकना अभावनो प्रसंग आवे छे. देहथी अभिन्नज आत्मा छे एम लइए तो, कोइ पर लोकमां जाय छे ए वात सिद्ध थती नथी. कारण के, देहनुं पतन अहिंज जोवामां आवे छे अने ते शिवाय जुदो आत्मा जोवामां आवतो नथी. आ उपरथी एम न कहेवुं के, पर लोकज नथी. कारण के, ते वात तो सर्व उत्तम पुरुषोने प्रमाणना टेकाथी अभीष्ट छे. ते प्रमाण आ प्रमाणे छे— " जे जे अभिलाष छे, ते ते अभिलाष बीजा अभिलाष पूर्वक जोवामां आवे छे. जेमके—[ ८२ ]

यौवन वयनो अभिलाष बालवयना अभिलाष पूर्वक होय छे. अहिं बाळकनो अभिलाष एटले एक दिवसनां थएलां, आंखो प्रसारतां, अने माताना स्तनने जोतां एवा बाळकने जे स्तनपाननी स्पृहा थाय छे, ते अभिलाष समजवो. जे बीजो अभिलाष, ते नियत रीते बीजा भवे थवानो ते लेवो. [ ८३ ]

" आत्मा अने देहने एकांत भेद लइए तो, देहे करेलां होय, ते आत्माने

दन्यकृतं शुभमशुभं वा वेदयितुमर्हति कृतनाशाकृताभ्यागमदोषप्रसंगादिति । " तथा आत्मकृतस्य देहेनेति " । यदि च देहाद्भिन्न एवात्मेभ्युपगम स्तदा आत्मकृतस्य कुशलादकुशलाद्वानुष्ठानादात्मसमुपार्जितस्य शुभस्याशुभस्य च कर्मण इहामुत्र च देहेन कर्त्रानुपभोगोऽवेदनं प्रसज्यते अकृतत्वात् यदि नामैवमापद्यते तथापि को दोष इत्याह । ( ८४ ) " दृष्टेष्टबाधेति " । दृष्टस्य सर्वलोक प्रतीतस्य देहकृतस्यात्मना आत्मकृतस्य च देहेन यः सुखदुःखानुभवः तस्य इष्टस्य च शास्त्र सिद्धस्य बाधा अपह्नवः प्राप्नोति ( ८५ ) तथाहि—दृश्यत एवात्मा देहकृताचौर्यपारदार्याद्यकार्य-

ભોગવવાં પડે નહીં. " દેહ અને આત્માનો એકાંત ભેદ લેવાથી દેહે કરેલાં શુભ કે અશુભનો આત્માને ઉપભોગ ન થાય, એટલે સુખ દુઃખના અનુભવદ્વારા અનુભવ ન થાય. બીજાએ કરેલ શુભ કે અશુભ તેને બીજો વેદવાને યોગ્ય નથી. તેમ થવાથી કૃત ( કરેલાં ) નો નાશ, અને અકૃત ( ન કરેલાં ) ની પ્રાપ્તિ, એ દોષ લાગવાનો પ્રસંગ આવે છે.

" આત્માએ કરેલાં હોય, તે દેહને ભોગવવાં પડે નહીં. " જો દેહથી ભિન્ન આત્મા લઈએ તો, આત્માએ કરેલાં કુશળ કે અકુશળ અનુષ્ઠાનથી આત્માએ ઉપાર્જન કરેલાં શુભ અશુભ કર્મનું આલોક અને પરલોકમાં દેહને ભોગવવાં ન પડે, એવો પ્રસંગ આવે. કારણ કે તેણે કરેલાં નથી. જો કદિ એમ લઈએ તો શો દોષ આવે ? તે કહે છે- [ ૮૪ ]

" દષ્ટ અને ઇષ્ટનો બાધ થાય " દષ્ટ એટલે સર્વ લોકમાં પ્રતીતિ યુક્ત જે દેહે કરેલાં તેનો આત્મા સાથે સુખ દુઃખનો અનુભવ, અને આત્માએ કરેલાંનો દેહની સાથે સુખ દુઃખનો અનુભવ, અને ઇષ્ટ એટલે જે શાસ્ત્ર સિદ્ધ હોય, તે દષ્ટ, અને ઇષ્ટને બાધ પ્રાપ્ત થાય. ( ૮૫ ) તે આ પ્રમાણે-દેહે કરેલાં ચોરી જારી વિગેરે અકાર્યથી આત્મા ચારક[1] વિગેરેમાં ચિરકાળ શોક, ખેદ વિગેરે દુઃખને પ્રાપ્ત થતો જોવામાં આ-

૧ ચારક એટલે કારાગૃહ.

कार्याच्चारकादौ चिरशोक विषादादीनि दुःखानि समुपलभमानः शरीरं च तथाविधमनः संक्षोभादापन्नज्वरादिजनित व्यथा मनुभवति ( ८६ ) न च दृष्टेष्टापलापिता युक्ता सतां नास्तिकलक्षणत्वात्तस्याः इत्थं सर्वथा नित्यमनित्यं च तथा देहाद्भिन्नमभिन्नं चात्मानमंगीकृत्य हिंसादीनामसंभवमापाद्योपसंहरन्नाह— ( ८७ ) " अतोऽन्यथैतत्सिद्धिरिति तत्ववाद इति । " अत एकांतवादादन्यथा नित्यानित्यादिस्वरूपे आत्मनि समभ्युपगम्यमाने एतस्मिन् हिंसाहिंसादिसिद्धिः तत्सिद्धौ च तन्निबंधना मोक्षसिद्धिरिति एष तत्ववादः प्रतिज्ञायते अतत्त्ववादिना पुरुषेण वेदितुं न पार्यते इति । एवं तत्ववादे निरूपिते किं कार्यमित्याह । ( ८८ )

" परिणाम परीक्षेति " । परिणामस्य तत्त्ववाद विषयज्ञानश्रद्धा

---

વે છે, અને શરીર તેવી જાતનો મનમાં ક્ષોભ થવાથી પ્રાપ્ત થતી જ્વર વિગેરેની વ્યથાને અનુભવે છે. [ ૮૬ ] તેથી સત્પુરૂષોને દષ્ટ અને ઇષ્ટને ઓલવી નાખવા તે યુક્ત નથી. કારણ કે તે નાસ્તિકનું લક્ષણ છે. એવી રીતે આત્મા સર્વથા નિત્ય અને અનિત્ય તથા દેહથી ભિન્ન અને અભિન્ન છે, એમ માની હિંસાદિકનો સંભવ ન થાય, તેમ કરવું. એમ હવે એ વિષયને સમાપ્ત કરવા કહે છે. ( ૮૭ )

" એથી અન્યથા–બીજી રીતે આત્માને માનવાથી એ હિંસા અહિંસાની સિદ્ધિ થાય છે, અને તે સિદ્ધિ થતાં મોક્ષ સિદ્ધિ થાય છે, એ તત્વવાદ છે. " એથી એટલે એકાંત વાદથી અન્યથા એટલે બીજી રીતે અર્થાત્ આત્માને નિત્ય અનિત્ય વિગેરે સ્વરૂપવાળો માનવાથી તેમાં હિંસા અહિંસા વિગેરેની સિદ્ધિ થાય છે, અને તે સિદ્ધિ થતાં તેને અનુસરી રહેલી મોક્ષની પણ સિદ્ધિ થાય છે, એ તત્વવાદ છે, એમ પ્રતિજ્ઞાથી કહે છે. એટલે અતત્વવાદી એવો પુરૂષ એ જાણી શકતો નથી. એવી રીતે તત્વવાદનું નિરૂપણ કર્યા પછી શું કરવું ? તે કહે છે. [ ૮૮ ]

" પરિણામની પરીક્ષા કરવી " પરિણામ એટલે તત્વવાદ વિષયના જ્ઞાન ઉપર શ્રદ્ધા તેની પરીક્ષા કરવી, એટલે એકાંતવાદ ઉપર અરૂચિ થાય એવી સૂચના કરનારાં

नलक्षणस्य परीक्षा एकांतवादा रुचिसूचन वचनसंभाषणादिनोपायेन निर्णयनं विधेयं । ततोऽपि किं कार्यमित्याह । ( ८९ ) " शुद्धे बंधभेदकथनमिति " । शुद्धे परमां शुद्धिमागते परिणामे बंधभेदकथनं बंधभेदस्य मूलप्रकृतिबंधरूपस्याष्टविधस्य उत्तरप्रकृतिबंधस्वभावस्य च सप्तनवति प्रमाणस्य कथनं प्रज्ञापनं कार्यं बंधशतकादिग्रंथानुसारेणेति । ( ९० ) " तथा वरबोधिलाभप्ररूपणेति " । वरस्य तीर्थंकर लक्षणफलकारणतया शेषबोधिलाभेभ्योऽतिशायिनो बोधिलाभस्य प्ररूपणा प्रज्ञापना अथवा वरस्य द्रव्यलाभव्यतिरेकिणः पारमार्थिकस्य बोधिलाभस्य प्ररूपणा हेतुतः स्वरूपतः फलतश्चेति । तत्र हेतुतस्तावदाह । ( ९१ ) " तथा भव्यत्वादितोऽसाविति " । भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वमनादि परिणामिभाव आत्मस्वतत्वमेव तथा भव्यत्वं भव्यत्वस्य फलदानभिमुख्यकारि वसंतादिवद्वनस्पतिविशेषस्य कालसद्भावेऽपि न्यूनाधिकव्यपोहे न नियतकार्यका-

વચન—ભાષણુ કરવાં વિગેરે ઉપાયથી નિર્ણય કરવો. તે પરીક્ષા-નિર્ણય કર્યા પછી શું કરવું, તે કહે છે— ( ૮૯ )

" પરિણામ શુદ્ધ થયા પછી બંધભેદ કહેવો. " પરિણામ પરમ શુદ્ધિને પામ્યા પછી બંધભેદ એટલે મૂળ પ્રકૃતિ બંધ કે જે આઠ પ્રકારને છે, અને ઉત્તર પ્રકૃતિબંધ સ્વભાવ કે જેનું પ્રમાણ સતાણું પ્રકારનું છે, તેનું કથન કરવું એટલે બંધ શતકાદિ ગ્રંથને અનુસારે તેનું પ્રજ્ઞાપન કરવું. ( ૯૦ )

" શ્રેષ્ટ બોધિ લાભની પ્રરૂપણુા કરવી. " શ્રેષ્ટ એટલે તીર્થંકર પુણ્યરૂપ ફળના કારણને લઇ સમગ્ર બોધિ લાભથી અતિશય એવા બોધિ લાભની પ્રરૂપણા કરવી. અથવા શ્રેષ્ટ એટલે દ્રવ્ય લાભ સિવાયના પારમાર્થિક બોધિ લાભને હેતુ, સ્વરૂપ અને ફળથી પ્રરૂપણા કરવી. પ્રથમ હેતુથી પ્રરૂપણા કહે છે— ( ૯૧ )

" ભવ્યપણા વિગેરેથી એ શ્રેષ્ટ બોધિ લાભ છે. " ભવ્યપણું એટલે સિદ્ધિ ગમનની યોગ્યતા, અનાદિ પરિણામી ભાવ, તેમજ આત્માનું સ્વતત્વ તથા ભવ્યત્વ એટલે

रिणी नियतिः अपचीयमानसंक्लेशं नानाशुभाशयसंवेदनहेतुः कुशलानुबंधिकर्मसमुचित पुण्यसंभारो महाकल्याणाशयः प्रधानपरिज्ञानवान् प्ररूपमाणार्थपरिज्ञान कुशलः पुरुषः ततस्तथाभव्यत्वमादौ येषां ते तथाभव्यत्वादयः तेभ्यः असौ वरबोधिलाभः प्रादुरस्ति स्वरुपं च जीवादिपदार्थश्रद्धानमस्य। अथ फलत एव तमेवाह। ( ९२ ) " ग्रंथिभेदेनात्यंतसंक्लेश इति "। इह ग्रंथिरिव ग्रंथिः दृढो रागद्वेषपरिणामः तस्य ग्रंथेर्भेदे अपूर्वकरणवज्रसूच्या विदारणे सति लब्धशुद्धतत्त्वश्रद्धानसामर्थ्यादात्यंतं न प्रागिवाति निबिडतया संक्लेशो रागद्वेषपरिणामः प्रवर्त्तते न हि लब्धवेधपरिणामो मणिः कथंचिन्मलापूरितरंध्रोऽपि प्रागवस्थां प्रतिपद्यत इति एतदपि कुत इत्याह। ( ९३ ) " नभूयस्तद्बंधनमिति "। यतो न भूयः पुनरपि

---

અમુક વનસ્પતિને જેમ વસંતકાળ ફળદાન તરફ અભિમુખ કરે, તેમ ફળદાન તરફ અભિમુખ કરવાપણું, તેને કાલને લઇને પણ ઓછાવધુ થવાનો નાશ કરી નિયમિત કાર્ય કરનારી નિયતિ ( કુદરતી બનાવ ) વળી જે કલેશને ઘટાડનાર અને વિવિધ પ્રકારના શુભ આશયના અનુભવના હેતુરૂપ છે. તેમજ કુશળાનુબંધી કર્મ વડે જેણે પુણ્યનો સમુહ એકત્ર કર્યો હોય, જેનો આશય મહા કલ્યાણકારી હોય, જેને પરિજ્ઞાન પ્રધાન હોય અને જે પ્રરૂપણા કરવામાં આવતા અર્થના જ્ઞાનમાં કુશળ હોય, તેવો પુરૂષ તે તથા ભવ્ય કહેવાય. તેવા તથા ભવ્યપણાનો ભાવ તે તથા ભવ્યત્વ કહેવાય. તથા ભવ્યત્વ જેમને આદિ છે, એવા સમગ્ર બોધિ લાભથી આ બોધિ લાભ શ્રેષ્ટ થયેલો છે, એનું સ્વરૂપ જીવાદિ પદાર્થની શ્રદ્ધા રાખવી તે છે. હવે ફળથી શ્રેષ્ટ બોધિ લાભ કહે છે. ( ૯૨ )

" ગ્રંથિનો ભેદ થવાથી અતિ કલેશ ન થાય. " અહીં ગ્રંથિ એટલે ગ્રંથિના જેવો દઢ બંધાએલ રાગ દ્વેષનો પરિણામ. ભેદ એટલે અપૂર્વ કરણરૂપ વજ્રની સોય વડે તે ગ્રંથિનું પ્રાપ્ત થયેલા શુદ્ધ તત્વની શ્રદ્ધાના સામર્થ્યથી વિદારણ કરવું. તે કરવાથી અત્યંત એટલે પૂર્વની જેમ અતિ નિબિડ–ઘાટો સંકલેશ એટલે રાગ દ્વેષનો પરિણામ પ્રવર્ત્તતો નથી. જેને વેધરૂપ પરિણામ પ્રાપ્ત થયો હોય, તેવો મણિ કદિ તેના છિદ્રમાં મળ ભરાય તોપણ, પૂર્વની અવસ્થાને પામતો નથી. એ કેવી રીતે ? તે કહે છે— [ ૯૩ ]

तस्य ग्रंथेर्बंधनं निष्पादनं भेदे सति संपद्यते इति किमुक्तं भवति यावती ग्रंथिभेदकाले सर्वकर्मणा मायुर्वर्ज्जानां स्थितिः अंतःसागरोपमकोटाकोटिलक्षणा विशिष्यति तावत्प्रमाणमेवासौ सम्यगुपलब्धसम्यग्दर्शनो जीवः कथंचित्सम्यक्त्वापगमा त्तीव्रायामपि तथा विधसंक्लेशप्राप्तौ बध्नाति न पुनस्तं बंधेनातिक्रामतीति । ( ९४ ) " तथा असत्यपाये न दुर्गतिरिति " । असति अविद्यमाने अपाये विनाशे सम्यग्दर्शनस्य परिशुद्ध भव्यत्वपरिपाक सामर्थ्यान्मतिभेदादिकारणानवाप्तौ न नैव दुर्गतिः कुदेवत्व कुमानुषत्व तिर्यक्त्नारकत्व प्राप्तिः संपद्यते किंतु सुदेवत्वसुमानुषत्वे एव स्याताम् अन्यत्र पूर्वबद्धायुष्केभ्य इति । ( ९५ ) " तथा विशुद्धेश्चा-

" તે ગ્રંથિનો બંધ ફરીવાર ન થાય. " જેથી તે ગ્રંથિ ભેદ કરવાથી ફરીવાર તેનો બંધ ન થાય. કહેવાની મતલબ એવી છે કે, ગ્રંથિના ભેદ વખતે આયુષ્ય કર્મ સિવાયનાં બધાં કર્મની જેટલી સ્થીતિ [ કોટા કોટી સાગરોપમની ] વિશેષ થાય, તેટલા પ્રમાણમાંજ એ સમ્યગ્ દર્શનને પ્રાપ્ત કરનારો જીવ કદિ કોઇ રીતે સમકિતનો નાશ થવાથી તીવ્ર એવી તેવી જાતની કલેશની પ્રાપ્તિમાં બંધાય છે ખરો, પણ બંધ થવાથી તેને અતિક્રમણ કરતો નથી. [ ૯૪ ]

" સમકિતનો નાશ ન થવાથી દુર્ગતી થતી નથી. " સમ્યગ્ દર્શન ( સમકિત ) નો વિનાશ ન હોવાથી શુદ્ધ ભવ્યપણાના પરિપાકના સામર્થ્યથી બુદ્ધિ ભેદ થવા વિગેરે કારણ ઉભું થતું નથી, એટલે દુર્ગતિ થતી નથી. અર્થાત્ કુદેવપણાની, કુમનુષ્યપણાની તિર્યંચપણાની અને નારકીપણાની પ્રાપ્તિ થતી નથી, પણ સુદેવપણુ અને સુમનુષ્યપણુંજ રહે છે. [ ૯૫ ]

" વિશુદ્ધિથી ચારિત્ર થાય છે. " વિશુદ્ધિ એટલે શુદ્ધ નિઃશંકત્વ વિગેરે દર્શનાચારરૂપ જળના પૂર વડે શંકા પ્રમુખ કાદવ ધોવાથી ઉત્કર્ષને પ્રાપ્ત થયેલ સમ્યગ્ દર્શનની શુદ્ધિ તેથી શું થાય છે ? તે કહે છે. તેવી શુદ્ધિથી ચારિત્ર એટલે સર્વ સાવદ્ય [ સદોષ ] યોગનો ત્યાગ અને નિરવદ્ય ( નિર્દોષ ) યોગનો આચાર તેરૂપ ચારિત્ર પ્રાપ્ત થાય છે. કારણકે, શુદ્ધ સમ્ક્યત્વજ ચારિત્રરૂપ છે. આચારાંગ સુત્રમાં પણ તેજ પ્રમાણે કુ-

रित्रमिति ” । विशुद्धेः परिशुद्धनिःशंकितत्वादि दर्शनाचारवारिपूरप्रक्षालित शंकादिपंकतया प्रकर्षप्राप्तिलक्षणायाः सम्यग्दर्शनसत्तायाः सकाशात् किमित्याह चारित्रं सर्वं सावद्ययोगपरिहारनिरवद्ययोगसमाचाररूपं संपद्यते शुद्धसम्यक्त्वस्यैव चारित्ररूपत्वात् । तथा चाचार सूत्रं—“ जंमोणंति पासहातसंमंति पासहाजंसंमंति पासहा तं मोणंति पासहत्ति ” । (९६) “ भावनातो रागादि क्षय इति ” । भाव्यंते मुमुक्षुभिरभ्यस्यंते निरंतरमेव ता इति भावनाः ता अनित्यत्वाशरणत्वादयो द्वादश यथोक्तं ।

“ भावयितव्यमनित्यत्वमशरणत्वं तथैकतान्यत्वे ।
अशुचित्वं संसारः कर्माश्रवसंवरविधिश्च ॥ १ ॥
निर्जरण लोकद्विरस्त धर्मस्वाख्यात तत्वचिंताश्च ।
बोधेः सुदुर्लभत्वं च भावना द्वादश विशुद्धाः ॥ २ ॥

ताभ्यो रागादिक्षयः रागादयः रागद्वेषमोहमलप्रभृतयः तेषां क्षयः संजायते सम्यक्चिकित्साया इव वातपित्तादिरोगापगमः प्रचंडपवनाद्वा यथा मेघमंडलविघटनं रागादि प्रतिपक्षभूतत्वाद्भावनामिति । “ ततोऽपि कि-

---

છુંછે કે—“ જ્યાં ચારિત્ર ત્યાં સમ્યકત્વ, અને જ્યાં સમ્યકત્વ ત્યાં ચારિત્ર. ” (૯૬)

“ ભાવનાથી રાગાદિકનો ક્ષય થાય છે. ” ભાવે એટલે મુમુક્ષુ પુરૂષો નિરંતર જેનો અભ્યાસ કરે તે **ભાવના** કહેવાય છે, તે ભાવના અનિત્યત્વ વિગેરે બાર પ્રકારની છે. કહ્યું છે કે, “ ૧ અનિત્ય ભાવના, ૨ અશરણ ભાવના, ૩ એકત્વ ભાવના, ૪ અન્યત્વ ભાવના, ૫ અશુચિ ભાવના, ૬ સંસાર ભાવના, ૭ કર્માશ્રવ સંવર ભાવના, ૮ નિર્જરા ભાવના, ૯ લોક ભાવના, ૧૦ ધર્મ ભાવના, ૧૧ તત્વ ભાવના, અને ૧૨ બોધિ દુર્લભ ભાવના,—એ બાર શુદ્ધ ભાવના કહેવાય છે. ” તે ભાવનાથી રાગાદિ એટલે રાગ, દ્વેગ, મોહ, તથા મલ વિગેરે તેમનો ક્ષય થાય છે. જેમ સારી રીતે ચિકિત્સા કરવાથી વાતપિત્ત વિગેરે રોગનો ક્ષય થાય છે, અને પ્રચંડ પવનથી જેમ મેઘ મંડળનો ક્ષય થાય છે, તેમ

मित्याह " ( ९७ )

" तद्भावेऽपवर्ग इति " । तस्य रागादिक्षयस्य भावे सकललोकालोकविलोकनशालिनोः केवलज्ञानदर्शनयोर्लब्धौ सत्यां निस्तीर्णभावार्णवस्य सतोजंतोरपवर्ग उक्तनिरुक्त उद्भवतीति । किं लक्षण इत्याह— " स आत्यंतिको दुःखविगम इति " । सोऽपवर्गः अत्यंतं सकलदुःखशक्तिनिर्मूलनेन भवतीति आत्यंतिकः दुःखविगमः सर्वशारीरमानसाशर्मविरहः सर्वजीवलोकावसाधारणानंदानुभवश्चेति । इत्थंदेशनाविधिं प्रपंच्योपसंहरन्नाह—

**एवं संवेगकृद्धर्म आख्येयो मुनिना परः ।**
**यथा बोधं हि शुश्रूषोर्भावि तेन महात्मनः ॥**

इति व्याख्यात प्रायं ।

---

ભાવનાથી રાગાદિકનો ક્ષય થાય છે. કારણકે એ રાગાદિ ભાવનાના પ્રતિપક્ષ ભૂત છે. ( ૯૭ ) તે રાગદિકના ક્ષયથી શું થાય તે કહે છે.

" તે રાગાદિકનો ક્ષય થવાથી મોક્ષ થાય છે. " તે રાગાદિકનો ક્ષય થવાથી સર્વ લોકાલોકના અવલોકનથી શોભતા એવા કેવળ જ્ઞાન તથા દર્શનની પ્રાપ્તિ થવાથી ભવરૂપ સમુદ્રને તરનારા પ્રાણીને અપવર્ગ કે, જેનો શબ્દાર્થ આગળ કહેલો છે, તે પ્રાપ્ત થાય છે. અપવર્ગ— મોક્ષનું શું લક્ષણ ? તે કહે છે.

" અત્યંત દુઃખનો નાશ તે મોક્ષ કહેવાય છે. " તે મોક્ષ અત્યંત એટલે દુઃખની સર્વ શકિતને નિર્મૂલ કરવાથી થયેલો દુઃખનો નાશ એટલે શારીરિક તથા માનસિક દુઃખનો વિરહ અને સર્વ જીવ લોકને અસાધારણ આનંદનો અનુભવ, તે મોક્ષ કહેવાય છે. આ પ્રમાણે દેશના વિધિને સવિસ્તર બતાવી. હવે તેનો ઉપસંહાર કરે છે.

**" એવી રીતે મુનિએ સંવેગને કરનારો પરમ ધર્મ કહેવો. જેથી તે મહાત્માવડે ધર્મ સાંભળવા ઇચ્છનાર પુરૂષને યથાર્થ બોધ થશે. "**

તેની લગભગ વ્યાખ્યા થયેલી છે. અહીં શંકા થાય કે, ધર્મ કહેવાથી પણ જો

आह धर्माख्यापनेऽपि यदा तथाविधकर्मदोषान्नावबोधः श्रोतुरुत्पद्यते तदा किं फलं धर्माख्यानमित्याह ।

**अबोधेऽपि फलं प्रोक्तं श्रोतृणां मुनिसत्तमैः ।**
**कथकस्य विधानेन नियमाच्छुद्ध चेतसः ॥**

सुगमम् ।

आह प्रकारांतरेणापि देशनाफलस्य संभाव्यमानत्वादलमिहैव यत्नेनेत्याशंक्याह—

**नोपकारो जगत्यस्मिन् तादृशो विद्यते क्वचित् ।**
**यादृशी दुःख विच्छेदाद्देहिनां धर्मदेशना ॥**

न नैव उपकारोऽनुग्रहो जगति भुवने अस्मिन्नुपलभ्यमाने तादृशो विद्यते समस्ति क्वचित्काले क्षेत्रे वा यादृशी यादृग्रूपा दुःखविच्छेदात्

---

તેવા કર્મના દોષથી શ્રોતાને બોધ ન થાય તો, પછી ધર્મ કહેવાનું ફળ શું ? તે કહે છે.

**" ધર્મ કહેતાં કદિ બોધ ન થાય, તોપણ ઉત્તમ મુનિઓએ શુદ્ધ ચિત્તવાળા ઉપદેશકના નિયમ વિધાનથી ફળ થાય, એમ કહેલું છે. "**

આ શ્લોક સુગમ છે.

અહીં વળી શંકા કરે છે કે, જ્યારે બીજી રીતે દેશનાનું ફળ સંભવે છે, તો પછી એમાં યત્ન કરવાની શી જરૂર છે ? તેના સમાધાન માટે કહે છે—

**" આ જગતમાં કોઈ ઠેકાણે તેવો બીજો ઉપકાર નથી કે, જેવો ઉપકાર પ્રાણીઓના દુઃખનો નાશ કરનારી ધર્મ દેશના કરવાથી થાય છે. "**

આ જગતમાં કોઇ કાળે અથવા ક્ષેત્રે તેવો ઉપકાર નથી કે, જેવો શરીર તથા મન સંબંધી દુઃખને નાશ કરવાથી દેશનાને યોગ્ય એવા પ્રાણીઓને ધર્મ દેશના ઉપકાર કરે છે. અહીં ધર્મ દેશના એટલે ધર્મ દેશનાથી થયેલ માર્ગ શ્રદ્ધા પ્રમુખ ગુણ. કારણકે,

शारीरमानसदुःखापनयनात् देहिनां देशनार्हाणां धर्मदेशनेति धर्मदेशना जनितो मार्गश्रद्धानादिर्गुणः तस्य निःशेषक्लेशलेशाकलंक मोक्षाक्षेपं प्रत्यवंध्य कारणत्वादिति निरूपितो धर्मबिंदौ सद्धर्मदेशना प्रदानविधिः ।

## अथ सद्धर्म ग्रहण योग्यतामाह—

संविग्नस्तच्छ्रुतेरेवं ज्ञाततत्त्वो नरोऽनघः ।
दृढं स्वशक्त्या जातेच्छः संग्रहेऽस्य प्रवर्त्तते ॥

संविग्न इति—एवमुक्तरीत्या तच्छ्रुतेः तस्या धर्मदेशनायाः श्रुतेः श्रवणात् नरः श्रोता पुमान् अनघः व्यावृत्ततत्त्वप्रतिपत्तिबाधकमिथ्यात्वमालिन्यः सन् अतएव ज्ञाततत्त्वः करकमलतलाकलितनिस्तलास्थूलामलमुक्ताफलवच्छास्त्र लोचनबलेन लोकितसकलजीवादिवस्तुवादः तथा संविग्नः

---

તે સમગ્ર ક્લેશના લેશ ભાગરૂપ કલંકથી રહિત એવા મોક્ષના આક્ષેપ પ્રત્યે સફળ કારણરૂપ છે. એટલે તે ધર્મ દેશના મોક્ષનું સફળ કારણ છે. એ પ્રમાણે ધર્મબિંદુમાં સદ્ધર્મની દેશના આપવાનો વિધિ કહેલો છે.

## હવે સદ્ધર્મ ગ્રહણની યોગ્યતા કહે છે.

" તે ધર્મદેશના સાંભળવાથી સંવેગને પામેલો, તત્વને જાણનારો, અને પાપથી રહિત એવો પુરૂષ પોતાની શક્તિ વડે દઢ ઇચ્છા થવાથી એ ધર્મનો સંગ્રહ કરવામાં પ્રવર્ત્તે છે.

એવી રીતે તે ધર્મ દેશના સાંભળવાથી શ્રોતા પુરૂષ અનઘ એટલે તત્ત્વ મેળવવામાં બાધ કરનાર મિથ્યાત્વ રૂપ મલિનતાથી રહિત, અને એથીજ તત્વને જાણનાર એટલે કરકમલમાં રહેલા ગોલ, સૂક્ષ્મ, અને મોતીની જેમ શાસ્ત્રરૂપ લોચનના બળથી સર્વ જીવાદિ વસ્તુને જોનાર, તેમજ પૂર્વે જેનું લક્ષણ કહેલું છે, તેવા સંવેગને પામેલો, અને ધર્મમાં તે આચરવાની ઇચ્છાના પરિણામને પ્રાપ્ત કરનારો એવો પુરૂષ દઢ એટલે સૂક્ષ્મ આ

संवेगमुक्तलक्षणं प्राप्तः सन् जातेच्छः लब्धचिकीर्षापरिणामोऽर्थाद्धर्मे दृढमिति सूक्ष्माभोग पूर्वं यथास्यात्तथा स्वशक्त्या स्वसामर्थ्येन हेतुभूतेन अस्य धर्मस्य संग्रहे सम्यग्वक्ष्यमाणयोगवंदनादि शुद्धिरूपविधिपूर्वं ग्रहे प्रतिपत्तौ प्रवर्त्तते प्रवृत्तिमाधत्ते ( ९८ ) अदृढमयथाशक्ति च धर्मग्रहणप्रवृत्तौ भंगसंभवेन प्रत्युतानर्थसंभव इति दृढस्वशक्त्योर्ग्रहणं कृतमिति विशेषगृहिधर्मग्रहणयोग्यता प्रतिपादिता भवति शास्त्रांतरे चैकविंशत्या गुणैर्धर्मग्रहणार्हो भवतीति प्रतिपादितं ( ९९ ) तद्यथा ।

" धम्मरयणस्स जुग्गो अक्खुद्दो रूववं पगइ सोमो ।
लोगप्पिओ अक्कूरो भीरु असढो सुदक्खिन्नो ॥ १ ॥
लज्जालुओ दयालूमज्झत्थो सोमदिट्ठि गुणरागी ।
सक्कह सुपक्खजुत्तो सुदीहदंसी विसेसन्नू ॥ २ ॥
वुड्ढाणुगो विणीओ कयण्णुओ परहि अत्थकारी अ ।

ભોગ પૂર્વક પોતાના હેતુરૂપ સામર્થ્યવડે એ ધર્મનો સંગ્રહ કરવામાં, એટલે જેનો યોગ, વંદના પ્રમુખ શુદ્ધિ રૂપ વિધિ સમ્યક્ પ્રકારે કહેવામાં આવશે. તે પૂર્વક પ્રતિપાદન કરવામાં પ્રવર્ત્તે છે પ્રવૃત્તિ કરે છે. [ ૯૮ ] અહિં મૂલમાં दृढ અને स्वशक्ति એ બે શબ્દોનું ગ્રહણ કરેલું છે, તેથી એમ સમજવું કે, અદ્રઢ, અને યથા શકિત વગર ધર્મને ગ્રહણ કરવા પ્રવૃત્તિ કરવામાં ભંગ થવા સંભવ હોવાથી ઉલટો અનર્થ થાય છે, અને તેથી ગૃહસ્થના વિશેષ ધર્મને ગ્રહણ કરવાની યોગ્યતા પ્રતિપાદન થાય છે. એકવીશ ગુણવડે માણસ ધર્મ ગ્રહણ કરવાને યોગ્ય થાય છે, એમ બીજા શાસ્ત્રમાં પણ કહેલું છે. ( ૯૯ )

તે આ પ્રમાણે—" જે ક્ષુદ્ર–હલકો ન હોય, રૂપવાન્ હોય, પ્રકૃતિએ સૌમ્ય હોય, લોક પ્રિય હોય, ક્રૂર ન હોય, બીકણુ હોય, શઠ ન હોય, દક્ષ હોય, લાજવાલો હોય, દયાલુ હોય, મધ્યસ્થ હોય, સૌમ્ય દૃષ્ટિ હોય, ગુણનો રાગી હોય, ધર્મ કથા પ્રિય હોય, સારા પક્ષે યુક્ત હોય, દીર્ઘદર્શી હોય, વિશેષ જ્ઞાતા હોય, વૃદ્ધને અનુસરનારો હોય, વિનીત હોય, કૃતજ્ઞ હોય, પરહિત કરનાર હોય અને લક્ષવાલો હોય–એ એકવીશ ગુણ વડે યુક્ત એવો

तहचेव लद्धलरको इगवीस गुणेहिं संजुत्तो ॥ ३ ॥ ( १०० )

एतासां व्याख्याधर्माणां मध्ये यो रत्नमिव वर्त्तते जिनप्रणितो देशविरतिसर्वविरतिरूपो धर्मः स धर्मरत्नं तस्य योग उचितो भवतीत्यध्याहारः एकविंशत्या गुणैः संपन्न इति तृतीयगाथांते संबंधः । तानेव गुणान् गुणागुणिनोः कथंचिदभेद इति दर्शनाय गुणिप्रतिपादनद्वारेणाह— " अरकुद्दो इत्यादि तत्र अक्षुद्रोऽनुत्तानमतिः १ रूपवान् प्रशस्तरूपः स्पष्टपंचेंद्रियरूप इत्यर्थः २ प्रकृति सोमः स्वभावतोऽपापकर्मा ३ लोकप्रियः सदासदाचारचारी ४ अक्रूरोक्लिष्टचितः ५ भीरुः ऐहिकामुष्मिकापाय भीरुकः ६ अशठः परावंचकः ७ सुदाक्षिण्यः प्रार्थनाभंगभीरुः ८ लज्जालुः अकार्यवर्जकः ९ दयालुः सत्वानुकंपकः १० मध्यस्थो रागद्वेषरहितः अतएवासौ सोम दृष्टिः यथावस्थितविचारवित्त्वात् इह पदद्वयेनाप्येक एक गुणः ११ गुणरागी गुणी पक्षपातकृत् १२ सती धर्मकथाऽभीष्टा यस्य

પુરૂષ ધર્મ રત્નને યોગ્ય થાય છે. " ( ૧૦૦ ) તેની વિશેષ વ્યાખ્યા આ પ્રમાણે–સર્વ ધર્મને વિષે જે ધર્મ રત્ન જેવો હોય. શ્રી જિન પ્રણીત દેશ વિરતિ તથા સર્વ વિરતિ રૂપ જે ધર્મ તે ધર્મ રત્ન કહેવાય છે. તે ધર્મ રત્નને યોગ્ય એવો પુરૂષ થાય છે. તે કેવો પુરૂષ કે જે એકવિશ ગુણથી સંપન્ન હોય–એ ત્રીજી ગાથા સાથે સંબંધ છે. ગુણ અને ગુણીની વચ્ચે કોઇ રીતે અભેદ છે, એમ દર્શાવા તે એકવીશ ગુણને ગુણીનું પ્રતિપાદન કરી તે દ્વારા કહે છે–૧ અક્ષુદ્ર એટલે જેની મતિ હલકી ન હોય. ૨ રૂપવાન્ એટલે શ્રેષ્ટ રૂપ અર્થાત્ પંચેંદ્રિયના સ્પષ્ટ રૂપ વાલો હોય. ૩ પ્રકૃતિથી સોમ હોય એટલે સ્વભાવથી પાપ રહિત કર્મવાલો હોય. ૪ લોક પ્રિય એટલે હમેશાં સદાચારે ચાલનારો હોય. ૫ અનુકૂલ એટલે ચિત્તમાં કલેશ વગરનો હોય. ૬ ભીરૂ એટલે આ લોક તથા પરલોકના અપાય—થી બીકણુ હોય. ૭ અશઠ એટલે બીજાને છેતરનારો ન હોય. ૮ દાક્ષિણ્યતાવાલો એટલે પ્રાર્થનાનો ભંગ થવામાં બીકણુ હોય, ૯ લજ્જાળુ એટલે અકાર્યને વર્જનારો હોય. ૧૦ દયાળુ એટલે પ્રાણી ઉપર અનુકંપા કરનારો હોય, ૧૧ મધ્યસ્થ એટલે રાગ દ્વેષ વગરનો તેથીજ સોમ દૃષ્ટિ એટલે યથાર્થ વિચારને જાણનારો હોય, આ બંને એકજ

स सत्कथः १३ सुपक्षयुक्तः सुशीलानुकूलपरिवारोपेतः १४ सुदीर्घदर्शी सुपर्यालोचितपरिणामसुंदरकार्यकारी १५ विशेषज्ञोऽपक्षपातित्वेन गुणदोषविशेषाविशेषवेदी १६ वृद्धानुगः परिणतमतिपुरुषसेवकः १७ विनीतो गुणाधिकेषु गौरवकृत् १८ कृतज्ञः परोपकाराविस्मारकः १९ परहितार्थकारी निरीहः सन् परार्थकृत् सुदाक्षिण्यो हि अभ्यर्थित एव परोपकारं करोत्ययं पुनः स्वत एव परहितरत इति विशेषः २० तह चेवत्ति तथा शब्दः प्रकारार्थः च समुच्चये एवोऽवधारणे ततश्च यथैते विंशतिः तथैव तेन प्रकारेण लब्धलक्ष्यश्च धर्माधिकारीति पदयोगः पदार्थस्तु लब्ध इव प्राप्त इव लक्ष्यो लक्षणीयो धर्मानुष्ठानव्यवहारो येन सः लब्धलक्ष्यः सु शिक्षणीय २१ इत्येकविंशत्या गुणैः संपन्नो धर्मरत्नयोग्य इति योजित मेव । अत्राह ननु किमेकांतेनैतावद्गुणसंपन्ना धर्माधिकारिण उतापवादोप्यस्तीति प्रश्नेसत्याह—

ગુણ છે. ૧૨ ગુણ રાગી એટલે ગુણી જનનો પક્ષપાત કરનાર હોય, ૧૩ સતી-ધર્મ કથા જેને પ્રિય છે એવો હોય, ૧૪ સુપક્ષે યુક્ત એટલે સુશીલ તથા અનુકૂલ પરિવારવાળો હોય, ૧૫ દીર્ઘ દર્શી એટલે વિચાર પૂર્વક અને પરિણામે સારૂં કાર્ય કરનારો હોય. ૧૬ વિશેષજ્ઞ એટલે પક્ષપાત વગર ગુણ દોષના ન્યૂનાધિકપણાને જાણનારો હોય. ૧૭ વૃદ્ધને અનુસરનાર એટલે પક્વ બુધિવાળા પુરૂષનો સેવક હોય. ૧૮ વિનીત એટલે અધિક ગુણવાન્‌ની ગૌરવતા કરનારો હોય, ૧૯ કૃતજ્ઞ એટલે પરોપકારને નહીં ભુલનારો હોય, ૨૦ પરહિતાર્થકારી એટલે નિરીહ થઇ પરહિત કરનારો હોય. દાક્ષિણ્યતાવાળો પુરૂષ પ્રાર્થના કરવાથીજ પરોપકાર કરે છે, અને આ પુરૂષ સ્વતઃ પરોપકાર કરવામાં તત્પર હોય છે. એટલો તેમાં વિશેષ છે. અહિ **तथा** શબ્દ પ્રકાર અર્થમાં, **च** શબ્દ સમુચ્ચયમાં અને **एव** શબ્દ અવધારણ—નિશ્ચયમાં પ્રવર્ત્તે છે.

એથી વીશજ ગુણ થાય છે, માટે લબ્ધ લક્ષ્ય અને ધર્માધિકારી એ પદનો યોગ છે. તે પદનો અર્થ એવો થાય કે, ધર્માનુષ્ટાનનો વ્યવહારરૂપ લક્ષ્ય જેણે પ્રાપ્ત કર્યો હોય તે, અર્થાત્ સારો શિક્ષણીય હોય તે. આવા એકવીશ ગુણવડે સંપન્ન એવો પુરૂષ ધર્મરત્નને યોગ્ય છે. એમ યોજના કરવી.

" पायद्ध गुणविहीणा एतेसिंमज्झिमावराणेआ ।
इत्तो परेण हीणा दरिद्दपायामुणे अव्वा " ॥ १ ॥

इहाधिकारिण उत्तमा मध्यमा हीनाश्चेति त्रिधा तत्रोत्तमाः संपूर्ण गुणा एव पादश्चतुर्थांशस्तत्प्रमाणैर्गुणैर्ये विहीनास्ते मध्यमा अर्द्धप्रमाण गुणहीनाश्च जघन्या अर्द्धादप्यधिकै र्हीना नरा दरिद्रा धर्मरत्नस्यायोग्या इत्यर्थः । ( १०१ )

अत्र च यद्यपि श्रावक यतिधर्मभेदाद्धर्मो द्विधा श्रावकधर्मोऽपि अविरत विरत श्रावक धर्म भेदाद्द्विधा तत्रा विरत श्रावकधर्मस्य पूर्व सूरिभिः " तत्थहिगारी अत्थी समत्थ ओ जो न सुत्तपडिकुद्धो अत्थीओ जो विणीओ समुट्ठिओ पुज्जमाणो अ " इत्यादि ना अधिकारी निरूपितः । विरतश्रावकधर्मस्य—" संपत्त दंसणाई पइदि अहं जइ जणा सुणेई आसामायारिं परमं जो खलु तं सा वयं विति " ॥ ( १०२ ) तथा

અહિં શંકા કરે છે કે, ત્યારે એકાંતે એવા ગુણથી જે સંપન્ન હોય તેજ ધર્મના અધિકારી સમજવા કે, તેમાં કાંઇ અપવાદ પણ છે—એ શંકા ઉપર કહે છે—" અહિં ધર્મ રત્નને યોગ્ય એવા અધિકારી ઉત્તમ, મધ્યમ, અને હીન એમ ત્રણ પ્રકારના છે, તેમાં જે સંપૂર્ણ ગુણવાળા તેજ ઉત્તમ જાણવા. પાદ એટલે ચતુર્થાંશ તત્પ્રમાણ એવા ગુણથી રહિત તે મધ્યમ જાણવા, અને અર્ધપ્રમાણ ગુણથી રહિત તે જઘન્ય જાણવા, અને અર્ધથી પણ અધિક ગુણે રહિત એવા પુરૂષો દરિદ્રી જાણવા. અર્થાત્ તે ધર્મ રત્નને અયોગ્ય છે. " ( ૧૦૧ ) અહિં જો કે, શ્રાવક ધર્મ, અને યતિધર્મ—એવા ભેદથી બે પ્રકારે ધર્મ કહેલો છે, અને શ્રાવક ધર્મ પણ અવિરત શ્રાવક ધર્મ, અને વિરત શ્રાવક ધર્મ એવા બે ભેદવાળો છે. તેમાં અવિરત શ્રાવક ધર્મનો અધિકારી પૂર્વ વિદ્વાનોએ આ પ્રમાણે કહેલો છે— " જે અર્થી સમર્થ, સૂત્ર જાણનાર, વિનીત, અને આસ્તિક તરીકે પૂજાતો હોય તે અવિરત શ્રાવક ધર્મનો અધિકારી છે. " ઇત્યાદિ.

વિરત શ્રાવક ધર્મનો અધિકારી આ પ્રમાણે —" દર્શન વિગેરે પ્રાપ્ત કરી પ્રતિ દિવસ સમાયિક કરી પરમ શ્રુત સાંભળે તે વિરત શ્રાવક છે. " ( ૧૦૨ ) વળી જે પરલોકમાં હિતકારી ધર્મ તથા જિન વચનને ઉપયોગથી સાંભળે, અને અતિ તીવ્ર કર્મનો

" परलोगहिअं धम्मं जो जिणवयणं सुणे इ उवउत्तो । अइतिव्व कम्म-विगमा उक्कोसो सावग्रो इत्थ " ।। इत्यादिभिरसाधारणैः श्रावक शब्द प्रवृत्ति हेतुभि रधिकारित्वमुक्तं यतिधर्माधिकारिणोऽप्येवं तत्प्रस्तावे व-क्ष्यमाणा यथा—

" पव्वज्जाए अरिहा आयरिअदेसंमि जे समुपन्ना ।
जाइ कुलेहिं विसिट्ठा तह खीणप्पा यकम्मला " ।। १ ।।
तत्तो अविमल बुद्धि दुलहं मणुअत्तणं भवसमुद्दे ।
जम्मो मरणनिमित्तं च वलाओ संप या ओ अ ।। २ ।।
विसया य दुरकहेउ संजोगे निअमओ विओगुत्ति ।
पइ समयमेव मरणं इत्थ विवागो अ अइरुद्दो ।। ३ ।।
एवं पयई एच्चिअ अवग ्संसार निग्गुण सहावा ।
तत्तो अ तव्विरत्ता पयणु कुसा यप्पहासाय ।। ४ ।।
सुकयन्नु आ विणी आ राया ईणम विरुद्ध कारी अ ।
कल्लाणं सासद्दा धीरा तह समुवसंपन्ना ।। ५ ।। ( १०३ )

---

નાશ કરે તે ઉત્કૃષ્ટ શ્રાવક. " ઇત્યાદિ શ્રાવક શબ્દની પ્રવૃત્તિના અસાધારણુ હેતુવડે બિરત શ્રાવક ધર્મનું અધિકારીપણું કહેલું છે.

યતિ ધર્મના અધિકારીઓ પણ તે પ્રમાણે તે પ્રસંગે કહેવામાં આવશે. " જેમકે, જે આર્ય દેશમાં ઉત્પન્ન થયેલા છે, જે જાતિ કુળમાં ઉત્તમ છે, તેમજ જેઓએ પાપ કર્મના મળને ખપાવ્યા છે, તે દીક્ષા લેવાને યોગ્ય છે. આ સંસારરૂપ સમુદ્રમાં મલિન બુદ્ધિવાળાને દુર્લભ એવું માનુષ્યપણું દુર્લભ છે, જન્મ અને મરણુ નિમિત્ત સંપત્તિઓ ચપળ છે. વિષય દુઃખના હેતુ છે, સંયોગનો નિયમિત રીતે વિયોગ થાય છે, પ્રત્યેક સમયે મરણુ રહેલું છે, એવું અતિ દારૂણુ પરિણામ છે." એવી રીતે નિશ્ચય કરી સંસારનો સ્વભાવ જાણી, કષાયનો નાશ કરવા તેમાં વિરક્ત થાય છે, અને સુકૃતવાળા, વિનીત, અવિરૂદ્ધ કરનારા અને તેમાં ઉત્પન્ન થયેલા તે ધીર પુરૂષ શ્રદ્ધાથી કલ્યાણુના અધિકારી છે. " ( ૧૦૩ ) એવી રીતે જુદા જુદા યતિ ધર્મના અધિકારી જણાવ્યા છે, તથાપિ

इति पृथक् पृथक् प्रतिपादिता स्तथाप्येभिरेक विंशत्या गुणैः कतम धर्मस्याधिकारित्व मिति न व्यामोहः कार्यो यत एतानि सर्वाण्यपि शास्त्रांतरीयाणि लक्षणानि प्रायेण तत्तद्गुण स्यांग भूतानि वर्त्तते चित्रस्य वर्णकशुद्धि विचित्रवर्णतारेखाशुद्धि नानाभाव प्रतीतिवत् प्रकृतगुणाः पुनः सर्वे धर्माणां साधारण भूमिकेव चित्रकराणामिति सूक्ष्मबुध्या परिभाव नीयं । यदुक्तं– " दुविहंपि धम्मरयणं तर इनरो घित्तु मविगलं सोउ । जस्से गवीस गुणरयणसंपया होइ सुत्थिक्ति "॥ ते च सर्वेऽपि गुणाः प्रकृते संविग्नादिविशेषणपदैरेव संगृहीता इति सद्धर्म ग्रहणार्हउक्तः॥

इति परमगुरु भट्टारक श्री विजयानंदसूरि शिष्य पंडित श्री शांतिविजयगणि चरणसेवि महोपाध्याय मानविजयगणि विरचितायां स्वोपज्ञधर्मसंग्रहवृत्तौ सामान्यतो गृहिधर्म व्यावर्णनो नाम प्रथमोऽधिकारः ॥ १ ॥

આ એકવિશ ગુણવડે કેવા ધર્મનું અધિકારીપણું છે, એમ મોહ ન કરવો. કારણ કે, એ સર્વ બીજા શાસ્ત્રનાં લક્ષણો પ્રાયે કરીને તે તેના ગુણના અંગભૂત છે. જેમ ચિત્રમાં તેના રંગની શુદ્ધિ, વિચિત્ર વર્ણપણાની રેખાઓની શુદ્ધિ અને જુદા જુદા તરેહ તરેહના ભાવની પ્રતીતિ થાય છે, તેમ તે ગુણ રહેલા છે, અને સર્વ ધર્મના પ્રકૃતિના ગુણ તો ચિત્રકારની સાધારણ ભૂમિકાની જેમ રહેલા છે, એમ સૂક્ષ્મ બુદ્ધિથી જાણી લેવું. ( ૧૦૪ ) તે વિષે કહેલું છે કે, " બે પ્રકારના ધર્મ રત્નને તે પુરૂષ અવિકળપણે સાંભળવાને યોગ્ય થાય છે, કે જેનામાં એકવીશ ગુણની સંપત્તિ સારી રીતે હોય. " તે સર્વે પણ ગુણ પ્રકૃતમાં— ચાલતા વિષયમાં **સંવિગ્ન** વિગેરે વિશેષણના પદવડે સંગૃહીત કરેલા છે, એવી રીતે સદ્ધર્મ દેશનાને યોગ્ય એવો પુરૂષ કહેલો છે.

**ઇતિ પરમ ગુરૂ ભટ્ટારક શ્રી વિજયાનંદસૂરિના શિષ્ય પંડિત શ્રી શાંતિવિજયગણીના ચરણની સેવા કરનાર મહોપાધ્યાય શ્રી માનવિજયગણિની રચેલી આ સ્વોપજ્ઞ ધર્મ સંગ્રહ વૃત્તિમાં ગ્રહસ્થના સામાન્ય ધર્મના વર્ણનરૂપ પ્રથમ અધિકાર સંપૂર્ણ થયો.**

# द्वितीयः अधिकारः ।

सांप्रतं विशेषतो गृहिधर्म व्याख्यानावसरः स च सम्यक्त्वमूलक इति प्रथमं सम्यक्त्वं प्रस्तूय तदेव लक्षयति—

न्यायाश्च सति सम्यक्त्वेऽणुव्रतप्रमुखग्रहः ।
जिनोक्ततत्त्वेषु रुचिः श्रद्धा सम्यक्त्वमुच्यते ॥

सति विद्यमाने सम्यक्त्वे सम्यग्दर्शने चकारोऽत्रैवकारार्थो भिन्नक्रमश्च ततः सम्यक्त्वे सत्येवेत्यर्थो लभ्यते अणुव्रतगुणव्रतशिक्षाव्रतानां ग्रहः अभ्युपगमोन्याप्य उपपन्नः नत्वन्यथा सम्यक्त्वेऽसति निष्फलत्वप्रसंगाद्यथोक्तं—( १ )

" सस्यानीवोषरक्षेत्रे निक्षिप्तानि कदाचन ।
न व्रतानि प्ररोहंति जीवे मिथ्यात्ववासिते ॥ १ ॥

## અધિકાર ૨ જો.

હવે ગૃહસ્થના વિશેષ ધર્મની વ્યાખ્યાનો અવસર છે. તે ગૃહસ્થનો વિશેષ ધર્મ સમકિત મૂળ છે, તેથી પ્રથમ સમ્યકત્વ—સમકિતનું લક્ષણ કહે છે.

**" સમ્યકત્વ હોય તો, અણુવ્રત પ્રમુખનો સ્વિકાર કરવો ઘટે છે, તેથી જિન ભગવંતે કહેલ તત્વ ઉપર રૂચિ તથા શ્રદ્ધા તે સમ્યકત્વ કહેવાય છે. "**

સમ્યકત્વ સમ્યગ્ દર્શન વિદ્યમાન હોય. અહીં મૂળમાં **च** શબ્દ છે, તે **एव** (જ) નો અર્થ તથા ભિન્ન ક્રમ બતાવે છે, તેથી એવો અર્થ થાય કે, સમ્યકત્વ વિદ્યમાન હોય, તોજ અણુવ્રત, ગુણવ્રત તથા શિક્ષાવ્રતનું ગ્રહણ કરવું ઘટિત છે. અન્યથા એટલે સમ્યકત્વ વિદ્યમાન ન હોય તો, તે અણુવ્રતાદિક નિષ્ફળ થવાનો પ્રસંગ આવે છે. તે વિષે કહ્યું છે કે, (૧) " જેમ ખારવાળી જમીનમાં વાવેલાં ધાન્ય બીજ ઉગતાં નથી, તેમ મિથ્યાત્વથી વાસિત એવા જીવમાં વ્રત ઉગતાં નથી. " જેમ પ્રલય કાળનો અગ્નિ ફલદ્રૂપ વૃક્ષોનો

संयमा नियमाः सर्वे नाश्यंते तेन पावनाः ।
क्षयकालानलेनेव पादपाः फलशालिन इति ” ॥ २ ॥

सम्यक्त्क मेव दर्शयति जिनोक्तेत्यादि जिनोक्तेषु तत्वेषु जीवाजीवादिपदार्थेषु या शुद्धा अज्ञानसंशयविपर्यास निराकरणेन निर्मला रुचिः श्रद्धानं सा सम्यक्त्कं उच्यते जिनैरिति शेषः । तद्विशेषतो गृहिधर्म इति पूर्वप्रतिज्ञातं सर्वत्र योज्यं । नन्वित्थं तत्वार्थश्रद्धानं सम्यक्त्कमिति पर्यवसन्नं तत्र श्रद्धानं च तथेति प्रत्ययः स च मानसोऽभिलाषो न चायमपर्याप्त काद्यवस्थायामिष्यते सम्यक्त्कं तु तस्यामपीष्टं षट्षष्टिसागरोपमरूपायाः साद्यपर्यवसितकालरूपायाश्च तस्योत्कृष्टस्थितेः प्रतिपादनादिति कथं नागमाविरोध ( २ )

इत्यत्रोच्यते तत्त्वार्थ श्रद्धानं सम्यक्त्कस्य कार्यं सम्यक्त्कं तु मिथ्यात्व क्षयोपशमादिजन्यः शुभ आत्मपरिणामविशेषः । आह च—“ से

નાશ કરે છે, તેમ તે મિથ્યાત્વ પવિત્ર એવા સંયમ તથા નિયમનો નાશ કરે છે. ”

તે સમ્યકત્વ દર્શાવે છે—શ્રીજિન ભગવંતે કહેલા તત્વ એટલે જીવા જીવાદિ પદાર્થ, તેમને વિષે શુદ્ધ એટલે અજ્ઞાન, સંશય તથા વિપર્યાસને દૂર કરવાથી નિર્મલ એવી જે રૂચિ—શ્રદ્ધા તેને શ્રી જિન ભગવંત સમ્યકત્વ કહે છે, તે સમ્યકત્વ એ ગૃહસ્થનો વિશેષ ધર્મ છે, એમ પૂર્વે કરેલી પ્રતિજ્ઞા સર્વ ઠેકાણે યોજવી.

અહિં શંકા કરે છે કે, ‘ તત્વાર્થ ઉપર શ્રદ્ધા તે સમ્યકત્વ. ’ એમ સિદ્ધ થયું, તેમાં શ્રદ્ધા એટલે ‘ તેમજ છે. ’ એવી પ્રતીતિ—વિશ્વાસ, તે પ્રતીતિ મનની અભિલાષા છે, તે તો અપર્યાપ્ત વિગેરે અવસ્થામાં ઇચ્છાય છે, અને સમકિત તો તે અવસ્થામાં પણ ઇષ્ટ છે, કારણકે તેની સણસેંઠ સાગરોપમની સાદિ અનંત કાળરૂપવાળી ઉત્કૃષ્ટી સ્થીતિ પ્રતિપાદન કરેલી છે. તો તેમ લેવાથી શાસ્ત્રનો વિરોધ કેમ ન આવે ? ( ૨ ) તેના સમાધાનમાં કહેવાનું કે, તત્વાર્થ ઉપર શ્રદ્ધા તે સમ્યકત્વનું કાર્ય છે, અને સમ્યકત્વ તો મિથ્યાત્વના ક્ષયોપશમથી થયેલો આત્માનો શુભ પરિણામ વિશેષ છે. તે વિષે કહેલું છે કે, “ સર્વ

असमत्ते पसत्थ समत्त मोहणी अ कम्मा णु वे अणो व समखयसमुत्थे पशम संवेगा इलिंगेसु हेआय परिणामे पणत्ते " इदं च लक्षणममनस्केषु सिद्धादिष्वपि व्यापकं इत्थं च सम्यक्त्वे सत्येव यथोक्तं श्रद्धानं भवति यथोक्त श्रद्धाने च सति सम्यक्त्वं भवत्येवेति श्रद्धानवतां सम्यक्त्वस्याव-श्यंभावित्वोपदर्शनाय कार्ये कारणोपचारं कृत्वा तत्त्वेषु रुचिरित्यस्य त-त्त्वार्थ श्रद्धान मित्यर्थ पर्यवसानं न दोषाययथा चोक्तं—" ब्रीजाइ न व पयत्थे जो जाणइ तस्स हो इ संमत्तं । भावेणं सद्दहं ते आयाण मा-णे वि सम्मत्तंति " ॥ न न्वेवमपि शास्त्रांतरे तत्त्वत्रयाध्ययनस्यायध्यवसा सम्यक्त्वमित्युक्तं यतः—" अरिहं देवो गुरुणो सुसाहुओ जिणमयं पमा-णं च । इच्चाइसुहो भावो संमत्तं विंति जगगुरुणो " ॥ कथं न शास्त्रां-तरविरोध इति चेन्न अत्र प्रकरणे जिनोक्त तत्त्वेषु रुचिरिति यति श्राव-

---

મોહનીય કર્મના ક્ષયોપશમથી થયેલ ઉપશમ સંવેગ વિગેરે લિંગમાં જે શુભ પરિણામ આત્મા ઉપજાવે તે સમ્યકત્વ. " આ લક્ષણ મન વગરના સિદ્ધાદિકમાં પણ વ્યાપક છે.

એવી રીતે લેતાં એમ થયું કે, સમકિત હોય તો, યથાર્થ શ્રદ્ધા થાય છે, અને યથાર્થ શ્રદ્ધા હોય તો સમકિત થાય છે. એટલે કે શ્રદ્ધાવાળાને સમકિત અવશ્ય થાય. એમ બતાવાને કાર્યમાં કારણનો ઉપચાર કરી તત્વો ઉપર રૂચિ, એ વચનનો અર્થ તત્વ ઉપર શ્રદ્ધા એમ લેવાથી દોષ લાગતો નથી. તે વિષે કહ્યું છે કે, " જે બીજાદિ નવ પદાર્થ જાણે તેને સમકિત હોય છે, અને ભાવવડે શ્રદ્ધા રાખે, તેને પણ સમકિત હોય છે. "

અહીં શંકા કરે છે કે, બીજા શાસ્ત્રમાં ત્રણ તત્વ ( દેવ, ગુરૂ અને ધર્મ ) નો અધ્યવસાય તે સમ્યક્ત્વ એમ કહેલું છે. જેમકે– " અરિહંત દેવ, ઉત્તમ સાધુ તે ગુરૂ અને જિન મત—જિન ધર્મ તે પ્રમાણ—ઇત્યાદિ જે શુભ ભાવ તે સમ્યક્ત્વ છે, એમ જગદગુરૂ શ્રી અર્હંત પ્રભુ કહે છે. " તો શાસ્ત્રનો વિરોધ કેમ ન આવે ?

તેના સમાધાનમાં કહે છે કે, તેમ નથી. આ પ્રકરણમાં ' જિન ભગવંતે કહેલા તત્વ ઉપર રૂચિ તે સમ્યક્ત્વ ' એમ યતિ અને શ્રાવકોના સમ્યક્ત્વનું સાધારણ લક્ષણ

काणां साधारणं सम्यक्त्वलक्षण मुक्तं शास्त्रांतरे तु गृहस्थानां देवगुरु धर्मेषु पूज्यत्वोपास्यत्वानुष्ठेयत्वलक्षणोपयोगवशाद्देवगुरुधर्मतत्व प्रतिपत्ति लक्षणं सम्यक्त्वं प्रतिपादितं ( ३ ) तत्रापि देवा गुरुवश्च जीवतत्वे धर्मः शुभाश्रवसंवरे चांतर्भवतीति न शास्त्रांतरविरोधः सम्यक्त्वं चार्हद्धर्मस्य मूलभूतं यतो द्विविधं त्रिविधेनेत्यादि प्रतिपत्त्या श्राद्ध द्वादशव्रतीं सम्यक्त्वोत्तर गुणरुपभेद द्वययुता माश्रित्य त्रयोदशकोटिशतानि चतुरशीति कोटयः सप्तविंशतिः सहस्राणि द्वे शते च व्युत्तरे भंगाः स्युः एषु च केवलं सम्यक्त्वं विना च नैकस्यापि भंगस्य संभवः ( ४ ) अतएव मूलं दारमित्यादि षड्भावना वक्ष्यमाणा युक्ता एवेति एतत्फलं चैवमाहुः—

" अंतो मुहुत्तमित्तं पिफासि अं हुज्जजेहिं सम्मत्तं ।
ते सिं अवड्ढपुग्गल परिअहो चे व संसारो " ॥ १ ॥

---

કહેલું છે, અને બીજા શાસ્ત્રમાં તો ગ્રહસ્થોને દેવ, ગુરૂ, તથા ધર્મને વિષે પૂજ્યત્વ, ઉપાસ્યત્વ ( ઉપાસના કરવા યોગ્યપણું ) અને અનુષ્ટેયત્વ ( આચરવા યોગ્યપણું ) રૂપ લક્ષણના ઉપયોગને લઇ દેવ, ગુરૂ તથા ધર્મ તત્વનું પ્રતિપાદન કરવારૂપ લક્ષણવાળું સમ્યકત્વ કહેલું છે. ( ૩ ) તેમાં પણ દેવ અને ગુરૂનો જીવ તત્વમાં, અને ધર્મનો શુભ આશ્રવ—સંવર તત્વમાં અંતર્ભાવ—સમાવેશ થઇ જાય છે, તેથી અન્ય શાસ્ત્રનો વિરોધ આવતો નથી. સમ્યકત્વ અર્હંત ધર્મનું મૂલ છે. કારણ કે, द्विविधं त्रिविधे न ઇત્યાદિ પ્રતિપાદન કરી શ્રાવકનાં બાર વ્રતના સમ્યકત્વ તથા ઉત્તર ગુણરૂપ બે ભેદ સાથે લઇ તેરસો અને ચોરાશી કોટી, સત્તાવીશ હજાર, બસો અને બે એટલા ભાંગા થાય છે. તેઓમાં કેવળ સમ્યકત્વ વિના એક પણ ભાંગાનો સંભવ નથી. ( ૪ ) એથીજ " मूलं दारं " ઇત્યાદિ જે છ ભાવના આગળ કહેવામાં આવશે, તેજ ઘટે છે. તેનું ફળ આ પ્રમાણે કહે છે—" અંત મુહૂર્તમાં જેને સમ્યકત્વ ફર્શે, તેમને અવર્ત્ત પુદ્ગલ પરાવર્ત્ત જેટલો સંસાર થાય છે. સમ્યકૃદ્રષ્ટિ જીવ નિયમિત રીતે વિમાનવાસીઓમાં જાય છે, પણ જો તેનું સમ્યકત્વ ગયું ન હોય તો અથવા પૂર્વે આયુષ્ય બાંધ્યું ન હોય તો, જે સારી રીતે હોય તેને કરે, અને

सम्मदिट्ठी जीवो गच्छइ नियमा विमाणवासीसु ।
जइ न विगयसम्मत्तो अहव न बद्धा उ उ पुव्विं ॥ २ ॥
जं सक्कइ तं कीरइ जं च न सक्कइ तयंमि सद्दहणा ।
सद्दहमाणो जीवो वच्चइ अयरामरं ठाणं ॥ ३ ॥

## अथ तस्य चोत्पादे द्वयी गति र्निसर्गोऽधिगमश्चेति तां तद्भेदांश्चाह—

**निसर्गा द्वाधिगमतो जायते तच्च पंचधा ।**
**मिथ्यात्वपरिहाण्यैव पंचलक्षण लक्षितम् ॥**

निसर्गादिति— निसर्गादधिगमाद्वा तत्सम्यक्त्वं जायते उत्पद्यते तत्र निसर्गः स्वभावो गुरुपदेशादिनिरपेक्ष इति भावः अधिगमो गुरूपदेशः

---

જે સારી રીતે ન હોય તેમાં શ્રદ્ધા હોય છે. શ્રદ્ધા કરનારો જીવ અજરામરણ સ્થાનને પામે છે. ”

## તે સમ્યકત્વને ઉત્પન્ન કરવામાં બે ગતિ છે, નિસર્ગ સ્વભાવ અથવા અધિગમ"ગુરૂનો ઉપદેશ. હવે તે ગતિ તથા તે સમ્યકત્વના ભેદ કહે છે.

**તે સમ્યકત્વ નિસર્ગ-સ્વભાવ અથવા ગુરૂના ઉપદેશથી પાંચ પ્રકારે ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વના નાશથીજ તે પાંચ લક્ષણે લક્ષિત છે.**

તે સમ્યકત્વ નિસર્ગ અથવા અધિગમથી થાય છે. નિસર્ગ એટલે સ્વભાવ અર્થાત્ ગુરૂના ઉપદેશની અપેક્ષા જેમાં હોતી નથી તે. અધિગમ એટલે ગુરૂનો ઉપદેશ અર્થાત્

यथावस्थित पदार्थपरिच्छेद इति यावत् । तथाहि योगशास्त्रवृत्तौ ( ५ )-

“ अनाद्यनंतसंसारावर्त्तवर्त्तिषु देहिषु ।
ज्ञानदृष्ट्याद्यावृत्तिवेदनीयांतरायकर्मणाम् ॥ १ ॥
सागरोपम कोटीनां कोट्यस्त्रिंशत्परास्थितिः ।
विंशतिर्गोत्रनाम्नो श्च मोहनीयस्य सप्ततिः ॥ २ ॥
ततो गिरिसरिद्ग्राव घोलनान्यायतः स्वयम् ।
एकाब्धिकोटि कोटयूना प्रत्येकं क्षीयते स्थितिः ॥ ३ ॥
शेषाब्धिकोटि कोटयंतः स्थितौ सकलजन्मिनः ।
यथा प्रवृत्ति करणाद्ग्रंथि देशं समित्राति ॥ ४ ॥
रागद्वेषपरीणामो दुर्भेदो ग्रंथिरुच्यते ।
दुरुच्छेदो दृढतरः काष्टादेरिव सर्वदा ॥ ५ ॥
ग्रंथिदेशं तु संप्राप्ता रागादि प्रेरिताः पुनः ।
उत्कृष्ट बंधयोग्याः स्युश्चतुर्गति जुषोऽपि च ॥ ६ ॥ ( ६ )

---

યથાર્થ પદાર્થનો પરિચ્છેદ, તે વિષે યોગ શાસ્ત્રની વૃત્તિમાં આ પ્રમાણે લખે છે ( ૫ )— “ આ અનાદિ અનંત સંસારના આવર્તમાં રહેલા પ્રાણીઓને વિષે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ સાગરોપમ કોટાકોટીની છે. ગોત્ર અને નામ કર્મની સ્થિતિ વિશ કોટાકોટી સાગરોપમની છે, અને મોહનીય કર્મની સ્થિતિ સીત્તેર કોટાકોટી સાગરોપમની છે.

પર્વત અને નદીના પાષાણને ઘોલના ( ઘસારો ) થવા ન્યાયે તે પ્રત્યેકની એક સાગરોપમ કોટાકોટીએ ઉણી એવી સ્થિતિ ક્ષય પામે છે. બાકી સાગરોપમ કોટાકોટીની અંદર સ્થિતિ રહે, ત્યારે સર્વ પ્રાણી યથા પ્રવૃત્તિ કરવાવડે ગ્રંથિના દેશને પામે છે. રાગ દ્વેષનું પરિણામ તે દુર્ભેદ ગ્રંથિ કહેવાય છે. તે ગ્રંથિ કાષ્ટાદિકની જેમ દુઃખે ઉચ્છેદ થાય તેવા સર્વદા મજબુત હોય છે. તે ગ્રંથિ દેશને પામેલા, રાગાદિકે પ્રેરેલા, ચાર ગતિને સેવ-

तेषां मध्ये तु ये भव्या भाविभद्राः शरीरिणः ।
आविष्कृत्य परं वीर्य मपूर्व करणे कृते ॥ ७ ॥
अतिक्रामंति सहसा तं ग्रंथिं दुरतिक्रमं ।
अतिक्रांतमहाध्वानो घट्टभूमिवाध्वगाः ॥ ८ ॥
अथा निवृत्ति करणा दंतर करणे कृते ।
मिथ्यात्वं विरलं कुर्यु र्वेदनीयं वदग्रतः ॥ ९ ॥
आंतर्मुहूर्त्तिकं सम्यग्दर्शनं प्राप्नुवंति यत् ।
निसर्गहेतु कमिदं सम्यग् श्रद्धानमुच्यते ॥ १० ॥
गुरूपदेशमालंब्य सर्वेषा मपि देहिनाम् ।
यत्तु सम्यग् श्रद्धानं तत् स्यादधि गमजं परं ॥ ११ ॥
यम प्रशम जीवातु बीजं ज्ञान चरित्रयोः ।
हेतु स्तपः श्रुतादीनां सद्दर्शन मुदीरितम् ॥ १२ ॥
श्लाघ्यं हि चरणज्ञानविमुक्तमपि दर्शनम् ।
न पुनर्ज्ञान चारित्रे मिथ्यात्वविषदूषिते ॥ १३ ॥

---

નારા પણુ પ્રાણીઓ ઉત્કૃષ્ટ બંધને યોગ્ય થાય છે. ( ૬ ) તેઓમાં જે પ્રાણીઓ ભવ્ય તથા ભવિષ્યમાં કલ્યાણુ પ્રાપ્ત કરનારા છે, તેઓ અપૂર્વ કરણુ કરી પરમ વીર્યને પ્રગટ કરી જેમ મુસાફરો મોટો માર્ગ અતિક્રમણુ કરી ઘાટની ભૂમિને પ્રાપ્ત થાય, તેમ તે દુઃખે અતિક્રમણુ થાય, તેવા ગ્રંથિ દેશનું અતિક્રમણુ કરી જાય છે. તે પછી અનિવૃત્તિ કરણુથી અંતરકરણુ કરવાવડે અગ્રથી વેદનીય એવા મિથ્યાત્વને વિરલ કરે છે. પછી અંતર્મુહૂર્ત્તનું જે સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરે છે, તે નિસર્ગ–સ્વભાવથી ઉત્પન્ન થયેલ સમ્યગ્ શ્રદ્ધાન–સમ્યક્ત્વ કહેવાય છે, અને ગુરૂના ઉપદેશથી સર્વ પ્રાણીઓને જે સમ્યગ્ શ્રદ્ધાન–સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, તે અધિગમથી ઉત્પન્ન થયેલ સમ્યક્ત્વ કહેવાય છે. યમ તથા પ્રશમને જીવાડનારૂં, જ્ઞાન તથા ચારિત્રનું હેતુરૂપ, અને તપ તથા શાસ્ત્ર પ્રમુખનું કારણુરૂપ સદ્દર્શન કહેલું છે. ચારિત્ર અને જ્ઞાનથી રહિત એવું દર્શન શ્લાઘ્ય છે. પણુ મિથ્યાત્વરૂપ વિષથી દૂષિત

ज्ञानचारित्रहीनोऽपि श्रूयते श्रेणिकः किल ।
सम्यग्दर्शनमाहात्म्या त्तीर्थकृत्वं प्रपत्स्यते ॥ १४ ॥ इति ।

अत्राह मिथ्यात्वमोहनीयकर्मक्षयोपशमादेरिदं भवति कथमुच्यते निसर्गादधिगमाद्वा तज्जायत इति । ( ७ ) अत्रोच्यते—सएवक्षयोपशमादिर्निसर्गाधिगमजन्मेति न दोषः उक्तं च—

" ऊसरदेशं दड्ढिल्लयं च विज्झाइ वणदवोपप्पइय ।
मिच्छसाणुदए उवसमसम्मं लहइ जीवो ॥ १ ॥
जीवादीणमधिगमो मित्थत्तस्सउ खउवसम्मं भावे ।
अधिगमसमं जीवो पावेइ विशुद्ध परिणामोत्ति " ॥ २ ॥

कृतं प्रसंगेन तच्च कतिविधंभवतीत्याह पंचधेति पंचप्रकारं स्यात् तद्यथा—औपशमिकं १ क्षायिकं २ क्षयोपशमिकं ३ वेदकं ४ सास्वादनं ५ चेति । ( ८ )

---

એવા જ્ઞાન અને ચારિત્ર શ્લાઘ્ય નથી. સાંભળવામાં આવ્યું છે કે, શ્રેણિક રાજા જ્ઞાન તથા ચારિત્રથી હીન છતાં પણ સમ્યગ્ દર્શનના મહાત્મ્યથી તીર્થંકરપણાને પામશે.

અહિં શંકા કરે છે કે, એ સમ્યક્ત્વ તો મિથ્યાત્વ અને મોહનીય કર્મના ક્ષયોપશમ વિગેરેથી થાય છે. તો પછી સ્વભાવથી કે અધિગમથી તે થાય છે એમ કેમ કહ્યું ? ( ૭ ) તેના ઉત્તરમાં કહે છે કે, તેજ ક્ષયોપમ વિગેરે સ્વભાવથી અને અધિગમથી થાય છે, એટલે તેમ કહેવામાં કાંઇ દોષ નથી. તે વિષે કહ્યું છે કે, " ઉષર ( ખારી જમીન ) વિજળી અને વનના દવમાં વનસ્પતિની જેમ મિથ્યાત્વનો અનુદય થતાં જીવ ઉપશમની સામ્યતાને પામે છે. જીવાદીકને અધિગમ—ગુરૂનો ઉપદેશ મિથ્યાત્વના ક્ષયોપશમ ભાવે થાય છે, તેથી શુભ પરિણામી જીવ અધિગમની સામ્યતાને પામે છે. " તે વિષે વિસ્તારથી કહેવાનો અહીં પ્રસંગ નથી. તે સમ્યક્ત્વ કેટલા પ્રકારનું છે ? તે ૧ ઔપશમિક, ૨ ક્ષાયિક, ૩ ક્ષયોપશમિક, ૪ વેદક, ૫ સાસ્વાદન, એવા પાંચ પ્રકારનું છે. ( ૮ )

तत्रौपशमिकं भस्मच्छन्नाग्निवत् मिथ्यांत्वमोहनीयस्या नंतानुबंधिनां च क्रोध १ मान २ माया ३ लोभा ४ ना मनुदयावस्था उपशमः प्रयोजनं प्रवर्त्तकमस्य औपशमिकं तच्चानादि मिथ्यादृष्टेः करणत्रयपूर्वकमांतर्मुहूर्त्तिकं चतुर्गति कस्यापि संज्ञिपर्याप्त पंचेंद्रि यस्य जंतो ग्रंथिभेदा नंतरं भवतीत्युक्तप्रायं यद्वा उपशमश्रेण्यारूढस्य भवति (९) यदाह–" उवसमसेढि गयस्स उ हो इ उवसामि अं तु सम्मत्तं । जो वा अकयतिपुंजो अखवि अमित्थो लहइ सम्मंत्ति " ॥ ग्रंथिप्रदेशं यावत्तु अभव्योऽपि संख्येयमसंख्येयं वा कालं तिष्टति तत्र स्थित श्चाभव्यो द्रव्यश्रुतं भिन्नानि दशपूर्वाणि यावल्लभते जिनार्द्धि दर्शनात्स्वर्ग सुखार्थित्वादेव दीक्षाग्रहणे तत्संभवात् अतएव भिन्नदशे पूर्वांतं श्रुतं मिथ्या स्या दित्यन्यदेतत् । अत्र च प्रसंगतः कश्चिद्विशेषो विशेष ज्ञानार्थे दृश्यते यथांतर करणाद्य

રક્ષામાં ભારેલા અગ્નિની જેમ મિથ્યાત્વ મોહનીય કર્મના અનંતાનુબંધી એવા, ૧ ક્રોધ, ૨ માન, ૩ માયા, અને ૪ લોભની જે અનુદય અવસ્થા તે ઉપશમ કહેવાય, તે ઉપશમ જેમાં પ્રયોજન એટલે પ્રવર્ત્તક હોય તે ઔપશમિક નામે પ્રથમ સમ્યકત્વ છે. તે અનાદિ મિથ્યા દ્રષ્ટિ જીવને ત્રણ કરણ પૂર્વક અંતર્મુહૂર્ત્તે થાય છે, અને ચાર ગતિવાળા પણ સંજ્ઞિ પર્યાપ્ત પંચેંદ્રિય જીવને ગ્રંથિ ભેદ થયા પછી થાય છે, એમ કહેલું છે. અથવા ઉપશમ શ્રેણીમાં આરૂઢ થયેલા જીવને થાય છે. ( ૯ ) તે વિષે કહ્યું છે કે,— " ઔપશમીક સમ્યકત્વ ઉપશમ શ્રેણીમાં આરૂઢ થયેલાને થાય, અથવા જેણે મિથ્યાત્વ ખપાવ્યું હોય તેવા સુકૃતના સમૂહવાળા જીવને થાય છે. " ગ્રંથિ પ્રદેશ હોય ત્યાં સુધી અભવ્ય પણ સંખ્યાતા અથવા અસંખ્યાતા કાલ સુધી રહે છે. ત્યાં રહેલ અભવ્ય ભિન્ન દશ પૂર્વ સુધી દ્રવ્ય શ્રુતને પ્રાપ્ત કરે છે. કારણ કે, જિન ભગવંતની સમૃદ્ધિ જોવાથી સ્વર્ગના સુખનો તે અર્થી હોય છે, અને દીક્ષા ગ્રહણ કરવામાં તેનો સંભવ હોય છે. એથીજ ભિન્ન દશ પૂર્વ સુધીનું શ્રુત જ્ઞાન મિથ્યા થાય છે. એ વાત જુદી છે.

અહિં પ્રસંગે વિશેષ જ્ઞાન માટે કાંઇ વિશેષ જોવામાં આવે છે, તે આ પ્રમાણે. જેમ અંતર કરણના પ્રથમ સમયમાં જે ઔપશમિક સમ્યકત્વવાળો જીવ ઔષધી જેવા

समय एवौपशमिकसम्यक्त्ववान् तेन चौषधविशेषकल्पेन शोधितस्य मदन-कोद्रव कल्पस्य मिथ्यात्वस्य शुद्धार्द्धशुद्धाशुद्धरूपपुंजत्रयमसौ करोत्येव अत एवौ पशमिक सम्यक्त्वाच्च्युतोऽसौ क्षायोपशमिकसम्यग्दृष्टिर्मिश्रो मिथ्यादृष्टिर्वा भवति । ( १० ). उक्तं च कम्मगंथे—

" सुधुवं पढमोवसमीकरेइ पुंजतिअं तच्चडिओ ।
पुणगच्छइ सम्ममीसंमिमिच्छेवा ॥ १ ॥ "

इदं च कार्मग्रंथिकमतं सैद्धांतिकमतं त्वेवं यदुतानादिमिथ्यादृष्टिः कोऽपि तथाविध सामग्रीसद्भावेऽपूर्वकरणेन पुंजत्रयं कृत्वा शुद्धपुद्लान्वेदयन्नौपशमिक सम्यक्त्वमलब्ध्वैव प्रथमत एव क्षायोपशमिकसम्यग्दृष्टिर्भवति अन्यस्तु यथा प्रवृत्त्यादिकरणत्रयक्रमेणानंतरकरणे औपशमिकसम्यक्त्वंलभते पुंजत्रयं त्व सौ न करोत्येव ततश्चौपशमिकसम्यक्त्वच्युतोऽवश्यं मिथ्यात्वमेव याति । ( ११ ) उक्तं च कल्पभाष्ये—

---

તે સમ્યકત્વવડે મદન કોદરાની જેમ શોધેલા તે મિથ્યાત્વના શુદ્ધ અર્ધશુદ્ધ અને શુદ્ધાશુદ્ધરૂપ ત્રણ પુંજ કરે છે, એથીજ એ ઔપશમિક સમ્યકત્વમાંથી ચવેલો તે ક્ષાયોપશમિક સમ્યગ્દ્રષ્ટિવાળો, મિશ્ર અથવા મિથ્યા દ્રષ્ટિ થાય છે. તે વિષે કર્મ ગ્રંથમાં આ પ્રમાણે કહેલું છે—" ઔપશમિક સમ્યકત્વવાળો પુરૂષ ત્રણ પુંજ કરે છે, અને તે પછી સમ્યકત્વદ્રષ્ટિ, મિશ્ર અને મિથ્યા દ્રષ્ટિ થાય છે. ( ૧૦ ) આ પ્રમાણે કર્મ ગ્રંથનો મત છે, અને સિદ્ધાંતનો મત એવો છે કે, જે કોઇ પણ અનાદિ મિથ્યા દ્રષ્ટિ છે, તે તેવી જાતની સામગ્રી છતાં અપૂર્વ કરણવડે ત્રણ પુંજ કરીને શુદ્ધ પુદ્ગલોને વેદે છે, અને ઔપશમિક પ્રાપ્ત કર્યા વિના પ્રથમથીજ ક્ષાયોપશમિક સમ્યગ્દ્રષ્ટિવાળો થાય છે, અને તેથી અન્ય તો યથા પ્રવૃત્તિ વિગેરે ત્રણ કરણના ક્રમવડે અનંતર કરણમાં ઔપશમિક સમ્યકત્વને પ્રાપ્ત કરે છે. તે કાંઇ ત્રણ શુદ્ધાદિ પુંજને કરતો નથી, તેથીજ ઔપશમિક સમ્યકત્વમાંથી ચવેલો જીવ અવશ્ય મિથ્યાત્વનેજ પામે છે. ( ૧૧ ) તે વિષે કલ્પ ભાષ્યમાં કહ્યું છે કે—" આલં-

" आलंबणमलहंती जह सट्ठाणं न मुंचए इलिआ ।
एवं अकयति पुंजीमिच्छंविअ उवसमीएइ " ॥ १ ॥

प्रथमं च सम्यक्त्वे लभ्यमाने कश्चित्सम्यक्त्वेन समं देशविरतिं सर्वविरतिं वा प्रतिपद्यते । उक्तं च शतकबृहच्चूर्णौ— " उवसमसम्माद्दिट्ठि अंतरकरणे ठिओ कोइ देशविरइं । पिलहेइ कोइ पमत्तापमत्तभावं पि सा सायणो पुण न किंपि लहे इत्ति पुंजत्रय-संक्रमश्च कल्पभाष्ये एवमुक्तः मिथ्यात्व-दलिकान् पुद्गलानाकृष्य सम्यग्दृष्टिः प्रवर्द्धमान परिणामः सम्यक्त्वे मिश्रे च संक्रमयति मिश्रपुद्गलांश्च सम्यग्दृष्टिः सम्यक्त्वे मिथ्यादृष्टिश्च मिथ्यात्वे सम्यक्त्वपुद्गलांस्तु मिथ्यात्वे संक्रमयति न तु मिश्रे ( १२ ) मिथ्यत्तं मि अखीणेति पुंजिणो सम्मद्दिट्ठिणोणियमाखीणं मि उ मिथ्थत्ते दुएगपुं-जीवखवगोवा " ॥ मिथ्यात्वेऽक्षीणे सम्यग्दृष्टयो नियमा त्रिपुंजिनः

અનને પ્રાપ્ત ન કરતી એવી એળ જેમ પોતાના સ્થાનને મુકતી નથી, તેમ પુંજ કર્યા વગર જીવ ઔપશમિક સમ્યકત્વમાં પણ મિથ્યાત્વને મુકતો નથી. કોઇ પ્રથમ સમ્યકત્વ પ્રાપ્ત થતાં તે સમ્યકત્વની સાથે દેશવિરતિ અથવા સર્વવિરતિને પામે છે. તે વિષે શતક વૃહચ્ચૂર્ણીમાં કહેલું છે કે,—" ઉપશમ સમ્યગ્દ્રષ્ટિ કોઇ જીવ અંતરકરણમાં રહી દેશવિર-તિને પણ પ્રાપ્ત કરે છે, કોઇ પ્રમત્તાપ્રમત્ત ભાવને પ્રાપ્ત કરે છે, અને સાસ્વાદનવાળો કાંઇ પણ પ્રાપ્ત કરતો નથી. " ત્રણ પુંજ કેવી રીતે સંક્રમ થાયછે, તે વિષે કલ્પભાષ્યમાં આ પ્રમાણે કહેલું છે—સમ્યગ્દ્રષ્ટિ જીવ વધતા પરિણામે મિથ્યાત્વના દલિયારૂપ પુદ્ગલોને ખેંચી સમ્યકત્વ અને મિશ્રમાં તેમને સંક્રમણ કરે છે ,તે મિશ્ર પુદ્ગલોને સમ્યગ્દ્રષ્ટિ સમ્યકત્વમાં અને મિથ્યાદ્રષ્ટિ મિથ્યાત્વમાં સંક્રમણ કરે છે. અને સમ્યકત્વના પુદ્ગલોને તો મિથ્યાત્વમાં સંક્રમણ કરે છે. મિશ્રમાં સંક્રમણ કરતો નથી. ( ૧૨ )

તે વિષે " मिथ्यत्तंमि " એ ગાથા કહેલી છે. તેનો અર્થ એવો છે કે, " મિથ્યા-ત્વ ક્ષીણ થયું ન હોય તો, સમ્યગ્દ્રષ્ટિવાળા જીવ નિયમિતરીતે ત્રણ પુંજવાળા હોય છે, અને મિથ્યાત્વમાં બે પુંજવાળા હોય છે. મિશ્ર ક્ષીણ થતાં એક પુંજવાળા હોય છે. જો

मिथ्यात्वे द्विपुंजिनः मिश्रे क्षीणे एकपुंजिनः सम्यक्त्वे तु क्षीणे क्षपकः। सम्यक्त्वपुद्गलाश्च शोधितमदनकोद्रवस्थानीया विरुद्ध तैलादिद्रव्यकल्पेन कुतीर्थिक संसर्गकुशास्त्रश्रवणादिमिथ्यात्वेन मिश्रिताः संतस्तत्क्षणादेव मिथ्यात्वं स्युः यदापि प्रपतितसम्यक्त्वः पुनः सम्यक्त्वं लभते तदाप्यपूर्वकरणेन पुंजत्रयं कृत्वानिवृत्तिकरणेन सम्यक्त्व पुंज एव गमनाद्द्रष्टव्यं ( १३ ) पूर्वलब्धस्याप्यपूर्वकरणस्यापूर्वतापूर्वं स्तोकशः कृतत्वेनापूर्वमिवेति वृद्धाः। सैद्धांतिकमतं चैतत् सम्यक्त्व प्राप्ताविव देशविरतिसर्वविरत्योः प्राप्तावपि यथाप्रवृत्यकरणे भवतः तत्वानिवृत्तिकरणं अपूर्वकरणाद्वा प्राप्तावनंतरसमये एव तयोर्भावात् देशसर्वविरत्योः प्रतिपत्तेरनंतरमंतर्मुहूर्त्तं यावदवश्यं जीवः प्रवर्द्धमानपरिणामः तत ऊर्ध्वंत्वनियमः। ये चा भोगं विनैव कथंचित्परिणामह्रासाद्देशविरतेः सर्वविरतेर्वा प्रतिपतिताः तेऽकृतकरणा एव

સમ્યકત્વ ક્ષીણ થાય તો ક્ષપક થાય છે. સમ્યકત્વના પુદ્ગલો શોધેલા મદનકોદરા જેવા છે. તેઓ વિરૂદ્ધ તૈલ વિગેરે પદાર્થની જેમ કુતીર્થીનો સંસર્ગ અને કુશાસ્ત્રનું શ્રવણ વિગેરે મિથ્યાત્વની સાથે જો મિશ્ર થાય તો, તત્કાળ મિથ્યાત્વરૂપ થાય છે. જ્યારે પણ સમ્યકત્વથી પતિત થયેલો જીવ ફરીવાર સમ્યક્ત્વને પ્રાપ્ત કરે, ત્યારે પણ અપૂર્વ કરણ વડે ત્રણ પુંજ કરીને નિવૃત્તિ કરણ વડે સમ્યકત્વના પુંજમાંજ જાય છે. એમ ગમનથી જોઇ લેવું. [ ૧૩ ] વૃદ્ધ પુરૂષો એમ માને છે કે, અપૂર્વ કરણ પૂર્વે લબ્ધ થયેલ હોય તોપણ અપૂર્વતા પૂર્વે થોડે થોડે કરેલ હોવાથી જાણે અપૂર્વ હોય એમ લાગે છે. તે વિષે સિદ્ધાંત મત એવો છે કે, સમ્યકત્વની પ્રાપ્તિની જેમ દેશવિરતિ અને સર્વવિરતિની પ્રાપ્તિ થતાં પણ જેમ યથા પ્રવૃત્તિ અકરણ બંને થાય છે, પણ અનિવૃત્તિ કરણ થતું નથી. અથવા અપૂર્વકરણથી પ્રાપ્તિ થતાં પણ તે પછીના સમયમાંજ તે બંન્ને હોવાથી દેશવિરતિ, અને સર્વવિરતિની પ્રતિપત્તિ પછી અંતર્મુહૂર્ત્ત સુધી જીવ વધતા પરિણામવાળો રહે છે, અને તે સમય ઉપરાંત તેનો નિયમ નથી. કર્મ પ્રકૃતિની પ્રવૃત્તિમાં કહ્યું છે કે, જે જીવ આ ભોગ વિનાજ કોઇ રીતે પરિણામ ઓછા થવાથી દેશવિરતિ અથવા સર્વ વિરતિથી પતિત થયેલા હોય તે કરણ કર્યા વગરનાજ પુનઃ તે વિરતિને પ્રાપ્ત કરે છે, પણ

पुनस्तां लभंते येत्वाभोगतः प्रतिपतिताः आभोगे नैवच मिथ्यात्वं गतास्ते जघन्यतोंतर्मुहूर्त्तेनोत्कर्षतः प्रभूतकालेन यथोक्तकरणपूर्वकमेव पुनस्तां लभंत इत्युक्तं कर्म प्रकृति प्रवृत्तौ । ( १४ ) सैद्धांतिकमते हि विराधितसम्यक्त्को गृहीतेनापि सम्यक्त्के न षष्टपृथिवीं यावत् कोऽप्युत्पद्यतेकार्मग्रंथिकमते तु वैमानिकेभ्योऽन्यत्र नोत्पद्यते तेन गृहीतेनेत्युक्तं प्रवचनसारोद्धारवृत्तौ । अवाप्तसम्यक्त्कश्च तत्परित्यागे कार्मग्रंथिकमतेनोत्कृष्टस्थितीः कर्मप्रकृतीर्बध्नाति सैद्धांतिकाभिप्रायतस्तु भिन्नग्रंथेरुत्कृष्टः स्थितिबंध एव न स्यात् १ तथा क्षयो मिथ्यात्वमोहनीयस्या नंतानुबंधिनां च निर्मूलनाशः प्रयोजनमस्य क्षायिकं ( १५ )

यतः—" खीणे दंसण मोहे तिविहं मि विभवनिआणभूअंमी निप्पच्च

---

જેઓ આ ભોગથી પડેલા છે, અને આ ભોગવડે મિથ્યાત્વને પામેલા છે. તેઓ જઘન્યથી અંતર્મુહૂર્ત્તવડે, અને ઉત્કર્ષથી ઘણે કાળે યથોકત કરણ પૂર્વકજ ફરીથી તે વિરતિને પ્રાપ્ત કરે છે. ( ૧૪ )

સિદ્ધાંતના મત પ્રમાણે એમ છે કે, કોઇએ સમ્યકત્વની વિરાધના કરી હોય, તે પાછો સમ્યકત્વ ગ્રહણ કરી, છઠી પૃથ્વી સુધી ઉત્પન્ન થાય છે. કર્મ ગ્રંથના મત પ્રમાણે એમ છે કે, તે સમ્યકત્વ પુનઃ પ્રાપ્ત થયો હોય તોપણ વૈમાનિકથી બીજે કયાંઇ ઉત્પન્ન થતો નથી. એમ પ્રવચન સારોદ્ધારની ટીકામાં કહેલું છે. સમ્યકત્વને પ્રાપ્ત કરનાર જીવ તેનો ત્યાગ કરે ત્યારે કર્મ ગ્રંથના મત પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિવાળી કર્મની પ્રકૃતિઓ બાંધે છે. અને સિદ્ધાંતના મત પ્રમાણે તો ગ્રંથિ ભેદ થવાથી ઉત્કૃષ્ટો સ્થિતિ બંધજ થતો નથી.

બીજા ક્ષાયિક સમ્યકત્ત્વનો અર્થ એવો છે કે, ક્ષય એટલે મિથ્યાત્વહનીય અને અનંતાનુબંધીનો નિર્મૂલ નાશ. તે ક્ષય જેનું પ્રયોજન છે તે ક્ષાયિક સમ્યકત્ત્વ કહેવાય છે ( ૧૫ ) કહ્યું છે કે, "—દર્શન મોહનીય ક્ષય પામતાં ત્રણ પ્રકારના ભવના નિદાનનો નાશ તે અતુલ એવું ક્ષાયિક સમ્યકત્ત્વ કહેવાય છે." તે ક્ષાયિક સમ્યકત્ત્વ સાદિ અને અનંત છે.

वायमंडलं सम्मतं खाइ अं हो इत्ति ” ॥ त च्च साद्यनंतर तथा पूर्वोदितानां क्षयो निर्मूलनाशः अनुदितानां चोपशमः क्षयेण युक्त उपशमः क्षयोपशमः स प्रयोजनमस्य क्षायोपशमिकं यतः—“ मिच्छत्तं जमुइन्नंतं खीणं अणुइअं च उवसंतं । मीसीभाव परिणयं वेइजंतं खओवसमांति ” ॥ तच्च सत्कर्म वेदकमप्युच्यते औपशमिकं तु सत्कर्म वेदनारहितमित्यौपशमिकक्षायोपशमिकयोः भेदः । ( १६ ) यदाह—“ वेएइ न संत कम्मं खाउव समिये सु नाणुभावं सो। उवसंतकसा ओ उणवे एइनसंत कंम्मापि ” ॥ वेदकं क्षपकश्रेणिं प्रपन्नस्य चतुरनंतानुबंधिषु मिथ्यात्व मिश्रपुंज द्वये च क्षपितेषु सत्सु क्षप्यमाणे सम्गत्त्कपुंजे तत्सक्त चरम पुद्गलक्षपणोद्यतस्य त च्चरमपुद्गल वेदनरूपं यतः—“ वेअगमिअ पुव्वो इ अ चरामिल्लिय पुग्गलग्गा संति ” ॥ सास्वादनं च पूर्वोक्तौपशमिक सम्यत्त्का त्पततो जघन्यतः समये उत्कर्षत श्च षडावलिकाया मवशिष्टाया मनंतानुबंध्युदयात्तद्वमने त-

ત્રીજા ક્ષાયોપશમિક સમ્યકત્વનો અર્થ એવો છે કે, પૂર્વે ઉદિત થયેલાનો ક્ષય એટલે નિર્મૂલ નાશ અને ઉદય ન પામ્યા હોય તેમનો ઉપશમ તે ક્ષય વડે મુક્ત એવો ઉપશમ તે **ક્ષયોપશમ** કહેવાય. તે ક્ષયોપશમ જેનું પ્રયોજન છે, તે **ક્ષાયોપશમિક** સમ્યકત્વ કહેવાય છે, કહ્યું છે કે, “ મિથ્યાત્વ ઉદિત અને અનુદિત ક્ષય પામે, અને ઉપશમે. તે મિશ્ર ભાવને પામેલું તે ક્ષાયોપશમિક અથવા સત્કર્મ વેદિક સમ્યકત્વ કહેવાય છે. ” તે ક્ષાયોપશમિક સમ્યકત્વને વેદિક પણ કહે છે. અહિં શંકા થાય કે, ઔપશમિક, અને ક્ષાયોપશમિકમાં શો તફાવત છે ? [ ૧૬ ] તેના ઉત્તરમાં કહેવાનું કે, ક્ષાયોપશમિક સમ્યકત્વ સત્કર્મ વેદક છે, અને ઔપશમિક સમ્યકત્વ સત્કર્મની વેદનાએ રહિત છે, એટલે ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યકત્વ વચ્ચે ભેદ છે. તે વિષે કહ્યું છે કે—“ ક્ષાયોપશમિક સમ્યકત્વ સત્કર્મને વેદે, અને ઔપશમિક સત્કર્મને ન વેદે. ” ચોથું વેદક સમ્યકત્વ ક્ષપક શ્રેણિકને પ્રાપ્ત થયેલા, અને ચાર અનંતાનુબંધી તથા બે મિથ્યાત્વ મિશ્ર પુંજ ખપાવતાં, અને સમ્યકત્વનો પુંજ ખપાવતાં તેમાં આસક્ત એવા છેલ્લા પુદ્ગલને ખપાવવા ઉદ્યત એવા પ્રાણીને છેલ્લા પુદ્ગલને વેદવારૂપ છે. કહ્યું છે કે,—“ પૂર્વે ઉદય પામે-

दास्वादरूपं यतः—" उवसम सम्मत्ताओ च यओ मित्थं अ पाव माणस्स । सासायण सम्मत्तं त यंतरालं मिच्छावलि अंति " ॥ पंचानामप्येषां स्थिति काल मानादि चैवमाहुः (१७)—" अंतो मुहुत्तु व समओ छावलि सासाण वे अगो समओ। साहि अवित्ती सायर खइओ धदुगुणो खओ वसमो दुगुणोत्ति " ॥ पूर्वस्मात् द्विगुणः स्थितिकालः षट् षष्टिः सागरोपमानि समाधिकानि क्षायोपशिकस्य स्थितिरित्यर्थः सा चैवं—

" दोवारे विजया इ सुगयस्स तिन्नच्चुए अहवनाइं ।
अइरेगं नरभविअं नाणा जीवाणं सव्व द्धंति ॥ १ ॥

उक्कोसं सा सायण उवसामि आ हुंति पंचवीराओ ।
वे अग खइगाइक्कासि असंखवारा खओवसमो ॥ २ ॥

तिण्हं सह स पुहुत्तं सयपुहुतं च होइ विरईए ।
एग भवे आगरिसा एवइआ हुंति णायव्वा ॥ ३ ॥

---

લા છેલ્લા પુદ્ગલને વેદવા તે વેદક સમ્યક્ત્વ કહેવાય છે. "

પાંચમું સાસ્વાદન સમ્યક્ત્વ છે, તે પૂર્વે કહેલા ઔપશમિક સમ્યક્ત્વથી પડતા એવા પુરૂષને જઘન્ય સમયે અને ઉત્કૃષ્ટા છ આવલિકા અવશેષ રહેતાં, અનંતાનુબંધીના ઉદયથી તેનું વમન કરવામાં આસ્વાદન કરવા રૂપ છે. કહ્યું છે કે, "—ઔપશમિક સમ્યક્ત્વથી પડી મિથ્યાત્વને પામેલા જીવને છ આવલિકા અવશેષ રૂહેતાં સાસ્વાદન સમ્યક્ત્વ થાય છે. " એ પાંચ પ્રકારના સમ્યક્ત્વના સ્થીતિ, કાળ માન વિગેરે આ પ્રમાણે છે— [ ૧૭ ] તે કહે છે—અંતર્મુહૂર્ત્તનો સમય અને છ આવલિકા તે સાસ્વાદન તથા વેદક સમ્યક્ત્વનો સમય સાગરોપમે બમણો ક્ષાયિકનો અને તેથી બેગણો ક્ષયોપશમનો સમય છે. " અર્થાત્ પૂર્વથી બેગણો સ્થીતિ કાળ એટલે ક્ષાયોપશમિકની સ્થીતિ અધિક એવી સ-ણુસઠ સાગરોપમની છે. તે આ પ્રમાણે **दोवारे** ઇત્યાદિ ગાથાનો અર્થ ઉપર પ્રમાણે છે. વિશેષ એટલું કે, **तिण्हंति** એટલે શ્રુત, સમ્યક્ત્વાદિ વિરતિ **आगरिसत्ति** એટલે આકર્ષ

तिण्हंति श्रुत सम्यक्त्वादिविरतीनां आगरिसत्ति आकर्षः प्रथमतया मुक्तस्य वा ग्रहणं आकर्षा उत्कर्षतो जघन्य तस्त्वेक एव । १८ ॥

" तिण्हं सहसमसंखा सहसपुहुत्तं च होइ विर इए ।
नाणाभव आगरिसा एवइआ हुंति णायव्वा ॥ ४ ॥
बीअगुणे सा साणं तुरिआइ सुअट्ठिगा रचउचउ सु ।
उवसमखगइअवेअग खाउवसमाकमाहुं ति ॥ ५ ॥
सम्मत्तं मिउलद्धे पलितमुहुत्तेण सावओ हुज्जा ।
चरणोवसमखयाणं सागरसंखंतरा हुं ति ॥ ६ ॥
इअपरिवडिए सम्मे सुरमणुए इगभवे वि सव्वाणि ।
इगसेटिवज्जिआइं सिवंच सत्तट्ठभवमब्भे ॥ ७ ॥

क्षायिकसम्यक्दृष्टिस्तु तृतीये चतुर्थे तस्मिन् भवे वा सिद्ध्यति । उक्तं च पंचसंग्रहादौ—

" तइअ चउत्थं तंमिव भवंमि सिडंति दंसणे खीणे ।
जं देवनिरयसंखा उचरमदेहे सु तेहुंति ॥ ८ ॥

व्याख्या—बद्धायुः क्षीणसप्तको यदि देवगतिं नरकगतिं वा याति

---

અથવા પ્રથમપણે મુકત થયેલાનું ગ્રહણ કરવું. ઉત્કર્ષથી અને જઘન્યથી એકજ થાય છે. [ ૧૮ ]
**तिण्हं** ઇત્યાદિ ગાથાનો ભાવાર્થ એવો છે કે, ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ ત્રીજે, ચોથે અથવા તેજ ભવે સિદ્ધિને પામે છે. તે વિષે **પંચસંગ્રહ** વિગેરે ગ્રંથોમાં આ પ્રમાણે કહેલું છે. " **तइअ** " એ ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે—આયુષ્ય બાંધેલી હોય, અને જેના સપ્તક ( બાકીનાં સાત કર્મ ) ક્ષીણ થયેલાં હોય, એવો જીવ જો દેવતાની ગતિ અથવા નારકીની ગતિને પામે તો, તે ભવને આંતરે ત્રીજા ભવને વિષે સિદ્ધિને પામે છે, અને જો તિર્યંચ અથવા મનુષ્યમાં ઉત્પન્ન થાય તો, તે અવશ્ય અસંખ્યાતા વર્ષની આયુષ્યમાંજ

तदा तद्भवांतरितस्तृतीयभवे सिध्ध्यति अथ तिर्यक्षु नृषुवोत्पद्यते सोऽवश्य मसंख्य वर्षायुष्केष्वेव संख्येय वर्षायुष्केतु तद्भवानंतरं च देव भवे ततो नृभवे सिध्ध्यतीति चतुर्थभवे मोक्षः अबद्धायुश्च तस्मिन्नेव भवे क्षपक श्रेणिं संपूर्णी कृत्य सिद्ध्यतीत्यर्थः । एकं जीवं नानाजीवान्वापेक्ष्य सम्यक्त्कोपयोगो जघन्यत उत्कृष्ट तश्चांतर्मुहूर्त्त मेव क्षयोपशमरूपा तल्लब्धिस्त्वेक जीवस्य जघन्यांतर्मुहूर्त्त मुत्कृष्टा तु ६६ सागराणि नृभवाधिकानि तत ऊर्ध्वं सम्यक्त्का मच्युतः सिद्ध्यत्येव नाना जीवानां तु सर्वकालः अंतरं च जघन्यतोंऽतमुर्हूर्त्तं कस्यचि त्सम्यक्त्क त्यागे सति पुनस्तदा वरणक्षयोपशमा दंतर्मुहूर्त्तमात्रेणैव तत्प्रतिपत्तेः उत्कृष्ट तस्त्वाशातना प्रचुरस्यापार्द्ध पुद्गलपरावर्त्तः । ( १९ ) उक्तं च—

“ तित्थयरं पवयण सु अं आयरिअं गणहरं महड्ढीयं ।
आसायंतो बहुसो अणंत संसारि ओ हो इ ” ॥ १ ॥

---

ઉત્પન્ન થાય, અને સંખ્યાતા વર્ષની આયુષ્યમાં તો, તે ભવની પછી દેવતાના ભવમાં અને તે પછી મનુષ્ય ભવે સિદ્ધિને પામે—એમ ચોથે ભવે મોક્ષ થાય છે. અર્થાત્ એમ થયું કે, તેજ ભવે ક્ષપક શ્રેણીને સંપૂર્ણ કરીને સિદ્ધિ પામે છે.

એક જીવ અથવા નાના પ્રકારના જીવની અપેક્ષાએ સમ્યકત્વનો ઉપયોગ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્તજ રહે છે. ક્ષયોપશમ રૂપ તેની લબ્ધિ એક જીવને જઘન્યપણે અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટપણે મનુષ્ય ભવથી અધિક છાસઠ સાગરોપમની છે, તે પછી આગળ સમ્યકત્વથી ચ્યવ્યા વગરજ સિદ્ધિને પામે છે. નાના પ્રકારના જીવને તે કાલ અને અંતર સર્વ જઘન્યથી અંતર્મુહૂર્ત હોય છે, કારણકે, કોઇને સમ્યકત્વનો ત્યાગ થતાં પુનઃ તેના આવરણના ક્ષયોપશમથી અંતર્મુહુર્ત્ત માત્રવડેજ તેની પ્રતિપત્તિ હોય છે. ઉત્કૃષ્ટપણે તો તેનામાં આશાતના ઘણી હોવાથી અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત થાય છે. ( ૧૯ ) તે વિષે કહ્યું છે કે,—
“ તીર્થંકર, પ્રવચન, શુભ આચરણ, અને મહર્દ્ધિ ગણધરની બહુ આશાતના કરનાર જીવ અનંત સંસારી હોય છે. ” નાના પ્રકારના જીવની અપેક્ષાએ અંતર ભવ હોતો નથી. ઇત્યા-

नानाजीवानपेक्ष्य चांतराभव इत्याद्युक्त मावश्यकवृत्ताविति । शेष-विचारो विशेषार्थिभिस्त त एवा वधार्य इत्यलं विस्तरेण । शास्त्रांतरे चै-कविधादिक क्रमेण सम्यक्त्कभेदाः प्रदर्शिताः । तथाहि—

" एगविह १ दुविह २ तिविहं ३ चउहा ४ पंचविह ५ दसविहं ६ सम्मं ।
दव्वाइकारयाई उवसमभे ए हिं वा सम्म ॥ १ ॥
एगविहं सम्मरुई निसग्ग हिगमहि भवे तयं दुविहं ।
तिविहं तरवइ आई अहवा विहुकारगाई अं ॥ २ ॥
खइगाइ सासण जु अं चउहा वे अगजु अं तु पंचविहं ।
तं मिच्छ चरम पुग्गल वे अणउ दसविहं एयं ॥ ३ ॥
निसग्ग व एसरुई आणरुई सुत्तवी अ रुइमेव ।
अभिगम विच्छाररुई किरिआ संखेव धम्मरुई ॥ ४ ॥

आसां भावार्थः । तत्र श्रद्धानरूपत्वा विशेषा देकविधं सम्यक्त्कं नि-सर्गाधिगमभेदाद् द्विविधं निसर्गाधिगम स्वरूपं तु प्रागुक्तं आभ्या मुत्प-त्ति प्रकाराभ्यां सम्यक्त्कं द्विधा भिद्यत इत्यर्थः अथवा द्रव्यभावभेदाद् द्विविधं ( २० ) तत्र जिनोक्ततत्त्वेषु सामान्येन रुचि र्द्रव्यसम्यक्त्कं नय-

---

દિ આવશ્યક સૂત્રની વૃત્તિમાં કહેલું છે. આ વિષે વિશેષ જાણુવાની ઇચ્છાવાળાઓએ બાકીનો વિચાર તે આવશ્ય સૂત્રની વૃત્તિમાંથી જાણી લેવો. એ વિષે વિશેષ વિસ્તાર કરવાની જરૂર નથી. બીજા શાસ્ત્રોમાં એક વિધ ( એક પ્રકારનું ) વિગેરે ક્રમવડે સમ્યકત્વના ભેદ દર્શાવ્યા છે, તે આ પ્રમાણે—" एगविह " ઇત્યાદિ ગાથા. એ ગાથાઓનો ભાવાર્થ આ પ્રમાણે છે,— તેમાં શ્રદ્ધારૂપપણાથી અવિશેષ લઇએ તો સમ્યકત્વ શ્રદ્ધારૂપે એકજ પ્રકારનું છે. નિસર્ગ-સ્વભાવ, અને અધિગમ–ગુરૂનો ઉપદેશ–એમ લઇએ તો સમ્યકત્વ બે પ્રકારનું થાય છે. નિસર્ગ, અને અધિગમનું સ્વરૂપ પૂર્વે કહેલું છે. અર્થાત્ એ નિસર્ગાદિ બે ઉત્પત્તિ પ્રકારે સમ્યકત્વના બે ભેદ થાય છે, અથવા દ્રવ્ય, અને ભાવ એવા ભેદથી સમ્યકત્વ બે પ્રકારનું છે. ( ૨૦ )

निक्षेप प्रमाणादिभि रधिगमो पायो जीवाजीवादि सकलतत्वपरिशोधन रूपज्ञानात्मकं भावसम्यक्त्वं परीक्षाजन्य मतिज्ञानतृतीयांशरूपस्यैव तस्य शास्त्रे व्यवस्थापितत्त्वात् तदाहुः श्री सिद्धसेन दिवाकर पादाः संमतौ— " एवं जिणपण्णत्ते सद्दह माणस्स भावओ भावे । पुरिस स्साभिणि बोहे दंसण सद्दोह वइवचोत्ति ॥ " य च्च श्री हरिभद्रसूरिभिः—" जिणवयणमेवतत्तं इत्थरु ई हो ई दव्व सम्मत्तं । जह भावणाण सद्धा परिशुद्धं भाव संमत्तं ति " पंचवस्तुके प्रतिपादि तस्याप्ययमेवार्थः—जिनवचनमेव तत्त्वं नान्यदिति सामान्यरुचेर्द्रव्य सम्यक्त्वरूप तया नयनिक्षेप प्रमाण परिष्कृतविस्ताररु चे श्च भावसम्यक्त्वरूपतायास्तत्र परिस्फुटत्वात् तत्र द्रव्यशब्दार्थः कारणता भावशब्दार्थश्च कार्योपत्तिरिति भावनीयम् ( २१ )

येषां त्वेकांतेन सामान्यरुचिरोघतोऽप्यनेकांतास्पर्शश्च तेषां द्रव्यस-

---

શ્રી જિન ભગવંતે કહેલા તત્વ ઉપર સામાન્યપણે રૂચિ તે **દ્રવ્ય સમ્યક્ત્વ** કહેવાય છે. નય નિક્ષેપ પ્રમાણુ વિગેરેથી અધિગમ—ગુરૂના ઉપદેશના ઉપાય રૂપ જીવા જીવાદિ સકલ તત્વનું શોધન રૂપ જે જ્ઞાન તે **ભાવસમ્યક્ત્વ** કહેવાય છે, કારણકે, પરીક્ષા, જન્મ, અને મતિજ્ઞાનના ત્રીજા અંશનું સ્વરૂપ તે શાસ્ત્રમાં વ્યવસ્થાપિત કરેલું છે, તે વિષે સંમતિ ગ્રંથમાં શ્રી સિદ્ધસેન દિવાકર આ પ્રમાણે કહે છે—" જે જિન પ્રણીત તત્વમાં શ્રદ્ધા રાખનારા પુરૂષને બોધ તથા દર્શન ઉપર શ્રદ્ધા થાય, તે ભાવથી **ભાવસમ્યક્ત્વ** કહેવાય છે. " વલી જે શ્રીહરીભદ્રસૂરીએ પંચ વસ્તુમાં પ્રતિપાદન કરેલ છે, તે " जिणवयणमेव " એ ગાથાનો અર્થ આ પ્રમાણે છે—" શ્રીજિન વચનજ તત્વ છે, બીજું તત્વ નથી. એમ સામાન્ય રૂચિવાળા પુરૂષને દ્રવ્યસમ્યક્ત્વપણું સ્ફુટ થાય છે, અને નયનિક્ષેપ પ્રમાણુના વિસ્તાર ઉપર રૂચિવાળા પુરૂષને ભાવસમ્યક્ત્વપણું સ્ફુટ થાય છે. " અહિં દ્રવ્ય શબ્દનો અર્થ કારણુતા, અને ભાવશબ્દનો અર્થ કાર્યતા રૂપે જાણુવો. ( ૨૧ )

જેમને એકાંતે સામાન્ય રૂચિ ઓઘથી પણુ અનેકાંતનો સ્પર્શ નથી, તેઓને દ્રવ્ય સમ્યક્ત્વ છે, અહીં દ્રવ્ય પદનો અર્થ અપ્રધાન એવા જૈન સિદ્ધાંતને પણુ અવલંબન

म्यक्त्कमित्यत्र द्रव्यपदार्थोऽप्राधान्यमेव जैनमपि समयमवलंब्यैकांते प्रविशतां मिथ्यात्वस्यावर्जनीयत्वात् । तदाहुः श्रीसिद्धसेनदिवाकरपादाः—" छप्पिअ जीव णिकाए सद्दहमाणोण सद्दहेभावा । हंदिअपज्जवेसुं सद्दहणा होइ अविभत्तति " ॥ यस्य त्वनेकांततत्त्वे भगवत्प्ररूपिते सम्यगपरिच्छिद्यमानेऽपि भगवत्प्ररूपितत्त्वेन तत्र रुचिर्विपरीताभिनिवेशश्च न भवति गीतार्थं प्रज्ञापनीयत्वादि गुणयोगात्तस्यानाभोग गुरुपारतंत्र्याभ्यामन्यथा संभावनेऽपि अंतस्तत्त्वस्य शुद्धत्वाद्रव्यसम्यक्त्कमविरुद्धं तथा च भाद्रबाहवं वच उत्तराध्ययननिर्युक्तौ ( २२ ) —" सम्मद्दिठी जीवो उवइठं पवयणं तु सद्दहइ । सद्दहइ असब्भावं अणभोगागुरुनिओग्गवत्ति " । नन्वत्र द्रव्यभावयोरेकतरस्यानिर्धारणाद्रव्यमेवेति कुतः सामान्य वचनस्य विशेषपरतायां प्रमाणस्य मृग्यत्वादिति चेत्सत्यं विस्ताररुचेर्भाव सम्यक्त्कस्याधिकृतत्वस्यैव तद्रव्यतायां प्रमाणत्वात् द्रव्यभावयोरन्योन्यानुविद्धत्वनये तु तत्र कथंचि-

---

કરી એકાંતે પ્રવેશ કરનાર પુરૂષો મિથ્યાત્વને વશ થાય છે. તે વિષે શ્રી સિદ્ધસેન દિવાકર કહે છે કે, " છ જીવનિકાયને વિષે શ્રદ્ધા કરનારને તે તત્વમાં અવિભક્ત શ્રદ્ધા હોય છે. " ભગવંતે પ્રરૂપણા કરેલાં, અને સારી રીતે પરિચ્છેદ નહીં કરેલા, પણ અનેકાંત તત્વ ઉપર ભગવંતે પ્રરૂપિતપણાથી જેને તે ઉપર વિપરીત રૂચિ, અને વિપરીત આગ્રહ ન થાય, તેને ગીતાર્થે પ્રજ્ઞાપના કરવાની યોગ્યતા વિગેરે ગુણના યોગથી અનાભોગ, અને પરતંત્રપણાવડે અન્યથા રીતે સંભાવના કરતાં, પણ અંદરના તત્વની શુદ્ધિથી દ્રવ્યસમ્યકત્વ પણ વિરૂદ્ધ હોતું નથી, તથા તે વિષે ઉત્તરાધ્યયનની નિર્યુક્તિમાં શ્રીભદ્રબાહુ સ્વામીનું વચન આ પ્રમાણે છે. " ( ૨૨ ) સમ્યગ્દ્રષ્ટી જીવ પ્રવચન ઉપર શ્રદ્ધા રાખે છે, અને અનાભોગ તથા ગુરૂ નીયોગ ઉપર શ્રદ્ધા રાખે છે. "

અહિં શંકા કરે છે કે, દ્રવ્ય તથા ભાવમાંથી એકનું નિર્ધારણ કરવાવડે દ્રવ્યજ છે, એમ કેમ કહેવાય ? કારણકે, સામાન્ય વચનને વિશેષમાં લેતાં પ્રમાણ શોધવું પડે છે. આમ જો શંકા કરે તો કહેવાનું કે, તે વાત સત્ય છે, પણ વિસ્તાર રૂચિવાળાને

द्भावत्वमप्युच्यमानं न विरोधायेत्युक्तमन्यत्र एवं द्रव्यभावाभ्यां द्वैविध्यं नयविशेषेण विचित्रं भावनीयम् । अथवा निश्चयव्यवहाराभ्यां द्विविधं तल्लक्षणमिदं ( २३ )—" निच्छयओ सम्मत्तं नाणाइमयप्पसुद्धपरिणामो । इअरं पुण तुह समए भणिअं सम्मत्तहेऊहिंत्ति " ॥ ज्ञानादिमयशुभपरिणामो निश्चयसम्यक्त्वं ज्ञानश्रद्धाचरणैः सप्तषष्टिभेदशीलनं च व्यवहारसम्यक्त्वमित्येतदर्थः । ननु ज्ञानादिमय इत्यस्य ज्ञानदर्शनचारित्रसंलुलित इत्यर्थः । तया भावचारित्रमेव प्राप्तं कथं नैश्चयिकं सम्यक्त्वमिति चेत् सत्यं भावचारित्रस्यैव निश्चयसम्यक्त्वरूपत्वात् मिथ्याचारनिवृत्तिरूपकार्यस्य तत एव भावात् कार्यानुपहितस्य कारणस्य निश्चयनयेनानभ्युपगमात् । नन्वेवं तुर्यगुणस्थानादिवर्त्तिनां श्रेणिकादीनामपि तन्नस्यादिति चेत् नस्यादेव कः किमाह अप्रमत्तसंयतानामेव तद्व्यवस्थितेः तदुक्तमाचारांगे—

---

અધિકાર કરેલા ભાવસમ્યકત્વનુંજ દ્રવ્યપણામાં પ્રમાણ છે. દ્રવ્ય તથા ભાવને અન્યોઅન્ય અનુવિદ્ધત્વ રૂપ નયમાં તો કોઇ રીતે જો ભાવપણું કહ્યું હોય તો તેમાં કાંઇ વિરોધ નથી. એમ અન્ય સ્થલે કહેલું છે. એવી રીતે દ્રવ્ય અને ભાવથી સમ્યકત્વ બે પ્રકારનું છે, અને નય વિશેષથી તે વિચિત્ર રીતે પણ જાણવું, અથવા નિશ્ચયનય અને વ્યવહારનયથી સમ્યકત્વ બે પ્રકારનું થાય તેનું લક્ષણ આ છે. ( ૨૩ ) " निच्छयओ " એ ગાથાનો અર્થ આ પ્રમાણે છે. જ્ઞાનાદિમય શુભ પરિણામ એ નિશ્ચય સમ્યકત્વ, અને જ્ઞાનદર્શન, અને ચારિત્રવડે સડસઠ ભેદ વાળું વ્યવહાર સમ્યકત્વ છે.

અહીં કદી એમ કહેશો કે, ભાવ ચારિત્રજ તેવી રીતે પ્રાપ્ત થાય છે તો, નિશ્ચય નયનું સમ્યકત્વ કેવી રીતે ? તો કહેવાનું કે, તે સત્ય છે, પણ ભાવચારિત્ર નિશ્ચય સમ્યકત્વરૂપેજ છે. કારણ કે, મિથ્યાચારની નિવૃત્તિરૂપ કાર્ય તેનાથીજ થાય છે, અને કાર્ય સાથે પ્રગટ એવા કારણનો નિશ્ચયનયવડે પ્રાપ્તિ થતીજ નથી.

અહીં વળી શંકા કરે છે કે, ચોથા ગુણઠાણે રહેલા શ્રેણિક વિગેરેને પણ તે થવું ન જોઇએ, તો કહેવાનું કે, તે નજ થાય, એમ કોણ કહે છે ? કારણ કે, અપ્રમત્ત સં-

" जं सम्मंति पासह तं मोणंति पासह जं मोणंति पासह तं सम्मंति पासह णइमं सक्कं सटिलेहिं अदिज्जमाणेहिं गुणासाएहिं वंकसमायारेहिं पमत्तेहिं गारमावसंतेहिं मुणी मोणं समादाय धुणे कम्म शरीरगंपंत लूहं च सेवति धीरा सम्मत्तं दंसिणोत्ति ॥ " नन्वेवमपि कारकनिश्चयसम्यक्त्वयोर्भेदो न स्यात् क्रियोपहितस्यैव कारकत्वात् क्रियायाश्च चारित्ररूपत्वात् ज्ञानादिमय परिणामस्यापि तथात्वादिति चेन्न उपधेयसंकरेषू पाध्योरसांकर्येणा दोषात् ( २४ )

कारके क्रियोपहितत्वमुपाधि नैश्चयिके च ज्ञानादि मयत्वमिति एवंविधं नैश्चयिक सम्यक्त्वमधि कृत्यैव प्रशमादिनां लक्षणत्वं सिद्धांतोक्तं संगच्छति अन्यथा श्रेणिक कृष्णादी नामपि तदसंभवे लक्षण व्याघातसंभवा त्तदुक्तं विंशिकायां श्री हरिभद्राचार्यैः " णिच्छयसम्मत्तं चाहिगिच्च सुत्तभणि अनिउणरूवं तु । एवं विहोणिओगो होइ इमोहं तवणुत्ति " ॥ अत्र

---

યમીનેજ તે થવાની વ્યવસ્થા છે. તે વિષે આચારાંગ સૂત્રમાં કહેલું છે— " जं सम्मति पासह " એ ગાથાનો અર્થ આગળ કહેવામાં આવ્યો છે. ભાવાર્થ એવો છે કે, " મુનિ મૌનને ગ્રહણ કરી કર્મ શરીરને દૂર કરી ધીર થઇ દર્શન પર શ્રદ્ધા કરી સમ્યકત્ત્વને સેવે છે. " અહિં શંકા કરે છે કે, ત્યારે એમ લેશો તો કારક અને નિશ્ચય સમ્યકત્ત્વની વચ્ચે કાંઇ પણ ભેદ રહેશે નહીં કારણ કે, ક્રિયાથી ઉપહિત હોય તેને કારકપણું છે, ક્રિયા ચારિત્ર રૂપ છે અને જ્ઞાનાદિમય પરિણામ કે જે ભાવ સમ્યકત્ત્વનું સ્વરૂપ છે, તે પણ તેવી રીતેજ છે. એમ જો કહેશો તો પણ તેમ નથી. કારણ કે, ઉપધેયના સંકર–મિશ્ર પણામાં બે ઉપાધિ મિશ્ર થતી નથી તેથી તેનો દોષ લાગતો નથી. ( ૨૪ ) કારકમાં ક્રિયાનું ઉપધાન તે ઉપાધિ છે અને નિશ્ચયનયના સમ્યકત્ત્વમાં જ્ઞાનાદિમયપણું છે. એવી રીતનું નિશ્ચય સમ્યકત્વ લઇનેજ પ્રશમ વિગેરેનું લક્ષણ સિદ્ધાંતમાં કહેલું મળે છે, નહીં તો શ્રેણીક રાજા તથા કૃષ્ણ વાસુદેવ વિગેરેને પણ તેનો અસંભવ થાય, એટલે તે લક્ષણનો વ્યાઘાત થવાનો પ્રસંગ આવે. તે વિષે શ્રી હરીભદ્રાચાર્ય વિંશિકા નામના ગ્રંથમાં આ પ્રમાણે લખે છે—" નિશ્ચય સમ્યકત્વનું સ્વરૂપ સૂત્રને વિષે કહેલું છે, અને એવા પ્રકા-

चकारो विषयविशेषा पेक्षया प्रकारांतरोपदर्शनार्थः अथवा ज्ञानादि मय इत्यस्यायमर्थः—( २५ ) ज्ञाननये ज्ञानस्य दशा विशेष एव सम्यक्त्वं क्रियानये च चारित्ररुपं दर्शननये तु स्वतंत्रं व्यवस्थितमेवेति शुद्धात्मपरिणामग्राहि निश्चयनये तु आत्मैव दर्शनज्ञानचारित्राण्यथवा यतेर्यत्तदात्मक एवैष शरीरमधितिष्ठतीति योगशास्त्र वचना ( २६ ) दात्मैव निरुपाधि शुद्धस्वरूप प्रकाशात् ज्ञानरूपस्तथा श्रद्धानादर्शनरूपः स्वभावाचरणा च्चारित्ररूप इति शुद्धात्मबोधा चरणा तृप्तिरेव निश्चय सम्यक्त्वमित्यलं प्रपंचेन । त्रिविधं यथा क्षायिकं १ क्षायोपशमिक २ मौपशमिकं ३ चेति वेदकस्य क्षायोपशमिकेऽतर्भावात् सास्वाद तस्या विवक्षितत्वात् अर्थस्तु प्रागुक्तः अथवा कारकं रोचकं दीपकं चेति तत्र कारकं सूत्राज्ञा शुद्धा क्रियैव तस्या एव परगतसम्यक्त्वोत्पादकत्वेन सम्यक्त्वरूपत्वात् त-

---

રનો નિયોગ મોહને દૂર કરવાથી થાય છે." અહિં ગાથામાં જે च શબ્દ મુકયો છે, તે વિષય વિશેષની અપેક્ષાએ બીજો પ્રકાર દર્શાવવા માટે છે, અથવા જ્ઞાનાદિમય એ શબ્દનો અર્થ આ પ્રમાણે છે. ( ૨૫ ) જ્ઞાન નયમાં જ્ઞાનની એક જાતની દશા તેજ સમ્યકત્વ, ક્રિયા નયમાં ચારિત્રરૂપ સમ્યકત્વ અને દર્શન નયમાં સ્વતંત્ર સમ્યકત્વ રહેલુંજ છે. શુદ્ધ આત્માના પરિણામને ગ્રહણ કરનારા નિશ્ચય નયમાં જ્ઞાન, દર્શન, અને ચારિત્રરૂપ આત્માજ છે, અથવા યતિને તે તદાત્મકજ છે. "એ આત્મા શરીરમાં રહે છે." એમ યોગશાસ્ત્રનું વચન છે, [ ૨૬ ] તેથી નિરૂપાધિ શુદ્ધ સ્વરૂપના પ્રકાશથી આત્મા જ્ઞાનરૂપ છે, શ્રદ્ધાથી દર્શનરૂપ છે, અને સ્વભાવ આચરણથી ચારિત્રરૂપ છે, એથી સિદ્ધ થયું કે, શુદ્ધ આત્મબોધના આચરણની અતૃપ્તિજ નિશ્ચય સમ્યકત્વ છે. હવે વિશેષ વિસ્તાર કરવાની જરૂર નથી.

સમ્યકત્વ ત્રણ પ્રકારનું આ પ્રમાણે—૧ ક્ષાયિક, ૨ ક્ષાયોપશમિક અને ૩ ઔપશમિક. ક્ષાયોપશમિકમાં વેદકનો અંતર્ભાવ થઇ જાય છે, અને સાસ્વાદન સમ્યકત્વ ઇચ્છા પ્રમાણે કહી શકાય તેવું છે, તેથી તે લેવું નહીં. તેનો અર્થ અગાઉ કહેલો છે.

અથવા ૧ કારક, ૨ રોચક, અને ૩ દીપક એમ ત્રણ પ્રકારનું સમ્યકત્વ થાય

द्वच्छिन्नं वा सम्यक्त्वं कारकसम्यक्त्वं एतच्च विशुद्ध चारित्रिणामेव १ रोचयति सम्यगनुष्ठान प्रवृत्तिं न नु कारयतीति रोचक मविरत सम्यग्दशां कृष्णश्रेणिकादीनां २ ( २७ ) दीपकं व्यंजकमिवार्थांतरं एतच्च यः स्वयं मिथ्यादृष्टिरपि परेभ्यो जीवाजीवादि पदार्थान् यथावस्थितान् व्यनक्ति तस्यांगारमर्दकादेर्द्रष्टव्यं ३ चतुर्विधं क्षायिकादि त्रयोधिकस्य सास्वादनस्य परिगणनात् वेदकस्य च परित्यागात् ४ वेदकयुतं तदेव पंचविधं ५ दशविधं चोत्तराध्ययनानुसारेणोपदर्श्यते—निसर्गरुचिः १ उपदेशरुचिः २ आज्ञारुचिः ३ सूत्ररुचिः ४ बीजरुचिः ५ अभिगमरुचिः ६ विस्ताररुचिः ७ क्रियारुचिः ८ संक्षेपरुचिः ९ धर्मरुचिः १० रिति । तत्र भूतार्थे नसह संमत्या जीवजीवादि नवपदार्थ विषयिणारुचिः निसर्गरुचिः भूतार्थेनेत्यस्य भूतार्थत्वेनेत्यर्थो भावप्रधाननिर्देशात् सद्भूतार्था अमी इ-

---

છે. સૂત્રની આજ્ઞા તે શુદ્ધ ક્રિયાજ છે, અને તે ક્રિયા પરગત સમ્યકત્વની ઉત્પાદક હોવાથી સમ્યકત્વરૂપ છે, તેથી તે વડે અવચ્છિન્ન એવું સમ્યકત્વ તે કારક સમ્યકત્વ કહેવાય છે. એ કારક સમ્યકત્વ શુદ્ધ ચારિત્રવાળાઓનેજ હોય છે. રૂચિ કરાવે એટલે સમ્યગ્ અનુષ્ઠાનની પ્રવૃત્તિને કરાવે તે રોચક સમ્યકત્વ કહેવાય છે, તે અવિરત સમ્યગ્ દૃષ્ટિવાળા કૃષ્ણવાસુદેવ તથા શ્રેણિક વિગેરેને હોય છે. ( ૨૭ ) દીપક એટલે વ્યંજકની જેમ બીજા અર્થને પ્રદીપ્ત કરે, તે દીપક સમ્યકત્વ કહેવાય છે. જે સ્વયં મિથ્યા દૃષ્ટિ છતાં પણ પર—બીજાથી જીવ અજીવ વિગેરે પદાર્થોને યથાર્થ સ્પષ્ટ કરે, તેવા અંગારમર્દક વિગેરેને એ સમ્યકત્વ હોય છે.

ચાર પ્રકારનું સમ્યકત્વ, ક્ષાયિક વિગેરે ત્રણ પ્રકારમાં અધિક એવા સાસ્વાદન સમ્યકત્વની ગણના કરવાથી અને વેદક સમ્યકત્વનો ત્યાગ કરવાથી થાય છે. પાંચ પ્રકારનું સમ્યકત્વ વેદક સમ્યકત્વ મેળવવાથી થાય છે.

દશ પ્રકારનું સમ્યકત્વ ઉત્તરાધ્યયનને અનુસારે દર્શાવે છે—૧ નિસર્ગરૂચિ, ૨ ઉપદેશરૂચિ, ૩ આજ્ઞારૂચિ, ૪ સૂત્રરૂચિ, ૫ બીજરૂચિ, ૬ અભિગમરૂચિ, ૭ વિસ્તારરૂચિ,

त्येवं रूपेणेति यावत् वस्तुतो भूतार्थे नेत्यस्य शुद्धनयेनेत्यर्थः—" ववहारो भू अत्थो भू अत्थो देसिओ असुद्धण ओत्ति " वचनात् तेन व्यवहारमात्ररुचेर्यो विच्छेदः सह संमत्येत्यस्य सहात्मना संगता मतिः संमतिस्तया उपदेश निरपेक्ष क्षयोपशमेने त्यर्थः १ परोपदेश प्रयुक्तं जीवाजीवादिपदार्थविषयि श्रद्धानं उपदेशरुचिः परस्तीर्थ करस्तद्वचनानुसारी छद्मस्थो वा केवल ज्ञानमूलकत्व प्रयुक्तो पदेशरुचिः तज्जन्यबोधरुचिर्वे (२८) ति निष्कर्षः तदुक्तं सूत्रकृते—

" लोगं अयाणित्तिह केवलेणं कहंति जे धम्ममयाणमाणा ।
णासंति अप्पाणपरं चणट्ठा संसार घोरंमि अणोरपारे ॥ १ ॥

---

૮ ક્રિયારૂચિ, ૯ સંક્ષેપરૂચિ, અને ૧૦ ધર્મરૂચિ, એવા દશ પ્રકારનું સમ્યકત્વ થાય છે. ભૂતાર્થ—સત્યઅર્થની સાથે સંમતિવડે જીવા જીવાદિ નવ પદાર્થ સંબંધી રૂચિ તે **નિસર્ગરૂચિ** નામે સમ્યકત્વ કહેવાય છે. ભૂતાર્થ એ શબ્દનો અર્થ ભાવ પ્રત્યય પ્રધાન નિર્દેશ કરી ભૂતાર્થપણું એમ કરવો. અર્થાત્ આ સદ્ભૂત-સત્ય એવા અર્થ છે. વસ્તુતાએ ભૂતાર્થ એટલે શુદ્ધ નયવડે એવો અર્થ થાય, કારણકે, એવું વચન છે કે, વ્યવહાર ભૂતાર્થ, અને શુદ્ધ નય એ ભૂતાર્થ કહેલો છે. " વ્યવહાર માત્રની રૂચિનો જે વિચ્છેદ તે સહસંમતિ એટલે આત્મા સાથે સંગત-મળેલી જે મતિ તે સંમતિ કહેવાય, અર્થાત્ ઉપદેશની અપેક્ષા વગરનો ક્ષયોપશમ એવો અર્થ થાય.

બીજું ઉપદેશ રૂચિ સમ્યકત્વ છે. પરોપદેશ વડે પ્રયુક્ત, જીવાજીવાદિ પદાર્થ વિષયની જે શ્રદ્ધા તે **ઉપદેશરૂચિ** કહેવાય છે, તેનો સાર એવો છે કે, પર એટલે તીર્થંકર અથવા તેમના વચનને અનુસરનાર છદ્મસ્થ તેમણે કેવળ જ્ઞાનમૂળ યોજેલી જે ઉપદેશની રૂચિ અથવા તેથી જનિત એવા બોધની રૂચિ તે ઉપદેશ રૂચિ સમ્યકત્વ કહેવાય છે. ( ૨૮ )

તે વિષે સૂત્રકૃતાંગ [ સુગડાંગ ] સૂત્રમાં કહેલું છે કે, " જે કેવળજ્ઞાન વડે લોકને જોઇ ધર્મમય હૃદય વડે ધર્મ કહે છે, અને પરઆત્માને જાણે છે, તે ઘોર સંસા-

लोगं वि आणित्तिह केवलेणं पुन्नेण नाणेण समाहि जुत्ता ।
धम्मं समत्तं च कहंति जेउ तारंति अप्पाण परं च तिन्नाचि " ॥ २ ॥

उपदेशे तज्जन्य बोधे च रुचिः इह संशय व्यावर्त्तकावच्छेद को धर्म विशेषः २ रागद्वेषरहितस्य पुंसः आज्ञयैव धर्मानुष्टान गता रुचिरा-ज्ञारुचिः सर्वतश्च तत्र देशतो दोष रहिताना माचार्यादीनामाज्ञया धर्मानु-ष्टाने रुचिर्माषतुषादीनां सम्यक्त्कसंपादिका तत्तदनुष्टानेन ( २९ ) तदुक्तं पंचाशके—" गुरुपारतं तनाणं सद्दहणं आयसं गव्यं चेवा एत्तो उचरि त्तीणं मासतुसाईण णिदिट्ठंति ॥ " सर्वदोषरहिता ज्ञामूलत्वं च तत्राप्य प्रामाण्य शंका निवृत्तकत्वेन सर्वत्र रुचिप्रयोजकमिति विशेषः ३ सूत्राध्य-य नाभ्यासजनित विशिष्ट ज्ञानेन जीवाजीवादिपदार्थ विषयिणी रुचिः

રમાંથી નષ્ટ થઇ પારને પામે છે. જે સમાધિ યુક્ત થઇ પવિત્ર એવા કેવળજ્ઞાન વડે લોક, ધર્મ અને સમ્યક્ત્વને કહે છે, તેઓ પોતાના આત્માને અને પરને તારે છે. " ઉપદેશ-માં અને તેથી થયેલા બોધમાં રૂચિ તે ઉપદેશ રૂચિ, એટલે સંશયને નિવૃત્ત કરનાર એક જાતનો ધર્મ, તે ઉપદેશ રૂચિ સમ્યક્ત્વ છે.

ત્રીજું આજ્ઞારૂચિ નામે સમ્યક્ત્વ છે રાગ દ્વેષથી રહિત એવા પુરૂષને આજ્ઞા વડેજ ધર્માનુષ્ટાનમાં જે રૂચિ થાય, તે આજ્ઞા રૂચિ સમ્યક્ત્વ કહેવાય છે. તે સર્વથી અને દેશથી તો નિર્દોષ એવા આચાર્ય વિગેરેની આજ્ઞા વડે ધર્માચરણ ઉપર રૂચિ થાય, તે આજ્ઞા રૂચિ. તે તે આચરણ વડે માષતુષ વિગેરેને તે સમ્યક્ત્વને સંપાદન કરનારી થઇ છે. [ ૨૯ ] તે વિષે પંચાશક ગ્રંથમાં આ પ્રમાણે લખે છે કે, " ગુરૂને પરતંત્ર એવું જ્ઞાન તથા શ્રદ્ધાન તે માષતુષ વિગેરેને ઉપદેશ કરેલું છે. " તે સમ્યક્ત્વ સર્વ જાતના દોષથી રહિત એવી આજ્ઞા જેનું મૂલ છે, તેવું છે. તેમાં એટલો વિશેષ છે કે, તે અપ્રમાણની શંકા નિવૃત્ત કરનાર હોવાથી સર્વત્ર રૂચીનું પ્રયોજક છે.

ચોથું **સૂત્રરૂચિ** નામે સમ્યક્ત્વ છે. સૂત્રના અધ્યયન તથા અભ્યાસથી ઉત્પન્ન થયેલા વિશેષ જ્ઞાનવડે જીવા જીવાદિ પદાર્થના વિષયમાં રૂચિ થાય, તે **સૂત્રરૂચિ** સમ્યક્ત્વ

सूत्ररुचिर्गोविंदाचार्यस्येव जायते ( ३० ) च पुनः पुनः स्मरणा दृढतरः संस्कार इव पुनः पुनरध्ययनाद्दृढतरं ज्ञानं निःसंशयमिति न किमप्यनुपपन्नं ४ एकेन पदेना नेकपदतदर्थ प्रतिसंधानद्वारोदके तैलबिंदुवत् प्रसरणशीला रुचिः बीजरुचिः प्रसार उत्तरोत्तरोत्पत्तिः ५ अभिगमः अर्थतः सकल सूत्रज्ञानंस्तत्र विषयिणी रुचिः अभिगमरुचिः । आह च—" सोहो इ अभिगमरुई सुअनाणं जस्स अत्थ उदिट्ठं । इक्कारस अंगाइं पइन्न गंदिट्ठि वा ओ अत्ति ॥ " प्रकीर्णकमिति जातावेकवचनं ततः प्रकीर्णकानि उत्तराध्ययनादी नीत्यर्थः । दृष्टिवादश्चेति चकारादुपांगादि परिग्रहः । नन्वेव मियं सूत्ररुचेर्न भिद्येत न चेयमर्थावच्छिन्न सूत्र विषया सा च केवलं सूत्र विषये त्येवं भेदः केवल सूत्रस्य मूकत्वात् तद्विषय-

---

કહેવાય છે. તે ગોવિંદાચાર્યની જેમ પ્રાપ્ત થાય છે. ( ૩૦ ) વારંવાર સ્મરણ કરવાથી જેમ સંસ્કાર અતિ દઢ થાય છે, તેમ વારંવાર અધ્યયન કરવાથી જે અતિ દઢ જ્ઞાન થાય છે, તેથી તે સંશય રહિત થાય તેમાં તો કાંઇ કહેવાનુંજ નથી.

પાંચમું **બીજરૂચિ** સમ્યકત્વ છે. એક પદવડે, અનેક પદ તથા તેના અર્થનાં અનુસંધાન દ્વારા જલમાં તેલના બિંદુની જેમ રૂચિ પ્રસરી જાય, તે **બીજરૂચિ** સમ્યકત્વ કહેવાય છે. અહિં પસરવું એટલે ઉત્તરોત્તર ઉત્પન્ન થવું એમ લેવું.

છઠ્ઠું **અભિગમરૂચિ** સમ્યકત્વ છે. અભિગમ એટલે સર્વ સૂત્રના અર્થનું જ્ઞાન, તે ઉપર રૂચિ તે **અભિગમરૂચિ** સમ્યકત્વ કહેવાય છે. કહ્યું છે કે,—" જેને સૂત્રના અર્થનું જ્ઞાન ઉત્પન્ન થાય તે **અભિગમરૂચિ** સમ્યકત્વ કહેવાય છે, તે જ્ઞાન એકાદશ અંગ તથા પ્રકીર્ણક, અને દ્રષ્ટીવાદ સંબંધી જાણવું. " પ્રકીર્ણક એ એક વચન જાતિમાં છે, એટલે તેનો અર્થ પ્રકીર્ણક એટલે ઉત્તરાધ્યયનાદિ એવો થાય છે. દ્રષ્ટીવાદની પાસે **च** શબ્દ છે, તેથી અંગની સાથે ઉપાંગ વિગેરેનું ગ્રહણ કરવું. અહિં શંકા થાય કે, ત્યારે અભિરૂચિ અને સૂત્રરૂચિ સમ્યકત્વમાં શો ફેર આવે ? તેમ નથી, તેમાં ભેદ રહેલો છે, આ અભિગમરૂચિ અર્થ સહિત સૂત્રના વિષયમાં આવે છે, અને તે સૂત્રરૂચિ કેવળ સૂત્રના વિષયમાંજ આવે છે—એટલો તે બંનેમાં ભેદ છે. કેવળ સૂત્ર મૂક ( મુંગું ) કહેવાય છે. તેથી તે

रुचेरप्रमाणत्वात् । आह च—" मूअगं केवलं सुत्तंति " न केवलं केवल सूत्ररुचेरप्रमाणत्वं किं त्वज्ञानानुबंधित्वमपि तदुक्तमुपदेशमालायां—" अपरिच्छि अ सु अणिह स स्स केवलमभिन्न सुत्त चारिस्स सव्वुजमेण विक्कयं अन्नाण तवे बहु पड इति ॥ " अभिन्नंति अविवृतं इति चेत् सत्यं सूत्ररुचा वर्थस्यार्थरुचौ च सूत्रस्य प्रवेशेऽपि सूत्रार्थाध्ययनजनित ज्ञानविशेष कृतरुचिभेदाद्भेदः ( ३१ )

अतएव सूत्राध्ययनादर्थाध्ययनेऽधिको यत्न उपदिष्टः उपदेशपदे । तथाहि ।—" सुत्ता अत्थे जत्तो अहिगयरो णवरि होइ कायव्वो । इत्तो उभय विशुद्धित्तिमूअगं केवलं सुत्तं त्ति " ॥ अथवा सूत्रनिर्युक्त्वादिग्रंथविषयरुचिभेदाद्भेदः अतएवाज्ञारुचिः सूत्ररुचेर्भिन्ना निर्युक्त्यादि विषयत्वेन स्थानांगवृत्तौ प्रतिपादितेति ( ३२ ) ६ सर्वप्रमाण सर्वनयजन्य-

---

વિષયની રૂચિ પ્રમાણરૂપ ગણાતી નથી. કહ્યું છે કે, " કેવળ સૂત્ર તે મુંગ છે. " અહિં કેવળ કેવળસૂત્રરૂચિનું અપ્રમાણપણું નથી, પણ તે અજ્ઞાનાનુંબંધીપણું પણ છે, તે વિષે ઉપદેશમાળામાં કહેલું છે. "— જે અપરિચ્છિન્ન શુભમાં તત્પર, અને કેવળ અભિન્નસૂત્ર જ્ઞાતા હોય તે અજ્ઞાન તપે બહુ વાર પડે છે. આમ જો કેહેશો તો તે સત્ય છે, પણ કહેવાનું કે, સૂત્રરૂચિમાં અર્થનો, અને અર્થરૂચિમાં સૂત્રનો પ્રવેશ છતાં પણ સૂત્ર તથા અર્થના અધ્યયનથી થયેલા એક જાતના જુદા જુદા જ્ઞાનવડે કરેલી રૂચિના ભેદથી તેમનો ભેદ થઇ શકે છે. [ ૩૧ ]

એજ કારણથી સૂત્રના અધ્યયનથી અર્થનું અધ્યયન કરવામાં અધિક યત્ન કરવા ઉપદેશપદની અંદર આ પ્રમાણે ઉપદેશ કરેલો છે- " સૂત્રથી અર્થને વિષે અધિક યત્ન કરવો. તેથી ઉભયની શુદ્ધિ થાય છે અને કેવળ સૂત્ર તે તો મુંગું કહેવાય છે- " અથવા સૂત્ર નિર્યુક્તિ વિગેરે ગ્રંથના વિષયમાં ભેદને લઇ રૂચિનો ભેદ થાય તેથી પણ તેઓમાં ભેદ થાય છે. એથીજ રીતેજ આજ્ઞારૂચિ સૂત્રરૂચિથી ભિન્ન છે. તે નિર્યુક્તિ વિગેરેના વિષયપણાને લઇ સ્થાનાંગ ( ઠાણુંગસૂત્ર ) ની વૃત્તિમાં પ્રતિપાદન કરેલ છે. ( ૩૨ )

सर्वद्रव्यसर्वभावविषयिणी रुचिर्विस्ताररुचिः ७ दर्शनज्ञानचारित्रतपोविनयाद्यनुष्ठानविषयिणी रुचिः क्रियारुचिः । न चाज्ञारुचिरपि धर्मानुष्ठान विषया इयमपि तथेति कोऽनयोर्भेद इति शंकनीयं साद्याज्ञा स्मरणनियता इयं त्वसंगे त्येवं भेदादत एव सर्वसात्म्येन परिणत चारित्रक्रिया श्चारित्रकाया महर्षयो भणिता " इत्तो उ चरित्तकाउत्ति " वचनेन हारिभद्राचार्यैः ८ अनभिगृहीतकुदृष्टेः प्रवचनाविशारदस्य निर्वाण पदमात्रविषयिणी रुचिः संक्षेपरुचिः यथोपशमादिपदत्रयविषयिणी चिलातिपुत्रस्य न च विशेष्यभागरहितं विशेषणद्वयमात्रमेतल्लक्षणं युक्तं मूर्च्छादिदशा साधारण्यात् ९ धर्मपदमात्रश्रवणजनितप्रीति सहिता धर्मपदवाच्यविषयिणी रुचिर्धर्म रुचिः । आह च—" जो अत्थिकायधम्मं सुअधम्मं खलु चरित्त धम्मं च । सद्दहइ जिणाभिहिअं सो धम्मरु इति णायव्वोत्ति " ॥ न चैवं ग्राम्यधर्मादिपदवाच्यविषयिण्यपि रुचिस्तथा स्यादिति वाच्यं निरुपपद-

---

સાતમું **વિસ્તાર રૂચિ** સમ્યકત્વ છે. સર્વ પ્રમાણ, તથા સર્વ નયથી ઉત્પન્ન થયેલ સર્વ દ્રવ્ય અને સર્વ ભાવના વિષયની રૂચિ તે **વિસ્તાર રૂચિ** સમ્યકત્વ કહેવાય છે.

આઠમું **ક્રિયા રૂચિ** સમ્યકત્વ છે. તે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વિનય વિગેરેના આચરણ સંબંધી રૂચિ તે **ક્રિયા રૂચિ** કહેવાય છે.

અહિં એવી શંકા ન કરવી કે, આજ્ઞા રૂચિ પણ ધર્માનુષ્ઠાનના વિષય વાળી છે અને આ ક્રિયા રૂચિ પણ તેનેજ લગતી છે, તો તેઓમાં શો ભેદ છે? કારણ, તે આજ્ઞા રૂચિ સ્મરણમાં નિયમિત છે અને આ ક્રિયા રૂચિ સંગ રહિત છે એવો તેઓની વચ્ચે ભેદ છે, તેથીજ કરીને શ્રી હરિભદ્રાચાર્યે " તે ચારિત્રકાય મુનિઓ છે " એવાં વચનથી સર્વ સાત્મ્ય ભાવે ચારિત્ર ક્રિયાનો પરિણામ કરનારા અને ચારિત્રરૂપ કાયાવાળા મુનિઓ કહેલા છે.

નવમું **સંક્ષેપ રૂચિ** સમ્યકત્વ છે. જેણે કુદ્રષ્ટિનો અભિગ્રહ ન કર્યો હોય અને જે પ્રવચનમાં પ્રવીણ ન હોય તેવા પુરૂષને માત્ર નિર્વાણપદ સંબંધી રૂચિ તે **સંક્ષેરૂપ-**

धर्मपदवाच्यत्वस्यैव ग्रहणात् न चैवं चारित्रधर्मादिपदवाच्यविषयिण्यामव्याप्तिः निरुपपदत्वस्य वास्तवधर्मातिप्रसंगकोपपदराहित्यस्य विवक्षणादिति दिक् (३३) १० शिष्य व्युत्पादनार्थं चेत्थमुपाधिभेदेन सम्यक्त्वभेदनिर्देशः तेन कचित्केषांचिदंतर्भावेऽपि न क्षतिरित्युत्तराध्ययन वृत्तौ यथा च नांतर्भावस्तथोक्तमस्माभिस्तथापि नैतदन्यतरत्वं सम्यक्त्वलक्षणं रुचीनां तत्तद्विषयभेदेन परिगणनस्याशक्यत्वात् रुचेः प्रीतिरुपत्वेन वितराग सम्यक्त्वे व्याप्तेश्च—" दसविहे सरागसम्मत्तदंसणे पणत्ते " इति स्थानांग सूत्रस्य स्वारस्येन सम्यक्त्वस्यैव लक्ष्यत्वेन च रागस्याननुगतत्वेन लक्ष्यभेदाल्लक्षणभेदोऽवश्यमनुसरणीय इति । ( ३४ )

वस्तु तो लक्षणमिह लिंगं व्यंजकमिति यावत् व्यंजकस्य च वह्नि व्यंजक धूमालोकवदननुगमेऽपि न दोषः अतएव च—" नाणंच दंसणं

---

ચિ સમ્યકત્વ કહેવાય છે. જે ઉપશમ વિગેરે ત્રણપદના વિષયની રૂચિ જેમ ચિલાતિ પુત્રને થઇ હતી. અહીં વિશેષ્યના ભાગ વગરનાં માત્ર બે વિશેષણ એવા લક્ષણવાળા લેવા યુક્ત નથી, કારણ કે, તે મૂર્છાદિ દશાના સાધારણ છે.

દશમું **ધર્મ રૂચિ** સમ્યકત્વ છે. માત્ર ધર્મ પદના શ્રવણથી ઉત્પન્ન થયેલ પ્રીતિ સહિત ધર્મપદ વાચ્ય સંબંધી જે રૂચિ તે **ધર્મ રૂચિ** કહેવાય છે. કહ્યું છે કે, " જે જિન ભગવંતે કહેલા અસ્તિકાય ધર્મ, શુભ ધર્મ અને ચારિત્ર ધર્મ ઉપર શ્રદ્ધા રાખે તે **ધર્મ રૂચિ** પુરૂષ જાણવો. " ગ્રામ્ય ધર્માદિ પદથી વાચ્ય એવા વિષય વાળી રૂચિ પણ ધર્મ રૂચિ કહેવાય એમ ન જાણવું. કારણ કે, અહિં ઉપ પદ વગરના ધર્મ પદના વાચ્યાર્થનું ગ્રહણ છે. ત્યારે કહેશો કે, ચારિત્ર ધર્માદિ પદના વાચ્ય અર્થ સંબંધી રૂચિમાં તેની વ્યાપ્તિ થશે, તેમ પણ ન જાણવું. કારણ કે, ઉપ પદ રહિત અને વાસ્તવિક ધર્મના અતિ પ્રસંગ રૂપ ઉપપદે રહિત એવા ધર્મને કહેવાની ઇચ્છા છે, એમ દિગ્દર્શન કરેલું છે. ( ૩૩ )

આ પ્રમાણે શિષ્યને વ્યુત્પત્તિ થવા માટે ઉપાધિના ભેદને લઇને સમ્યકત્વના ભેદ બતાવવામાં આવ્યા છે, તેમાં કોઇ ભેદનો કોઇમાં અંતર્ભાવ થાય તોપણ કાંઇ હાનિ થતી

चे वे त्यादिना ज्ञानदर्शन चारित्रतपः प्रभृतीनामननुगतानामेव जीवस्व-रूप व्यंजकत्वरूपजीवलक्षणत्वमुक्तंलिंगं विनापि लैंगिक सद्भावेऽप्य वि-रोधश्च ( ३५ ) यदाहुरध्यात्मपरीक्षाया मुपाध्याय श्रीयशोविजयगणयः– " जं च जिअलरकणं तं उवइट्ठं तत्थ लरकणं लिंगं । तेण विणासो जुज्जइ धूमेण विणाहु आ सुव्वत्ति ॥ " एवं च रुच्यभावेऽपि वीतराग सम्यक्त्व सद्भावा न्न क्षतिः व्यंग्यं त्वेक मनाविलसकल ज्ञानादि गुणै-करसस्वभावं शुद्धात्मपरिणामरूपं परमार्थतोऽनाख्येय मनुभवगम्यमेव स-म्यक्त्वं तदुक्तं धर्मबीजमधिकृत्योपदेशपदे—" पायमणरके अमिणं अणुहव गम्मं तु सुद्धभावाणं । भवरवयकरंति गुरु अं बुहे हिं सयमेव विणेयं-ति ॥ " स्वयमिति निजोपयोगतः इक्षु क्षीरादि रसमाधुर्य विशेषाणा भिवानुभवेऽप्यनाख्येय त्वात् । उक्तं च—

---

નથી. એમ ઉત્તરાધ્યયન નીવૃત્તિમાં લખેલું છે. જેવી રીતે અંતર્ભાવ ન થાય, તે પણ અમે કહેલું છે, તથાપિ સમ્યકત્વનું લક્ષણ એથી અતિશે જુદું નથી. કારણ કે, રૂચિઓ-ની ગણુના તે તે વિષયના ભેદ વડે કરવી અશકય છે. અને રુચિની પ્રીતિરૂપે વીતરાગ સ-મ્યકત્વમાં વ્યાપ્તિ છે. સ્થાનાંગ સૂત્રમાં કહેલું છે કે, " સરાગ સમ્યકત્વ દશ પ્રકારનું છે– " તે સ્વારસ્યવડે સમ્યકત્વ લક્ષ્ય અર્થમાં આવે અને રાગ તેને અનુગત થાય, એટલે લક્ષ્યના ભેદથી લક્ષણુનો ભેદ અવસ્ય અનુસરવો જોઇએ ( ૩૪ ) વસ્તુતાએ અહિં લક્ષણુ એટલે લિંગ અર્થાત્ વ્યંજક. અહિ જેમ અગ્નિનો વ્યંજક ધૂમ્રનો દેખાવ છે, પણ તેને અનુસરતો નથી, તેમ વ્યંજકને હોય તેવો દોષ અહિ લેવો નહીં. એથીજ કરીને " જ્ઞાન અને દર્શન " ઇત્યાદિ ગાથા પ્રમાણે જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને તપ વિગેરે જીવને અનુસ-રતા નથી, તોપણુ જીવના સ્વરૂપને વ્યંજકપણારૂપ જીવનું લક્ષણુ કહેલું છે, અને લિંગ વિના પણુ લિંગીનો સદ્ભાવ હોય એમ માનવામાં વિરોધ આવતો નથી. ( ૩૫ ) તે વિષે ઉપા-ધ્યાય શ્રી યશોવિજયગણી પોતાના અધ્યાત્મ પરીક્ષા નામના ગ્રંથમાં આ પ્રમાણે કહે છે— " જે જીવનું લક્ષણુ છે, તેમાં લિંગ પણુ તેનું લક્ષણુ છે તેથી ધૂમ્ર વિના અગ્નિની જેમ તેના વિના તેનો વિનાશ થવો ઘટે છે. " એવી રીતે રૂચિને અભાવે પણુ વીતરાગ સમ્યકત્વનો સદ્-

गुणासीनं लीनं निरवधि विधि व्यंजनपदे
यदे तत्सम्यक्त्वं तदनुकुरुते पानकरसम् ॥ १ ॥ " ( ३७ )

न केनाप्याख्यातं न च परिचितं नाप्यनुमितं न चार्थादापन्नं क्वचिदुपमितं नापि विबुधैः । विशुद्धं सम्यक्त्वं न च हृदि न चालिंगितमपि स्फुरत्यंतर्ज्योतिर्निरुपधि समाधौ समुदितं " ॥ इत्यलं प्रसंगेन प्रकृतमनुसरामः । निसर्गाधिगमयोरुभयोरप्येकमंतरंगं कारणमाह । **मिथ्यात्वपरिहाण्यैव** मिथ्यात्वं जिनप्रणीततत्त्व विपरीतश्रद्धानलक्षणं तस्य परिहाण्यैव सर्वथात्यागेन त्रिविधं त्रिविधेन प्रत्याख्यानेनेति यावत् । आह च—" मित्थत्त पडिक्कमणं तिविहं तिविहेण नायव्वंति " मिथ्यात्वं च लौकिकलोकोत्तरभेदाद्द्विधा ( ३८ )

---

વિગેરે બતાવી વિવેચન કરી શકાય તેવું નથી. તે તો અનુભવ ગમ્યજ છે. એ વિષે આ પ્રમાણે પદ્ય છે. " જે ભિન્ન નથી, અભિન્ન નથી, ઉભય—ભિન્નાભિન્ન નથી, અનુભવ નથી, અને શબ્દના ન્યાયથી ભજનાનું પાત્ર નથી, તે ગુણમાં રહેલ છે, અને નિરવધિ એવા વિધિ વ્યંજનના પદમાં લીન છે, તે સમ્યકત્વ પાનકરસ ( રસમાધુર્ય ) ને અનુસરે છે. [ ૩૭ ] તે સમ્યકત્વને કોઇએ કહ્યું નથી, પરિચિત થયું નથી, અનુમાનમાં આવ્યું નથી, અર્થથી પ્રાપ્ત થયું નથી, અને વિદ્વાનોએ તેની કોઇ સ્થળે ઉપમા આપી નથી, તેવું શુદ્ધ સમ્યકત્વ હૃદયમાં આલિંગન કરેલું નથી, તે છતાં ઉપાધિ રહિત, અને સમાધિમાં ઉદિત થયેલું, તે અંતર જ્યોતિરૂપે સ્ફુરે છે. " એ વિષે હવે વિશેષ પ્રસંગ કરવાની જરૂર નથી. અમે હવે પ્રકૃત ( ચાલતા પ્રસંગ ) ને અનુસરીએ છીએ. નિસર્ગ—સ્વભાવ અને અધિગમ—ગુરૂ ઉપદેશ, એ બન્નેનું એક અંતરંગ કારણ કહે છે.—" મિથ્યાત્વના ત્યાગથી. " મિથ્યાત્વ એટલે શ્રીજિન પ્રણિત તત્ત્વથી વિપરિત શ્રદ્ધા તેનો સર્વથા ત્યાગથી અર્થાત્ ત્રિવિધ ત્રિવિધે પચ્ચખાણ કરવાથી અહિં કહે છે કે, " મિથ્યાત્વ પ્રતિક્રમણ ત્રણ પ્રકારનું ત્રણ પ્રકારે જાણવું. " મિથ્યાત્વ લૌકિક અને લોકોત્તર એવા ભેદથી બે પ્રકારનું છે. ( ૩૮ ) તે એક એક પણ દેવ વિષય અને ગુરૂ વિષય એવા ભેદથી બે બે

" इक्षुक्षीर गुडादीनां माधुर्य स्यांतरं महत् ।
तथापि न तदाख्यातुं सरस्वत्यापि पार्यते ॥ " ( ३६ )

इति यदि च धर्मबीजस्याप्येवमनुभवैक गम्यत्वं का वार्त्ता तर्हि भवशतसहस्र दुर्लभस्य साक्षान्मोक्षफलस्य चारित्रैक प्राणस्य सम्यक्त्वस्येति शुद्धात्मपरिणति स्वरूपे हि तत्र नातिरिक्त प्रमाणानां प्रवृत्तिः उक्तं च शुद्धात्मस्वरुपमधिकृत्याचारसूत्रे—" सव्वेसराणि अट्टंति तक्काजच्छण विज्ज इमइ तच्छण गाहि आ " इत्यादि तदेतद् ज्ञानादिगुण समुदायाद्भेदादिना विवेचयि तु मशक्यं अनुभवगम्य मेवेति स्थितं अत्र पद्ये—

" न भिन्नं ना भिन्नं ह्युभयमपि नो नाप्यनुभवं
न वा शाब्दन्यायाद्भवति भजनाभाजनमपि ।

---

ભાવ હોવાથી કાંઇ પણ હાની થતી નથી, અને વ્યંગ્ય એવું સમ્યકત્વ શુદ્ધ એવા સર્વ જ્ઞાનાદિ ગુણરૂપ એક રસ સ્વભાવવાળું, અને આત્માના શુદ્ધ પરિણામરૂપ છે. તે પરમાર્થથી કહી ન શકાય તેવું અને માત્ર અનુભવ ગમ્યજ છે. તે વિષે ઉપદેશ પદની અંદર ધર્મબીજના અધિકારમાં કહેલું છે.—" સમ્યકત્વ અમિત, અનુભવગમ્ય અને શુદ્ધ ભાવરૂપ છે, તે સંસારનો ક્ષય કરનારૂં, ગુરૂ અને બુદ્ધ–પંડિતોને પોતાની મેળેજ જાણવા યોગ્ય છે. " સ્વયં એટલે પોતાના ઉપયોગથી એમ લેવું, કારણ કે, શેલડી, દુધ વિગેરેના રસની મધુરતાની જેમ તે અનુભવથી પણ કહી શકાય તેમ નથી. કહ્યું છે કે, " શેલડી, દુધ અને ગોળ વિગેરેની મધુરતામાં મોટું અંતર છે, તથાપિ તે કહી શકવાને સરસ્વતી પણ સમર્થ નથી. " ( ૩૬ )

જો એવી રીતે ધર્મબીજ પણ જ્યારે અનુભવથી ગમ્ય છે, તો સૈકડો, અને હજારો ભવે દુર્લભ, સાક્ષાત્ મોક્ષરૂપ ફલવાળા, અને ચારિત્રના એક પ્રાણરૂપ એવા સમ્યકત્વની તો પછી શી વાત કરવી ? આત્માની શુદ્ધ પરિણતિના સ્વરૂપ એવા તે સમ્યકત્વને વિષે અધિક પ્રમાણોની પ્રવૃત્તિ થતીજ નથી. " તે વિષે આચારાંગ સૂત્રમાં આત્માના શુદ્ધ સ્વરૂપના અધિકારની અંદર કહેલું છે—" જેમકે " આત્માની શુદ્ધ પરિણતિમાં સર્વ અધિક પ્રમાણો પ્રવર્ત્તતાં નથી. ઇત્યાદિ. " તેથી એ સમ્યકત્વ જ્ઞાનાદિ ગુણના સમુદાયથી ભેદ

एकैकमपि देवविषयगुरुविषयभेदाद् द्विविधं तत्र लौकिकदेवगतं लौकिकदेवानां हरिहर ब्रह्मादीनां प्रमाण पूजादिना तद्भवनगमनादिना च तत्तद्देश प्रसिद्ध मनेकविधं ज्ञेयं १ लौकिकगुरु गतमपि लौकिकगुरूणां ब्राह्मणतापसादीनां नमस्कृतिकरणतदग्रेपतन तदग्रे नमः शिवायेत्यादिभणन तत्कथा श्रवण तदुक्तक्रियाकरणतः कथाश्रवणबहुमानकरणादिना च विविधं २ लोकोत्तर देवगतं तु परतीर्थिक संगृहीत जिनबिंबार्चनादिना इह लोकार्थं जिनयात्रागमनमाननादिना च स्यात् ३ लोकोत्तर गुरुगतं च पार्श्वस्थादिषु गुरुत्वबुध्ध्या वंदनादिना गुरुस्तूपादावैहिकफलार्थं यात्रोपयाचितादिना चेति भेदचतुष्टयी ४ तदुक्तं दर्शनशुद्धि प्रकरणे—

" दुविहं लोइअमिच्छं देवगयं गुरुगयं मुणे अव्वं ।
लोउत्तरि अंपि दुविहं देवगयं गुरुगयं चेव ॥ १ ॥

---

પ્રકારના છે. લૌકિક, દેવગત, મિથ્યાત્વ, હરિ, હર, બ્રહ્મા વિગેરે લૌકિક દેવતાને પ્રણામ કરવો, તેમની પૂજા કરવી વિગેરેથી, અને તેમના મંદિરમાં જવું વિગેરેથી, તે તે દેશ પ્રસિદ્ધ એવું મિથ્યાત્વ અનેક પ્રકારનું જાણવું.

૨ બીજું લૌકિક ગુરૂગત મિથ્યાત્વ છે. તે બ્રાહ્મણ, તાપસ વિગેરે લૌકિક ગુરૂને નમસ્કાર કરવો, તેમની આગળ પડવું, તેમની સમીપ રહી " **નમઃશિવાય** " ઇત્યાદિ મંત્ર બોલવા, તેમની કથા સાંભળવી, અને તેઓ કહે તે ક્રિયા કરવી, અને તેમની કથાના શ્રવણનું બહુ માન કરવું. ઇત્યાદિ વડે તે મિથ્યાત્વ વિવિધ પ્રકારનું છે.

૩ ત્રીજું લોકોત્તર દેવગત મિથ્યાત્વ છે, તે પરતીર્થી [ અન્યમતિ ] એ સંગ્રહ કરેલ જિન બિંબની પૂજા વિગેરેથી અને આલોકને અર્થે જિન યાત્રા ગમન તથા માનતા વિગેરેથી થાય છે.

૪ ચોથું લોકોત્તર ગુરૂગત મિથ્યાત્વ છે, તે પાર્શ્વસ્થ—પાસથ્થા વિગેરેમાં ગુરૂપણાની બુદ્ધિ કરી, તેમને વંદનાદિ કરવાથી અને આલોકના ફળને અર્થે ગુરૂનાસ્તુપ [ પગલાં ] વિગેરેની યાત્રાએ જવું, અને માનતા કરવી, વિગેરેથી થાય છે, એ મિથ્યાત્વના ચાર ભેદ થયા.

चउभेअं मिच्छत्तं तिविहं तिविहेण जो विवज्जेइ ।
अकलंकं सम्मत्तं होइ पुडंतस्स जीवस्स ॥ २ ॥ ”

त्रिविधं त्रिविधेनेत्यत्र भावनामेवमाहुः— ( ३९ )

“ ए अं अणंतरुत्तं मिच्छं मणसा न चिंतइ करेमि ।
सयमेव सोकरेउ अन्नेण कएव सुट्ठु कयं ॥ १ ॥
एवं वायानभणइ करेइ अण्णं च न भणइं करेह ।
अन्नकयं न पसंसइ न कुणइ सयमेक एणं ॥ २ ॥
कर सन्नभ सुहखेवा इएहिं नयकार वे इ अन्नेणं ।
अन्न कयं न पसंसइ अण्णेण कयं च सुट्ठु कयं ॥ ३ ॥

ननु त्रिविधं त्रिविधेन प्रत्याख्यात्वस्य मिथ्यादृष्टि संसर्गे कथं नानुमतिरूप-मिथ्यात्व प्रसंग इति चेन्न तस्याप्यतिचाररूपस्य वर्ज्जनीयत्वस्यैवोक्तत्वात् ( ४० ) स्वकुटुंबादिसंबंधिमो मिथ्यादृशोवर्जनाशक्तौ संवासानुमतिः

---

તે વિષે દર્શનશુદ્ધિ પ્રકરણમાં આ પ્રમાણે કહેલું છે—“ લૌકિક મિથ્યાત્વ દેવગત અને ગુરૂગત એવા બે પ્રકારનું છે. લોકોત્તર મિથ્યાત્વ પણ દેવગત અને ગુરૂગત એવા બે પ્રકારનું છે. એ ચાર પ્રકારના મિથ્યાત્વને ત્રિવિધ ત્રિવિધ વડે જે છોડી દે, તે પ્રાણીને નિષ્કલંક સમ્યકત્વ થાય છે. ” ત્રિવિધ ત્રિવિધ વડે કરીને એમ જે કહ્યું, તેમાં ભાવના કહે છે. ( ૩૯ ) “ મન વડે ઉપર કહેલ મિથ્યાત્વ ચિંતવે નહીં કે, હું કરૂં. પોતે કરેલું. બીજાએ કરેલુ તેને ‘ સારૂં કર્યું ’ એમ ચિંતવે નહીં, તે પહેલું. પોતે વાણીથી કહે નહીં, અને બીજાને કરવા કહે નહીં, બીજાએ કરેલ હોય, તેની પ્રશંસા કરે નહીં, અને પોતે કરે નહીં. પોતે કાયાથી કરે નહીં, બીજાની પાસે કરાવે નહીં, અને બીજાએ કરેલ હોય, તેને ‘ સારૂં કર્યું ’ એમ કહે નહીં. ”

અહીં શંકા કરે છે કે, ત્રિવિધ ત્રિવિધ વડે પ્રત્યાખ્યાન કરેલ હોય પણ મિથ્યા દૃષ્ટિના સંસર્ગમાં આવતાં અનુમોદન આપવારૂપ મિથ્યાત્વના પ્રસંગ કેમ ન થાય ? તેના સમાધાનમાં કહેવાતું કે, તેમ ન બને. કારણકે, તે અતિચારરૂપે વર્જવા યોગ્ય

स्यादिति चेन्न आरंभिणां संवासे आरंभ क्रियाया बलात्प्रसंगात्संवासानुमतिसंभवेऽपि मिथ्यात्वस्य भावरूपत्वेन तदसंभवाद् अन्यथा संयतस्यापि मिथ्यादृष्टिनिश्राया अपिसंभवेन तत्संवासानुमते दुर्वारत्वादिति दिक् । यद्यपि तत्त्ववृत्त्या अदेवादेर्देवत्वादिबुध्ध्याराधने एव मिथ्यात्वं तथाप्यैहिकार्थमपि यक्षाद्याराधनमुत्सर्गतस्त्याज्यमेव ( ४१ ) परंपरया मिथ्यात्ववृद्धि स्थिरीकरणादि प्रसंगेन प्रेत्य दुर्लभबोधित्वापत्तेः । यतः—

" अन्नेसिं सत्ताणं मिच्छत्तं जो जणेइ मूढप्पा ।
सो तेण निमित्तेणं न लहइ बोहिं जिणा विहिअं ॥ १ ॥

रावणकृष्णाद्यालंवनमपि नोचितमेव कालभेदात् यतस्तत्समयेऽर्हद्धर्मस्येतर धर्मेभ्योऽतिशायित्वेन मिथ्यात्ववृद्धिस्तादृशी संप्रति च स्वभावतोऽपि

---

કહેલ છે. [ ૪૦ ] ત્યારે એવી શંકા થશે કે, કોઇ મિથ્યા દૃષ્ટિ પોતાના કુટુંબ વિગેરેનો સંબંધી હોય તો તેના સહવાસને લઇને વખતે અનુમોદના થઇ જાયજ. તેમ પણ બને નહિ. કારણકે, આરંભીના સહવાસમાં આરંભ ક્રિયાના બળથી તથા પ્રસંગથી સહવાસને લઇ અનુમોદન થવાનો સંભવ છે, પણ મિથ્યાત્વ ભાવરૂપ હોવાથી તેમ થવા સંભવ નથી. જો એમ બને તો પછી સંયમીને પણ મિથ્યા દ્રષ્ટિનો સહવાસ સંભવે છે, અને તેથી તે સહવાસની અનુમોદના અનિવાર્ય થાય. એવું દિગદર્શન છે.

જો કે તત્વ વૃત્તિથી અદેવ વિગેરેમાં દેવપણા વિગેરેની બુદ્ધિ વડે તેમનું આરાધન કરવાથીજ મિથ્યાત્વ ગણાય છે, તથાપિ આ લોકના પ્રયોજન માટે યક્ષ વિગેરેની આરાધના પણ ઉત્સર્ગથી છોડી દેવી જોઇએ [ ૪૧ ] કારણકે, તેથી પરંપરાએ મિથ્યાત્વની વૃદ્ધિ તથા સ્થિરતા વિગેરેનો પ્રસંગ આવે, અને પરલોકમાં દુર્લભ બોધિપણાની પ્રાપ્તિ થાય. કહ્યું છે કે— " જે મૂઢાત્મા પુરૂષ અન્યની સત્તા વડે મિથ્યાત્વ ઉત્પન્ન કરે છે, તે તેજ નિમિત્તે જિન ભગવંતે કહેલ બોધિને પ્રાપ્ત થતો નથી. " કદી અહીં રાવણ તથા કૃષ્ણ વિગેરેનું આલંબન લઇ તેમ કરવું, તે પણ ઉચિત નથી. કારણકે, તેમાં કાળનો ભેદ હતો. એટલે તે સમયે બીજા ધર્મથી અર્હતનો ધર્મ અતિશય હોવાથી

मिथ्यात्वप्रवृत्तिर्दुर्निवारैवेति ।

अथ मिथ्यात्वं पंचविधं यदाह—" आभिग्गहि अमणभिग्गहं च तह अभिनिवेसि अं चेव। संसइ अमणा भोगं मिच्छत्तं पंचहा एअं ॥ " तत्राभिग्रहिकं पाषंडिनां स्वशास्त्र नियंत्रित विवेका लोकानां परपक्ष प्रतिक्षेप दक्षाणां जैनानां च धर्माधर्म वादेन परीक्षा पूर्वं तत्त्वमाक लय्य स्वाभ्युपगतार्थं श्रद्धमानानां परपक्ष प्रतिक्षेपण दक्षत्वेऽपि नाभिग्रहिकत्वं स्वशास्त्रानियंत्रितत्वा द्विवेका लोकस्य यस्तु नाम्ना जैनोऽपि स्वकुलाचारेणैवागम परीक्षां बाधते तस्याभिग्रहिकत्वमेव सम्यग्दृशोऽपरीक्षित पक्षपातित्वायोगात् ( ४२ ) तदुक्तं हरिभद्रसूरिभिः—" पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु । युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रह " इति गीतार्थ निश्रितानां माषतुषादिकल्पानां च प्रज्ञापाटवा भावा द्विवेक रहिता

---

મિથ્યાત્વની વૃદ્ધિ તેવીજ હતી, અને સાંપ્રતકાળે સ્વભાવથી પણ મિથ્યાત્વની પ્રવૃત્તિ દુઃખે નિવારાય તેવી છે. તે મિથ્યાત્વ પાંચ પ્રકારનું છે. કહ્યું છે કે, " આભિગ્રહિક, અનભિગ્રહિક, અભિનિવેશિક, સંશયિક અને અનાભોગ એ પાંચ પ્રકારનું મિથ્યાત્વ છે. "

પેહેલું આભિગ્રહિક મિથ્યાત્વ છે. તે પોતાના શાસ્ત્ર વડે નિયમિત એવા વિવેકને જોનારા અને બીજાના પક્ષને તોડવામાં ચતુર એવા પાખંડીઓને હોય છે, અને ધર્મ અધર્મના વાદ વડે પરીક્ષા પૂર્વક તત્વ જાણી પોતાને ઇષ્ટ એવા અર્થની ઉપર શ્રદ્ધા રાખનારા જૈનીઓને બીજાના પક્ષને તોડવાનું ચાતુર્ય હોય તથાપિ તે આભિગ્રહિક મિથ્યાત્વ હોતું નથી. કારણકે, તેમને વિવેકનું પોતાના શાસ્ત્રમાં નિયમિત હોતું નથી. જે નામથી જૈન કહેવાતો હોય તે પણ પોતાના કુલાચાર વડે આગમની પરીક્ષાનો બાધ કરે છે, તેથી તેને આભિગ્રહિક મિથ્યાત્વ હોય છે. કારણકે, સમ્યગ્દૃષ્ટિને પરીક્ષા કર્યા વગર પક્ષપાતનો યોગજ હોતો નથી. [ ૪૨ ] તે વિષે શ્રી હરિભદ્રસૂરિ કહે છે કે, " મારે વીર ઉપર પક્ષપાત નથી, તેમ કપિલ વિગેરેની ઉપર દ્વેષ નથી. જેનું વચન યુક્તિવાળું હોય તેનો પરિગ્રહ કરવા યોગ્ય છે. " ગીતાર્થ ઉપર નિષ્ઠા રાખનારા માષતુષ પ્રમુખ જેવા કે જેઓ

नामपि गुणवत्पारतंत्र्यान्न दोष इति भावः । तच्च नास्त्यात्मेत्यादिषड्विकल्पैः षड्विधम् १ अनाभि ग्रहिकं प्राकृतजनानां सर्वे देवा वंद्या न निंदनीया एवं सर्वे गुरवः सर्वे धर्मा इत्याद्यनेकविधम् २ आभिनिवेशिकं जानतोऽपि यथास्थितं दुरभिनिवेशविप्लावितधियो गोष्टा माहिलादेरिव ३ अभिनिवेशो अनाभोगा त्प्रज्ञापकदोषाद्वा वितथ श्रद्धानवति सम्यग्द्रष्टावपि स्यादनाभोगाद्गुरुनियोगाद्वा सम्यग्दृष्टेरपि वितथश्रद्धा नभणनात्तथा चोक्तमुत्तराध्ययननिर्युक्तौ ( ४३ )—" सम्यद्दिट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ । सद्दहइ असब्भावं अणाभोगा गुरुणिओगावा ॥ " इति तद्वारणाय दुरिति विशेषणं सम्यग् वक्तृवचना निवर्त्तनीयत्वं तदर्थ अनाभोगादिजनितो मुग्धश्राद्धादीनां वितथश्रद्धानरूपोऽभिनिवेशस्तु सम्यग् वक्तृ वचन निवर्त्तनीय इति न दोषः तथापि जिनभद्र सिद्धसेनादि प्रा-

બુદ્ધિના ચાતુર્યને અભાવે વિવેક રહિતને પણ ગુણવાનનું પરતંત્રપણું હોવાથી દોષ લાગતો નથી. તે " આત્મા નથી. " ઇત્યાદિ છ વિકલ્પથી છ પ્રકારનું છે.

બીજું અનાભિગ્રહિક નામે મિથ્યાત્વ છે. તે પ્રાકૃત—સાધારણ લોકોને હોય છે. " સર્વ દેવતા વંદવા યોગ્ય છે, નિંદવા યોગ્ય નથી. એવી રીતે સર્વ ગુરૂઓ અને સર્વ ધર્મો વંદવા યોગ્ય છે, નિંદવા યોગ્ય નથી. " ઇત્યાદિ અનેક પ્રકારનું થાય છે. ત્રીજું આભિનિવેશિક મિથ્યાત્વ છે, તે યથાર્થ જાણતા છતાં દુરાગ્રહથી જેની બુદ્ધિ ફરી ગઇ છે, એવા પુરૂષને થાય છે. જેવા કે, ગોષ્ટા માહિલ વિગેરે. તે અભિનિવેશ અનાભોગથી અથવા પ્રજ્ઞાપક ( ઉપદેશક ) ના દોષથી વ્યર્થ શ્રદ્ધાવાળા સમ્યગ્ દૃષ્ટિ જીવમાં પણ હોય છે. કારણ કે અનાભોગથી અથવા ગુરૂના નિયોગથી સમ્યગ્ દૃષ્ટિવાળાને પણ વ્યર્થ શ્રદ્ધા કહેવામાં આવે છે, તે વિષે ઉત્તરાધ્યયનની નિર્યુક્તિમાં આ પ્રમાણે કહે છે ( ૪૩ )—સમ્યગ્ દૃષ્ટિ જીવ પ્રાપ્ત થયેલા પ્રવચન ઉપર શ્રદ્ધા રાખે છે, અને અનાભોગથી અથવા ગુરૂના નિયોગથી અસદ્ભાવ ઉપર પણ શ્રદ્ધા રાખે છે, તે નિવારવાને માટે ' दुर् ' એવું વિશેષણ છે. જે સમ્યગ્ વક્તાના વચન વડે નિવૃત્તિ કરવા યોગ્ય નથી. તેને અર્થે અનાભોગ વિગેરેથી ઉત્પન્ન થયેલ એવો મુગ્ધ શ્રાવક પ્રમુખનો વ્યર્થ શ્રદ્ધારૂપ આગ્રહ તો સમ્ય-

वचनिक प्रधान विप्रतिपत्ति विषयपक्षद्वयान्यतरस्य वस्तुनः शास्त्रबाधितत्वा त्तदन्यतरश्रद्धानवतोऽभिनिवेशित्व प्रसंग इति तद्वारणार्थं जानतोऽपीति शास्त्रतात्पर्यबोध प्रतिसंधानवत इत्यर्थः सिद्धसेनादयश्च स्वाभ्युपगतमर्थं शास्त्रतात्पर्यबाधं प्रतिसंधायापि पक्षपाते न न प्रतिपन्नवंतः ( ४४ )

किं त्वविच्छिन्न प्रावचनिक परंपरया शास्त्रतात्पर्यमेव स्वाभ्युपगतार्थानुकूलत्वेन प्रतिसंधायेति न तेऽभिनिवेशिनो गोष्टामाहिलादयस्तु शास्त्रतात्पर्यबाधं प्रतिसंधायैवान्यथा श्रद्दधत इति न दोषः । इदमपि मतिभेदाभिनिवेशादि मूलभेदादनेकविधं जमालिगोष्टामाहिलादीनाम् । उक्तं च व्यवहारभाष्ये—

" मइभेएण जमाली पुव्विग्गा हिएण गोविंदो ।
संसग्गएण भिरकू गोट्ठामाहिल अहिणिवे सोत्ति " ३

---

ગુ વકતાના વચનથી નિવૃત્ત થઇ શકે છે, તેથી એ દોષ લાગતો નથી, તથાપિ જિનભદ્ર, સિદ્ધસેન, વિગેરે પ્રવચનના પ્રધાનની વિપરીત પ્રતિપાદનના વિષયના બે પક્ષમાંથી એક વસ્તુ શાસ્ત્ર બાધિત હોવાને લીધે તેમાંથી એક શ્રદ્ધાવાળાને અભિનિવેશી—આગ્રહી થવાનો પ્રસંગ આવે, તે નિવારવા માટે ' જાણતા એવાને પણ ' એમ કહેલું છે. જાણતા એવાને પણ એટલે એવો અર્થ થાય કે, શાસ્ત્રના તાત્પર્યના બોધના અનુસંધાનવાળાને પણ સિદ્ધસેન વિગેરે પોતે અંગીકાર કરેલા અર્થને શાસ્ત્રના તાત્પર્યના બાધને પ્રતિસંધાન કરીને પણ પક્ષપાત વડે તે સ્વીકારતા નથી. [ ૪૪ ] પણ અવિચ્છિન્ન પ્રવચનવાળાની પરંપરાએ શાસ્ત્રના તાત્પર્યનેજ પોતાના ઇષ્ટ અર્થને અનુકુળ કરી, પ્રતિસંધાન કરે તેથી તેઓ આગ્રહી નથી, એમ સમજવું. અને ગોષ્ટા માહિલાદિક તો શાસ્ત્રના તાત્પર્યના બાધને પ્રતિસંધાન કરી, તેથી જુદીજ રીતે શ્રદ્ધા રાખે છે, તેથી તે દોષ લાગતો નથી.

આ આભિનિવેશિક મિથ્યાત્વ પણ મતિભેદાભિનિવેશ વિગેરે મુળ ભેદ વડે અનેક પ્રકારનું છે. તે જમાલિ, ગોષ્ટા, માહિલ વિગેરેને થયું હતું. તે વિષે વ્યવહાર

सांशयिकं देवगुरुधर्मेष्वय मन्यो वेति संशयात्तस्य भवति । सूक्ष्मार्थादिविषयस्तु संशयः साधूनामपि भवति स च—" तमेव सच्चंणी संकं जं जिणेहिं पवेइ अं " इत्याद्यागमोदित भगवद्वचन प्रामाण्यपुरस्कारेण निवर्त्तते स्वरसवाहितया अनिवर्त्तमानश्च सः सांशयिकमिथ्यात्वरूपः सच्च-नाचारापादक एव ( ४५ ) अत एवाकांक्षा मोहोदयादाकर्षप्रसिद्धिः इदमपि सर्व दर्शन जैन दर्शन तदेकदेश पदवाक्यादि संशय भेदेन बहुविधम् ४ अनाभोगिकं विचारशून्यस्यैकेंद्रियादेर्वा विशेषज्ञानविकलस्य भवति इदमपि सर्वांश विषयाव्यक्तबोधस्वरूपं विवक्षितकिंचिदंशाव्यक्तबोधस्वरूपं चेत्यनेकविधं ५ एतेषु मध्ये आभिग्राहिकाभिनिवेशिके गुरुके विपर्यासरूपत्वेन सानुबंधक्लेशमूलत्वात् शेषाणि च त्रीणि विपरीतावधारणरूप विपर्याससंव्यावृत्तत्वेन तेषां क्रूरानुबंध फलकत्वाभावात् । तदुक्तं चोपदेशपदे—

ભાષ્યમાં આ પ્રમાણે કહેલું છે. " જમાલી મતિભેદથી, ગોવિંદ—કૃષ્ણ પૂર્વાગથી, ભિક્ષુક સંસર્ગથી, અને ગોષ્ટા માહિલ અભિનિવેશથી.

ચોથું સાંશયિક મિથ્યાત્વ છે દેવ ગુરૂ, અને ધર્મમાં આ ઉત્તમ છે કે, અન્ય ઉત્તમ એવા સંશયથી તે થાય છે. સૂક્ષ્મ અર્થાદિ સંબંધી સંશય તો સાધુઓને પણ થાય છે. પણ " જે જિન ભગવંતે પ્રરૂપ્યું, તેજ સત્ય, અને નિઃસંશય છે. " ઇત્યાદિ આગમમાં કહેલ ભગવંતનાં વચનનું પ્રમાણ આગળ કરી તે સંશય નિવૃત્ત થઇ જાય છે. જો સ્વરસને વહન કરવાથી તે સંશય નિવૃત્ત ન થાય તો તે સંશય સાંશયિક મિથ્યાત્વરૂપે થઇ અનાચારજ ઉત્પન્ન કરે છે. [ ૪૫ ] એથીજ કરીને આકાંક્ષા મોહનો ઉદય થવાથી પાછું આકર્ષણ થાય એ વાત પ્રસિદ્ધ છે. આ સાંશયિક મિથ્યાત્વ પણ સર્વ દર્શન, જૈન દર્શન તેના એક દેશ, પદ અને વાક્ય પ્રમુખ સંશયના ભેદથી ઘણા પ્રકારનું થાય છે.

પાંચમું અનાભોગિક મિથ્યાત્વ છે. તે વિચાર શૂન્ય એકેંદ્રિય જીવને અથવા વિશેષ જ્ઞાનથી રહિત એવા જીવને થાય છે. એ મિથ્યાત્વ પણ સર્વ અંશના વિષયમાં

" एसोअ अत्थ गुरुओ णाणज्झवसायसंसया एवं ।
जम्हा असप्पवित्ती एत्तो सव्वच्छणत्थफला " ॥

दुःप्रतीकारासत्प्रवृत्तिहेतुत्वेनैष विपर्यासोऽत्र गरीयान् दोषः नत्वनध्यवसाय संशयावेवंभूतावतत्त्वाभिनिवेशाभावात् तयोः सुप्रतीकारत्वेनात्यंतानर्थ संपादकत्वाभावादित्येतत्तात्पर्यार्थः । एवं सर्वथा सर्वप्रकारमिथ्यात्वपरिहारेण सम्यक्त्वं गुरुसमक्षमालापकोच्चारपूर्वं प्रतिपत्तव्यं तस्यानंदादि श्रावकोपदर्शितविधिनैव प्रतिपत्तव्यौचित्यात् । ( ४६ ) तथा चोक्तमावश्यकनियुक्तौ— " तत्थ समणो वा सओ पुव्वामेव मिच्छत्ताओ पडिक्कमइ सम्मत्त उवसंपज्जइ नो सेकप्पइ अज्जप्पभिई अन्न उत्थिएवा अन्न

બોધ સ્પષ્ટ ન હોય તેરૂપે અને કહેવા ઇચ્છેલ કાંઇક અંશમાં બોધ સ્પષ્ટ ન હોય તેરૂપે— એમ અનેક પ્રકારનું થાય છે.

આ પાંચ મિથ્યાત્વની અંદર આભિગ્રાહિક અને આભિનિવેશિક મિથ્યાત્વ મોટાં છે. કારણકે, તેઓ સાનુબંધ કલેશના મૂળરૂપ છે, અને બાકીના ત્રણ મિથ્યાત્વ લઘુ છે. કારણકે, વિપરીત અવધારણારૂપ વિપર્યાસથી નિવૃત્ત હોવાથી તેઓમાં ક્રૂરાનુબંધી ફળનો અભાવ છે. તે વિષે ઉપદેશ પદની અંદર આ પ્રમાણે કહેલું છે— " **एसोअ** " એ ગાથાનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે— " દુઃખે જેનો ઉપાય થઇ શકે તેવી અસત્પ્રવૃત્તિના હેતુપણા વડે એ વિપર્યાસ અહીં થાય છે, તે અહીં મોટો દોષ છે. કાંઇ એવા અનધ્યવસાય અને સંશય હોતા નથી. કારણકે, અતત્વમાં અભિનિવેશ—આગ્રહનો અભાવ છે. તે બંને અનધ્યવસાય અને સંશયનો ઉપાય સુગમ હોવાથી તે અત્યંત અનર્થના સંપાદક હોતા નથી. " એવી રીતે સર્વથા સર્વ પ્રકારના મિથ્યાત્વને છોડી દઇ ગુરૂની સમક્ષ આલાપકના ઉચ્ચાર પૂર્વક સમ્યકત્વ પ્રતિપાદન કરવું. [ ગ્રહણ કરવું. ] કારણકે, આનંદાદિ શ્રાવકે દર્શાવેલા વિધિ વડેજ તે સમ્યકત્વને પ્રતિપાદન કરવાની યોગ્યતા છે. [ ૪૬ ]

તે વિષે આવશ્યક નિર્યુક્તિમાં આ પ્રમાણે કહેલું છે— " શ્રમણોપાસક શ્રાવક પ્રથમ મિથ્યાત્વથી પ્રતિક્રમણ કરે. સમ્યકત્વને પ્રાપ્ત કરે, તે વખતે અન્ય ઉઠીને

उत्थिअ देवयाणि वा अन्न उत्थिअ परिग्गहि अरिहंतं चेइआइं वा वंदित्त एवाणमंसित्त एवा पुव्विं अणालत्तेणं आलवित्तएवा सं लवित्त एवा तसिं असणं वा पाणं वा खाइमं वा साइमं वा दाउंवा अणुप्पदाउं वा तन्नत्थ रायाभिओ गेणं गणाभिओ गेणं बलाभि ओगेणं देवयाभि ओगेणं गुरुनिग्गहेणं वित्तीकंतारेणंति " ॥ योगशास्त्रवृत्तावपि एवं विधिना सम्यक्त्वं विशिष्टद्रव्यादिसामग्र्यां सत्यां गुरोः समीपे विधिना प्रतिपद्य श्रावको यथावत्पालयति । यतः—

" समणो वासओ तत्थ मिच्छत्ताओ पडिक्कमे ।
दव्वओ भावओ पुव्विं संमत्तं पडिवज्जए ॥ १ ॥
न कप्पईसे परतित्थिआणं तहेव तेसिंचि अदेवयाणं ।
परिग्गहे ताणय चेइआणं पहावणा वंदण पूअणाई ॥ २ ॥
लोआण तित्थेसु सिसाणदाणं पिंडप्पदाणं हुणणं तवं च ।
संकंति सोमग्गहणाइ एसु पभूअलोआणपवाहकिच्चंति ॥ ३ ॥

इत्थं च सम्यक्त्वाणुव्रतादिप्रतिपत्तिः सर्वापि गुरुसाक्षिकैव फलवती

---

અરિહંત, ચૈત્ય વિગેરેને વંદના કરે, તે પૂર્વે આલાપ કરે, અશન, પાન ખાદ્ય, અને સ્વાદ્ય આપવાને અનુપ્રદાન કરવાને તત્પર થાય, રાજાભિયોગ, ગણાભિયોગ, દેવતાભિયોગ, અને ગુરૂ નિગ્રહ વડે ઉપયોગ રાખે. " યોગ શાસ્ત્રની વૃત્તિમાં પણ એવાજ પ્રકારે વિશિષ્ટ દ્રવ્યાદિકની સામગ્રી છતાં ગુરૂની સમીપ આવી વિધિ વડે સમ્યકત્વ પ્રાપ્ત કરી શ્રાવક યથાર્થ રીતે તેને પાળે છે. એમ લખેલું છે. જેમકે—" શ્રમણોપાસક શ્રાવક મિથ્યાત્વથી પ્રતિક્રમણ કરી દ્રવ્ય અને ભાવથી પ્રથમ સમ્યકત્વને પ્રતિપાદન કરે. તે પરતીર્થિઓને માને નહિ, તેમના દેવતાને વાંદે નહિ, જિન ભગવંતના ચૈત્યને વાંદે, પ્રભાવના, વંદના અને પૂજા પ્રમુખ કરે, લૌકિક તીર્થમાં દાન કરે, અન્ન પાણી આપે, તપ કરે, અને ઘણા લોકના પ્રવાહનું કાર્ય કરે. " એવી રીતે સમ્યકત્વ અણુવ્રત વિગેરેની સર્વ પ્રતિપત્તિ ( સ્વીકાર ) ગુરૂની સાક્ષી એજ ફળવાળી થાય છે. અન્યથા ફળવાળી

नान्यथा ( ४७ ) यतः पंचाशके वधवर्जनविधि प्रस्तावे—

" गुरुमूलेसुअधम्मो संविग्गोइत्तरं वइ अरकां ।
गिण्हइ वयाइं कोइ पालेइ तहा निरइ आरं ॥ "

वृत्तिर्यथा गुरुः सम्यग्ज्ञान क्रिया युक्तः सम्यग्धर्मशास्त्रार्थ देशकः । यदाह—

" धर्मज्ञो धर्म कर्त्ता च सदा धर्म परायणः ।
सत्वेभ्यो धर्मशास्त्रार्थदेशको गुरु रुच्यते " ॥ अथवा

" जो जेण शुद्ध धम्मो निजो जिओ संजएण गिहिणा वा ।
सो चेव तस्स भणइ धम्मगुरू धम्म दाणाओ ॥ १ ॥ "

तस्य गुरोराचार्यस्य मूलमंतिकं गुरुमूलं तत्र गुरुमूले अनेनान्यत्र धर्मश्रवणप्रतिषेधोदर्शितो विपर्यस्तबोधसंभवात् ( ४८ )

श्रुतधर्म आकार्णिताणुव्रतादि प्रतिपादनपराप्त वचनः अनेन चा श्रु-

---

થતી નથી. [ ૪૭ ] તે વિષે પંચાશક ગ્રંથમાં હિંસા વર્જનના વિધિના પ્રસંગે કહેલું છે— " **गुरुमूले** " એ ગાથા. તેની ટીકા આ પ્રમાણે છે. સમ્યગ્ જ્ઞાન ક્રિયાએ યુકત એવા સમ્યગ્ ધર્મ શાસ્ત્રના અર્થનો ઉપદેશ કરનારા, તે ગુરૂ કહેવાય છે. કહ્યું છે કે, " ધ-ર્મને જાણનાર, ધર્મને કરનાર, સદા ધર્મમાં પરાયણ, અને પ્રાણીઓને ધર્મ શાસ્ત્રના અર્થનો ઉપદેશ કરનાર તે ગુરૂ કહેવાય છે. " અથવા— " સંયમી કે, ગૃહસ્થનો જે પોત પોતાનો શુદ્ધ ધર્મ કહેલો હોય, તેજ ધર્મ તેને કહે, તે ધર્મના દાનથી **ધર્મગુરૂ** કહેવાય છે, તેવા ગુરૂ એટલે આચાર્યનું મૂલ—સમીપ, તે ગુરૂમૂલ કહેવાય, તે ગુરૂમૂલમાં આ કહેવાથી બીજાની પાસે ધર્મ શ્રવણ કરવાનો નિષેધ બતાવ્યો. કારણકે, ત્યાં વિપરીત બોધ થવાનો સંભવ છે. ( ૪૮ ) તેવા ગુરૂમૂલમાં શ્રુત ધર્મ એટલે અણુવ્રત વિગેરેને પ્રતિપાદન કરવામાં તત્પર એવા આપ્ત પુરૂષનાં વચનને જેણે સાંભળેલાં છે એવો. આ કહેવાથી એમ દર્શાવ્યું

तागमस्य ज्ञानाभावे न व्रतप्रतिपत्तिर्न सम्यगिति तत्प्रतिषेधो दर्शितो यदाह—“ जस्स नो इमं उवगयं भवइ इमी जीवा इमे थावरा तस्स नो सुपच्चरकायं भवइ से दुपच्चखायं भवइ सेदुपच्चरकाई मो संभासइ नो सच्चं भासइत्ति ” तथा स्वयमुत्प्रेक्षित शास्त्रस्यापि प्रतिषेध उक्तः स्वयमुत्प्रेक्षणे हि सम्यग् शास्त्रानवगमेन सम्यग् प्रवृत्त्यभावात् ( ४९ ) यदाह— “ नहि भवति निर्विगोपक मनुपासित गुरुकुलस्य विज्ञातम् । प्रकटित पश्चाद्भागं पश्यति नृत्यं मयूराणाम् ॥ ” तथा श्रुतधर्मत्वा देव संविग्नः मोक्षाभिलाषी सन् संसारभीतो वा अन्यथा विधस्य हि व्रतप्रतिपत्तिर्न मोक्षाय स्यात् इत्वर मल्पकालं इतरंवा बहुकालं यावज्जीवमित्यर्थः इति पूर्वगाथा सूचितो वधवर्ज्जन विधिरित्यलं प्रसंगेन । ( ५० ) प्रकृतं प्रस्तुमः । तच्च सम्यक्त्वं शुभात्मपरिणामरूपं अस्मदीयानाम प्रत्यक्षं केवलं

---

કે, નહીં સાભળેલાં આગમના જ્ઞાનવિના વ્રતનું ગ્રહણ સારી રીતે થતું નથી, એમ નિષેધ દર્શાવ્યો. કહ્યું છે કે, “ આ જીવ છે, અને સ્થાવર [ જડ ] છે, એવું જેને જ્ઞાન નથી, તેને ઉત્તમ રીતે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય કાંઇ નથી. જ્યારે દુષ્પ્રત્યાખ્યાન થાય ત્યારે તેને કાંઇ સત્ય ભાસતું નથી. ” તેમ વળી તેથી પોતે તર્કથી ઉભા કરેલા શાસ્ત્રનો પણ નિષેધ કહેલો છે. કારણકે, પોતે તર્કથી શાસ્ત્ર કરેલા હોય તો સમ્યક્ શાસ્ત્રનું જ્ઞાન ન થવાથી સમ્યગ્ પ્રકારે પ્રવૃત્તિનો અભાવ છે. ( ૪૯ )

કહ્યું છે કે, “ જેણે ગુરૂકુલની ઉપાસના કરી નથી, તેનું વિજ્ઞાન ગોપાવનારૂં હોતું નથી. તે પશ્ચાદ્ભાગને પ્રગટ કરનારૂં મયૂરનું નૃત્ય જુવે છે. ” તેવી રીતે ધર્મને સાંભળનાર હોય એટલે તે સંવેગી એટલે મોક્ષની અભિલાષાવાળો થાય છે, અથવા સંસારથી ભય પામેલો હોય છે. તેથી અન્યથા રીતે હોય તો તેના વ્રતનું ગ્રહણ મોક્ષને માટે થતું નથી. તેવો સંવેગી ઇત્વર એટલે અલ્પકાળ અથવા ઇતર એટલે બહુકાલ અર્થાત્ યાવજ્જીવ સુધી રહે છે. એવી રીતે પૂર્વની ગાથાએ સૂચવેલ વધવર્જન [ અહિંસા ] નો વિધિ છે. એ વિષે હવે વધારે કહેવાની જરૂર નથી. [ ૫૦ ] હવે પ્રસ્તુત વાતને આગળ ચલાવીએ. તે સમ્યકત્વ કે જે આત્માના શુભ પરિણામ રૂપ છે, તે સમ્યકત્વ અ-

लिंगैर्लक्ष्यते अतआह सम्यक्त्कं कीदृशं भवति पंचेति पंचभिः शमसंवेग निर्वेदानुकंपास्तिक्यरूपैर्लक्षणैः लिंगैर्लक्षितं उपलक्षितं भवति एभिर्लक्षणैः परस्थं परोक्षमपि सम्यक्त्कं लक्ष्यते इति भावः तत्र शमः प्रशमः अनंतानुबंधिनां कषायाणा मनुदयः स च प्रकृत्या कषायपरिणतेः कटुफलात्र लोकनाद्वा भवति । यदाह—" पयई ए कम्माणं नाऊणं वा विवागमसुहंति । अवरद्धेवि नकुप्पइ उवसम ओ सव्वकालं पित्ति " अन्ये तु क्रोधकंडू विषय तृष्णो पशमः शम इत्याहुः अधिगत सम्यग्दर्शनो हि साधूपासनावान् कथं क्रोधकंड्वा विषय तृष्णया च तरली क्रियेत ननु क्रोधकंडूविषयतृष्णोपशमश्चेच्छमस्तर्हि श्रेणिक कृष्णादीनां सापराधे निरपराधेऽपि परे क्रोधवतां विषयतृष्णा तरलितमनसां च कथं शमः तद्भावे च कथं सम्यक्त्कसंभव इति चेन्मैवं ( ५१ ) लिंगिनि सम्यक्त्के सति

---

મારા જનને પ્રત્યક્ષ નથી. કેવળ લિંગ [ ચિન્હ ] થી જણાય છે. એથીજ કહે છે કે, સમ્યક્ત્વ કેવું હોય ? શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય એ પાંચ લિંગથી લક્ષિત–ઓળખાય તેવું થાય છે. ભાવાર્થ એવો છે કે, એ શમાદિ પાંચ લક્ષણોથી **પરસ્થ** અને પરોક્ષ એવું પણ સમ્યક્ત્વ લક્ષ્ય થાય છે. **શમ** એટલે પ્રશમ અર્થાત્ અનંતાનુબંધી કષાયનો ઉદય ન થાય તે. તે શમ પ્રકૃતિ વડે કષાય પરિણામના કટુ ફલને જોવાથી થાય છે. કહ્યું છે કે, " કર્મને પ્રકૃતિવડે જાણી આગમના જ્ઞાને બીજાની ઉપર કોપ કરે નહી, તે સર્વ કાલ ઉપશમવાન્ છે. "

કેટલાએક ક્રોધની ખુજલી અને વિષયની તૃષ્ણાનો ઉપશમ તે શમ કહેવાય એમ કહે છે. કારણ સમ્યગ્ દર્શન જેણે પ્રાપ્ત કરેલું છે, એવો સાધુની ઉપાસનાવાળો પુરૂષ ક્રોધની કંડુ ( ખુજલી ) થી અને વિષયની તૃષ્ણાથી કેમ ચપલ થાય ? અહિં શંકા કરે છે કે, ક્રોધની ખુજલી અને વિષયની તૃષ્ણાનો ઉપશમ તે જો શમ કહેવાય, તો શ્રેણિક અને કૃષ્ણ પ્રમુખ કે જેઓ બીજા અપરાધી અને નિરપરાધીમાં પણ ક્રોધ કરનારા અને વિષય તૃષ્ણાથી ચપળ મનવાળા હતા, તેમને શી રીતે શમ થયેલો હશે ? જો શમ ન

लिंगै रवश्यं भाव्यमिति नायं नियमः दृश्यते हि धूमरहितोऽप्ययस्कार गृहेषु वह्निः भस्मच्छन्नस्य वा वह्नेर्न धूमलेशोऽपीति अयं तु नियमः सुपरीक्षितो लिंगे सति लिंगी भवत्येव । यदाह—" लिंगे लिंगी भवत्येव लिंगिन्येवेतरत्पुनः । नियमस्य विपर्यासे संबंधो लिंगलिंगिनो रिति ॥ " संज्वलन कषायोदया द्वा कृष्णादीनां क्रोधकंडू विषयतृष्णे संज्वलना अपि केचन कषायास्तीं व्रतया नंतानुबंधिसदृश विपाका इति सर्वमवदातं १ संवेगो मोक्षाभिलाषः सम्यग्दृष्टिर्हि नरेंद्र सुरेंद्राणां विषयसुखानि दुःखानुषंगा दुःखतया मन्यमानो मोक्षसुखमेव सुखत्वेन मन्यतेऽभिलषति च । यदाह—" नरविबुहे सरसुरकं दुरकं चिअभावओ अमन्नंतो । संवेगओ न मोरकं मोत्तूण किं चि पच्छेइत्ति ॥ " २ निर्वेदो भव वैराग्यं स-

---

થયો હોય, તો સમ્યકત્વ થવાનો સંભવ કયાંથી ? એવી શંકા કરો નહીં. [ ૫૧ ] કારણ કે લિંગી [ લિંગવાળું ] એવું સમ્યકત્વ થાય, ત્યાં તેના પાંચે લિંગ અવશ્ય થવા જોઇએ, એવો કાંઇ નિયમ નથી. જેમકે લોહકાર [ લુવાર ] ને ઘેર ધુમાડા વિનાનો પણ અગ્નિ જણાય છે, અને ભસ્મ ( રક્ષા ) માં ઢારેલા અગ્નિને પણ ધુમાડાનો લેશ હોતો નથી. આવો નિયમ તો સારી રીતે પરીક્ષામાં આવેલો છે કે, લિંગ હોય, ત્યાં લિંગી હોયજ. કહ્યું છે કે, " લિંગ હોય, ત્યાં લિંગી હોયજ, અને લિંગી હોય, ત્યાં લિંગ હોયજ. એ નિયમના વિપર્યાસ ( ઉલટા પાલટા ) માં લિંગ અને લિંગીનો સંબંધ છે." અથવા કૃષ્ણ વિગેરેને સંજ્વલન કષાયના ઉદયથી ક્રોધની કંડુ [ ખુજલી ] અને વિષય તૃષ્ણા થયા હતા. કેટલાએક સંજ્વલન કષાય પણ તીવ્રપણાને લીધે અનંતાનુબંધી જેવા વિપાક ( પરિણામ ) વાળા હોય છે. એવી રીતે સર્વ ખુલ્લે ખુલ્લુંજ છે.

બીજું સંવેગ નામે સમ્યકત્વનું લિંગ છે. સંવેગ એટલે મોક્ષની અભિલાષા, સમ્યગ્ દૃષ્ટિ પુરૂષ મનુષ્ય તથા દેવતાના ઇંદ્રોના વિષય સુખને દુઃખના અનુષંગથી દુઃખરૂપે માનતો એવો થકો મોક્ષ સુખનેજ સુખરૂપે માને છે, અને તેની અભિલાષા કરે છે. કહ્યું છે કે, " મનુષ્ય તથા દેવતાના ઇંદ્રોના સુખને દુઃખાનુષંગથી દુઃખરૂપે માનતો એવો સંવેગી પુરૂષ મોક્ષ વિના બીજે કયાંઇ પણ સુખ જોતો નથી. ત્રીજું સમ્યકત્વનું લિંગ

म्यग्दर्शनी हि दुःखदौर्गत्य गहने भवकारागारे कर्मदंड पासिकैस्तथा कदर्थ्यमानः प्रतिकर्तुमक्षमो ममत्वरहितश्च दुःखेन निर्विण्णो भवति । ( ५२ )

यदाह— " नारयतिरिअनरामर भवेसु निव्वे अओ वसइ दुरकं अकयपरलोगमग्गो म मत्त विसवेगरहिओ अ " ॥ अन्येतु संवेगनिर्वेदयोरर्थविपर्यासमाहुः—संवेगो भवविरागः निर्वेदो मोक्षाभिलाष इति ३ अनुकंपा दुःखितेष्वपक्षपातेन दुःखप्रहाणेच्छापक्षपातेन तु करुणा पुत्रादौ व्याघ्रादीनामप्यस्त्येव । साचानुकंपा द्रव्यतो भावतश्चेति द्विधा द्रव्यतः सत्यां शक्तौ दुःखप्रतीकारेण भावतश्चार्द्रहृदयत्वेन । यदाह—" दध्धूण पाणिनिवहं भीमे भवसागरंमि दुरकत्तं । अविसेस उणुकंपं दुहावि साम-

---

નિર્વેદ છે. નિર્વેદ એટલે સંસાર ઉપર વૈરાગ્ય સમ્યગ્ દર્શની પુરૂષ દુઃખ તથા દુર્ગતિથી ગહન એવા સંસારરૂપ કારાગારમાં કર્મરૂપ દંડ ધારીઓએ એવો હેરાન કરેલો કે, જે તેનો પ્રતીકાર ( ઉપાય ) કરવાને અસમર્થ અને મમત્વથી રહિત થઇ દુઃખવડે નિર્વેદ પામે છે. " ( ૫૨ )

કહ્યું છે કે, " નારકી, તિર્યંચ, મનુષ્ય તથા દેવતાના ભવમાં વસી, નિર્વેદ-કંટાળો પામી પરલોકનો માર્ગ ન સુઝવાથી મમત્વરૂપ વિષના વેગથી રહિત થઇ નિર્વેદ પામે છે." કેટલાએક સંવેગ અને નિર્વેદના અર્થનો વિપર્યાસ ( ઉલટાપણું ) કરે છે. જેમકે સંવેગ એટલે સંસાર ઉપર વિરાગ અને નિર્વેદ એટલે મોક્ષનો અભિલાષ.

ચોથું સમ્યકત્વનું લિંગ અનુકંપા છે. દુઃખી ઉપર પક્ષપાત વગર તેના દુઃખને નાશ કરવાની ઇચ્છા તે અનુકંપા કહેવાય છે. પક્ષપાતથી અનુકંપા તો વ્યાઘ્ર વિગેરેને પણ પોતાનાં બચ્ચાં પ્રમુખમાં હોય છે. તે અનુકંપા દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકારની છે. શકિત છતાં દુઃખનો ઉપાય કરવો, તે દ્રવ્યથી અનુકંપા અને આર્દ્ર હૃદયથી તે ભાવથી અનુકંપા. જેને માટે કહ્યું છે કે, " આ ભયંકર ભવસાગરમાં દુઃખી એવા પ્રાણીઓના સમુહને જોઇ અવિશેષ ( અપક્ષપાત ) પણે અનુકંપા કરે છે. તે દ્રવ્ય તથા ભાવથી બે પ્રકારે છે. "

स्थओ कुणइ " त्ति ४ अस्तीति मति रस्येत्यास्तिकः तस्य भावः धर्मो वा आस्तिक्यं तत्त्वांतरश्रवणेऽपि जिनोक्ततत्त्वविषये निराकांक्षा प्रतिपत्तिः तद्वान् हि आस्तिक इत्युच्यते । ( ५३ ) यदाह—" मण्णइ तमेव सच्चं नीसंकं जं जिणेहिं पण्णत्तं । सुहपरिणामो सम्मं कंखाइ विसुत्ति आ रहिओत्ति ५ यत्राप्यस्य मोहवशात्कचन संशयो भवति तत्राप्यप्रतिहतेयमर्गला श्रीजिनभद्रगणि क्षमाश्रमणोदिता—

" कच्छयमइ दुव्वलेणं तव्विह आयरिअ विरह उवा ।
विनेअगहणत्ततणे णयनाणावरणोद एणं च ॥ १ ॥
हेउदाहरणासंभवेअसइसुट्ठु जं न बुज्जेज्झा ।
सव्वणुमयमवितहं तदा वितं चितं ए मइमं ॥ २ ॥
अणुवकयपराणुग्गह परायणा जं जिणा जगप्पवरा ।
जिअरागदोसमोहा यतन्नहावा इणो तेणं ॥ ३ ॥

---

પાંચમું સમ્યકત્વનું લિંગ આસ્તિકય છે. અસ્તિ ( ધર્મ છે ) એવી મતિ જેને હોય, તે આસ્તિક કહેવાય તેનો ભાવ અથવા ધર્મ તે આસ્તિકય નામે સમ્યકત્વનું લિંગ છે. બીજાં તત્વ સાંભળતાં પણ શ્રી જિનોકત તત્વ ઉપર આકાંક્ષા રહિત પ્રતિપત્તિ તે આસ્તિકય. તેવા આસ્તિકયવાળો આસ્તિક કહેવાય છે. [ ૫૩ ] કહ્યું છે કે, " આકાંક્ષાદિકથી રહિત એવો અને શુભ પરિણામવાળો પુરૂષ શ્રી જિન ભગવંતે પ્રરૂપેલા તત્વને નિઃશંકપણે સત્ય માને છે. "

અહિં મોહનાવશથી કોઇ સ્થળે કદિ સંશય થાય છે, તો તે ઉપર શ્રી જિનભદ્રગણિ ક્ષમા શ્રમણે અપ્રતિહત ( હણાય નહી તેવી ) અર્ગલા ( ભુગલ ) આ પ્રમાણે કહેલી છે—" મતિની દુર્બલતાને લીધે અતિ ગહન વિષયમાં દર્શનાવરણીયના ઉદયવડે તેમજ હેતુ તથા ઉદાહરણના અસંભવે કદિ શિષ્ય સારી રીતે ન સમજે તો તે સર્વાનુમતે તેની સત્યતા માટે આ પ્રમાણે ચિંતવે,—પરનો અનુગ્રહ કરવામાં પરાયણ, જગતમાં શ્રેષ્ટ, રાગ, દ્વેષ, તથા મોહને જીતનારા એવા શ્રી જિન ભગવંત અવિતથ—સત્ય કહેનારા છે. "

यथा वा सूत्रोक्तस्यैकस्याप्यरोचनादक्षरस्य भवति नरः मिथ्यादृष्टिः सूत्रं हि नः प्रमाणं जिनाभिहितमिति । अन्ये तु शमादिलिंगान्यन्यथा व्याचक्षते–सुपरीक्षितप्रवक्तृ प्रवाद्य प्रवचन तत्त्वाभिनिवेशान्मिथ्याभिनिवेशोपशमः शमः स सम्यग्दर्शनस्य लक्षणं यो ह्य तत्वं विहायात्मना तत्त्वप्रतिपन्नः स लक्ष्यते सम्यग्दर्शनवानिति ( ५४ )

संवेगो भयं जिन प्रवचनानुसरिणो नरकेषु शितोष्णादि सहनं संक्लिष्टासुरादिनिर्मित्तं परस्परोदीरितं च तिर्यक्षु भारारोपणाद्यनेकविधं मनुजेषु दारिद्र्यदौर्भाग्यादि देवेष्वपीर्ष्या विषादपरप्रेष्यत्वादि च दुःखमवलोकयतस्तद्भीरुतया तत्प्रशमोपायभूतं धर्ममनुष्ठाता लक्ष्यते विद्यतेऽस्य सम्यग्दर्शनमिति । निर्वेदो विषयेष्वनभिषंगः यथा इहलोक एव प्राणिनां दुरतंकामभोगाभिषंगोऽनेकोपद्रवफलः परलोकेऽप्यति कटुकनरक तिर्यग्मनु-

---

જેમકે, સૂત્રમાં કહેલ એક પણ અક્ષર ન રૂચવાથી માણસ મિથ્યા દ્રષ્ટિ થાય છે, તેથી જિન ભગવંતે કહેલ સૂત્ર અમારે પ્રમાણભૂત છે.

કેટલાએક તે સમ્યકત્વના **શમ** વિગેરે લિંગોની જુદી રીતે વ્યાખ્યા કરે છે. જેમ કે, પરીક્ષા કરેલ પ્રવક્તાના પ્રવાદ કરવા યોગ્ય પ્રવચનના તત્વ ઉપર આગ્રહ હોવાથી મિથ્યાત્વના આગ્રહનો ઉપશમ તે **શમ** કહેવાય છે. તે શમ સમ્યગ્દર્શનનું લક્ષણ છે; જે અતત્વને છોડી પોતે તત્વને પ્રાપ્ત થયેલ હોય, તે સમ્યદ્દર્શનવાળો જણાય છે. ( ૫૪ )

સંવેગ એટલે ભય. જિન પ્રવચનને અનુસરનાર પ્રાણી નરકની અંદર આધાકર્મી અસુરાદિકે નિર્માણ કરેલ શીત તથા ઉષ્ણાદિ સહન કરવાનું, તિર્યંચમાં ભાર ઉપાડવા વિગેરે અનેક જાતનું મનુષ્યોમાં દારિદ્ર, દૌર્ભાગ્ય વિગેરેનું દેવતાઓમાં પણ ઇર્ષ્યા, ખેદ અને બીજાની ચાકરી કરવી, ઇત્યાદિ દુઃખ જોતાં તે ભયથી ભય પામી, તેને શમાવવાના ઉપાયરૂપ ધર્મને આચરતો જોવામાં આવે છે, એ પ્રાણીને સમ્યગ્ દર્શન હોય છે.

નિર્વેદ એટલે વિષયોની અંદર અનાસકિત. જેમકે, આલોકમાં પ્રાણીઓને દુષ્ટ

ष्यजन्मफलप्रदः अतो न किंचिदनेनोज्झितव्य एवायमिति एवंविधनिर्वेदनापि लक्ष्यतेऽस्त्यस्य सम्यग्दर्शनमिति । अनुकंपा कृपा यथा सर्वएव सत्त्वाः सुखार्थिनो दुःखप्रहाणार्थिनश्च ततो नैषामल्पापि पीडा मया कार्येत्यनथापि लक्ष्यतेऽस्त्यस्य सम्यक्त्वमिति । संति खलु जिनेंद्रोपदिष्टा अतींद्रिया जीव परलोकादयो भावा इति परिणाम आस्तिक्यं अनेनापि लक्ष्यते सम्यग्दर्शनयुक्तोऽयमिति । ( ५५ )

अत्र च पंचलक्षणप्रदर्शनेन तत्सह चरिताः सप्तषष्टिरपि भेदाः सूचिताः सम्यक्त्वं च तैर्विशुद्धं स्याद्यदाहुः—" चउसद्दहण ४ तिलिंग ३ दश विणय १० तिशुद्धि ३ पंच गयदोसं ५ । अट्ठ पभावण ८ भूसण ५ लक्खण ५ पंचविह संजुत्तं १ छव्विह जयणा ६ गारं छज्झावणभावि अं च ६ छट्ठाणं ६ । असत्तसट्ठी दंसण भेअ विशुद्धं तु

પરિણામવાળા કામભોગની આસક્તિ અનેક ઉપદ્રવરૂપ ફલને આપનારી છે, એથી એ કાંઇ પણ છોડવા યોગ્ય નથી. એવો નિર્વેદ પણ જેનામાં જણાય, તેનામાં સમ્યગ્ દર્શન છે, એમ જાણી લેવું.

**અનુકંપા**—એટલે કૃપા. જેમકે, સર્વ પ્રાણીઓ સુખના અર્થી અને દુઃખનો નાશ કરવાની ઇચ્છાવાળા છે, તેથી એ પ્રાણીઓને મારે અલ્પ પણ પીડા ન કરવી જોઇએ. આવી અનુકંપાથી જણાય કે, એનામાં સમ્યકત્વ છે.

**આસ્તિક્ય**—એટલે જિનેંદ્રે ઉપદેશ કરેલા જીવ તથા પરલોક વિગેરે પદાર્થ એવાં પરિણામ, એવા આસ્તિક્ય વડે ' આ જીવ સમ્યગ્ દર્શન વાળો છે, ' એમ જણાય છે. [ ૫૫ ]

અહિં ઉપર કહેલાં પાંચ લક્ષણોની સાથે બીજા સડસઠ ભેદ સૂચવેલા છે, તે ભેદથી સમ્યકત્વ શુદ્ધ થાય છે. તે અડસઠ ભેદ આ પ્રમાણે— " ૪ ચાર શ્રદ્ધાન, ૩ ત્રણ લિંગ, ૧૦ દશ વિનય, ૩ ત્રણ શુદ્ધિ, ૫ પાંચ દોષ, ૮ આઠ પ્રભાવના, ૫ પાંચ ભૂષણ,

सम्मत्तं २ चउसद्दहणत्ति—परमत्थसंथवो खलु १ सुमुणि अ परमत्थ जइ जणनिसेवा २ वावन्न ३ कुदिट्ठीण यवज्जणाय ४ सम्मत्त सद्दहण्णा ॥ ३ ॥ तिलिंगत्ति—सुस्सू स १ धम्मराओ २ गुरुदेवाणां जहा समाही ए । वेयावच्चे नियमो ३ सम्मदिट्ठि स्स लिंगाइं ॥ ४ ॥ दसाविणयंति—अरिहंत १ सिद्ध २ चेइअ ३ सुएअ ४ धम्मेअ ५ साहुवग्गेअ ६ । आयरिअ ७ उवज्झाए ८ पवयणे ९ दंसणे १० विणओ ॥ ५ ॥ भत्ती पू आ वन्नजणणं नासण मवन्न वायस्स । आसायणपरिहारो दंसण विणओ समासेणं (५६) ॥ ६ ॥ तिशुद्धत्ति—मुत्तूण जिणं मुत्तूण जिणमयं जिणमयट्ठीएमुत्तुं । संसारकत्तवारं चिंतिज्जं तं जगं सेसं ॥ ७ ॥ पंचगयदोसंति—संकाकंख विगिच्छा ३ पसंस तह संथवो ५ कुलिंगीसु । सम्मत्त स्स अइयारा परिहरि अव्वा पयत्तेणं ॥ ८ ॥

---

૫ પાંચ લક્ષણ, ૬ ૭ યતના, ૬ ૭ આગાર, ૬ ૭ ભાવના, અને ૭ સ્થાન, એ અડસઠ ભેદથી શુદ્ધ એવું સમ્યકત્વ થાય છે.

ચાર જાતની શ્રદ્ધા—૧ પરમાર્થનો સંસ્તવ, ૨ પરમાર્થ જાણનારા યતિ જનની સેવા, ૩ નિહ્નવનો ત્યાગ, અને કુદર્શનનો ત્યાગ એ ચાર સમ્યકત્વની શ્રદ્ધા કહેવાય છે.

૧ શુશ્રુષા, ૨ ધર્મરાગ, ૩ અને ગુરૂદેવની વૈયાવચ્ચ કરવામાં નિયમ—એ ત્રણ સમ્યકત્વનાં લિંગ છે.

દશ પ્રકારનો વિનય—૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ ચૈત્ય, ૪ શ્રુત, ૫ ધર્મ, ૬ સાધુ વર્ગ, ૭ આચાર્ય, ૮ ઉપાધ્યાય, ૯ પ્રવચન, અને દર્શન ઉપર વિનય એ સમ્યકત્વના દશ વિનય છે. તેમાં ભક્તિ, પૂજા, પ્રશંસા, અવર્ણવાદનો ત્યાગ, અને આશાતનાનો પરિહાર—એ દર્શનનો વિનય સંક્ષેપથી કહેલો છે. ( ૫૬ )

ત્રણ પ્રકારની શુદ્ધિ—જિનને, જિન મતને, અને જિન મતમાં રહેલા સાધુ પ્રમુખને મુકી, બાકીનું આ જગત સંસારરૂપ ઉકરડાળું છે, એમ ચિંતવવું.

પાંચ દોષ કુલિંગીને વિષે ૧ શંકા, ૨ આકાંક્ષા, ૩ વિગિંછા, ૪ પ્રશંસા અને

अट्ठप्पभावणत्ति—पावयणी १ धम्मकही २ वाई ३ नेमित्तिओ ४ तवस्सीअ । विज्जा ६ सिद्धोअ ७ कई ८ अट्ठेव पभा पभावणा भणिआ ॥ ९ ॥ भूसणत्ति—जिणसासणे कुसलया १ पभावणा २ तित्थसेवणा ३ थिरया ४ भत्ती अ ५ गुणा सम्मत्त दीवयाओत्तमा पंच ॥ १० ॥ लक्खण पंचविह संजुत्तत्ति—लक्षणा न्युक्तान्येव अत्र-गाथापि—" संवेगो चिअउवसम नि व्वे उतह यहोइ अणुकंपा । अत्थिक्कंचि अ एए सम्मत्ते लक्खणा पंच ॥ ११ ॥ छव्विह नयणत्ति—नो अन्नत्तित्थि ए अन्नातित्थि देवे य तहय देवाइं गहि ए कुतित्थि एहिं वंदामि १ नवानमंसामि २ ॥ १२ ॥ नेव अणालत्तो आ लवेमि ३ नो संलवेमि ४ तह तेसिं । देमि न असणाई अं ५ पासेमि न गंध पुप्फाइ ६ ॥ १३ ॥ ( ५७ )

---

સંસ્તવ કરવા એ સમ્યકત્વના પાંચ દોષ ૩૩ અતિચાર છે, તે પ્રયત્નથી છોડી દેવા.

આઠ પ્રકારની પ્રભાવના— ૧ પ્રવચન કથા, ૨ ધર્મ કથા, ૩ વાદી પ્રતિવાદીની કથા, ૪ નિમિત્તિઆની કથા, ૫ તપસ્વી સંબંધી કથા, ૬ વિદ્યા, ૭ સિદ્ધિ, અને ૮ કવિતા સંબંધી—એ આઠ પ્રકારની સમ્યકત્વની પ્રભાવના છે.

પાંચ પ્રકારનાં ભૂષણ—૧ જિન શાસનમાં કુશળતા, ૨ પ્રભાવના, તીર્થ સેવના, સ્થિરતા, અને ભકિત—એ સમ્યકત્વના દીપક અને ઉત્તમ એવાં ભૂષણ છે.

પાંચ પ્રકારનાં લક્ષણ—આગળ કહેવામાં આવ્યાં છે, તેની ગાથા અહીં આપેલી છે.—૧ સંવેગ, ૨ ઉપશમ, ૩ અનુકંપા, ૪ આસ્તિક્ય, અને ૫ નિર્વેદ.

૭ પ્રકારની યતના—અન્ય તીર્થને, અન્ય તીર્થના દેવતાને, અને કુતિર્થીઓએ ગ્રહણ કરેલ અર્હંત પ્રતિમાને હું વાંદીશ નહિ, તેમ ૨ નમીશ નહિ, ૩ અન્ય તીર્થી સાથે બોલાવ્યા વગર બોલીશ નહિ, ૪ તેમની સાથે ભાષણ કરીશ નહિ, ૫ તેમને અનુકંપા સિવાય અનશનપાન આપીશ નહિ, ૬ તેમના ગંધ પુષ્પાદિકને જોઇશ નહિ. એ ૭ સમ્યકત્વની યતના છે. ( ૫૭ )

छ आगारंति—रायाभिओगोअ १ गणाभिओगो २ बलाभिओ-गो ३ असुराभिओगो ४ कंतारवित्ती ५ गुरुनिग्गहोअ ६ छ छिंडिआउ जिणसासणंमि ॥ १४ ॥ छज्झावणभाविअंति—मूलं दारं पइट्ठाणं आहारो भायणं निही । दुच्छक्कस्सावि धम्मस्स संमत्तं परिकित्तिअं ॥ १५ ॥ छ ठाणंति—अत्थिअ १ णिच्चो २ कुणई ३ कयं च वेएइ ४ अत्थिणि व्वाणं ५ । अत्थिअ मुक्खो वाओ ६ छ सम्मत्तस्स ठाणाइं ॥ १६ ॥

अथैतासां विषमपदार्थो यथा—परमार्था जीवादयस्तेषां संस्तवः परिचयः १ सुमतितपरमार्था यतिजना आचार्यादयस्तेषां सेवनं २ व्यापन्नदर्शना निन्हवादयः ३ कुदर्शनाः शाक्यादयस्तेषां वर्जनं त्यागः । सम्मत्तसद्दहणा इति सम्यक्त्वं श्रद्धीयतेऽस्तीति प्रतिपद्यतेऽनेति सम्यक्

---

૭ આગાર—૧ રાજાભિયોગ, ૨ ગણાભિયોગ, ૩ બલાભિયોગ, ૪ અસુરાભિયોગ, ૫ કાંતાર-વનનો નિર્વાહ, અને ગુરૂ-વડિલ જનનો નિગ્રહ ( નિષેધ ) એ ૭ સમ્યકત્વના આગાર અથવા છીંડી કહેવાય છે.

૭ પ્રકારની ભાવના છે—૧ મૂલ, ૨ દ્વાર, ૩ પ્રતિષ્ટાન, ( પીઠ ) ૪ આધાર, ૫ ભાજન, [ પાત્ર ] અને ૬ નિધિ—એ છ ભાવના વડે દુઃશકય એવા ધર્મનું સમ્યક્ત્વ કહેલું છે.

૭ પ્રકારના સ્થાન—૧ અસ્તિ ( જીવ છે ) ૨ નિત્ય છે, ૩ કરે છે, [ કર્માદિ કરે છે ] ૪ કરેલું વેદે છે, ૫ મોક્ષ છે, અને ૬ મોક્ષનો ઉપાય છે,—એ સમ્યકત્વના ૭ સ્થાન છે.

એ ગાથાઓના કઠિન પદનો અર્થ કહે છે—૧ પરમાર્થ એટલે જીવાદિ, તેમનો પરિચય, ૨ પરમાર્થને જાણનારા યતિજન એટલે આચાર્ય પ્રમુખ તેમની સેવા, અને દર્શનને નાશ કરનારા નિહ્નવાદિ તથા કુદર્શની એટલે બૌદ્ધ વિગેરે તેમનો ત્યાગ કરવો.

श्रद्धानं न चांगार मर्दकादेरपि परमार्थसंस्तवादिसंभवाद् व्यभिचारिता शंक्या तात्विकानामेतेषां इहाधिकृतत्वात् ( ५८ ) तस्य च तथाविधाना- मेषामसंभवादिति इह प्राकृतत्वाल्लिंगमतंत्रमिति स्त्रीत्वं १ मूलद्वारगाथायां च चतुःश्रद्धानादि शब्दानां चतुर्विधं श्रद्धानं चतुःश्रद्धानं त्रिविधं लिंगं त्रिलिंगं दशविधो विनयो दशविनयः त्रिविधा शुद्धिः त्रिशुद्धिरित्यादि व्युत्पत्तिर्ज्ञेया । त्रिलिंगे श्रोतुमिच्छा शुश्रूषा सद्बोधावंध्यनिबंधन धर्मशास्त्र श्रवणवांछेत्यर्थः सा च वैदग्ध्यादिगुणवत्तरुण नरकिंनमान श्रवणरागाद- प्यधिकतमा सम्यक्त्वे सति भवति । यदाह—

" यूनो वैदग्ध्यवतः कांतायुक्तस्य कामिनोऽपि दृढम् ।
किंनरगेयश्रवणादधिको धर्मश्रुतौ रागः " ॥ इति

तथा धर्मे चारित्रलक्षणो रागः श्रुतधर्मरागस्य तु शुश्रूषापदेनैवोक्त-

---

શ્રદ્ધા કરે એટલે ' સમ્યકત છે ' એમ જે પ્રતિપાદન કરે તે સમ્યક શ્રદ્ધાન કહેવાય. અહીં અંગાર મર્દકાદિની જેમ પરમાર્થ સંસ્તવ વિગેરેનો સંભવ હોવાથી વ્યભીચાર થવાની શંકા ન કરવી. કારણકે, અહીં એ તાત્વિકનો અધિકાર છે. [ ૫૮ ] અને તેવી રીતના એ તાત્વિકોને તે પરમાર્થ સંસ્તવાદિનો અસંભવ છે. પ્રાકૃત ભાષાને લઇને અહીં લિંગનો નિયમ નથી. માટે તે શબ્દ સ્ત્રી લિંગે મુકેલો છે. મૂલ દ્વાર ગાથામાં જે **ચતુ:શ્રદ્ધાન** વિગેરે શબ્દો છે, તેમની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. ચતુર્વિધ શ્રદ્ધાન તે **ચતુ:શ્રદ્ધાન** ત્રિવિધ લિંગ તે **ત્રિલિંગ** દશવિધ નિયમ તે **દશનિયમ** અને ત્રિવિધા શુદ્ધિ તે ત્રિશુદ્ધિ. ઇત્યાદિ.

ત્રિલિંગ—ત્રણ પ્રકારના લિંગમાં—સાંભળવાની ઇચ્છા તે શુશ્રૂષા એટલે સદ્બોધથી યુકત એવા ધર્મ શાસ્ત્રને સાંભળવાની ઇચ્છા. તે શુશ્રૂષા સમ્યકત્વ થવાથી ચાતુર્યાદિ ગુણવાળા યુવાન પુરૂષને કિન્નરોના રાગને સાંભળવાના રાગથી પણ અધિક છે. કહ્યું છે કે, " ચાતુર્યવાળા અને કાંતા સહિત એવા યુવાન પુરૂષને કિન્નરના ગાયનને સાંભળવાથી પણ અધિક એવો ધર્મ સાંભળવામાં રાગ હોય છે. " તથા ધર્મને વિષે ચારિત્રરૂપ રાગ

त्वात् स च कर्मदोषात्तदकरणेऽपि कांतारात्तीतदुर्गतबुभुक्षाक्षमकुक्षिब्राह्मण-घृतभोजनाभिलाषादप्यतिरिक्तोऽत्र भवति २ तथा गुरवो धर्मोपदेशका देवा अर्हतस्तेषां वैयावृत्त्येतत्प्रतिपत्तिविश्रामणाभ्यर्थनादौऽवश्यं कर्त्तव्यतांगीकारः ( ५९ ) स च सम्यक्त्वे सति भवतीति तानि सम्यग्दृष्टेर्धर्मधर्मिणोरभेदोपचारात् सम्यक्त्वस्य लिंगानि एभिस्त्रिभिर्लिंगैः सम्यक्त्वं समुत्पन्नमस्तीति निश्चीयते इतिभावः। वैयावृत्यनियमस्य च तपोभेदत्वेन चारित्रांशरूपत्वेऽपि सम्यक्त्वसत्त्वे चावश्यंभावित्वेऽपि नाविरत सम्यग्दृष्टिगुणस्थानकाभावप्रयोजकतोक्ताऽन्या एतद्रूपचारित्रस्याल्पतमत्वेना चारित्रतया विवक्षितत्वात् संमूर्च्छनजानां संज्ञामात्रसद्भावेऽपि विशिष्टसंज्ञाभावाद संज्ञित्वव्यपदेशवदिति ( ६० ) उपशांतमोहादिषु तु कृतकृत्यत्वादेषां साक्षादभावेपि फलतया सद्भावान्न तेष्वप्येतेषां व्यभिचारः वैयावृत्त्यनियम

---

તે ધર્મ રાગ. શ્રુત ધર્મ રાગ તો શુશ્રૂષા પદથીજ કહેલો છે. તે રાગ કર્મના દોષ વડે નહિ કરવા છતાં પણ વનને ઉલ્લંઘન કરી ગએલા દરીદ્રી અને ક્ષુધાને પેટમાં ન સહન કરી શકે તેવા બ્રાહ્મણને થતા ઘીના ભોજનના અભિલાષથી પણ અધિક હોય છે. ગુરૂ એટલે ધર્મના ઉપદેશક, અને દેવ એટલે અર્હંત તેમની યથાવચ્ચ એટલે તેમનો સત્કાર વિશ્રાંતી આપવી, તથા પ્રાર્થના કરવી વિગેરેનો અવસ્ય અંગીકાર કરવો. [ ૫૯ ] તે સમ્યકત્વ હોય તો થાય છે. તે ત્રણ લિંગ સમ્યકત્વના એટલે અહીં ધર્મ તથા ધર્મીનો અભેદ લઇ સમ્યગ્ દૃષ્ટિવાળાને થાય છે. એ ત્રણ લિંગ વડે સમ્યકત્વ ઉત્પન્ન થયેલું છે, એવો નિશ્ચય થાય છે.

વૈયાવૃત્ય કરવાનો નિયમ તે તપનો ભેદ છે, તેથી તે ચારિત્રના અંશરૂપ છે. વળી જ્યાં સમ્યકત્વનું સત્વ હોય ત્યાં તેનું અવસ્ય થવાપણું છે, તે છતાં પણ અવિરત સમ્યગ્ દૃષ્ટિ ગુણ સ્થાનના અભાવનું તે પ્રયોજક છે, એમ ન જાણવું. વળી એ રૂપ ચારિત્ર ઘણું અલ્પ હોવાથી અચારિત્રપણે તે કહેવાને ઇચ્છેલ છે. જેમ સમૂર્છિમ જીવને માત્ર સંજ્ઞા હોય તેમ છતાં વિશિષ્ટ સંજ્ઞા ન હોવાથી તેનામાં અસંજ્ઞીપણું લેવાય છે. ( ૬૦ ) અને ઉપશાંત મોહાદિકને વિષે તો કૃતાર્થપણાને લીધે એમનો સાક્ષાત્ અભાવ

श्रोपरिष्टात् श्राद्धविधिपाठेन दर्शयिष्यत इति ततोऽवसेयः । दृशविनये-चैत्यान्यर्हत्प्रतिमाः प्रवचनं जीवादितत्वं दर्शनं सम्यक्त्वं तदभेदोपचारात्त-द्वानपि दर्शनमुच्यते एतेषु दशसु भक्तिरभिमुखागमनासनप्रदानपर्युपास्त्यं-जलि बंधाद्या पूजा सत्काररूपा वर्णः प्रशंसा तज्जननमुद्भासनं अवर्णवा-दस्या श्लाघाया वर्ज्जनं परिहारः ( ६१ )

आशातना प्रतीपवर्त्तनं तस्याः परिहारः एष दशस्थान विषयत्वा दृशविधो दर्शनविनयः सम्यक्त्वे सत्यस्य भावात् सम्यक्त्व विनयः । त्रि-शुध्ध्यां जिनं वीतरागं जिनमतं स्यात्पदलांछितं जिनमतस्थितांश्च साध्वा-दीन् मुक्त्वा शेषमेकांत ग्रस्तं जगदपि संसारमध्ये कृतवारं कचवरप्रायं अ-सार मित्यर्थः इति चिंतया सम्यक्त्वस्य विशोध्यमानत्वा देतास्तिस्त्रः शु-द्धय इति । पंचदोषा अग्रे मूल एव वक्ष्यमाणाः । अष्ट प्रभावनायां

છતાં પણ ફલરૂપે સદ્ભાવ હોવાથી તેઓની અંદર એમનો વ્યભિચાર થતો નથી. વૈયાવૃ-ત્યનો નિયમ આગળ શ્રાદ્ધવિધિના પાઠમાં દર્શાવશે. ત્યાંથી એ જાણી લેવો.

દશ વિનયમાં **ચૈત્ય** એટલે અર્હતની પ્રતિમા, પ્રવચન એટલે જીવાદિ તત્વ, અને દર્શન એટલે સમ્યકત્વ. અભેદ ઉપચારથી તે દર્શન—સમ્યકત્વવાળો માણસ પણ દર્શન કહેવાય છે, એ ચૈત્ય, પ્રવચન અને દર્શન ઉપર દશ વિનયમાં **ભકિત** એટલે સામું જવું, આસન આપવું, ઉપાસના અને અંજલી જોડવા વિગેરે ભકિત કરવી તે. **પૂજા** એટલે સત્કાર. **વર્ણ** એટલે તેમની પ્રશંસા એ ભકિત, પૂજા અને પ્રશંસા કરવી. અવર્ણ વાદ એટલે નિંદાનો ત્યાગ કરવો. [ ૬૧ ] આશાતના એટલે પ્રતીપ—વિપરીતપણે વર્ત્તવું; તેનો ત્યાગ. એ દશ સ્થાનનો વિષય હોવાથી દશ પ્રકારનો દર્શન વિનય કહેવાય છે. એ વિનય સમ્યકત્વ હોય તો થાય છે, તેથી તે **સમ્યકત્વ વિનય** કહેવાય છે.

ત્રિશુદ્ધિ—ત્રણ પ્રકારની શુદ્ધિ. જિન એટલે વિતરાગ. જિન મત એટલે સ્યાદ્વાદ પદથી લાંછિત એવો મત અને જિન મતમાં રહેલા સાધુઓ એ ત્રણને મુકી બાકીનું એ-કાંતે ગ્રસ્ત થયે આ જગત પણ સંસારને વિષે કચરા જેવું અસાર છે. આ પ્રમાણે ચિં-તવી સમ્યકત્વ શોધવામાં આવે, તેથી તે ત્રણ શુદ્ધિ કહેવાય છે.

प्रभवति जैनेंद्रशासनं तस्य प्रभवतः प्रयोजकत्वं प्रभावना सा चाष्टधा प्रभावकभेदेन तत्र प्रवचनं द्वादशांगं गणिपिटकं तदस्यास्तीति प्रावचनी युगप्रधानागमः १ धर्मकथा प्रशस्ताऽस्यास्तीति धर्मकथी शिखादित्वादिन् क्षेपणी १ विक्षेपणी २ संवेगजननी ३ निर्वेदनी ४ लक्षणां चतुर्विधां जनितजनमनः प्रमोदां धर्मकथां कथयति स २ वादि प्रतिवादिसभ्यसभापतिरूपायां चतुरंगायां परिषदि प्रतिपक्षक्षेपपूर्वकं स्वपक्षस्थापनार्थं मवश्यं वदतीति वादी ३ ( ६२ )

निमित्तं त्रैकालिक लाभालाभ प्रतिपादकं शास्त्रं तद्वेत्त्य धीते वा नैमित्तिकः ४ तपो विकृष्टमष्टमाद्यस्यास्तीति तपस्वी ५ विद्याः प्रज्ञप्त्यादयः तद्वान् विद्यावान् ६ सिद्धयोऽजनपादलेपतिलक गुटिका कर्षण वैक्रियत्व

---

પાંચ દોષ તે આગલ મુલમાંજ કહેવામાં આવશે.

આઠ પ્રભાવના જે વડે શ્રી જૈનેંદ્રનું શાસન પ્રભાવવાળું થાય, અને તે પ્રભાવકનું પ્રયોજકપણું તે પ્રભાવના કહેવાય છે. તે પ્રભાવના પ્રભાવક [ પ્રભાવના કરનાર ] ના ભેદથી આઠ પ્રકારની છે. પ્રવચન એટલે દ્વાદશાંગ ગણિપિટક તે જેને હોય, તે **પ્રાવચની** કહેવાય. અર્થાત્ યુગ પ્રધાન આગમ નામે પ્રભાવક કહેવાય છે. શ્રેષ્ટ ધર્મ કથા જેને હોય, તે **ધર્મકથી** કહેવાય. અહીં शिखादित्वात् એ સૂત્રના નિયમથી इन् પ્રત્યય આવ્યો છે. ૧ ક્ષેપણી, ૨ વિક્ષેપણી, ૩ સંવેગ જનની અને ૪ નિર્વેદની એ ચાર જાતની લોકોના મનને હર્ષ ઉત્પન્ન કરનારી ધર્મ કથાને કહેનાર તે **ધર્મકથી** પ્રભાવક કહેવાય છે. ૧ વાદી, ૨ પ્રતિવાદી, ૩ સભ્ય, અને ૪ સભા પતિ એમ ચતુરંગ સભાની અંદર પ્રતિપક્ષને તોડવા પૂર્વક સ્વપક્ષનું સ્થાપન કરવાને અવશ્ય કહે, તે **વાદી** પ્રભાવક કહેવાય છે. ( ૬૨ )

નિમિત્ત એટલે ત્રિકાળ સંબંધી લાભ, તથા અલાભને પ્રતિપાદન કરનારૂં શાસ્ત્ર, તેને જાણે અથવા ભણે, તે **નૈમિત્તિક** નામે પ્રભાવક કહેવાય છે. તપ એટલે અષ્ટમ પ્રમુખ જેને હોય, તે **તપસ્વી** નામે પ્રભાવક કહેવાય છે. વિદ્યા એટલે પ્રજ્ઞપ્તિ વિગેરે

प्रभृतय स्ताभिः सिद्ध्यति स्म सिद्धः ७ कवते गद्यपद्यादिभिः प्रबंधैर्वर्णना मिति कविः गद्यपद्य प्रबंधरचकः ८ एते प्रवचन्यादयोऽष्टौ प्रभवतो भगवच्छासनस्य यथा यथं देशकाला द्यौचित्येन साहाय्य करणात् प्रभावकाः प्रभवंतं । स्वतः प्रकाशक स्वभावमेव प्रेरयंतीति व्युत्पत्तेः तेषां कर्म प्रभावना इत्थं च मूलद्वार गाथायां अष्टौ प्रभावना यत्रेति समासः । भूषण पंचके जिनशासनेऽर्हद्दर्शन विषये कुशलता नैपुण्यं प्रभावना प्रभावनमित्यर्थः सा च प्रागष्टधाऽभिहिता यत्पुनरिहोपादानं तदस्याः स्वपरोपकारित्वेन तीर्थकर नामकर्म निबंधनत्वेन च प्राधान्यख्यापनार्थं ( ६३ ) तथा तीर्थं द्रव्यतो जिन दीक्षा ज्ञान निर्वाण स्थानं । यदाह—" जम्मंदि रकानाणं तित्थयराणं महाणुभावाणं । जत्थयकिर निव्वाणं आ-

---

ते જેને હોય, તે **વિદ્યાવાન** નામે પ્રભાવક કહેવાય છે. સિદ્ધિ એટલે અંજન, પાદલેપ, તિલક, આકર્ષણ, અને વૈક્રિમ વિગેરે સિદ્ધિઓ, તે વડે સિદ્ધ થાય, તે **સિદ્ધ** નામે પ્રભાવક કહેવાય છે. યવન કરે એટલે ગદ્ય, પદ્ય, વિગેરે પ્રબંધ વડે વર્ણન કરે તે. **કવિ** એટલે ગદ્ય પદ્યાત્મક પ્રબંધને રચનાર પુરૂષ નામે પ્રભાવક કહેવાય છે. એ **પ્રવચની** વિગેરે આઠ પ્રભાવવાળા શ્રીભગવંતના શાસનના દેશકાલની યોગ્યતા પ્રમાણે સાહાય કરનાર હોવાથી પ્રભાવક છે. **પ્રભવ** એટલે સ્વતઃ પ્રકાશક એવા સ્વભાવને પ્રેરે તે **પ્રભાવક** એમ વ્યુત્પત્તિ થાય છે. તે પ્રભાવકનું કર્મ તે **પ્રભાવના** કહેવાય. એવી રીતે મૂલદ્વાર ગાથામાં કહેલ છે, ત્યાં આઠ પ્રભાવના જેમાં છે, તે **પ્રભાવના** એમ સમાસ કરવો.

પાંચ ભૂષણમાં ૧ જિન શાસન એટલે અર્હંતના દર્શનમાં કુશળતા. ૨ પ્રભાવના અર્થાત્ પ્રભાવન જે ઉપર આઠ પ્રકારે કહેવામાં આવી, તે પ્રભાવના ઉપર કહેલી છે, તે છતાં અહીં ફરીથી તેનું ગ્રહણ કર્યું, તે એ પ્રભાવના સ્વ અને પરની ઉપકારી છે, તેમજ તીર્થંકર નામ કર્મનું કારણ છે, તેથી અહીં તેનું પ્રાધાન્ય જાણવા માટે પુનઃ ગ્રહણ કરેલ છે. ( ૬૩ ) ૩ તીર્થ દ્રવ્ય અને ભાવથી એમ બે પ્રકારે છે. જિન ભગવંતની દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણનું સ્થાનરૂપ જે તીર્થ તે દ્રવ્યથી તીર્થ છે. તે વિષે કહ્યું છે કે, " તીર્થંકર મહાનુભાવનું જન્મ, દીક્ષા, જ્ઞાન અને નિર્વાણનું જ્યાં સ્થાન હોય, તે તીર્થ

घाढं दंसणं होइत्ति " भावतस्तु ज्ञान दर्शन चारित्राधारः श्रमणः संघः प्रथमगणधरो वा । यदाह—" तित्थंभंते तित्थं तियरे तित्थं गोयमा अरिहा भावनियमा तित्थयरे तित्थं पुण पुण चाउ व्वणे समणसंघे पढमगणहरं वा " इति तस्य सेवनं ३ स्थिरता जिनधर्मं प्रति परस्य स्थिरतापादनं स्वस्य वा परतीर्थिक समृद्धि दर्शनेऽपि जिन प्रवचनं प्रति निष्प्रकंपता ४ भक्तिः प्रवचने वैयावृत्यरूपा प्रतिपत्तिः एते गुणाः सम्यक्त्कस्य दीपकाः प्रभासका उत्तमाः प्रधानाः भूषणानि एतैः सम्यक्त्कमलं क्रियते इति भावः लक्षणानि पंच व्याख्यातानि । षड्विध यतनायां अन्यतीर्थिकान् परदर्शनिनः परिव्राजकभिक्षुभौतिकादीन् अन्यतीर्थिक देवान् रुद्र विष्णु यक्षादीन् तथा स्वदेवानर्ह त्प्रतिमा लक्षणान् कुतीर्थिकै दिगंबरादिभिर्गृहीतान् भौतिकादिभिः परिगृहीतान् महाकाला-

---

છે, તેમાં દર્શન દઢ થાય છે. " જ્ઞાન, દર્શન અને ચારિત્રના આધારરૂપ શ્રમણ એટલે સંઘ અથવા પ્રથમ ગણધર તેની સેવા કરવી. કહ્યું છે કે, " ગૌતમે પુછ્યું, ભદંત ! ભાવ તીર્થ શું કહેવાય ? પ્રભુ બોલ્યા— ગૌતમ, અરિહંત એ ભાવતીર્થ છે. વારંવાર શ્રમણ એટલે ચતુર્વિધ સંઘ અથવા પ્રથમ ગણધર તેની સેવા. ૪ સ્થિરતા એટલે જિન ધર્મ પ્રત્યે બીજાની સ્થિરતા કરવી, અથવા પોતાને અન્ય તીર્થિઓની સમૃદ્ધિનું દર્શન થતાં પણ જિન પ્રવચન પ્રત્યે નિષ્પ્રકંપતા રાખવી, દઢતા રાખવી. ૫ ભકિત એટલે પ્રવચનની વૈયાવચ્ચ કરવી, એ પાંચ ગુણ સમ્યકત્વના દીપક—પ્રકાશક હોવાથી ઉત્તમ એટલે પ્રધાનરૂપ એવાં પાંચ ભૂષણરૂપ છે. એ પાંચ ભૂષણોથી સમ્યકત્વ અલંકૃત થાય, એવો ભાવ છે. પાંચ લક્ષણની અગાઉ વ્યાખ્યા કરેલી છે.

૭ પ્રકારની યતનામાં—અન્ય તીર્થિક એટલે સંન્યાસીક, ભિક્ષુક તથા ભુવા વિગેરે અન્ય દર્શનીઓ, અન્ય તીર્થના દેવતા રૂદ્ર, વિષ્ણુ તથા યક્ષ વિગેરે અને અર્હતની પ્રતિમારૂપ પોતાના દેવતાઓ કે જેઓને દિગંબર પ્રમુખ કુતીર્થિઓએ ગ્રહણ કરેલા હોય અથવા ભુવા પ્રમુખે ગ્રહણ કરી તેમને મહાકાલ આદિ બનાવી સ્થાપી દીધા હોય, તેમને

दीन् नो नैव वंदे वा न नमस्यामि ( ६४ ) तद्भक्तानां मिथ्यात्वस्थिरीकरणात् तत्र वंदनं शिरसाभिवादनं नमस्करणं प्रणामपूर्वं प्रशस्त ध्वनिभिर्गुणोत्कीर्त्तनं तथाऽन्यतीर्थिकैः पूर्वमनालप्तः सन्नैवा लपामि नापि संलपामि तत्रेष द्भाषणमालापः मुहुर्भाषणं संलापः तत्संभाषणेहि तैःसह परिचयात् प्रतिक्रिया श्रवण दर्शनादिभिर्मिथ्यात्वप्रसक्ति रपि स्यादेव तथा तेषामन्यतीर्थिकाणां न ददामि अशनादिकं अनुकंपां विहाय अनुकंपायाश्च कुत्राप्य निषेधात् यत उक्तं—" सव्वेहिं पि जिणहिं दुज्जय जिअराग दोसमोहेहिं । सत्ताणुकंपणट्ठा दाणं न कहि विपडिसिद्धं "( ६५ )

तथा तेषां परतीर्थिकदेवानां तत्प्रतिगृहीत जिनप्रतिमानां च पूजानिमित्तं नैव पश्यामि गंधपुष्पादिकं आदिशब्दाद्विनयवैयावृत्ययात्रा स्नात्रादिकं एताभिः षड्भिर्यतनाभिर्यतमानः सम्यक्त्वं नातिक्रामतीति ।

હું વાંદીશ નહીં, તેમજ નમસ્કાર કરીશ નહીં. [ ६४ ] કારણકે, તેમના ભકતોમાં મિથ્યાત્વ સ્થિર કરવામાં આવેલું હોય છે. અહીં વંદના એટલે મસ્તક વડે અભિવાદન અને નમસ્કાર એટલે પ્રણામ પૂર્વક શ્રેષ્ટ ધ્વનિ કરી ગુણ કીર્ત્તન કરવું, તથા અન્ય તીર્થિઓએ પ્રથમ બોલાવ્યા વગર તેમની સાથે બોલીશ નહીં, તેમજ વારંવાર ભાષણ કરીશ નહીં. અહીં જરા ભાષણ કરવું તે **આલાપ** અને વારંવાર ભાષણ કરવું, તે **સંલાપ** કહેવાય છે. તેમની સાથે સંભાષણ કરવાથી પરિચય થાય, અને તેથી તેમની પ્રતિક્રિયા, શ્રવણ અને દર્શન વિગેરે થતાં મિથ્યાત્વનો પ્રસંગ પણ થાયજ. વળી તે અન્ય તીર્થિઓ અનુકંપા સિવાય અશનાદિ આપીશ નહીં. કારણકે, અનુકંપાદાનનો કયાંઇ પણ નિષેધ કરેલો નથી. કહ્યું છે કે, " દુર્જય એવા રાગ દ્વેષ તથા મોહ જેમણે જીત્યા છે, એવા સર્વ જીવોને સત્વાનુકંપાદાન કરવાનો કદી પણ નિષેધ કરેલો નથી. " [ ६५ ] વળી તે અન્ય તીર્થિ દેવતાની અને અન્ય તીર્થિઓ ગ્રહણ કરેલ જિન પ્રતિમાની પૂજા નિમિત્ત ગંધ પુષ્પાદિકને હું જોતો નથી. અહીં આદિ શબ્દથી વિનય, વૈયાવૃત્ય, યાત્રા, અને સ્નાત્ર વિગેરે ગ્રહણ કરવાં. એ ७ યતનાથી યત્ન કરતો પુરૂષ સમ્યકત્વનું અતિક્રમણ કરતો નથી.

आकार षट्के अभियोजनमभियोगोऽनिच्छतोऽपि व्यापारणं तत्र राज्ञो नृपादेरभियोगोराजाभियोगः १ गणः स्वजनादिसमुदायस्तस्याभियोगो गणाभियोगः २ बलं हठ प्रयोगस्तेनाभियोगः ३ सुरस्य कुलदेवतादेरभियोगः ४ कांतारमरण्यं तत्र वृत्तिर्वर्त्तनं निर्वाहः कांतारवृत्तिः यद्वा कांतारमपि बाधाहेतुत्वादिह बाधात्वेन विवक्षितं तेन कारणेन बाधया-वृत्तिः प्राणवर्त्तनरूपा कांतारवृत्तिः कष्टेन निर्वाह इति यावत् । गुरवो मातृपितृ प्रभृतयः ( ६६ ) यदुक्तं " माता पिता कलाचार्य एतेषां ज्ञातयस्तथा वृद्धा धर्मोपदेष्टारो गुरुवर्गः सतां मतः " १ तेषां निग्रहो निर्बंधः ६ तदेताः षट् छिंडिकाः अपवादरूपा जिनशासने भवंति । इदमत्र तात्पर्यं प्रतिपन्न सम्यक्त्वस्य परतीर्थिकवंदनादिकं निषिद्धं तद्राजा-भियोगादिभिः कारणैर्भक्तिवियुक्तो द्रव्यतः समाचरन्नपि सम्यक्त्वं नाभि-

---

૭ આકારમાં—૧ પહેલો રાજાભિયોગ. અભિયોજન કરવું, તે અભિયોગ એટલે ઇચ્છા ન છતાં પણ વ્યાપાર કરવો; રાજા એટલે નૃપ પ્રમુખનો અભિયોગ તે **રાજાભિયોગ** કહેવાય છે. ૨ બીજો ગણાભિયોગ. ગણ એટલે સ્વજનાદિ સમુદાય, તેનો અભિયોગ તે **ગણાભિયોગ** કહેવાય છે. ૩ ત્રીજો બલ એટલે હઠ પ્રયોગ. તે વડે અભિયોગ તે **બલાભિયોગ** કહેવાય. ૪ ચોથો સુરાભિયોગ. સુર એટલે કુલ દેવતા પ્રમુખ તેનો અભિયોગ તે **સુરાભિયોગ** કહેવાય છે. ૫ પાંચમો **કાંતાર** એટલે જંગલ. તેમાં નિર્વાહ કરવો તે કાંતાર વૃત્તિ અથવા કાંતાર—એટલે જંગલ, તે બાધા થવામાં હેતુરૂપ હોવાથી કાંતાર એટલે બાધા.—તે વડે વૃત્તિ એટલે પ્રાણ નિર્વાહ કરવાની આજીવિકા અર્થાત્ કષ્ટથી નિર્વાહ કરવો તે. ૬ છઠો **ગુરૂ નિગ્રહ.** ગુરૂ એટલે માત પિતા વિગેરે વડિલ વર્ગ. [ ૬૬ ] તે વિષે કહેલું છે કે, " માતા, પિતા, કલાચાર્ય ( વિદ્યાગુરૂ ) તેમના જ્ઞાતિજન, વૃદ્ધો અને ધર્મના ઉપદેષ્ટા—એ ગુરૂ વર્ગ કહેવાય છે. તે વડિલ વર્ગનો નિગ્રહ એટલે આગ્રહ. એ ૭ આકાર ૭ છીંડીરૂપ કહેવાય છે, તે જિન શાસનમાં અપવાદરૂપ છે. કહેવાનું તાત્પર્ય એવું છે કે, સમ્યકત્વને પ્રાપ્ત થયેલા શ્રાવકને પરતીર્થિક—અન્ય મતિને વંદના વિગેરે કરવાનો નિષેધ છે, તથાપિ રાજાભિયોગ વિગેરે ૭ કારણોને લઇ દ્રવ્યથી જિન

चरतीति षड् भावनायां द्विषट्कस्यापि द्वादशभेदस्यापि पंचाणुव्रत त्रिगुणव्रत चतुः शिक्षाव्रतरूप धर्मस्य चारित्रविषयस्य इदं सम्यक्त्वं मूलकारण मित्यर्थः परिकीर्त्तितं जिनैरिति सर्वत्र संबंधः । तथा मूलरहितः पादपः पवनकंपित स्तत्क्षणादेव निपतति एव धर्मतरुरपि सम्यक्त्वहीनः कुतीर्थिक मतांदोलितः १ द्वारमिव द्वारं प्रवेशमुखमितिभावः यथा ह्यकृतद्वारं नगरं संततप्राकारवलय वेष्टितमप्यनगरं भवति ( ६७ ) जनप्रवेशनिर्गमाभावात् एवं धर्मपुरमपि सम्यक्त्वद्वार शून्यमशक्याधिगमं स्यादिति २ पइठाणं प्रतिष्ठते प्रासादोऽस्मिन्निति प्रतिष्ठानं पीठं ततः प्रतिष्ठानमिव प्रतिष्ठानं यथा पृथ्वीतलगत गर्त्तापूरकर हितः प्रासादः सुदृढो न भवति तथा धर्महर्म्यमपि सम्यक्त्वरूप प्रतिष्ठानं विना निश्चलं भवेदिति ३ आह्यरोत्ति

---

ભક્તિનો વિયોગ કદિ થાય તેથી કરીને તેના સમ્યકત્વનો અભિચાર થતો નથી.

૭ ભાવનામાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત—મલી બાર પ્રકારના ચારિત્ર વિષય ધર્મનું આ સમ્યકત્વ મૂલ કારણ છે.—એમ જિનેંદ્ર ભગવંતે કહેલું છે.—આવી રીતે સર્વ સ્થળે સંબંધ યોજવો. જેમ મૂળ રહિત વૃક્ષ જો પવને કંપાવ્યું હોય તો તત્કાળ પડી જાય છે, તેમ ધર્મરૂપ વૃક્ષ પણ જો સમ્યકત્વ રહિત હોય તો તે અન્ય તરૂ પવનથી આંદોલિત થઇ જાય. તેથી ધર્મરૂપ વૃક્ષનું મૂળ સમ્યકત્વ છે.

દ્વાર એટલે પ્રવેશ કરવાનું મુખ. જેમ કોઇ નગરને દ્વાર કરેલું ન હોય તો કદી તે ચારે તરફ કિલ્લાથી વેષ્ટિત હોય પણ નકામું થાય છે. ( ૬૭ ) કારણકે તેમાંથી લોકોને જવું આવવું થઇ શકતું નથી. તેમ ધર્મરૂપ નગર પણ સમ્યકત્વરૂપ દ્વારથી રહિત હોય તો તેની પ્રાપ્તિ થવી અશકય છે. માટે ધર્મરૂપ નગરનું દ્વાર સમ્યકત્વ છે.

પ્રતિષ્ઠાન એટલે પીઠ—જેને આધારે પ્રાસાદ રહે તે. જેમ કોઇ પ્રાસાદ પૃથ્વી તલમાં પાયો કર્યા વગર મજબુત રીતે રહી શકતો નથી, તેમ ધર્મરૂપ પ્રાસાદ સમ્યકત્વરૂપ

आधारः यथा धरातलमंतरानिरालंबं जगदिदं न तिष्ठति एवं धर्मजगदपि सम्यक्त्व लक्षणाधार व्यतिरेकेण न तिष्ठेदिति ४ भायणंति भाजनं पात्र मित्यर्थः यथाहि पात्रविशेषं विना क्षीरादि वस्तु विनश्यति एवं धर्मवस्त्वपि सम्यक्त्वभाजनं विना ५ निहित्ति निधिः यथाहि निधिव्यतिरेकेण महार्हमणि मौक्तिक कनकादि द्रव्यं न प्राप्यते तथा सम्यक्त्व निधानमंतरा चारित्रधर्मरत्नमपि ६ इत्येताभिः षड्भिर्भावनाभिर्भाव्यमानमिदं सम्यक्त्वमविलंबेन मोक्षसुखसाधकं भवतीति । ( ६८ ) षट् स्थाने अत्थित्ति अस्ति विद्यते शब्दस्यावधारणार्थत्वाज्जीव इति गम्यते एतेन नास्तिकमतं निरस्तं १ निच्चोत्ति स च जीवो नित्य उत्पत्तिविनाशरहितः

---

પાયા વગર નિશ્ચળ થતો નથી, તેથી સમ્યકત્વ ધર્મરૂપ પ્રાસાદનો મજબુત પાયો છે.

આધાર—જેમ પૃથ્વી વિના નિરાધાર જગત રહી શકતું નથી, તેમ ધર્મરૂપ જગત પણ સમ્યકત્વરૂપ આધાર વિના રહી શકતું નથી.

ભાજન એટલે પાત્ર. જેમ કાંઇ પાત્ર વિના દુધ વિગેરે વસ્તુઓ વિનાશ પામી જાય છે, એવી રીતે ધર્મરૂપી વસ્તુ પણ સમ્યકત્વરૂપ પાત્ર વિના વિનાશ પામે છે.

સમ્યકત્વ એ નિધિ—ભંડાર છે. જેમ મોટા મુલ્યવાળાં મણિ, મોતી, અને સુવર્ણ વિગેરે દ્રવ્ય, નિધિ શિવાય પ્રાપ્ત થતું નથી, તેમ સમ્યકત્વરૂપ નિધિ વિના ચારિત્ર ધર્મરૂપ રત્ન પ્રાપ્ત થતું નથી.

આ પ્રમાણે છ ભાવના વડે ભાવિત એવું સમ્યકત્વ વિલંબ વગર મોક્ષ સુખનું સાધક થાય છે. ( ૬૮ )

એ સમ્યકત્વનાં છ સ્થાન છે, તે આ પ્રમાણ—

૧' अस्ति ' એટલે ' છે ' વિદ્યમાન છે, એ શબ્દનો અર્થ અવધારણ ( નિશ્ચયજ ) એવો થાય છે, તેથી જીવ એવો ઉપરથી અધ્યાહાર લેવો, એટલે ' જીવ છે ' એવો અર્થ થાય, આથી નાસ્તિક મત ઉડી જાય છે.

तदुत्पादक कारणाभावादित्यादिना शौद्धोदनिमत मपध्वस्तं २ कुणइत्ति स च जीवः करोति मिथ्यात्वविरति कषायादिबंधहेतुयुक्ततया तत्तत्कर्माणि निर्वर्त्तयति एतेन कापिल कल्पना प्रतिक्षेपः ३ कयमिति कृतं कर्म च वेद्यते " सव्वं पएसतया भुंज्ज " इति वचनादनेन सर्वथा अभोक्तृ जीववादिदुर्नयो निराकृतः ४ अत्थि निव्वाणंति अस्य च जीवस्य अस्ति विद्यते निर्वाणं मोक्षः स च जीवस्य रागद्वेषमदमोह जन्मजरा रोगादि दुःख क्षयरूपोऽवस्थाविशेष इति यावत् एतेन प्रदीपनिर्वाणकल्पमभावरूपं निर्वाणमित्यादि संगिरमणाः सौगतविशेषा व्युदस्ताः ते च प्रदीपस्येवास्य सर्वथा ध्वंस एव निर्वाणमाहुः । तथा च तद्वचः ( ६९ )

" दीपो यथा निर्वृत्ति मभ्युपेतो नैवावनिं गच्छति नांतरीक्षम् ।

---

૨ તે જીવ નિત્ય છે, એટલે ઉત્પત્તિ અને વિનાશથી રહિત છે. કારણ કે, તેનું કોઇ ઉત્પાદક કારણ નથી, આથી શુદ્ધોદન—બૌદ્ધમતનો ધ્વંસ થાય છે.

૩ ' તે જીવ કરે છે ' એટલે મિથ્યાત્વ, અવિરતિ, કષાય વિગેરે કર્મ બંધના હેતુએ યુક્ત હોવાથી તે તે કર્મ કરે છે, એથી કરીને કપિલના [ સાંખ્ય ] મતની કલ્પના ઉડી જાય છે.

૪ તે જીવ કરેલું કર્મ વેદે છે. કારણ કે, ' સર્વ પ્રદેશપણે ભોગવે ' એવું આગમનું પ્રમાણ છે, આથી ' સર્વથા જીવ અભોકતા છે ' એમ માનનારા વાદીનો મત તુટી જાય છે.

૫ ' એ જીવનો મોક્ષ છે ' મોક્ષ એટલે રાગ, દ્વેષ, મદ, મોહ, જન્મ, જરા અને રોગ વિગેરે દુઃખનો ક્ષય થવારૂપ જીવની એક જાતની અવસ્થા એ મોક્ષનાં લક્ષણથી દીવાના બુઝાવારૂપ અભાવને મોક્ષને માનનારા કેટલાક બૌદ્ધ લોકો પરાસ્ત થઇ જાય છે, તેઓ દીપકની જેમ સર્વથા ધ્વંસ થાય, એ મોક્ષ એમ કહે છે. તેઓના શાસ્ત્રમાં આ પ્રમાણે વચન છે ( ૬૯ )— નિર્વાણ પામેલો—બુઝાઇ ગએલો દીવો પૃથ્વીમાં આ-

दिशंन कांचि द्विदिशं न कांचि त्स्नेहक्षयात्केव लमेति शांतिम् " १ इति जीवः । तच्चायुक्तं दीक्षा विप्रयास वैयर्थ्यात् प्रदीपदृष्टांत स्याप्यसिद्ध त्वादिति युक्ति विस्तरस्तु ग्रंथांतरो दवसेयः ५ अत्थि अ मोरको वाओत्ति मोक्षस्य निवृत्ते रुपायः सम्यक् साधनं विद्यते सम्यग् ज्ञानदर्शन चारित्राणां मुक्तिसाधकतया घटमानत्वात् अनेनापि मोक्षोपाया भाव प्रतिपादक दुर्णय तिरस्कारः कृतः ६ एतान्यात्मास्ति त्वादीनि षट् सम्यक्त्कस्य स्थानानि सम्यक्त्कमेषु सत्स्वेव भवतीति भावः । एषां च भेदानां यथा संभवं ज्ञान शुद्धाचरण विधया सम्यक्त्क उपयोगित्व मिति ध्येयं । ( ७० )

इत्थं च देवादि तत्त्व श्रद्धान विकलत्वे तथाविधा जीविकादिहेतोः श्रावकाकार धरणे द्रव्य श्रावकत्वमेव पर्यवसन्नं भाव श्रावकत्वं तु यथो·

---

કાશમાં, દિશામાં કે વિદિશામાં કોઇ ઠેકાણે રહેતો નથી, તે સ્નેહ—તેલનો ક્ષય થવાથી કેવળ શાંતિને પામે છે, તેવી રીતે જીવનો મોક્ષ છે. " આ તેમનું કહેવું અયુકત છે. કારણ કે, જો તેમ માનીએ તો પછી દીક્ષા વિગેરેનો પ્રયાસ કરવો વ્યર્થ થાય છે, અને દીપકનું દષ્ટાંત અસિદ્ધ થઇ પડે છે. આ વિષે વધારે યુકિતનો વિસ્તાર બીજા ગ્રંથમાંથી જાણી લેવો.

૬ ' મોક્ષ થવાનો ઉપાય છે ' મોક્ષ જે નિવૃત્તિ તેનો ઉપાય—સાધન છે. કારણ કે, સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ મુકિતનાં સાધક હોવાથી ઘટે છે. આથી મોક્ષના ઉપાયનો અભાવ માનનારા દુર્નયનો તિરસ્કાર કરેલો છે.

એવી રીતે આત્મા જીવનું અસ્તિત્વ વિગેરે સમ્યકત્વનાં છ સ્થાનો છે.—એ છ સ્થાન હોય તો સમ્યકત્વ હોય છે—એમ સમજવું. જ્ઞાન શુદ્ધ આચરણના પ્રકારે એ ભેદોનું સંભવ પ્રમાણે સમ્યકત્વમાં ઉપયોગીપણું જાણી લેવું. ( ૭૦ ) એવી રીતે દેવ વિગેરે તત્વની શ્રદ્ધા ન હોય, અને કોઇ આજીવિકા પ્રમુખને લઇ શ્રાવકના જેવો આકાર ધારણ કરવાથી દ્રવ્ય શ્રાવકપણુંજ જાણી લેવું. ભાવ શ્રાવકપણું તો યથાર્થ કહેલા વિધિ

क्त विधि मतिपन्न सम्यक्त्कादेर्यतिभ्यः सकाशान्नित्यं धर्मश्रवणादेव । यदुक्तं आवश्यकवृत्तौ—

" यो ह्यभ्युपेत सम्यक्त्को यतिभ्यः प्रत्यहं कथाम् ।
श्रृणोति धर्मसंबंद्धा मसौ श्रावक उच्यते " ॥ १ ॥

अभ्युपेत सम्यक्त्क इत्यत्राभ्युपेताणुव्रतोऽपीति व्याख्यालेश इति । तच्चेहाधिकृतं भावस्यैव मुख्यत्वात् भाव श्रावकोऽपि दर्शन व्रतोत्तर गुण श्रावकभेदात् त्रिविधः तद्विस्तरस्तु व्रतभंगाधिकारे दर्शयिष्यते । ( ७१ ) आगमे चान्यथापि श्रावकभेदाः श्रूयंते तथा च स्थानांगसूत्रं—" चउव्विहा समणो वासगा पण्णत्ता तं जहा—अम्मपिइ समाणे भाइ समाणे मित्त समाणे सवित्त समाणे अहवा च उव्विहा समणो वासगा पण्णत्ता जं जहा आयं स समाणे पडाग समाणे खाणु समाणे खरंट समाणे इति प्रथमे ते साधूना श्रित्य दृष्टव्या इति न पार्थक्यशं कालेशः एषामपि

વડે સમ્યકત્વાદિ પ્રાપ્ત કરી મુનિઓની પાસેથી હમેશાં ધર્મ શ્રવણ કરવાથીજ થાય છે. તે વિષે આવશ્યક વૃત્તિમાં આ પ્રમાણે કહેલું છે.— " સમ્યકત્વને પ્રાપ્ત કરનાર જે હમેશાં મુનિઓ પાસેથી ધર્મ કથા સાંભળે તે શ્રાવક કહેવાય છે. " સમ્યકત્વને પ્રાપ્ત કરનાર અહીં એવી વ્યાખ્યા પણ થાય છે કે, અણુવ્રતને ગ્રહણ કરનાર. અહીં તેવા ભાવ શ્રાવકનો અધિકાર છે. કારણકે ભાવ એ મુખ્ય છે. તે ભાવ શ્રાવક—૧ દર્શન શ્રાવક, ૨ વ્રત શ્રાવક અને ૩ ઉત્તર ગુણ શ્રાવક—એવા ત્રણ પ્રકારનો છે. તેનો વિસ્તાર વ્રતભંગના ( વ્રતના ભાંગાના ) અધિકારમાં આગળ કહેવામાં આવશે. [ ૭૧ ] આગમમાં બીજી રીતે પણ શ્રાવકના ભેદ કહેલા છે, તે સ્થાનાંગ સૂત્રમાં આ પ્રમાણે છે—" શ્રાવક ચાર પ્રકારના છે. ૧ માતા પિતા સમાન, ૨ ભાઇ સમાન, ૩ મિત્ર સમાન, અને ૪ સપત્નિ સમાન—એ ચાર પ્રકારના શ્રાવક છે, અથવા બીજી રીતે પણ ચાર પ્રકારના છે— " ૧ આયંસ સમાન, ૨ પતાકા સમાન, ૩ ખાણુ સમાન, અને ૪ ખરંટ સમાન—એમ ચાર પ્રકારના શ્રાવક છે. આ ભેદ સાધુઓને આશ્રીને છે, તેથી ' પૃથક્ છે '

नाम श्रावकादि व्यवतारण विचारें व्यवहार नयमते भाव श्रावका एवै ते श्रावकपद व्युत्पत्ति निमित्त मात्र योगेन तथा व्यवह्रियमाण त्वात् ( ७२ ) निश्चयनयमते पुनः सपत्नी खरंट समानौ मिथ्या दृष्टि प्रायौ द्रव्य श्रावकौ शेषास्तु भाव श्रावकाः यतस्तेषां स्वरूपमेव मागवे व्याख्यायते—

" चिंति ज्जइ कज्जाइं न दिट्ठखलियो विहोइ निन्नेहो ।
एगंत वच्छलो जइ जणस्स जणणी समो सड्ढो ॥ १ ॥
हिअए ससिणे होच्चि अ मुणीण मंदायरो विणयकम्मे ।
भाइसमो साहूणं पराभवे होई सु सहाओ ॥ २ ॥
मित्त समाणो माणा ईसिंरू सइ अ पुच्छिओ कज्जे ।
मन्नत्तो अप्पाणं मुणीण सयणा उ अब्भहि अं ॥ ३ ॥
सद्दो छिद्द उप्पेही पमाय खलिआणि निच्च मुच्चरइ ।

---

એવા મત ભેદની શંકા કરવી નહીં. એ શ્રાવક ભેદ પણ નામ શ્રાવક વિગેરેમાં ઉતરી શકે છે, અને તે વિચાર વ્યવહારનયના મત પ્રમાણે લેતાં તેઓ ભાવ શ્રાવકજ છે. કારણ કે, શ્રાવક એ પદની માત્ર વ્યુત્પત્તિ નિમિત્તના યોગે તેવો વ્યવહાર ચાલે છે. ( ૭૨ ) નિશ્ચયનયના મત પ્રમાણે લેતાં તો સપત્નિ સમાન અને ખરંટ સમાન—એ બે શ્રાવક પ્રાયે મિથ્યા દૃષ્ટિ દ્રવ્ય શ્રાવકજ ઠરે છે, બાકીના ભાવ શ્રાવક ઠરે છે. તેમના સ્વરૂપનું આગમમાં આ પ્રમાણે વ્યાખ્યાન છે—" કાર્યાદિ ચિંતવે, દૃષ્ટિથી જુદો પડે, તોપણ સ્નેહ રહિત ન થાય, અને એકાંતે અતિ વત્સલ ભાવ રાખે, તેવો શ્રાવક માતા પિતા જેવો કહેલ છે. હૃદયમાં સ્નેહવાળો અને વિનય કર્મમાં મુનિ પ્રત્યે મંદ આદરવાળો જે શ્રાવક હોય, તે ભાઇ સમાન શ્રાવક કહેલો છે. તે સાધુનો પરાભવ થાય તો સહાય કરનારો છે. કાર્યમાં પુછવાથી ઉત્તમ સલાહ આપનાર અને મુનિને સર્વ રીતે હિત કરનાર તે મિત્ર સમાન શ્રાવક કહેલો છે. સર્વદા છિદ્ર જોનારો અને પ્રમાદ તથા ભુલોને જણાવનારો શ્રાવક શૂતીના જેવો છે, તે હમશાં સાધુને તૃણ સમાન ગણે છે.

सड्ढो स त्रत्ति कप्पो साहू जणं तण समं गणइ ॥ ४ ॥

तथा द्वितीय चतुष्के—( ७३ )

" गुरुभणिओ सुत्तत्थो बिंबज्जइ अवित हो मणे जस्स ।
सो आयं स समाणो सुसावओ वन्निओ सम ए ॥ ५ ॥

पवणेण पडागा इव भामिज्जइ जो जणेण मूढेणं ।
अविणिच्छि अगुरु वयणो सो होइ पडाइ आतुल्लो ॥ ६ ॥

पडिवन्नमसग्गाहो न मुणइ गीअत्थ समणु सट्ठोत्ति ।
खाणु समाणो एसो अप्पउसी मुणिजणे न वरं ॥ ७ ॥

उम्मग्ग देस ओणिण्हवोसि मूढोसि मंद धम्मोसि ।
इअ सम्मंपि कहंतं खरंट एसो खरंट समो ॥ ८ ॥

जह सिढिलमसुइदव्वं लुप्पंतंपिहु नरं खरंटेइ ।
एवमणु सासतं पिहु दूसंतो भन्नइ खरंटो ॥ ९ ॥

---

બીજા શ્રાવકના ચાર પ્રકાર આ પ્રમાણે છે ( ૭૩ )—" ગુરૂએ કહેલા સૂત્રાર્થ તે મનમાં સત્ય માનનારો જે શ્રાવક તે આયંસ સમાન શ્રાવક આગમમાં વર્ણવેલો છે. પવન વડે જેમ પતાકા ભમે તેમ જે મૂઢ જન વડે ભમે, અને ગુરૂનાં વચનની ઉપેક્ષા કરે, તે પતાકા સમાન શ્રાવક કહેલો છે. ગીતાર્થે શિક્ષા કરેલો હોય, તોપણ મુનિ વચનની ઉપેક્ષા કરે, અને મુનિ જન સાથે જુદી રીતે વર્ત્તે, તે ખાણુ સમાન શ્રાવક કહેલ છે. ' તું ઉન્માર્ગનો ઉપદેશ કરે છે ' તું નિન્હવ છે, મૂઢ છે, અને ધર્મમાં મંદ છે. આ પ્રમાણે કહેનાર શ્રાવક ખરંટના જેવો હોવાથી ખરંટ શ્રાવક કહેલો છે.

જેમ અશુચિદ્રવ્ય માણસને ખરડે તેમ ખરંટ શ્રાવક મનુષ્યને દૂષિત કરે છે. તેમાં વ્યવહારનયથી ખરંટ અને સપત્ની તુલ્ય શ્રાવક મિથ્યાત્વી જેવા છે. બાકીના ભાવ શ્રાવક જયવંતા વર્તે છે. આ વિષે હવે વિશેષ કહેવાની જરૂર નથી.

नित्थइओ मित्थत्ती तुल्लो सवत्ति तुल्लो वि ववहारओ उसद्दा जयंति जंजिणगिहाइसुं इत्यलं प्रसंगेन । अत्रोपयोगित्वात्पूर्व सूरिप्रणीतानि भावश्रावकस्य लिंगानि धर्मरत्नप्रकरणे यथोपदिष्टानि तथोपदर्श्यंते तथाहि– कयवयकम्मो १ तह शीलवं च २ गुणवं च ३ उजुववहारी ४ गुरु सुस्सूओ ५ पवयण कुसलो ६ खलु सावगो भाव १ कृतमनुष्टितं व्रत विषयं कर्म कृत्यं येन स कृतव्रतकर्मा १ अथैनमेव सप्रभेदमाह ( ७४ )– " तच्छायणण १ जागण २ गिण्हण ३ पडिसेवणेसु ४ उज्जुत्ता कयवयकम्मो चउहा भावत्थो तस्सिमो होइ २ " तत्राकर्णनं विनय बहु मानाभ्यां व्रतस्य श्रवणं १ ज्ञानं व्रतभंगभेदातिचाराणां सम्यगवबोधः २ ग्रहणं गुरुसमीपे इत्वरं यावत्कालं वा व्रतप्रतिपत्तिः ३ आसेवनं सम्यक् पालनं ४ अथ शीलवत्स्वरूपं द्वितीयलक्षणं यथा—" आययणं खुनि सेवइ १ वज्जइ परगेह पविसण सकज्जे २ निच्चमणुब्भडवेसो ३ न भणइ

---

પૂર્વ સૂરિઓએ ધર્મરત્ન પ્રકરણમાં ભાવ શ્રાવકના લિંગ ઉપદેશ કરેલા છે, તે અહીં ઉપયોગી હોવાથી બતાવવામાં આવે છે.—ભાવશ્રાવક વ્રત કર્મ કરનારો, શીલવાન્, ગુણવાન, સરળ વ્યવહારવાળો, ગુરૂની શુશ્રૂષા કરનારો, અને પ્રવચનમાં કુશળ હોય છે. વ્રત વિષયના કૃત્ય કરે તે ભાવશ્રાવકના ભેદ કહે છે. ( ૭૪ ) " વ્રતનું શ્રવણ, જ્ઞાન ગ્રહણ, અને આસેવન કરવામાં ઉદ્યુક્ત એવો ભાવશ્રાવક ચાર પ્રકારે હોય છે. " ૧ આકર્ણન એટલે વિનય તથા બહુ માનથી વ્રતનું શ્રવણ, ૨ જ્ઞાન એટલે વ્રતનો ભંગ, વ્રતનો ભેદ, અને વ્રતના અતિચારનો સમ્યક્ પ્રકારે બોધ. ૩ ગ્રહણ એટલે ગુરૂ સમીપે જેઈ અમુક કાળ સુધી રહી વ્રતનો અંગીકાર કરવો. ૪ આસેવન એટલે સારી રીતે વ્રતને પાલવું.

બીજા ભાવશ્રાવક શીલવાનનું સ્વરૂપ—શીલ ૭ પ્રકારનું છે—૧ આયતન સેવે, ૨ પારકા ઘરમાં પ્રવેશ કરે નહીં, ૩ ઉદ્ભટ વેષ પહેરે નહીં, ૪ મૃષા વચન બોલે નહીં, ૫ બાલ ક્રીડા છોડી દે, અને ૬ મધુર નીતિ વડે કાર્ય સાધે—એ ૭ પ્રકારનાં

सविआरवयणाइं ४ परिहरइ बालकीलं ५ साहइ कज्जइ महूरनीईए ६ इ अच्छविहसीलजुओ विन्नेओ सीलवंतो त्थ ४ आयतनं धर्मिजन मीलनस्थानं उक्तं च—" जत्थ साहम्मिआ बहवे सीलवंत बहुस्सु आचरित्ता यार संपन्ना आययणं तं विआणाहि १ " तत्सेवने भावश्रावको नत्वनायतनमिति भावः १ शेषपदानि सुगमानि बालक्रीडां द्यूतादिकं ५ मधुरनीत्या सामवचनेन स्वकार्यं साधयति न तु परुषवचनेनेति षट् शीलानि । अधुना तृतीयं भावश्रावक लक्षणं गुणवत्स्वरूपं यथा—
( ७५ ) " जइवि गुणा बहुरूवा तहावि पंचहिं गुणेहिं गुणवंता । इअ मुणिवरेहिं भणिओ सरूवमेसिं निसामेहि ५ सज्झाएकरणंमिअ २ विणयंमिअ ३ निच्चमेव उज्जुत्तो । सव्वत्थणभिनिवेसो ४ वहइ सुइं सुट्ठु जिणवयणे ५ ॥ ६ ॥ स्वाध्याये पंचविधे तपोनियमवंदनाद्यनुष्ठाने २ विनये गुर्वाद्यभ्युत्थानादिरूपे नित्यमुद्युक्तः प्रयत्नवान् भवति ३ सर्वत्र

---

શીલ વડે યુકત એવો શ્રાવક બીજો શીલવાન્ ભાવશ્રાવક કહેવાય છે. અહીં આયતન—એટલે ધર્મી લોકોને મળવાનું સ્થાન. કહ્યું છે કે, " જ્યાં શીલવાન્ અને શ્રુત આચાર સંપન્ન એવા ઘણા સાધર્મી બન્ધુઓ મળે તેવા સ્થાનને **આયતન** કહે છે. " તેવા સ્થાનનું સેવન કરે તે ભાવશ્રાવક કહેવાય. તે સિવાય ન કહેવાય. બીજા પદના અર્થ સુગમ છે. બાલક્રીડા એટલે જુગાર વિગેરે. મધુર નીતિથી એટલે સામ વચનથી સ્વકાર્ય સાધે છે—કઠોર વચનથી નહીં—એ છ પ્રકારના શીળ છે. ત્રીજા ગુણવાન્ ભાવશ્રાવકના લક્ષણ. ( ૭૫ ) જેમકે—" જોકે ગુણ ઘણા પ્રકારના છે, તથાપિ પાંચ ગુણ વડે ગુણવાન્ કહેવાય છે. તે ગુણવાનનું સ્વરૂપ સાંભળો. ૧ સ્વાધ્યાય કરવો, ૨ વિનયમાં નિત્ય પ્રયત્ન કરવો, ૩ સર્વ સ્થળે આગ્રહ ન રાખવો, ૪ શ્રદ્ધા રાખવી, અને ૫ જિન વચનમાં વર્તવું—એ પાંચ ગુણ કહેવાય છે.—તેનો વિશેષાર્થ આ પ્રમાણે—સ્વાધ્યાય, તપ, નિયમ, વંદના વિગેરે પાંચ પ્રકારનો છે. વિનય એટલે ગુરૂ, પ્રમુખ આવે તો તેમની સામે બેઠા થવું વિગેરે—તેમાં નિત્ય ઉજમાળ રહેવું. સર્વ પ્રયોજનમાં આગ્રહ ન રાખ-

प्रयोजनेषु अनभिनिवेशः प्रज्ञानपनीयो भवति ४ तथा वहति धारयति रुचिमिच्छां श्रद्धानमित्यर्थः । सुष्टु वाढं जिनवचने ५ इति पंचगुणाः । अधुना ऋजुव्यवहारीति चतुर्थं भावश्रावक लक्षणं यथा ( ७६ )—

" उजुव्वव हारो चउहा—जहत्थभणनं १ अवंचगा किरिआ २ हुंता वायपगासन ३ मित्ती भावो असब्भावा ७ ऋजु प्रगुणं ववहरणं ऋजु व्यवहारः स चतुर्धा यथार्थ भणनं अविसंवादि वचनं १ अवंचका पराव्यंसन हेतुः क्रिया मनो वाक्काय व्यापाररूपा २ हुंता वायपगा सणत्ति हुंतत्ति प्राकृत शैल्या भाविनोऽशुद्ध व्यवहारकृतो येऽपायास्तेषां प्रकाशनं प्रकटनं करोति–यथा–भद्र मा कृथाः पापानि चौर्यादीनि इह परत्र चानर्थकराणी त्याश्रितं शिक्षयति ३ मैत्रीभावः सद्भावा न्निष्कपटतया ४ सांप्रतं गुरु शुश्रुषक इति पंचमं लक्षणं यथा—" सेवाइ १ का-

વો, રૂચિ એટલે ઇચ્છા અર્થાત્ શ્રદ્ધા ધારણ કરવી, અને જિન વચન પ્રમાણે સારી રીતે વર્તવું—એ પાંચ ગુણ કહેવાય છે. રૂજુ વ્યવહારી એ ચોથા ભાવ શ્રાવકનું લક્ષણ આ પ્રમાણે છે—ઋજુવ્યવહાર એટલે સરળ વ્યવહાર ચાર પ્રકારનો છે. [ ૭૬ ] ૧ યથાર્થ કહેવું, ૨ અવંચક ક્રિયા કરવી, ૩ અશુદ્ધ વ્યવહારે કરેલા અપાયને પ્રકાશ કરવા, ૪ નિષ્કપટ મૈત્રીભાવ રાખવો—એ ચાર પ્રકારનો ઋજુવ્યવહાર કહેવાય છે. ઋજુ એટલે સરળ વ્યવહાર ચાર પ્રકારનો છે. ૧ યથાર્થ કહેવું એટલે જેવું હોય તેવું કહેવું. ૨ અવંચક એટલે બીજાને ન છેતરવાની મન વચન કાયા વડે ક્રિયા કરવી. ૩ પ્રાકૃત શૈલી વગરના અશુદ્ધ વ્યવહારથી થયેલા અપાય [ નાશ ] ને પ્રકાશ કરવા—જેમકે, " ભદ્ર ! તું ચોરી વિગેરે પાપ કર્મ કરીશ નહીં', તે આલોક અને પરલોકમાં અનર્થ કરનારાં છે. " એમ પોતાના આશ્રિતને શિક્ષા આપે છે. ૪ સદ્ભાવથી એટલે નિષ્કપટપણે મૈત્રીભાવ રાખવો.—એ ઋજુ વ્યવહારના ચાર ભેદ છે. હવે પાંચમા ગુરૂ શુશ્રૂષા કરનાર ભાવશ્રાવકનું લક્ષણ કહે છે.— " ૧ સેવા, ૨ કારણ, ૩ સંપાદન અને ૪ ભાવ—એ ચાર પ્રકારે ગુરૂજનની શુશ્રૂષા થાય છે.—૧ સેવા એટલે ગુરૂજનની ઉપાસના. ૨ કારણ

रणे णय २ संपायण ३ भावओ गुरु जणस्स ४ सुस्सूसणं कुणतो गुरु सुस्सू सो हवइ चउहा ८ सेवया पर्युपासनेन १ कारणेन गुरुजन वर्णवादकरणादन्यजन प्रवर्त्तनेन २ संपादनं गुरो रौषधादीनां प्रदानं ३ भावो गुरुजनचेतोऽनुवर्त्तनं ४ एतै श्चतुर्भिः प्रकारैर्गुरुजनस्याराध्यवर्गस्य शुश्रूषां कुर्वन् गुरु शुश्रूषको भवति इति ( ७७ ) यद्यपि गुरवो मातृ पित्रादयोऽपि भण्यंते तथाप्यत्र धर्माधिकारा द्धर्माचार्यादय एव प्रस्तुता इति हार्द । अथ प्रवचन कुशल इति षष्ठं भाव श्रावक लक्षणं चेत्थं—" सुत्ते १ अत्थे २ अ तहा उस्सग्गा ३ वा वय ४ भाव ५ ववहारे ६ जो कुसलत्तं पत्तो पवयणकुसलो तओ छट्ठा " ९ सूत्रे सूत्र विषये यः कुशलत्वं प्राप्तः इति प्रत्येकं योजनीयं श्रावकपर्यायोचित सूत्राध्येतेत्यर्थः १ तथा अर्थे सूत्राभिधेये संविग्नगीतार्थसमीपे सूत्रार्थ श्रवणेन कुशलत्वं प्राप्त इत्यर्थः ( ७८ )

---

એટલે ગુરૂ જનની પ્રશંસા કરવામાં બીજાને પ્રવર્તાવવા. ૩ સંપાદન એટલે ગુરૂને ઔષધ વિગેરે આપવા, અને ૪ ભાવ એટલે ગુરૂજનના ચિત્તને અનુસરવું.—એ ચાર પ્રકારે ગુરૂજન એટલે આરાધવા યોગ્ય વડિલ વર્ગની સેવા કરનાર શ્રાવક ગુરૂ શુશ્રૂષક નામે ભાવ શ્રાવક કહેવાય છે. ( ૭૭ )

અહીં શંકા કરે છે કે, જો કે માતા પિતા વિગેરે પણ ગુરૂજન કહેવાય છે, તથાપિ અહીં ધર્મનો અધિકાર ચાલે છે, તેથી ધર્માચાર્ય પ્રમુખનેજ લેવા—એ હાર્દ છે.

હવે છઠા પ્રવચન કુશળભાવ શ્રાવકનું લક્ષણ કહે છે— તે આ પ્રમાણે છે— " સૂત્ર, અર્થ, ઉત્સર્ગ, અપવાદ, ભાવ અને વ્યવહાર—એ છ વિષયમાં કુશળતાને પ્રાપ્ત થયેલો શ્રાવક **પ્રવચન કુશળ** નામે છઠો ભાવ શ્રાવક કહેવાય છે. ૧ સૂત્ર એટલે સૂત્રના વિષયમાં ( કુશળતાને પ્રાપ્ત થયેલો ) એ સર્વ ઠેકાણે પદ જોડી લેવું. અર્થાત્ શ્રાવક પર્યાયને યોગ્ય એવાં સૂત્રનો ભણનાર. ૨ અર્થ એટલે સુત્રના અર્થમાં સંવેગી ગીતાર્થી ગુરૂની પાસે સૂત્રના અર્થ સાંભળી તેમાં કુશલ થયેલો. [ ૭૮ ] ૩ ઉત્સર્ગ એટલે

२ उत्सर्गे सामान्योक्तौ ३ अपवादे विशेषभणिते कुशलः अयं भावः केवलं नोत्सर्गमेवावलंबते नापि केवलमपवादं किं तूभयमपि यथायोगमालंबत इत्यर्थः ४ भावे विधिसारे धर्मानुष्टाने करणस्वरूपे कुशलः इदमुक्तं भवति विधिकारिणमन्यं बहुमन्यते स्वयमपि सामग्री सद्भावे यथाशक्ति विधिपूर्वकं धर्मानुष्टाने प्रवर्त्तते सामग्र्या अभावे पुनर्विध्याराधन मनोरथान्न मुंचत्येवेति ५ व्यवहारे गीतार्थचरितरूपे कुशलः देश कालाद्यपेक्षयोत्सर्गापवादवेदि गुरुलाघव परिज्ञाननिपुणगीतार्था चरितं व्यवहारं न दूषयतीति भावः ६ " एसो पवयणकुसलो छब्भेओ मुणिवेरहिं निद्दिठो। किरिया गयाइं छव्विह लिंगाइं भावसड्ढस्स " १० एतानि भाव श्रावकस्य क्रियोपलक्षणानि षडेव लिंगानि। अथ भावगतानि तान्याह। " भाव गयाइं सतरस मुणिणो ए अस्स छिति लिंगाइं। जाणि अ-

---

સામાન્ય વચન, અને ૪ અપવાદ એટલે વિશેષ વચન. તે બંનેમાં કુશળ ભાવાર્થ એવો છે કે, કેવલ ઉત્સર્ગને કે કેવલ અપવાદને અવલંબન કરતો નથી, પણ યથાયોગ પ્રમાણે ઉભયને અવલંબન કરનારો હોય છે. ૪ ભાવ એટલે વિધિ પૂર્વક ધર્મનું અનુષ્ટાન કરવામાં કુશળ. કહેવાની મતલબ એવી છે કે, બીજો કોઇ વિધિ પૂર્વક કરે તેને બહુ માન આપે, અને પોતે પણ સામગ્રી હોય, તો યથાશકિત વિધિ પૂર્વક ધર્માનુષ્ટાન કરવામાં પ્રવર્ત્તે. જો સામગ્રી ન મળે તો વિધિ પૂર્વક ધર્મારાધન કરવાના મનોરથ છોડી દે નહીં. ૫ વ્યવહાર એટલે ગીતાર્થે આચરેલ વ્યવહારમાં કુશળ. ભાવાર્થ એવો છે કે, દેશકાળ પ્રમુખની અપેક્ષાએ ઉત્સર્ગ તથા અપવાદને જાણનાર, ગુરૂ લાઘવના જ્ઞાનમાં નિપુણ એવા ગીતાર્થ પુરૂષોએ આચરેલા વ્યવહારને દૂષિત કરતો નથી. " એ પ્રવચન કુશળ ભાવ શ્રાવકના ૭ ભેદ મુનિઓએ કહેલા છે. તે તેના ૭ લિંગ ક્રિયાને અનુસરીને છે. " આ પ્રમાણુ ભાવ શ્રાવકના ક્રિયાને અનુસરી ૭ લિંગ કહેલાં છે.

હવે તેના ભાવને અનુસરીને લિંગ કહે છે— " ૭ પ્રકારના ભાવ શ્રાવકના ભાવને અનુસરીને સત્તર પ્રકારના લિંગ છે, એમ જિન મતના સારને જાણનારા પૂર્વાચાર્યો

जिणमयसारा पुव्वायरिआ जओ आहु " ११ इत्थिंदि अत्थ संसार ४ विसय ५ आरंभ ६ गेह ७ दंसणओ ८ गड्डुरिग्गइपवाहे ९ पुरस्सरं आगम पवित्ती १० ॥ १२ ॥ दाणा इजहा सत्ती पवत्तणं ११ विहि १२ ररत्त दुट्ठेअ १३ मज्झत्थ १४ मसबंधो १५ परत्थ कामो व भोगी अ १६ ॥ १३ ॥ वेसा इव गिहवासं पालइ १७ सत्तरस पय निबद्धं तु भावगयभाव सावग लक्खणमेअं समासेणं १४ आसां काचित् व्याख्या स्त्रियादि दर्शनांत पदाष्टकानां द्वंद्वे सप्तम्यर्थे तसिल् अयं भावः स्त्रीवशवर्त्ती न भवेत् १ इंद्रियाणि विषयेभ्यो निरुणद्धि २ नानर्थमूलेऽर्थे लुभ्यति ३ संसारे रतिं न करोति ४ विषयेषु न गृद्धिं कुर्यात् ५ तीव्रारंभं न करोति करोति चेदनिच्छन्नेव ६ गृहवासे पाशमिव मन्यमानो वसेत् ७ सम्यक्त्वान्न चलति ८ गुड्डरिक प्रवाहं त्यजति ९ आगम पुरस्सरं सर्वाः क्रियाः करोति १० यथाशक्ति दानादौ प्रवर्त्तते ११ विह्रीको निरवद्यक्रियां कुर्वाणो न लज्जते १२ संसारगत पदार्थेषु अर-

---

કહે છે." "इत्थिंदि" એ ત્રણ ગાથાનો વિશેષાર્થ આ પ્રમાણે છે—તેની કેટલીક વ્યાખ્યા આપે છે—સ્ત્રીથી તે દર્શન સુધી આઠ પદમાં દ્વંદ્વ સમાસ અને તાસિલ પ્રત્યય આવેલો છે. ભાવાર્થ એવો છે કે, ૧ સ્ત્રીને વશ ન થાય, ૨ વિષયમાંથી ઇંદ્રિયોને રૂંધે, ૩ અનર્થનું મૂલ જે દ્રવ્ય તેમાં લુબ્ધ ન થાય, ૪ સંસારમાં પ્રીતિ કરે નહીં, ૫ વિષયોમાં લોલુપ ન થાય, ૬ તીવ્ર આરંભ કરે નહીં, જો કરે તો ઇચ્છા વગર, ૭ ગૃહવાસને પાશાની જેમ માની તેમાં રહે, ૮ સમ્યકત્વથી ચલિત ન થાય, ૯ ગાડરીઓ પ્રવાહ છોડી દે, ૧૦ સર્વ ક્રિયાઓ શાસ્ત્ર પૂર્વક કરે, ૧૧ શકિત પ્રમાણે દાન વિગેરેમાં પ્રવર્ત્તે, ૧૨ નિર્દોષ ક્રિયા કરતાં લજ્જા પામે નહીં, ૧૩ સંસારના પદાર્થોમાં રાગ દ્વેષ રાખ્યા વગર રહે, ૧૪ ધર્માદિના સ્વરૂપના વિચારમાં મધ્યસ્થ રહે, 'મેં આ પક્ષ અંગીકાર કર્યો છે' એમ આગ્રહ રાખે નહીં, ૧૫ ધન તથા સ્વજન વિગેરેમાં સંબંધ રાખ્યા છતાં તે ક્ષણ ભંગુર છે, એમ માની જાણે સંબંધ ન હોય, તેવી રીતે વર્ત્તે, ૧૬ બીજાને અર્થે અથવા બીજાની દાક્ષિણ્યતાને લઇ પોતે ભોગ ઉપભોગ કરવામાં પ્રવર્ત્તે, પોતાના અતિ તીવ્ર

क्तद्विष्टो निवसति १३ धर्मादि स्वरूपविचारे मध्यस्थः स्यात् न तु भयायं पक्षोंऽगीकृत इत्यभिनिवेशी १४ धनस्वजनादिषु संबंद्धोऽपि क्षणभंगुरतां भावयन्नसंबद्ध इवास्ते १५ परार्थ अन्यजनदाक्षिण्यादिना भोगोपभोगेषु प्रवर्त्तते न तु स्वतीव्ररसेन १६ वेश्येव निराशंसो गृहवासं पालयतीति १७ कृतं प्रासंगिकलक्षण प्ररूपणया । ( ७९ )

अत्र च प्रतिपन्न सम्यक्त्वेनादित एव नियमपूर्वं तथा भ्यासः कार्यः यथोक्तं श्राद्धविधि वृत्तौ तथाहि पूर्वं तावन्मिथ्यात्वं त्याज्यं ततो नित्यं यथा शक्ति त्रिर्द्विः सकृद्वा जिन पूजा जिन दर्शनं संपूर्ण देव वंदनं चैत्यवंदना च कार्येति । एवं सामग्र्यां गुरौ वृह लघु वा वंदनं सामग्र्यभावे नाम ग्रहणेन वंदनं । नित्यं वर्षा चतुर्मास्यां पंचपर्वा दौ वा अष्ट प्रकारी पूजा यावज्जीवं नव्यान्न पक्वान्नफलादे र्देवस्य ढौकनं विना ग्रहणं । ( ८० ) नित्यं नैवेद्य पूजादे ढौकनं नित्यं चतुर्मासी त्रय वार्षिक

---

રસથી પ્રવર્તે નહીં, ૧૭ વેશ્યાની જેમ આશંસા રહિત થઇ ગૃહવાસ પાલે. આ પ્રમાણે ભાવ શ્રાવકનાં સત્તર લિંગ છે. પ્રસંગે આવેલાં લક્ષણુની પ્રરૂપણા ઘણી કરવામાં આવી, હવે વિશેષ કહેવાની જરૂર નથી. [ ૭૯ ]

આ પ્રમાણે સમ્યકત્વને પ્રાપ્ત કરનારા શ્રાવકે પ્રથમથીજ નિયમ પૂર્વક એવો અભ્યાસ કરવો કે જે અભ્યાસનો ક્રમ શ્રાદ્ધવિધિમાં કહેલો છે—તે આ પ્રમાણે—પ્રથમ શ્રાવકે મિથ્યાત્વનો ત્યાગ કરવો. પછી હમેશાં ત્રણ વાર, બે વાર અથવા એક વાર જિન પૂજા, જિન દર્શન, સંપૂર્ણ દેવ વંદન અને ચૈત્ય વંદન કરવાં. જો સામગ્રી મોટી હોય તો મોટું, અને થોડી હોય તો નાનું—વંદન કરવું. સામગ્રી ન હોય તો નામ ગ્રહણ કરી વંદન કરવું. હમેશાં વર્ષાના ચતુર્માસમાં કે, પાંચ પર્વણીમાં અષ્ટપ્રકારી પૂજા યાવજ્જિવિત કરવી. તેમાં નવીન અન્ન, પકવાન, તથા ફલ પ્રમુખ દેવને ધર્યા વિના પોતે ગ્રહણ કરવાં નહીં. ( ૮૦ ) હમેશાં નૈવેદ્ય સોપારી વિગેરે દેવને ધરવાં. નિત્યે ત્રણ ચાતુર્માસ તથા વાર્ષિક દીપોત્સવી વિગેરે અષ્ટમંગળ ધરવાં. હમેશાં પર્વ દિવસે અથવા

दीपोत्सवादौ वा छमंगल ढौकनं । नित्यं पर्वसु वा वर्ष मध्ये कियद्वारं वा खाद्य स्वाद्यादि सर्व वस्तूनां देवस्य गुरोश्च प्रदान पूर्व भोजनं । प्रति मासं प्रति वर्ष वा महाध्वज प्रदानादि विस्तरेण स्नात्र महापूजा रात्रिजागरणादि । नित्यं वर्षादौ कियद्वारं वा चैत्यशाला प्रमार्जनं समारचनादि । प्रति वर्षं प्रति मासं वा चैत्ये गरुत्क्षेपण दीपार्थ पुंभिका कियद्दीप घृत चंदनखंडादेः शालायां मुखवस्त्रजपमाला प्रोंछन कचरवलकाद्यर्थकियद्वस्त्रसूत्रकंबलोर्णादेश्च मो चनम् । वर्षासु श्राद्धादीना मुपवेशनार्थं कियत्पट्टिकादेः कारणं । प्रति वर्षं सूत्रादि नापि संघ पूजा कियत्साधर्मिवात्सल्यादि च । ( ८१ ) प्रत्यहं कियान् कायोत्सर्गः स्वाध्यायः त्रिशत्यादि गुणनं च । नित्यं दिवा नमस्कार सहिता दे रात्रौ दिवस चरमस्य च प्रत्याख्यानस्य करणंः द्विः सकृद्वा प्रतिक्रमणादि

---

वर्षने मध्य भागे केटलीक वार खाद्य, स्वाद्य विगेरे सर्व वस्तु देव अने गुरुने आप्या पछी पोते जमवी. प्रतिमास वा प्रतिवर्ष चैत्य उपर महा ध्वज चडाववो. अने विस्तारथी स्नात्र, महापूजा, अने रात्रि जागरण विगेरे करवां. हमेशां वर्षनी आदिमां अथवा केटलीक वार चैत्यशाळा सुधारवी अने समारवी. प्रतिवर्षे वा प्रति मासे चैत्यमां पींछा नाखवां, दीवा माटे पुंभडी, केटलुंक दीवानुं घी, चंदन खंड विगेरे राखवां. शालामां मुख वस्त्रिका ( मुहपत्ती ) जपमाला, पुंजणा, काजो काढवाने केटलाक वस्त्रना सूत्र, कांबल अने उण प्रमुख मुकवां. चोमासामां श्रावकादिकने बेसवा माटे केटलाक पाटला विगेरे कराववा. दरवर्षे सूत्रादिकथी संघपूजा अने केटलुंक साधर्मि वात्सल्य करवुं. ( ८१ ) हमेशां केटलोक कायोत्सर्ग, स्वाध्याय अने त्रण सो प्रमुख गणवा. हमेशां दिवसे नमस्कार सहित दिवसना छेल्ला पोहोरना पच्चखाणु करवां. बे वार अथवा एक वार प्रतिक्रमणु प्रमुख नियमथी करवुं.

अहीं शंका करे छे के, अविरत अवस्थामां विरतिना परिमाणुनो अभाव छे, अने प्रत्याख्यान तथा प्रतिक्रमणादि तो विरति धर्मनां कर्त्तव्य छे, तो तेनो अंगीकार करवाथी

चादौ नियमनीयानिः । नन्वेव मविरतावस्थायां विरति परिणामाभावे प्रत्याख्यान प्रतिक्रमणादि विरति धर्मस्य कर्त्तव्यत्वांगीकारे तात्त्विक गुण स्थानावस्था लुप्येत नहि तुर्यगुण स्थाने पंचम गुणस्थानादि क्रिया करणं युक्ति युक्तं अविरत सम्यग्दृष्टि गुणस्थान हानि प्रसक्तेः नापि च क्षयोपशमादि भावभाव्यानि गुणस्थानानि अस्मदादि बाह्यौदयिकभावोद्भूतक्रिया कृष्टान्यायांतीति चेत् मैवं शास्त्रार्थपरिज्ञानात् नहि तुर्यगुण स्थाने विरति क्रिया करणं शास्त्रे निषिद्धं किंतु परमार्थिकाध्यवसायरूपो विरति परिणामः सहिअसन्नपि विशुद्धव्रतग्रहणादि क्रियाकारिणां तन्माहात्म्यादेव तद्ग्रहणानंतरं जायते संश्च परिवर्द्धते ( ८२ ) न तु प्रतिपात शीलो भवति अतएव क्षायोपशमिकानि गुणस्थानानि नास्मदादि बाह्योदयिक क्रियाकृष्टा न्यायांतीति बुद्ध्या सम्यग् क्रियायां नो दासितव्यं प्रय-

---

તાત્વિક ગુણ સ્થાનની અવસ્થાનો લોપ થશે. કારણકે, ચોથા ગુણ સ્થાનમાં પાંચમા ગુણ સ્થાન વિગેરેની ક્રિયા કરવી યુક્ત નથી. કારણકે, તેથી અવિરત સમ્યગ્ દૃષ્ટિ ગુણ સ્થાનને હાનિ થવાનો પ્રસંગ આવે. વળી ક્ષાયોપશમાદિ ભાવથી ભાવવા યોગ્ય એવા ગુણ સ્થાનો અમારી બાહ્ય ઉદય ભાવથી ઉત્પન્ન થયેલી ક્રિયા વડે આકર્ષીને આવતા નથી. ?

આવી શંકા ન કરવી. કારણકે, શાસ્ત્રાર્થના જ્ઞાનને લીધે ચોથે ગુણ સ્થાને વિરતી ક્રિયા કરવાનો કાંઇ શાસ્ત્રમાં નિષેધ નથી. કિંતુ પરમાર્થિક અધ્યવસાયરૂપ વિરતિનો પરિણામ છે. તે પરિણામ અછતો છે, પણ શુદ્ધ વ્રતનું ગ્રહણ કરવા વિગેરે ક્રિયા કરનારાને તેના મહાત્મ્યથીજ તે ગ્રહણ કર્યા પછી થાય છે, અને થઇને વૃદ્ધિ પામે છે. ( ૮૨ ) કારણકે, તે પતન થવાના શીળવાળો નથી, અર્થાત્ પડતો નથી, પણ વધે છે. એથી ક્ષાયોપશિમ એવા ગુણ સ્થાન અમારી બાહ્ય ઉદયની ક્રિયાથી આકર્ષીને આવતા નથી. એવી બુદ્ધિ રાખીને સમ્યગ્ ક્રિયા કરવામાં ઉદાસીનતા રાખવી નહીં. પ્રયત્ન કરવાથી તેઓ પણ સુલભ થાય છે. કારણકે, ઉપેય વસ્તુ ઉપાયને આધીન છે. આ વિચાર અમા-

त्नेन तेषामपि सुलभत्वादुपायाधीनत्वा दुपेयस्य च न ( ८३ ) चैतत्स्वमनीषिका विजृंभितं यदाहुः श्री हरिभद्रसूरिवराः पंचाशक प्रकरणे सम्यक्त्वव्रतपरिणामस्थैर्यार्थं विधेयगतोपदेश प्रस्तावे ( ८४ )

" गहणादुवरिपयत्तो होइ असन्नोवि विरइ परिणामो ।
अकुसलकम्मोदयओ पडइ अवणाइं लिंगमिह ॥ १ ॥
तम्हा णिच्चसईए बहुमाणेणं च अहिगयगुणम्मी ।
पडिवक्ख दुगंछाए परिणइ आलो अणेणं च ॥ २ ॥
तित्थं करभत्तीए सुसा हुजण पज्जुवासणाए अ ।
उत्तर गुण सद्धाए एत्थसया होइ जइअव्वं ॥ ३ ॥
एवमसंतोवि इमो जायइ जाओ विपडइ न कयावि ।
ता इत्थं बुद्धिमया अपमाओ होइ कायव्वंति " ॥ ४ ॥

आसां व्याख्या—ग्रहणाद्गुरूमूले श्रुतधर्मेत्यादि विधिना सम्यक्त्व व्रतोपादानादुपरि उत्तरकाले प्रयत्नादुद्यमविशेषाद्धेतोर्भवति ( ८५ ) जायते असन्नपि कर्म दोषाद विद्यमानोऽपि संस्तु भूत एवेत्यपि शब्दार्थः कोऽ-

---

રી કેવલ બુદ્ધિના વિલાસથી નથી. ( ૮૩ ) તે વિષે શ્રી હરિભદ્ર સૂરિ પણ પંચાશક પ્રકરણમાં સમ્યકત્વ વ્રતના પરિણામની સ્થિરતા માટે વિધેય ગત ઉપદેશ પ્રસંગે આ પ્રમાણે કહે છે. ( ૮૪ ) ' गहणा ' ઇત્યાદિ ચાર ગાથાઓની વ્યાખ્યા આ પ્રમાણે છે—ગ્રહણ કરવાથી એટલે ' गुरूमूले श्रुतधर्म ' ઇત્યાદિ વિધિ વડે સમ્યકત્વ વ્રતનું ગ્રહણ કરવાથી ઉત્તર કાલે પ્રયત્ન કરવાને લીધે અછતો એટલે કર્મ દોષથી અવિદ્યમાન એવો પણ વિરતિ પરિણામ થાય છે. [ ૮૫ ]

જો છતો હોય, તો થયેલોજ છે—એમ अपि શબ્દનો અર્થ છે; તે વિરતિ પરિણામ એટલે શું ? પ્રાણાતિપાત વિગેરેને નિવૃત્ત કરવાનો પારમાર્થિક અધ્યવસાય, ઉપલક્ષ-

सावित्याह । विरति परिणामः प्राणातिपातादि निवर्त्तने पारमार्थिकाध्य-
वसायः उपलक्षणक्षणत्वात्सम्यक्त्वपरिग्रहणं सोपक्रमत्वाद्विरत्याद्याचारक
कर्मणां तथाविधप्रयत्नस्य च तदुपक्रमण स्वभावत्वादिति ( ८६ )
अथोक्त विपर्ययमाह अकुशलकर्मोदयतः अशुभ कर्मोपायादिकर्मानुभावात्
पतति सन्नपि व्रतग्रहणस्योपरि प्रयत्नं विना अपयाति विरतिपरिणाम
इति प्रकृतं तत्प्रतिपातश्च लिंगेनावसीयते तदेवाह । ( ८७ ) अवर्णो
व्रतानां व्रतदेशकानां वा अश्लाघा अवज्ञा वा अनादर आदिर्यस्य तद-
वर्णादि अवज्ञादिना आदिशब्दात्तद्रक्षणोपाया प्रवृत्त्यादि च लिंगं लक्षण-
मिह व्रतपरिणामपरिपात इति न च वाच्यं विनिर्गत परिणामाभावे कथं
व्रतग्रहणमित्युपरोधादिना तस्य संभवात् ( ८८ ) श्रयंते ह्यनंतानि द्रव्यतः
श्रमणत्वश्रावकत्वोपादानानीति प्रथमगाथार्थः । प्रस्तावितोपदेशमेवाह—

ણથી અહીં સમ્યકત્વનું ગ્રહણ કરવું. કારણ કે, તે વિરતિ પ્રમુખ આચાર કર્મના ઉપક્રમે સહિત છે, અને તેવા પ્રયત્નનો સ્વભાવ ઉપક્રમ કરવાનો છે. ( ૮૬ ) હવે તે કહેલામાં જે વિપરિત ભાવ છે, તે કહે છે—અશુભ કર્મના ઉપાય વિગેરે કર્મના અનુભાવથી તે વિરતિ પરિણામ છતો હોય, પણ પડે છે, એટલે વ્રત ગ્રહણ ઉપર પ્રયત્ન કર્યા વિના ચાલ્યો જાય છે, એ પ્રકૃત અને તેનું પતન જે લિંગથી જણાય છે, તે લિંગ કહે છે. ( ૮૭ ) અવર્ણ એટલે વ્રત તથા વ્રતના ઉપદેશકની નિંદા, અવજ્ઞા અથવા અનાદર. તે જેને આદિ છે, તે અવર્ણાદિ. આદિ શબ્દથી તેના રક્ષણના ઉપાય કરવામાં અપ્રવૃત્તિ વિગેરે લિંગ ગ્રહણ કરવાં. અહીં કોઇ કહે કે, વ્રતના પરિણામનો પરિપાત થાય, એ તેનું લક્ષણ છે, પણ તેમ કહેવું અયુક્ત છે. કારણ કે, વિગત પરિણામને અભાવે વ્રતનું ગ્રહણજ કેમ થાય ? એમ આગ્રહ વિગેરેથી તેનો સંભવ છે. [ ૮૮ ] દ્રવ્યથી સાધુપણા-ના અને શ્રાવકપણાના અનંત મૂળ કારણોનો આશ્રય કરે છે, એ પ્રથમ ગાથાનો અર્થ થયો.

હવે પ્રસ્તાવિક ઉપદેશ કહે છે—તે કારણ માટે એટલે " અસત્ એવો વિરતિ

तम्हागाहातित्थंकरगाहा—यस्मादसन्नपि विरति परिणामः प्रयत्नाज्जायते प्रयत्नं विना चा कुशलकर्मोदयात् सन्नपि प्रतिपतति तस्मात्कारणान्नित्य-स्मृत्या सार्वदिकस्मरणेन भगवति यतितव्यमिति । ( ८९ )

तथा बहुमानेन भावप्रतिबंधेन च शब्दः समुच्चये अधिकृतगुणेंऽगी-कृतगुणे सम्यक्त्काणुव्रतादाविदं पूर्वपदाभ्यामुत्तरपदेन च सह प्रत्येकं यो-ज्यते । तथा प्रतिपक्ष जुगुप्सया मिथ्यात्व प्राणिवधाद्युद्वेगेन तथा परिण-त्या लोचनेनाधिकृत गुणविपक्षभूता मिथ्यात्व प्राणाति पातादयो दारुण-फला अधिकृत गुणा वा सम्यक्त्काणु व्रतादयः परमार्थ हेतव एव ( ९० ) इत्येवं विपाकपर्या लोचनेन च शब्दः समुच्चय एव तथा तीर्थंकरभक्त्या परमगुरुविनयेन तथा सुसाधुजन पर्युपासनया भाव यतिलोक सेवया च शब्दः समुच्चये एव तथा उत्तर गुण श्रद्धया प्रधानतर गुणाभिलाषेण

---

પરિણામ પ્રયત્ન કર્યાથી થાય છે, અને પ્રયત્ન વિના અકુશળ કર્મનો ઉદય થાય, તો સત્ એવો પણ વિરતિ પરિણામ પડી જાય છે." તે કારણ માટે સર્વદા સ્મરણ કરવાથી શ્રી ભગવંતને વિષે યત્ન કરવો. તે યત્ન શેનાથી કરવો, તે કહે છે. [ ૮૯ ] બહુ માનથી એટલે ભાવથી. અહીં **च** શબ્દનો અર્થ ' અને ' એવો થાય છે. અંગીકાર કરેલા સમ્યક્ત્વ અણુવ્રત પ્રમુખ ગુણને વિષે યત્ન કરવો. ' પૂર્વનાં બે પદ અને ઉત્તર પદની સાથે પ્રત્યે-કમાં આનો સંબંધ જોડવો. ' પ્રતિ પક્ષની જુગુપ્સા એટલે મિથ્યાત્વ તથા પ્રાણીની હિંસા પ્રત્યે ઉદ્વેગ—તે વડે કરીને તથા પરીણામનો વિચાર કરીને એટલે " અંગીકાર કરેલા ગુણના પ્રતિપક્ષી એવા મિથ્યાત્વ તથા પ્રાણાતિપાત વિગેરે ભયંકર ફ્લ આપનારા છે, અ-ને અંગીકાર કરેલા સમ્યક્ત્વ તથા અણુવ્રત વિગેરે ગુણો પરમાર્થના હેતુ છે. " [ ૯૦ ] એમ પરીણામનો વિચાર કરીને તેને વિષે પ્રયત્ન કરવો. અહીં પણ **च** શબ્દ સમુચ્ચય અર્થમાં છે, તથા તીર્થંકરની ભકિતથી એટલે પરમ ગુરૂના વિનયથી તેમજ ઉત્તમ સાધુ જનની ઉપાસનાથી એટલે ભાવ યતિ લોકની સેવા કરવાથી તેમાં યત્ન કરવો. અહીં પણ **च** શબ્દ સમુચ્ચય અર્થમાં છે, તથા ઉત્તર ગુણની શ્રદ્ધાથી એટલે પ્રધાન ગુણના અભિ-

सम्यक्त्वे सति अणुव्रताभिलाषेण अणुव्रतेषु सत्सु महाव्रताभिलाषेणेति भावः ( ९१ )

વર્જવી, અને આરંભથી થયેલી હિંસાના પચ્ચખાણ કરવા અશકય છે, તેથી તેમાં યત્ન કરવો એમ જાણવું. તે વિષે સૂત્રમાં લખે છે કે, " શ્રમણોપાસકે સ્થૂળ પ્રાણાતિપાતના પચ્ચખાણ કરવાં. પ્રાણાતિપાત બે પ્રકારનો છે. સંકલ્પજ પ્રાણાતિપાત અને આરંભજ પ્રાણાતિપાત. તેમાં સંકલ્પજ પ્રાણાતિપાતને શ્રાવકે યાવજ્જીવિત વર્જવો, અને આરંભજ પ્રાણાતિપાતના પચ્ચખાણ કરવામાં યત્ન કરવો. " ( ૧૨૯ ) અહીં જોકે આરંભજ હિંસાના પચ્ચખાણ કર્યા ન હોય, તથાપિ શ્રાવકે ત્રસ વિગેરે જંતુઓથી રહિત સંખારો કરવા વિગેરે વિધિથી છિદ્ર વગરના મજબુત વસ્ત્રે ગાળેલું જળ વાપરવું, શુકા, અજીર્ણ, છિદ્ર વિનાનાં અને કીડાએ નહિ ખાધેલાં ઇંધણાં વાપરવાં. ધાન્ય, પકવાન્ન, સુખડી, શાક, સ્વાદિષ્ટ પત્ર, પુષ્પ તથા ફળ સડેલાં ન હોય તેવાં, અને અગર્ભિત વાપરવાં. તેમજ તે જળ વિગેરે સર્વ પરિમિત અને સારી રીતે શોધેલાં વાપરવાં. જો તેવાં ન વાપરે તો નિર્દયપણા વિગેરેથી શમ સંવેગાદિ લક્ષણ તથા સમ્યકત્વના પાંચ લક્ષણની અંદર રહેલા અનુકંપા—દયા કરવામાં બાધ આવે છે. [ ૧૩૦ ] તે વિષે કહ્યું છે કે—" શુદ્ધ

णयतहेव गहिआणय परिभोगो विहीइ तसरकणट्ठाएत्ति " विवेकः कार्यः एवं चात्र विशेषणत्रयेण श्रावकस्य सपाद विंशोपक प्रमित जीवदयात्मकं प्रायः प्रथममणु व्रतमिति सूचितं यत उक्तं "—

" जीवा थूला सुहुमा संकप्पारंभओ भवे दुविहा ।
सवराह निरवहासा विकूवाचेव निरक्खिका " ॥ १ ॥

अस्या व्याख्या—प्राणिवधो द्विविधः स्थूल सूक्ष्म जीवविषयभेदात् तत्र स्थूला द्वींद्रियादयः सूक्ष्माश्चात्रैकेंद्रियाः पृथिव्यादयः पंचापि बादराः न तु सूक्ष्मनामकर्मोदयवर्त्तिनः सर्वलोकव्यापिनस्तेषां वधाभावात् स्वयमायुः क्षयेणैव मरणात् । ( १३१ )

अत्र च साधूनां द्विविधादपि वधान्निवृत्तत्वाद्विंशति विंशोपका जीवदया गृहस्थानां तु स्थूलप्राणिवधान्निवृत्तिः नतु सूक्ष्मवधात् पृथ्वी जलादिषु सततमारंभप्रवृत्तत्वादिति दशविंशोपकरूपमर्द्धं गतं स्थूलप्राणिवधोऽपि

---

જળને ગળવું, ઇંધણને શુદ્ધ કરી લેવાં. " ઇત્યાદિ વિવેક કરવો. મૂલમાં આપેલાં એ ત્રણ વિશેષણોથી શ્રાવકને સવા વાસા જીવદયારૂપ પ્રથમ અણુવ્રત છે—એમ સૂચવ્યું છે. તે વિષે ' जीवाथूला ' ઇત્યાદિ ગાથામાં કહેલું છે. તે ગાથાની વ્યાખ્યા આ પ્રમાણે છે—સ્થૂલ જીવ વિષય અને સૂક્ષ્મ જીવ વિષય—એમ જીવ હિંસા બે પ્રકારની છે. સ્થૂલ જીવ તે બેઇંદ્રી પ્રમુખ, અને સૂક્ષ્મ જીવ અહીં એકેંદ્રિય પૃથ્વિ આદિ પાંચ બાદર જીવ લેવા. સૂક્ષ્મ નામ કર્મના ઉદયમાં વર્તનારા સર્વ લોક વ્યાપી જીવ લેવા નહીં. કારણકે, તેઓનો વધ થઇ શકતો નથી. આયુષ્યનો ક્ષય થતાંજ તેઓનું મરણ થાય છે. ( ૧૩૧ ) અહીં સાધુઓ તે બંને પ્રકારની જીવ હિંસામાંથી નિવૃત્ત રહે છે, તેથી તેઓને વિશ વસા જીવદયા હોય છે, અને ગૃહસ્થોને તો સ્થૂલ જીવ હિંસાથી નિવૃત્તિ છે. સૂક્ષ્મ જીવહિંસાથી નહીં. કારણકે, પૃથ્વી, જળ વિગેરેમાં સર્વદા તેમને આરંભ આરંભ પ્રવૃત્તિ થયા કરે છે. એથી તેમાંથી અર્ધા દશ વસા ઓછા થયા. સ્થૂલ જીવહિંસા સંકલ્પજા, અને આરંભજા

द्विधा संकल्पज आरंभजश्च तत्र संकल्पान्मारयाम्येनमिति मनःसंकल्परुपाद्यो जायते तस्माद्गृही निवृत्तो नत्वारंभजात् कृष्याद्यारंभे द्वींद्रियादि व्यापादनसंभवादन्यथा च शरीरकुटुंबनिर्वाहाद्यभावात् [ १३२ ] एवं पुनरर्द्धे गतंजाताः पंच विंशोपकाः संकल्पजोऽपि द्विधा सापराधविषयो निरपराधविषयश्च तत्र निरपराधविषयान्निवृत्तिः सापराधे तु गुरूलाघवचिंतनं यथागुरूरपराधो लघुर्वेति एवं पुनरर्द्धे गते सार्ध्धौ द्वौ विंशोपकौ जातौ निरपराधवधोऽपि द्विधा सापेक्षो निरपेक्षश्च तत्र निरपेक्षान्निवृत्तिः न तु सापेक्षात् निरपराधेऽपि वाह्यमानमहिषवृषहयादौ पाठादिप्रमत्तपुत्रादौ च सापेक्षतया वधबंधादिकरणात् ततः पुनरर्द्धे गते सपादो विंशोपकः स्थित इति [ १३३ ] इत्थं च देशतः प्राणिवधः श्रावकेन प्रत्याख्यातो

---

એમ બે પ્રકારની છે. સંકલ્પજા એટલે ' હું, અને મારૂં ' એવા મનના સંકલ્પથી થયેલી—તેવી હિંસામાંથી ગૃહસ્થ નિવૃત્ત થઇ શકે છે, પણ આરંભથી થયેલી હિંસામાંથી નિવૃત્ત થઇ શકતો નથી. કારણકે, કૃષિ વિગેરેના આરંભમાં બેઇંદ્રિય પ્રમુખ જીવની હિંસા થવાનો સંભવ છે; અને તે સિવાય શરીર તથા કુટુંબનો નિર્વાહ વિગેરે બની શકતાં નથી. [ ૧૩૨ ]

એથી કરીને તેમાં અર્ધ વસા ગયા, એટલે પાંચ વસા બાકી રહ્યા. સંકલ્પની હિંસા બે પ્રકારની છે. ૧ સાપરાધ વિષય, અને ૨ નિરપરાધ વિષય. તેમાં નિરપરાધ વિષયા હિંસામાંથી નિવૃત થવું. સાપરાધ વિષય હિંસામાં તો ગુરૂતા તથા લઘુતા ચિંતવવી. એટલે " આ અપરાધ ગુરૂ—ભારે છે કે લઘુ—હલકો છે " એમ ચિંતવવું, એથી અર્ધા વસા ગયા, એટલે અઢી વસા બાકી રહ્યા. નિરપરાધ વિષયા હિંસા બે પ્રકારની છે. સાપેક્ષ અને નિરપેક્ષ તેમાં નિરપેક્ષ નિરપરાધ હિંસામાંથી નિવૃત્ત થવું. સાપેક્ષ નિરપરાધ હિંસાથી નિવૃત્ત થવું નહીં. કારણ કે, જે પાડા, વૃષભ અને ઘોડા વિગેરે જોડવામાં આવે; તે, અને ભણવામાં પ્રમાદ કરનારા પુત્રાદિ તેઓ બંને નિરપરાધિ છતાં પણ સાપેક્ષપણા વડે તેમને વધ તથા બંધાદિ કરવામાં આવે છે, તેથી અર્ધા વસા ગયા, એટલે સવા વસો બાકી રહ્યો. [ ૧૩૩ ]

भवति प्राणिवधो हि त्रयश्चत्वारिंशदधिक शतद्वयविधः यतः—" भूजल जलणानि लवणछितिचउपंचिंदिएहिं नव जीवा मण वयण कायगुणिया हवंति ते सत्तवीसत्ति १ इक्कासीई ते करणकारणाणुमइताडिआहोइ तेचि अतिकालगुणिआ दुन्निसया हुंति ते आला २ इति तेषां मध्ये त्रैकालिक मनोवाक्कायकरण कद्वित्रिचतुः पंचेंद्रियविषयकहिंसाकरणकारणस्यैव प्रायः प्रत्याख्यानसंभवात् [ १३४ ] एतद्व्रतफलं चैवमाहुः—" जंआरुगामुदगामप्पडिहयं आणे सरत्तं फुडं रूवं अप्पडिरुवमुज्जलतरा कित्ती धणं जुवणं दीहं आउ अवंचणोपरि अणोपुत्ता सुपुत्तासयातं सव्वं सचराचरंमिविजए नूणं दयाएफलं १ एतदनंगीकारे च पंगुता कुणिता कुष्टादि महारोग वियोग शोकापूर्णायुर्दुःखदौर्गत्यादिफलं । यतः—

" पाणि वहे वट्टंता भमंति भिमासु गब्भवसहीसु ।
संसार मंडलगया नरयति रिरकासु जोणीसु " ॥ १ ॥

---

એવી રીતે શ્રાવકે દેશથી પ્રાણિ હિંસાના પચ્ચખ્ખાણ કરવા. તે પ્રાણી હિંસા સર્વ મળી બસોને ત્રેંતાલીશ પ્રકારની છે. તેના વિષે " भूजल " " इक्कासीई " એ બે ગાથા પ્રમાણભૂત છે. તે બસોને ત્રેંતાલીશ પ્રકારની જીવ હિંસામાંથી ત્રિકાલ મન, વચન અને કાયા વડે કરવું કરાવવું. તથા બેઇંદ્રી, ત્રેઇંદ્રી, ચઉઇંદ્રીય અને પંચેંદ્રિય વિષયા હિંસાનું કરવું તથા કરાવવું, તેવી હિંસાના પ્રત્યાખ્યાન કરી શકવાનો સંભવ છે [ ૧૩૪ ]

એ પહેલા અણુવ્રતનું ફલ કહે છે—" નિરોગી શરીર, અપ્રતિહત, આજ્ઞાની પ્રવૃત્તિ, ઉત્તમ રૂપ, ઉજ્વલ કીર્ત્તિ, ધન, યૌવન, દીર્ઘ આયુષ્ય, અવંચનપણું, ઉત્તમ પુત્રાદિ પરિવાર, અને સર્વ ચરાચર જગતમાં વિજય—એ પેલા અણુવ્રતનું ફલ છે. "

એ વ્રતનો અંગીકાર ન કરવાથી પંગુપણું, ઠુંઠાપણું, તથા કોઢ વિગેરે મહા રોગ, વિયોગ, શોક, અપૂર્ણ આયુષ્ય, દુઃખ અને નઠારી સ્થિતી વિગેરે નઠારાં ફળ થાય છે. કહ્યું છે કે, " જે પ્રાણીની હિંસા કરે, તે ભયંકર ગર્ભાવાસમાં ભમે છે, અને સં-

इत्युक्तमहिंसा व्रतं प्रथमं ॥ ( १३५ )

# अथ द्वितीयमणुव्रतं दर्शयति—

**द्वितीयं कन्या गोभूम्य लीकानि न्यास निह्नवः**
**कूटसाक्ष्यं चेति पंचासत्येभ्यो विरतिर्मतम् ॥ २५ ॥**

द्वंद्वांते श्रूयमाणा लीकशब्दस्य प्रत्येकं संयोजना त्कन्यालीकं गवालीकं भूम्यलीकं चेति तथा न्यासनिह्नवः कूटसाक्ष्यं चेति पंच पंचसंख्याकानि असत्यानि अर्थात्क्लष्टाशयसमुत्थत्वात्स्थूलासत्यानि तेभ्यो विरतिः विरमणं द्वितीयं अधिकारा दणुव्रतं मतं जिनैरिति शेषः । तत्र कन्याविषयमलीकं कन्यालीकं द्वेषादिभिरविषकन्यां विषकन्यां विषकन्यामविषक-

---

સાર મંડળમાં રહી, નારકી અને તિર્યંચની યોનિમાં પડે છે. " એ પ્રથમ અહિંસા વૃત [ અણુવૃત ] કહ્યું. ( ૧૩૫ )

## હવે બીજું અણુવ્રત કહે છે.

**" કન્યા, ગાય, ભુમિ સંબંધી અસત્ય, થાપણ ઓલવવી, અને કુડી સાક્ષી પુરવી—એ પાંચ પ્રકારના અસત્યમાંથી વિરામ પામવું; તે બીજું અણુવ્રત કહેવાય છે. " ૨૫**

દ્વંદ્વ સમાસના નિયમ પ્રમાણે **અલીક**—અસત્યને પ્રત્યેકની સાથે જોડવો, એટલે કન્યાલીક ( કન્યા સત્ય ) ગવાલિક, અને ભૂમ્યલીક એમ લેવું. ન્યાસ—થાપણને ઓલવવી, અને ખોટી સાક્ષી પુરવી, એ પાંચ અસત્ય છે. કલેશવાળા આશયથી ઉત્પન્ન થએલા હોવાથી તેઓ સ્થૂળ અસત્ય સમજવા. તેઓથી વિરામ પામવું, તે બીજું. અધિકારથી બીજું અણુવૃત શ્રી જિન ભગવંતે કહેલું છે.

કન્યાલીક એટલે કન્યા સંબંધી અસત્ય. દ્વેષાદિકથી વિષ કન્યા ન હોય તેને વિષ કન્યા કહે, અને વિષ કન્યા હોય તેને અવિષ કન્યા કહે. સુશીલા હોય તેને દુઃશીલા

न्यां वा सुशीलां वा दुःशीलां दुःशीलां वा सुशीला मित्यादि वदतो भवति इदं च सर्वस्य कुमारादि द्विपद विषयस्यालीकस्योपलक्षणं १ ( १३६ ) गवालीकं अल्पक्षीरां बहुक्षीरां बहुक्षीरां वाल्पक्षीरां इत्यादि वदत इदमपि सर्वं चतुष्पद विषयालीकस्योपलक्षणं २ भूम्यलीकं परसक्ता मप्यात्मादि-सक्ता मात्मादिसक्तां वा परसक्तां ऊषरं वा क्षेत्र मनूषरं अनूषरं चोषरं इत्यादि वदतः इदं चाशेषापद द्रव्यविषयालीक स्योपलक्षणं यदाह—

" कण्णा गहणं दुपयाणसूअगं च उपयाण गोवयणं ।
अपयाणं दव्वाणं सव्वाणं भूमिवयणं तु " ॥ १ ॥ ( १३७ )

ननु यद्येवं तर्हि द्विपद चतुष्पदा पदग्रहणं सर्व संग्राहकं कुतो न कृतं सत्यं कन्याद्यलीकानां लोकेऽतिगर्हि तत्वेन रूढत्वाद्विशेषेण वर्जनार्थं

---

કહે, અને દુઃશીલા હોય તેને સુશીલા કહે—તે કન્યાલીક કહેવાય છે. આ અસત્યની અંદર કુમાર વિગેરે દ્વિપદ ( બે પગા ) સંબંધી અસત્ય સમજી લેવા ( ૧૩૬ )

ગવાલીક એટલે ગાય સંબંધી અસત્ય. ગાય અલ્પ દૂધવાળી હોય તેને બહુ દૂધવાળી કહે, અને બહુ દૂધવાળી હોય તેને અલ્પ દૂધવાળી કહે. તે **ગવાલીક** કહેવાય છે. આ અસત્યની અંદર સર્વ જાતનાં ચોપગાં પ્રાણી સંબંધી અસત્ય સમજી લેવું.

ભૂમિ સંબંધી અસત્ય. જેમ કે પારકી ભૂમિને પોતાની કહેવી, અને પોતાની હોય તેને પારકી કહેવી. તેમજ ખારવાળા ક્ષેત્રને ખાર વિનાનું, અને ખાર વિનાના ક્ષેત્રને ખારવાળું કહેવું, તે ભૂમિ સંબંધી અસત્ય કહેવાય છે. આ અસત્યની અંદર બધી જાતનાં અપદ દ્રવ્ય સંબંધી અસત્ય સમજી લેવા. કહ્યું છે કે, " ભૂમિ સંબંધી અસત્યમાં દ્વિપદ, ચતુષ્પદ અને અપદ—એ સર્વ દ્રવ્ય સંબંધી અસત્ય આવી જાય છે. " [ ૧૩૭ ]

અહીં શંકા કરે છે કે, જો ભૂમિ અસત્યની અંદર સર્વનો સમાવેશ હોય તો, દ્વિપદ, ચતુષ્પદ અને અપદ એ સર્વનું ગ્રહણ થાય તેવું એકજ પદ કેમ ન મુક્યું ?

मुदादानं कन्यालीकादौ च भोगांतराय द्वेषवृद्ध्यादयो दोषाः स्फुटा एव यत आवश्यक चूर्णौ—" सुवासा एके दोसा अकज्जं तेवाके गुणा तत्थ दोसा कणगं चेव अकण्ण भंगणंतो भोगंतराय दोसा पदुट्ठा वा आतघातं करेज्ज कारवेज्ज ( १३८ ) वा एवं सेसेसु भाणि अव्वा " इत्यादि तथा न्यस्यते रक्षणायान्यस्मै समर्प्यते इति न्यासः सुवर्णादिस्तस्य निह्नवोऽपलापः तद्वचन स्थूल मृषावादः इदं चाने नैव विशेषेण पूर्वालीकेभ्यो भेदेनोपात्त अस्य चा दत्तादाने सत्यपि वचनस्यैव प्राधान्यविचक्षणान्मृषावादत्वं ४ ( १३९ ) कूट साक्ष्यं लभ्यदेय विषये प्रमाणीकृतस्य उत्कोचमत्सरादिना कूटं वदतः यथाह मत्रसाक्षीति अस्य च परकीय पाप समर्थकत्व लक्षण विशेष माश्रित्य पूर्वेभ्यो भेदेनोपन्यासः

---

સત્ય છે, પણ તેના સમાધાનમાં કહેવાનું કે, કન્યા અસત્ય વિગેરે લોકમાં અતિ નિંદિતરૂપે પ્રસિદ્ધ છે, તેથી તે વિશેષપણે વર્જ કરવા એમ બતાવવા તેનું ગ્રહણ જુદું જુદું કરેલું છે. કન્યા અસત્ય વિગેરેમાં ભોગાંતરાય, દ્વેષની વૃદ્ધિ વિગેરે દોષ સ્પુટ રીતે જોવામાં આવે છે. તે વિષે આવશ્યક ચૂર્ણીમાં કહેલું છે કે, " કન્યાલીક એ અકાર્યની અંદર ગુણ નથી, પણ દોષ છે. તેમાં ભોગાંતરાયથી દ્વેષ થાય છે, અને તે દ્વેષથી આઘાત કરે, અથવા કરાવે. " ( ૧૩૮ )

રક્ષણ કરવા માટે બીજાને ઘેર સ્થાપન કરે તે ન્યાસ એટલે થાપણ કહેવાય. તે સુવર્ણ વિગેરેની થાપણનો નિહ્નવ કરવો, એટલે તેને ઓલવવી તે ન્યાસ નિહ્નવ—અસત્ય કહેવાય છે. આ વચનનો સ્થૂલમૃષાવાદ છે. આ વિશેષણ આપી પૂર્વના અસત્યમાંથી તેનો ભેદ પાડયો છે. જો કે, તેનો સમાવેશ અદત્તાદાનમાં આવી જાય, પણ અહીં થાપણ ઓલવવામાં વચનનીજ પ્રધાનતા રહેલી હોય, તેથી તે મૃષાવાદમાં આવે છે ( ૧૩૯ )

કૂટ સાક્ષ્ય એટલે કુડી શાખ પુરવી, લેણા દેણાની બાબતમાં પ્રમાણ કરેલો પુરૂષ લાંચ કે દ્વેષ વિગેરેથી ખોટું બોલે કે " હું તેમાં સાક્ષી છું " આ અસત્યનો

५ इति अत्रायं भावार्थः मृषावादः क्रोध मान माया लोभ त्रिविध रागद्वेष हास्य भय व्रीडा क्रीडा रत्यरति दाक्षिण्य मौखर्य विषादादिभिः संभवति। पीडा हेतुश्च सत्यवादोऽपि मृषावादः सद्भ्यो हितं सत्यमिति व्युत्पत्त्या परपीडा करमसत्यमेव। ( १४० ) यतः—

" अलिअं न भासिअव्वं अत्थि हु सच्चंपिजं न वत्तव्वं।
सच्चंपिनं त सच्चं जं परपीडाकरं वयणं " ॥ १ ॥

सच द्विविधः स्थूलः सूक्ष्मश्च तत्र परिस्थूलवस्तुविषयोऽतिदुष्टविवक्षासमुद्भवश्च स्थूलः तद्विपरीतः सूक्ष्मः। आह हि—

" दुविहो अ मुसावाओ सुहुमो थूलो अतत्थ इह सुहमो। ( १४१ )
परिहासाइप्पभवो थूलो पुण तिव्वसंकेसा " ॥ १ ॥

श्रावकेण सूक्ष्ममृषावादे यतमानेन स्थूलस्तु परिहार्य एव। तथा

---

પૂર્વમાં સમાવેશ થાત, પણ પારકા પાપને સમર્થ કરવારૂપ વિશેષ બાબત અહીં આવે છે, તેથી તેનો જુદો ભેદ કહેલો છે. અહીં ભાવાર્થ એવો સમજવો કે, ક્રોધ, માન, માયા, લોભ, ત્રણ પ્રકારના રાગ, દ્વેષ, હાસ્ય, ભય, લજ્જા, ક્રીડા, રતિ, અરતિ, દાક્ષિણ્ય, અતિ બકવાદ અને ખેદ વિગેરેને લઇને મૃષાવાદ કરવો સંભવ છે. સત્યવાદ કદિ પીડાનો હેતુરૂપ હોય, તો તે પણ મૃષાવાદ ગણાય છે. કારણ કે, સત્ જનને હિતકારી તે **સત્ય** એવી તેની વ્યુત્પત્તિ થાય છે, તેથી જે પરને પીડાકારી હોય, તે અસત્યજ છે. [ १४० ] કહ્યું છે કે, " કદિ સત્ય હોય, પણ જો તે પીડાકારી અલીક—ખોટું હોય, તો તે બોલવું નહીં. જે બીજાને પીડાકારી હોય, તે સત્ય હોય, તોપણ અસત્ય છે. " તે મૃષાવાદ બે પ્રકારનો છે. ૧ સ્થૂળ મૃષાવાદ અને ૨ સૂક્ષ્મ મૃષાવાદ. તેમાં સ્થૂળ વસ્તુ સંબંધી અતિ દુષ્ટ વચન કહેવાની ઇચ્છાથી થયેલો મૃષાવાદ તે સ્થૂળ મૃષાવાદ, અને તેથી વિપરીત ( ઉલટો ) તે સૂક્ષ્મ મૃષાવાદ કહેવાય છે. ( ૧૪૧ ) કહ્યું છે કે, " મૃષાવાદ સ્થૂળ અને સૂક્ષ્મ એવા બે પ્રકારનો છે. હાસ્ય—મશ્કરી કરવાથી જે ઉત્પન્ન થાય, તે સૂક્ષ્મ મૃષાવાદ, અને તીવ્ર સંકલેશથી જે થાય, તે સ્થૂળ મૃષાવાદ " સૂક્ષ્મ મૃષાવાદનો ત્યાગ

चावश्यकसूत्रं—“ थूलगमुसावादं समणोवास उ पच्चक्खाइसे अ मुसावाए पंचविहे पण्णत्ते तंजहा—कणालिए १ गवालिए २ भोमालिए ३ णासावहारे ४ कूडसरकेय ५ [ १४२ ] इति तच्चूर्णावपि जेण भासिएण अप्पणो परस्स वा अतीववाघाओ अइसंकिलेसो अजायते तं अद्ठा एवाणद्ठा एवाणव एज्जत्ति ” ॥ एतच्चासत्यं चतुर्धा—भूतनिह्नवः १ अभूतोद्भावनं २ अर्थांतरं ३ गर्हा च ४ तत्र भूतनिह्नवो यथा—नास्त्यात्मा नास्ति पुण्यं नास्ति पापमित्यादि १ अभूतोद्भावनं यथा—आत्मा श्यामाकतंदुलमात्रः अथवा सर्वगत आत्मेत्यादि २ ( १४३ ) अर्थांतरं यथा गामश्वमभिवदतः ३ गर्हा तु त्रिधा एका सावद्यव्यापारप्रवर्त्तिनी यथा क्षेत्रं कृषेत्यादि १ । द्वितीया अप्रिया काणं काणं वदतः २ तृतीया आक्रोशरुपा यथा अरे बांधकिनेय ३ इत्यादि । एतद्व्रतफलं विश्वास यशः स्वार्थ

---

કરવા યત્ન કરતાં એવા શ્રાવકે સ્થૂળ મૃષાવાદનો તો અવશ્ય ત્યાગ કરવો જોઇએ. તે વિષે આવસ્યક સૂત્રમાં લખે છે કે, “ શ્રમણોપાસક—શ્રાવકે સ્થૂળ મૃષાવાદના પચ્ચખાણ કરવા, તે મૃષાવાદ પાંચ પ્રકારનો છે. ૧ કન્યાલીક, ૨ ગવાલીક, ૩ ભૂમ્યલીક, ૪ ન્યાસાપહાર અને ૫ કુટ સાક્ષી. તેની ચૂર્ણીમાં પણ લખે છે કે, જે ભાષણ કરવાથી પોતાને અથવા બીજાને વ્યાઘાત અને કલેશ થાય, તેવાં ભાષણનો ત્યાગ કરવો. ( ૧૪૨ )

એ અસત્યના ચાર પ્રકાર છે— ૧ ભૂત નિહ્નવ, ૨ અભૂતોદ્ભાવન, ૩ અર્થાતર અને ૪ ગર્હા. આત્મા નથી, પુણ્ય નથી, પાપ નથી ઇત્યાદિ કહેવું, તે **ભુત નિહ્નવ** કહેવાય છે.

“ આ આત્મા શ્યામાના અને ચોખાના દાણા જેટલો છે, અથવા આત્મા સર્વગત—સર્વવ્યાપક છે ” એમ કહેવું, તે **અભુતોદ્ભાવન** કહેવાય છે. ( ૧૪૩ )

ગાયને અશ્વ કહેવો, તે અર્થાતર નામે અસત્ય કહેવાય છે.

ગર્હા ત્રણ પ્રકારની છે. સાવદ્ય વ્યાપારને પ્રવર્ત્તાવે તે પહેલી ગર્હા. જેમ કે, “ ક્ષેત્રમાં ખેતી કર. એમ કહે. બીજી **અપ્રિયા** નામે ગર્હા—જેમાં કાણો હોય તેને કાણો કહેવો તે. ત્રીજી **આક્રોશરૂપ** ગર્હા—જેમકે, “ અરે નીચ રાંડના પુત્ર ” એમ

सिद्धिप्रियादेयामोघवचनतादि यथा—

" सव्वाउमंतजोगा सिज्झंति धम्म अत्थ कामाय ।
सच्चेण परिगाहि आरोगा सोगाय नस्संति ॥ १ ॥
सच्चं जसस्स मूलं सच्चं विस्सास कारणं परमं ।
सग्गद्दारं सच्चं सिद्धिइ सोपाणं " ॥ २ ॥ ( १४४ ॥

एतदग्रहणेऽतिचरणे च वैपरीत्येन फलं—

" जं जं वच्चइ जाइं अप्पिअवाई तहिं तहिं होइ ।
न सुणइ सुहेसुसद्दे सुणइ असो अव्वए सद्दे ॥ १ ॥
दुग्गंधो पूइमुहो अणिट्ठवयणो अ फरुसवयणो अ ।
जणएडमूअमम्मण अलिअ वयण जंपणे दोसो ॥ २ ॥
इहलोए च्चिअजीवा जीहाच्छेअं वहं च बंधं वा ।
अयसंधणनासं वा पावंती अलिअ वयणाओ ॥ ३ ॥

इत्यादि उक्तं द्वितीयमणुव्रतं । ( १४५ )

---

કહેવું. આ બીજા અણુવ્રતનું ફળ એવું છે કે, તેથી વિશ્વાસ, યશ, સ્વાર્થ, સિદ્ધિ, પ્રિય, ગ્રાહ્ય અને અમોઘ વચન વિગેરે પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે, " સત્યથી સર્વ જાતના યોગ સિદ્ધ થાય છે, સત્યથી ધર્મ અર્થ અને કામ સધાય છે, અને સત્યથી રોગ અને શોક નાશ પામે છે. યશનું મૂળ સત્ય છે, વિશ્વાસનું પરમ કારણ સત્ય છે, સ્વર્ગનું દ્વાર સત્ય છે, અને સિદ્ધિની નીસરણી સત્ય છે. " ( ૧૪૪ ) એ વ્રત ન ગ્રહણ કરવાથી, અને તેનો અતિચાર કરવાથી વિપરીત ફળ થાય છે—જેમ કે, " અસત્ય વચન બોલવાથી પ્રાણી આ લોકમાં નિંદાય છે. જેમ જેમ માણસ જાતિ રહિત હલકાં વચન બોલે છે, તેમ તેમ તે અપ્રિયવાદી થાય છે. તે સારા શબ્દ સાંભળતો નથી. તે શોકદાયક શબ્દ સાંભળે છે. અસત્ય બોલવાથી દુર્ગંધ, તથા પૂતિગંધવાળો, અનિષ્ટ વચન બોલનારો, અને કઠોર વચની થાય છે. માણસ બેરો, મુંગો અને બોબડો થાય છે. અલીક વચન બોલવાથી માણસ આ લોકમાં જીભનો ચ્છેદ, બંધ, અપયશ અને દ્રવ્યનો નાશ પ્રાપ્ત કરે છે. „ એ બીજું અણુવ્રત કહ્યું. ( ૧૪૫ )

# अथ तृतीयमणुव्रतमाह ।

परस्वग्रहणाच्चौर्य व्यपदेश निबंधनात् ।
या निवृत्ति स्तृतीयं तत्प्रोचे सार्वैरणुव्रतम् ॥ २६ ॥

परस्य अन्यस्य स्वं द्रव्यं तस्य ग्रहणमादानं सस्मात्कीदृशात् चौर्येति चोर्य चोरिका तस्य व्यपदेशो व्यवहारस्तस्य निबंधनं निमित्तं तस्मात् येन कृतेनायं चोर इति व्यपदिश्यते इति भावः तस्मात् या निवृत्तिः विरतिः तत्तृतीयं अणुव्रतं सार्वैरर्हद्भिः प्रोचे प्रोक्तं इत्यक्षरार्थः ( १४६ ) भावार्थस्त्वयं अदत्तं चतुर्धा यदाहुः—

" सामीजीवादत्तं तित्थयरेणं तहेवय गुरूहिं ।
ए अमदत्तसरूवं परूविअं आगम धरेहिं ॥ १ ॥

यद्वस्तु कनकादिकं स्वामिना अदत्तं तत्स्वाम्यदत्तं १ यत्फलादि सचित्तं स्वकीयंभिनत्ति तज्जीवादत्तं यतस्तेन फलादिजीवेन न निजप्रा-

---

## હવે ત્રીજું અણુવ્રત કહે છે.

**" ચોરીના વ્યવહારના નિમિત્તરૂપ પારકું દ્રવ્ય લેવાથી જે નિવૃત્તિ તે શ્રી સર્વજ્ઞ તીર્થંકરો ત્રીજું અણુવ્રત કહે છે. "**

બીજાનું દ્રવ્ય લેવું કે જે ચોરીના વ્યવહારનું નિમિત્ત થાય છે. ભાવાર્થ એવો છે કે, જે કરવાથી ' આ ચોર છે ' એવો વ્યવહાર કરવામાં આવે છે, તેનાથી જે વિરામ પામવું, તેને સર્વજ્ઞ ભગવંત ત્રીજું અણુવ્રત કહે છે, એ અક્ષરાર્થ થયો. ( ૧૪૬ ) ભાવાર્થ આ પ્રમાણે છે—અદત્ત ચાર પ્રકારનું કહેવાય છે—કહ્યું છે કે, " સ્વામ્યદત્ત, જીવાદત્ત, તીર્થંકરાદત્ત, અને ગુર્વદત્ત એ ચાર પ્રકારે શાસ્ત્રકારોએ અદત્ત કહેલું છે. " જે સુવર્ણ વિગેરે વસ્તુ સ્વામીએ અદત્ત હોય તે **૧ સ્વામ્યદત્ત.** જે સચિત્ત ફલાદિ પોતાનું ભેદે તે **જીવાદત્ત.** કારણકે, તે ફલાદિકના જીવે કાંઇ પોતાના પ્રાણ તેને આપ્યા નથી, તેથી તે **જીવાદત્ત** કહેવાય છે. ગૃહસ્થે અપેલું આધાકર્માદિ જે તીર્થંકરની આજ્ઞા

णास्तस्य दत्ताः २ गृहस्थेने दत्तमाधाकर्मादिकं तीर्थकरानज्ञातत्वात्साधो स्तीर्थकरादत्तं एवं श्राद्धस्य प्रासुकमनंत कायाभक्ष्यादि तीर्थकरादत्तं ३ सर्व दोष मुक्तमपि यद्गुरू न निमंत्र्य भुज्यते तद्गुर्वदत्तं ४ अत्र स्वाम्यदत्तेनाधिकारः ( १४७ ) तच्च द्विविधं स्थूलं सूक्ष्मं च तत्र परि-स्थूल विषयं चौरव्यपदेशकारणत्वेन निषिद्धमिति दुष्टाध्यवसाय पूर्वकं स्थूलं चौर्यबुध्ध्या क्षेत्रखलादावल्पस्यापि ग्रहणं स्थूलमेवादत्तादानं तद्विप-रीतं सूक्ष्मं स्वामिन मननुज्ञाप्य तृणलेष्ट्वादिग्रहणरूपं तत्र श्राद्धस्य सूक्ष्मे यतना कर्त्तव्या स्थूलात्तु निवृत्तिः । ( १४८ ) यतः सूत्रं—" स्थूल-गादत्तादाणं समणोवासओ पच्चक्खाइसे अ अदत्तादाणे दुविहे पण्णत्ते तं सचित्तादत्तादाणे अचित्तादत्तादाणे अत्ति । एतद्व्रतस्य च फलं-सर्व जनविश्वास साधुवाद समृद्धिवृद्धि स्थैर्यैश्वर्यस्वर्गादि । यदवादि—

---

નથી, તે સાધુને **તીર્થંકરાદત્ત** કહેવાય છે. અને જે અપ્રાસુક અનંતકાય અભક્ષ્યાદિ છે, તે શ્રાવકને તીર્થંકરાદત્ત કહેવાય છે. જે ભોજ્યાદિ પદાર્થ સર્વ દોષથી રહિત હોય પણ ગુરૂની રજા વગર ઉપયોગ કરે તે **ગુર્વદત્ત** કહેવાય છે. અહીંઆ સ્વામ્યદત્તનો અધિકાર છે. ( ૧૪૭ ) તે અદત્ત સ્થૂલ અને સૂક્ષ્મ એવા બે પ્રકારનું છે. તેમાં સ્થૂલ વિષય અદત્ત ચોરના વ્યપ દેશનું કારણ હોવાથી નિષિદ્ધ છે. દુષ્ટ અધ્યવસાય પૂર્વક સ્થૂલ ચોરી કરવાની બુદ્ધિ વડે ક્ષેત્ર તથા ખળાં વિગેરેમાંથી અલ્પ વસ્તુ લેવી તે સ્થૂલ અદત્તાદાન કહેવાય, તેથી વિપરીત તે સૂક્ષ્મ અદત્તાદાન. ધણીની આજ્ઞા સિવાય ઘાસ તથા ઢેંખાલા વિગેરે વસ્તુ લેવી, તે સૂક્ષ્મ અદત્તાદાન કહેવાય છે. તેમાં શ્રાવકે સૂક્ષ્મ અદત્તાદાન રાખવામાં યતના કરવી, અને સ્થૂલ અદત્તાદાન આચરવાથી નિવૃત્ત થવું. ( ૧૪૮ ) તે વિષે સૂત્રમાં લખે છે કે, " શ્રમણોપાસક શ્રાવકે સ્થૂલ અદત્તાદાનના પચ્ચખાણ કરવા. અદત્તાદાન બે પ્રકારનું છે. સચિત્તઅદત્તાદાન અને અચિત્તઅદત્તાદાન. " આ ત્રીજા અણુવ્રતનું ફળ સર્વ જનનો વિશ્વાસ, સાધુવાદ, [ સાબાશી ] સમૃદ્ધિ, વૃદ્ધિ, સ્થિરતા, ઐશ્વર્ય, અને સ્વર્ગાદિની પ્રાપ્તિ છે. કહ્યું છે કે, " ક્ષેત્ર, ખળું, અરણ્ય અને બીજા સ્થાનમાં અર્થનો વિનાશ ન થાય—એ અદત્તાદાન નહીં કરવાનું ફળ છે. ગામ,

" खित्ते खले अरण्णे दिआय राओवसत्थघाएवा ।
अत्थोसेन विणस्सइ अचोरिआएफलं एअं ॥ १ ॥
गामागरनगराणां दोण मुह मडंब पट्टणाणं च ।
सुइं हवंति सामी अ चोरिआए फलं एअं " ॥ २ ॥

एतद्व्रतानुपादाने च मालिन्योत्पादने च दौर्भाग्य दास्यांगच्छेद दारिद्र्यादि । ( १४९ ) उक्तमपि—

" इह चेव खरारोहण गरिहाधिक्कार मरण पज्जंतं ।
दुक्खं तक्कर पुरिसा लहंति नरयं परभवंमि ॥ १ ॥
नरयाओ उव्वट्टाके वट्टाकुंट मंटवहिरंधा ।
चोरिक्कवसणनिहया हुंति नरा भवसहस्सेसु " ॥ २ ॥

इति प्रतिपादितं तृतीयमणुव्रतम् । ( १५० )

## अथ चतुर्थं तदाह ।

**स्वकीय दार संतोषो वर्ज्जनं वान्ययोषिताम् ।**
**श्रमणोपासकानां तच्चतुर्थाणुव्रतं मतम् ॥ २८ ॥**

---

આકર—ખીણ, નગર ખેડુતોના ગામ, નેહડા અને વાટણનો સ્વામી થાય, તે અદત્તાદાન ન કરવાનું ફળ છે. એ વ્રત નહીં લેવાથી અથવા તે લઇને તેની અંદર મલિનતા કરવાથી દુર્ભાગ્ય, દાસપણું, અંગનો છેદ અને દારિદ્ર વિગેરે ફળ થાય છે. ( ૧૪૯ ) કહ્યું છે કે, " આ લોકમાં ગધેડા ઉપર બેસવાનું, નિંદા, ધિક્કાર અને મૃત્યુ પર્યંતનું દુઃખ તસ્કર લોકો પ્રાપ્ત કરે છે, અને પરલોકમાં નરકે જાય છે. " ચોરીના વ્યસનથી હણાયેલા પુરૂષો હજારો ભવમાં નારકી, અપંગ, લુલા, બેરા, અને આંધળા થાય છે. એવી રીતે ત્રીજું અણુવ્રત કહેલું છે. ( ૧૫૦ )

### હવે ચોથું અણુવ્રત કહે છે.

**" પોતાની સ્ત્રીમાં સંતોષ, અથવા પરસ્ત્રીનો ત્યાગ તે શ્રાવકોને ચોથું અણુવ્રત કહેવાય છે. "**

स्वकीय दाराः स्वकलत्राणि तैस्तेषु वा संतोषः तन्मात्र निष्ठता वाथवा अन्ययोषितां परकीय कलत्राणां वर्जनं त्यागः अन्येषा मात्म व्यतिरिक्तानां मनुष्याणां देवानां तिरश्चां च योषितः परिणीत संगृहीत भेद भिन्नानि कलत्राणि तेषां वर्जनमित्यर्थः । ( १५१ ) यद्यप्य परिगृहीता देव्यस्तिरश्च्य श्च काश्चित्संगृहीतुः परिणेतु श्च कस्यचिदभावाद्वेश्या कल्पा एव भवंति तथापि प्रायः परजातीय भोग्यत्वा त्परदारा एवता इति वर्जनीयाः तत्स्वदार संतोषः अन्ययोषिद्वर्जनं वा श्रमणोपासकानां श्रावकाणां संबंधि चतुर्थाणुव्रतं मतं प्रतिपादितं जिनवरै रित्यन्वयः ( १५२ ) इयमत्र भावना मैथुनं द्विविधं सूक्ष्मं स्थूलं च तत्र कामोदयेन यदिंद्रियाणा मीषद्विकारस्तत्सूक्ष्मं मनोवाक्कायै रौदारिकादि स्त्रीणां यः संभोगस्तत्स्थूलं ( १५३ ) अथवा मैथुन विरतिरुपं ब्रह्मचर्यं द्विधा सर्वतो देशतश्च तत्र सर्वथा सर्वस्त्रीणां मनोवाक्कायैः संगत्यागः सर्वतो ब्रह्मचर्यं तच्चाष्टादशधा-यतो योगशास्त्रे—

પોતાની સ્ત્રીઓમાં સંતોષ એટલે માત્ર તેની ઉપરજ નિષ્ઠા રાખવી તે, અથવા પારકી સ્ત્રીઓનો ત્યાગ કરવો. પારકી એટલે પોતાના સિવાયની મનુષ્ય, દેવ, અને તીર્યંચની સ્ત્રીઓ એટલે પરણેલી, તથા સંગ્રહીત એવા ભેદવાળી સ્ત્રીઓનો ત્યાગ કરવો. [ ૧૫૨ ] જોકે કોઇએ ગ્રહણ કરેલી ન હોય તેવી દેવતાની અને તીર્યંચની કોઇ સ્ત્રીઓ હોય છે, તેઓને સંગ્રહ કરનાર કે, પરણનાર ન હોવાથી તેઓ વેશ્યાના જેવી છે, તથાપિ તે પરજાતિને ભોગ્ય હોવાથી પરસ્ત્રી સમજવી. તેથી તે પણ વર્જવી. તે સ્વદાર સંતોષ અથવા પરસ્ત્રીનો ત્યાગ તે શ્રમણોપાસક શ્રાવકોનું ચોથું અણુવ્રત શ્રી જિન ભગવંતે કહેલું છે. [ ૧૫૧ ] એ અન્વય થયો. અહીં આવી ભાવના છે—મૈથુન સૂક્ષ્મ અને સ્થૂલ એમ બે પ્રકારનું છે. તેમાં કામના ઉદયથી ઇંદ્રિયોમાં જરા વિકાર થાય તે **સૂક્ષ્મમૈથુન,** અને મન, વચન, અને કાયા વડે ઔદારિક સ્ત્રીઓનો સંભોગ તે **સ્થૂલમૈથુન.** [ ૧૫૩ ]

અથવા મૈથુનમાંથી વિરતિ પામવારૂપ બ્રહ્મચર્ય સર્વથી અને દેશથી એમ બે

" दिव्योदारिक कामनां कृतानुमति कारितैः ।
मनोवाक्काय तस्त्यागो ब्रह्माष्टादशधामतम् " ॥ १ ॥

इति । तदितरद्देशतः तत्रोपासकः सर्वतोऽशक्तौ देशतस्तत्स्वदारसंतोषरूपं परदार वर्जनरुपं वा प्रतिपद्यते तथा च सूत्रं—" परदार गमणं समणो वासओ पच्चक्खाइ सदारसंतोसं वा पडिवज्जइ से अ परदार गमणे वेउव्विअ परदार गमणेत्ति । " तत्र च परदार गमनं प्रत्याख्यातायास्वेव परदार शब्दः प्रवर्त्तते ताभ्य एव निवर्त्तते न तु साधारणांगनादिभ्यः स्वदार संतुष्टस्त्वे कानेक स्वदारव्य तिरक्ताभ्यः सर्वाभ्यः एवेति विवेकः । ( १५४ )

इदानीं चैतद् व्रतप्रति वृद्धपरंपरया प्रायो न सामान्यतोऽन्य चतुरणुव्रतवत् द्विविधत्रिविधभंगेन दृश्यते किंतु विशेषतो मानुषमेकविधैकविधेन तैरश्चमेकविधत्रिविधेन दिव्यं च द्विविधत्रिविधेनेति दारशब्दस्योप-

---

પ્રકારનું છે. સર્વથી બ્રહ્મચર્ય અઢાર પ્રકારનું થાય છે. તે વિષે યોગશાસ્ત્રમાં કહ્યું છે કે, " દિવ્ય ઔદારિક કામને કરવું, કરાવવું અને અનુમોદવું—તેમનો મન, વચન, અને કાયાથી ત્યાગ—એમ અઢાર પ્રકારનું બ્રહ્મચર્ય કહેલું છે " તેથી બીજું તે દેશથી બ્રહ્મચર્ય છે. ઉપાસક શ્રાવક સર્વથી બ્રહ્મચર્ય રાખવાને અશકત હોય, તો દેશથી સ્વદાર સંતોષરૂપ અને પરસ્ત્રી વર્જવારૂપ તે વ્રતને પ્રાપ્ત કરે છે. તે વિષે સૂત્રમાં કહે છે— " શ્રમણોપાસક—શ્રાવક પરસ્ત્રી ગમનના પચ્ચખાણ કરે, અને સ્વદાર સંતોષ સ્વીકારે. " તેમાં પરદાર ગમનના પચ્ચખાણ કરનાર શ્રાવક જે સ્ત્રીઓમાં પરદાર શબ્દ પ્રવર્તે તે સ્ત્રીઓથીજ નિવૃત્ત પામે. સાધારણ સામાન્ય સ્ત્રી વિગેરેથી નિવૃત્ત પામે નહીં, અને સ્વદાર સંતોષ વ્રતવાળો પુરૂષ એક કે, અનેક સ્વદારથી, જુદી સર્વ સ્ત્રીઓથી નિવૃત્ત છે—એમ વિવેક સમજવો. [ ૧૫૪ ] એ વ્રતનો અંગીકાર પ્રાયે કરીને વૃદ્ધ પરંપરાએ સામાન્યથી બીજા ચોથા અણુવ્રતની જેમ દ્વિવિધ અને ત્રિવિધ ભાંગાએ દેખાતો નથી, કિંતુ વિશેષથી માનુષ એકવિધ એકવિધે, તિર્યંચ એકવિધ ત્રિવિધે, અને દિવ્ય દ્વિવિધ ત્રિવિધે એમ જાણવું. દાર શબ્દના ઉપલક્ષણને લઇ આ વ્રત સ્ત્રીને લેવું

लक्षणत्वात्स्त्रियं प्रति स्वपति व्यतिरिक्त सर्व परपुरुषवर्जनमपि द्रष्टव्यं [ ग्रं० २००० ] एतद्व्रतं च महाफलाय ( १५५ ) यतः—

" जो देइ कणयकोडिं अहवा कारेइ कणय जिणभवणं ।
तस्स न मत्तं पुण्णं जत्तिअ बंभव्वए धरिए ॥ १ ॥
देव दाणव गंधव्वा जक्खरक्खस किंनरा ।
बंभयारिं नमं संति दुक्करं जे कारिंति तं ॥ २ ॥
आणाइ सरिअं वा इड्डिरज्जं च कामभोगाय ।
कित्ती बलं च सग्गो आसन्ना सिद्धि बंभाओ ॥ ३ ॥
कलिकारओवि जणमारओवि सावज्ज जोगनिरओवि ।
जंनारओवि सिज्जइ तं खलु सीलस्स माहप्पं ॥ ४ ॥

गृहिणो हि स्वदारसंतोषे ब्रह्मचारिकल्पत्वमेव परदार गमने च वधबंधादयो दोषाः स्फुटा एव । ( १५६ ) उक्तमपि—

" वह बंधण उव्वंधण नासिंदियछेअ धणखयाइआ ।
परदारओउ बहुआ कयच्छणाओ इह भवेवि ॥ १ ॥

---

હોય તો, પોતાના પતિ સિવાય સર્વ પરપુરૂષને વર્જવા એમ જાણી લેવું. [ ૧૫૫ ]

આ વ્રતનું ફલ મોટું છે. કહ્યું છે કે, " બ્રહ્મચર્ય રાખવાથી જે પુણ્ય થાય, તેવું પુણ્ય કોટી કનકને આપે, અને કનકનું જિન મંદિર કરાવે, તોપણ થતું નથી. " દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, અને કિંનરો બ્રહ્મચારીને નમે છે, અને જે દુષ્કર હોય, તે કરે છે. બ્રહ્મચર્યથી આજ્ઞા, લક્ષ્મી, સમૃદ્ધિ, રાજ્ય, કામ, ભોગ, કીર્ત્તિ, બલ, સ્વર્ગ, અને આસન્ન સિદ્ધિ પ્રાપ્ત થાય છે. કલેશ કરનાર, લોકોને મારનાર, સાવદ્ય યોગમાં તત્પર અને પાપાસક્ત એવો માણસ પણ શીલના મહાત્મ્યથી સિદ્ધિ પામે છે. " ગૃહસ્થને સ્વદાર સંતોષ કરવો, એ બ્રહ્મચર્ય રાખવા જેવુંજ છે. પરસ્ત્રીનું ગમન કરવાથી વધ, બંધ વિગેરે દોષ સ્પષ્ટજ છે. ( ૧૫૬ ) કહ્યું છે કે, " પર સ્ત્રીના ગમનથી આલોકમાં વધ, બંધન, નાસિકાનો છેદ, ધનનો ક્ષય, અને કદર્થના વિગેરે ઘણા દોષ થાય છે, અને

परलोए सिछिलि तिरक कंटगालिं गणाइ बहुरूवं नयरंमि सुहं दुसहं परदाररया लहंति नरा २ छिन्निंदिआ न पुंसा दुरूव दोहग्गिणो भगंदरिणो । रंडकुरंडा वंझा निंदुअ विसकन्न हुंति ( १५७ ) दुस्सीला ३ तथा भक्खणे देव दव्वस्स परित्थीगमणेण यसत्तम नरयं जंति सत्तवारा ३ गोअमा ४ मैथुने च हिंसा दोषोऽभूयानेव यतः—“ मेहुणसन्नारूढो हणेइ नवलक्ख सुहुम जीवाणामित्यादि शास्त्रांतरादवसेयं तथा वश्यक चूर्णावपि दोष गुण प्रदर्शनं यथा चउत्थे अणुव्वए सामण्णेण अणिअत्तस्स दोसा मातरमपि गच्छेज्जा विदियं धूयाए विसमं वसेज्जेत्यादि णियत्तस्स इहलोए परलोए गुणा इहलोए कत्थे कुलपुत्तगाणि सट्टाणीत्यादि परलोए पहाण पुरिसत्तं देवत्ते पहाणाउ अत्थराओ मणुअत्ते पहाणाउ माणुसीउ विउलाय पचक्क्खणा भोगापि असंपउगाय आसणसिद्धि गमणं चेत्युक्तं चतुर्थाणुव्रतम् । ( १५८ )

પરલોકમાં તીક્ષ્ણ કાંટા તથા તપાવેલા લોઢાનાં આલિંગન વિગેરે બહુ દુઃસહ દુઃખ પ્રાપ્ત કરે છે. નઠારાં શીલવાળા પુરૂષોની ઇંદ્રિયો છેદાય છે, તેઓ કુરૂપી, ભગંદરના રોગવાળા, સ્ત્રી વગરના વાંઢા, વાંઝીયા અને નિંદવા યોગ્ય થાય છે. ” [ ૧૫૭ ] વળી કહ્યું છે—“ હે ગૌતમ ! જે દેવ દ્રવ્યનું ભક્ષણ કરે, અને પરસ્ત્રી ગમન કરે, તે સાત વાર સાતમી નરકે જાય છે. ” મૈથુન કરવામાં હિંસા દોષ પણ ઘણો છે. કહ્યું છે કે, મૈથુન કરવા આરૂઢ થએલો પુરૂષ નવ લાખ સૂક્ષ્મ જીવને હણે છે. ” ઇત્યાદિ બીજા શાસ્ત્રમાંથી જાણી લેવું, તેમજ આવશ્યક ચૂર્ણીમાં પણ તે વ્રતના દોષ તથા ગુણ દર્શાવ્યા છે. “ ચોથા અણુવ્રતમાં સામાન્ય વડે તે વ્રત ન રાખવાથી એવા દોષ છે કે, એકાંતે રહેવાથી માતાની પાસે પણ પુરૂષ જાય છે, અને તે વ્રત રાખવાથી આલોક અને પરલોકમાં ગુણ થાય છે. આલોકમાં તે કુલ પુત્ર અને ઉત્તમ ગણાય છે, અને પરલોકમાં દેવતામાં પ્રધાન પુરૂષપણું મનુષ્યમાં પણ પ્રધાન પુરૂષપણું પ્રાપ્ત થાય છે. ભોગમાંથી પાંચ લાખ જીવોની રક્ષા થવાથી આસન્ન સિદ્ધિમાં ગમન થાય છે. ” એ ચોથું અણુવ્રત કહ્યું. [ ૧૫૮ ]

# अथ पंचमं तदाह

**परिग्रहस्य कृत्स्नस्या मितस्य परिवर्जनात् ।**
**इच्छा परिमाण कृतिं जगदुः पंचमं व्रतम् ॥ २९ ॥**

**परिगृह्यते इति परिग्रहः तस्य कीदृशस्य कृत्स्नस्य नवविधस्येत्यर्थः सचायं धनं १ धान्यं २ क्षेत्रं ३ वास्तु ४ रूप्यं ५ सुवर्णं ६ कुप्यं ७ द्विपदः ८ चतुष्पद ९ श्चेति अतिचाराधिकारे व्याख्यास्यमानः श्री भद्रबाहु स्वामि कृत दशवैकालिक निर्युक्तौ तु गृहिणामर्थ परिग्रहो धान्य १ रत्न २ स्थावर ३ द्विपद ४ चतुष्पद ५ कुप्य ६ भेदात्सामान्येन षड्विधोऽपि तत्प्रभेदै श्चतुःषष्टिविधः प्रोक्तः तथाहि धान्यानि चतुर्विंशतिर्यथा—(१५९) " धन्नाइं चउवीसं जव १ गोहुम २ सालि ३ वीहि ४ सट्ठीअ ५ कुद्दव ६ अणुआ ७ कंगू ८ रालग ९ तिल १० मुग्ग ११ मा-**

---

## હવે પાંચમું અણુવ્રત કહે છે.

**" સમગ્ર અને પરિમાણ રહિત પરિગ્રહ વર્જવાથી જે ઇચ્છાનું પરિમાણ તે શ્રી ભગવંત જિનેંદ્ર પાંચમું અણુવ્રત કહે છે. "**

પરિગ્રહણ કરે તે **પરિગ્રહ** કહેવાય. તે પરિગ્રહ સમગ્ર એટલે નવ પ્રકારનો છે, તે નવ પ્રકાર આ પ્રમાણે—૧ ધન, ૨ ધાન્ય, ૩ ક્ષેત્ર, ૪ વાસ્તુ, ૫ રૂપું, ૬ સુવર્ણ, ૭ ધાતુ, ૮ મનુષ્ય અને ૯ પશુ—ઢોર તેની વ્યાખ્યા અતિચારના અધિકારમાં કરવામાં આવશે. શ્રી ભદ્રબાહુ સ્વામીએ કરેલ દશવૈકાલિક સૂત્રની નિર્યુક્તિમાં તો ગૃહસ્થોને ૧ ધાન્ય, ૨ રત્ન, ૩ સ્થાવર, ૪ મનુષ્ય, ૫ પશુ અને ૬ ધાતુ—એમ સામાન્યપણે ૭ પ્રકારનો અર્થ પરિગ્રહ કહેલો છે, અને તેના ભેદના ભેદ વડે તે ચોસઠ પ્રકારનો થાય છે. ( ૧૫૯ )

તે આ પ્રમાણે—ચોવીશ પ્રકારનાં ધાન્ય—જેમકે, ૧ જવ, ૨ ગોધુમ, ૩ શાળ,

साय १२ अयसि १३ हरिमंथ १४ तिउडय १५ निष्पाव १६ सिलिंद १७ रायमासा १८ य इरकू १९ मसूर २० तुवरी २१ कुलत्थ २२ तहधन्नय २३ कलाया २४ " तानि प्रायः प्रसिद्धानि । नवरं षष्टिका शालिभेदः ५ अणयो मिणचवाख्या धान्यभेदा इति हैमद्व्याश्रयवृत्तौ यद्वा णुकायुगंधरी इत्यपि क्वापि दृश्यते ७ अतसी प्रतीता १४ हरिमंथाः कृष्ण चनकाः १४ त्रिपुटको मालवक प्रसिद्धो धान्य विशेषः १५ निष्पावा वल्लाः १६ सिलिंदा मुकुष्टाः २७ राजमाषा श्वपलकाः १८ इखुर्बरदिका संभाव्यते १९ मसूर तुवरी धान्य द्वयं मालवकादौ प्रसिद्धं २१ कलापका वृत्त चनकाः । ( १६० ) रत्नानि चतुर्विंशतिः यथा—" रयणाइं चउव्वीसं सुवन्न १ तउ २ तंब ३ रयय ४ लोहाई ५ सीसगं ६ हिरण्ण ७ पासाण ८ वइर ९ मणि १० मोत्तिअ ११ पलाल १२ ॥ १ ॥

૪ ડાંગર, ૫ સષ્ટિકા જાતની શાલ, ૬ કોદરા, ૭ અણુકા, ૮ કાંગ, ૯ રાલક, ૧૦ તિલ, ૧૧ મગ, ૧૨ ઉડદ, ૧૩ અલસી, ૧૪ હરિમંથ, ૧૫ ત્રિપુટક, ૧૬ વાલ, ૧૭ મઠ, ૧૮ ચોલા, ૧૯ ઇખુ, ૨૦ મસુર, ૨૧ તુવેર, ૨૨ કલથી, ૨૩ ધન્યક, ૨૪ કલાપ— એ ચોવીશ ધાન્ય કહેવાય છે. તેઓમાં ઘણું કરીને ઘણાં ધાન્ય પ્રસિદ્ધ છે. વિશેષમાં એટલું કે, ૫ ષષ્ટિકા એક જાતની શાળ છે. અણુકા એ મિણુચવ નામે એક જાતનું ધાન્ય છે— એમ હૈમદ્વ્યાશ્રય કાવ્યની વૃત્તિમાં લખે છે. અથવા અણુકા એટલે યુગંધરી નામે ધાન્ય એમ પણ કોઇ ઠેકાણે જોવામાં આવે છે. એ સાતમું ધાન્ય છે. **અતસી** એટલે અલસી, **હરિમંથ** એટલે કાળા ચણા. **સિલિંદ** એટલે મઠ. રાજમાષા— એટલે ચોળા. ઇખુ એટલે બરદિક નામે ધાન્ય લાગે છે. મસૂર અને તુવેર—એ બે ધાન્ય માળવા વિગેરે દેશમાં પ્રસિદ્ધ છે. કલાપ એટલે ગોલાકાર ચણા સમજવા. (૧૬૦)

ચોવીશ પ્રકારનાં રત્ન કહેવાય છે—જેમકે, " ૧ સુવર્ણ, ૨ તરવું, ૩ તાંબું, ૪ રૂપું, ૫ લોઢું, ૬ સીસું, ૭ હિરણ્ય, ૮ પાષાણ, ૯ વજ્ર, ૧૦ મણિ, ૧૧ મોતી, ૧૨ પલાલ, ( પરવાલા ) ૧૩ શંખ, ૧૪ તિણિસા, ૧૫ અગુરૂ, ૧૬ ચંદન, ૧૭ વસ્ત્ર, ૧૮

संखो १३ तिणिसा १४ गुरु १५ चंदणाणि १६ वच्छा १७ मिलाणि १८ कट्ठाइं १९ । तह चम्म २० दंत २१ वाला २२ गंधा २३ दव्वोसहाइं २४ च ॥ २ ॥ प्रसिद्धा न्यमूनि नवरं—रजतं रूप्यं हिरण्यं रूपकादि पाषाणा विजाति रत्नानि मणयो जात्यानि तिनिसो वृक्ष विशेषः अमिला न्यूर्णा वस्त्राणि काष्ठानि श्रीपर्णादि फलकादीनि चर्माणि सिंहादीनां दंता गजादीनां वालाश्वमर्यादीनां द्रव्यौषधानि पिप्पलादीनि (१६१) स्थावरं त्रिधा द्विपदं च द्विधा—यथा—" भूमी घराय गरुगण तिविहं पुण थावरं मुणे अव्वं । चक्कार बद्धमाणुस दुविहं पुण होइ दुपयंतु ॥ १ ॥ भूमिः क्षेत्रं गृहाणि प्रासादाः तरुगणा नालिकेर्याद्या रामा इति त्रिधा स्थावरं चक्कार बद्धगंत्र्यादि मानुषं दासादीति द्विधा द्विपदं चतुष्पदं दशधा यथा—" गावी महिसी उट्टी अय एलगआ सआ सतरगाय घोडगगद्दहहत्थी चउप्पयं होइ दसहाओ ॥ १ ॥ एते प्रतीता (१६२)

---

અમિલ, ૧૯ કાષ્ટ, ૨૦ ચર્મ, ૨૧ દાંત, ૨૨ વાલ, ૨૩ ગંધ, અને ૨૪ દ્રવ્યૌષધ, એ ચોવીશ રત્ન કહેવાય છે. એ બધાં પ્રખ્યાત છે, વિશેષમાં જાણવાનું એટલુંકે, રજત—એટલે રૂપું, હિરણ્ય એટલે રૂપા વિગેરે, પાષાણ એટલે વિજાતિ રત્નો. મણિ એટલે જાતિવંત રત્નો. તિનિસ એક જાતનું વૃક્ષ છે, અમિલ એટલે ઉનનાં વસ્ત્ર. કાષ્ટ એટલે શ્રીપર્ણ વિગેરેના ફલ પ્રમુખ. ચર્મ એટલે સિંહાદિકનો ચર્મ, દાંત એટલે હસ્તી પ્રમુખના દાંત. વાલ એટલે ચમરી મૃગના કેશ, દ્રવ્યૌષધિ એટલે પિપલી વિગેરે. ( ૧૬૧ )

સ્થાવર ત્રણ જાતના અને દ્વિપદ બે જાતના છે તે વિષે કહ્યું છે કે, " ભૂમિ, ઘર અને વૃક્ષગણ—એ ત્રણ પ્રકારના સ્થાવર છે ચક્ર, આરાબદ્ધ અને ગાડી વિગેરે સ્થાવર કહેવાય છે. દ્વિપદ—માણસ બે પ્રકારે છે. " ભૂમિ એટલે ક્ષેત્ર. ઘર એટલે મહેલાત, અને તરૂગણ એટલે નારીએલ વિગેરેની વાડીઓ. ચક્ર, આરાબદ્ધ ગાડી વિગેરે સ્થાવર કહેવાય છે. દાસ પ્રમુખ—દ્વિપદ—મનુષ્ય બે પ્રકારે છે. ચતુષ્પદ—પશુ ઢોર—એ દશ પ્રકારે છે જેમકે, " ગાય, ભેંસ, ઊંટ, બકરા, મેંઢા, જાતિવંત, ખચ્ચર, ઘોડા, ગધેડા, અને હાથી—એ દશ પ્રકારે ચતુષ્પદ કહેવાય છે. ( ૧૬૨ ) એ દશ પ્રકાર પ્રસિદ્ધ છે.

नवरं अस्यां वाल्हीकादि देशोत्पन्ना जात्याः अश्वतरा वेशराः अजात्या घोटकाः । नाना विधमपि कुप्यमेकमेव यथा " णाणाविहोवगरणं णेगविहं कुप्पलक्खणं होइ । एसो अत्थो भणिओ छव्विह चउ सट्ठिभेओ अ ॥ १ ॥ " चतुःषष्टिभेदोऽप्येष नवविधपरिग्रहेंऽतर्भवतीति न कोपि विरोधः । पुनः कीदृशस्य तस्य अमितस्य परिमाणरहितस्य परिवर्ज्जनात् त्यागात् त्यागनिमित्तभूतेनेत्यर्थः इच्छाया अभिलाषस्य यत्परिमाणं इयता तस्य कृतिः करणं तां पंचमं व्रतं अधिकारादणुव्रतं जगदुः ऊचुः जिना इति संटंकः । ( १६३ ) इदमत्र तात्पर्यं परिग्रहविरतिर्द्विधा सर्वतो देशतश्च तत्र सर्वथा सर्वभावेषु मूर्छा त्यागः सर्वतः तदितरदेशतः तत्र श्रावकाणां सर्वतः तत्प्रतिपत्तेरशक्तौ देशतस्तां इच्छापरिमाणरूपां प्रतिपद्यते । यतः सूत्रं—" अपरिमिअपरिग्गहं समणो वासओ पच्चक्खाइ इच्छा परिमाणं

---

વિશેષમાં એટલું કે, વાલ્હીક વિગેરે દેશમાં થયેલા અશ્વ તે જાત્ય અશ્વ કહેવાય છે. અશ્વતર એટલે ખચ્ચર અને ઘોટક—ઘોડા તે અજાતિવંત અશ્વ કહેવાય છે.

કુપ્ય એ ધાતુ અનેક પ્રકારનું છે, તથાપી એકજ કહેવાય છે. કહ્યું છે કે, " કુપ્ય ધાતુ નાના પ્રકારનું છે. તથાપિ એક પ્રકારનુંજ છે—એવી રીતે છ પ્રકારનો અને ચોસઠ પ્રકારનો પરિગ્રહ કહેલો છે. " આ ચોસઠ ભેદવાળો પરિગ્રહ નવ પ્રકારના પરિગ્રહમાં આવીજાય છે, તેથી તેમાં કોઇ જાતનો વિરોધ આવતો નથી. તે પરિગ્રહ કેવો અમિત એટલે પરિમાણથી રહિત તેવા પરિગ્રહનો ત્યાગ કરવાથી અર્થાત્ ત્યાગના નિમિત્તરૂપ ઇચ્છા એટલે અભિલાષનું જે પરિમાણ. એટલે આટલાપણું તેનું કરવું તેને શ્રી જિન ભગવંત પાંચમું વ્રત એટલે ચાલતા અધિકાર પ્રમાણે પાંચમું અણુવ્રત કહે છે. ( ૧૬૩ )

અહિં તાત્પર્ય એવું છે કે, સર્વથી અને દેશથી એમ પરિગ્રહની વિરતિ બે પ્રકારે છે. સર્વથા સર્વ ભાવ—પદાર્થ ઉપર મૂર્છાનો ત્યાગ તે સર્વથી પરિગ્રહની વિરતિ અને તેથી જુદું તે દેશથી પરિગ્રહની વિરતિ—કહેવાય છે. તેમાં શ્રાવકોની સર્વથી તે વ્રત લેવાની શક્તિ હોતી નથી, તેથી તે ઇચ્છા પરિમાણ દેશથી લઇ શકે છે. તે વિષે સૂત્રમાં

उवसंपज्जइसे अ परिग्गाहे दुविहे पं तं जहा सच्चित्तपरिग्गहे अचित्तपरिग्गहे अत्ति "( १६४ ) ननु गृहे स्वल्पद्रव्येऽपि सति परिग्रहपरिमाणे तु द्रव्यसहस्रलक्षादि प्रतिपत्त्या इच्छावृद्धिसंभवात्को नाम गुण इति चेत् मैवं इच्छावृद्धिस्तु संसारिणां सर्वदा विद्यमानैव यतो नेमिराजर्षिवचनमिंद्रं प्रति—" सुवण्ण रूप्पस्सयपव्वया भवे सिया हु केलास समा असंखया नरस्स लुद्धस्स न ते हि किंचि इच्छा हुआगाससमा अणंतया १ एवं चेच्छाया अनंतत्वे तदियत्ता करणं महते गुणाय । ( १६५ ) यतः—" जह जह अप्पो लोहो जह जह अप्पो परिग्गहारंभो । तह तह सुहं पवड्ढइ धम्मस्सय होइ संसिद्धी " ॥ तस्मादिच्छाप्रसरं निरुध्य संतोषे यतितव्यं सुखस्य संतोषमूलत्वात् यदाह—" आरोग्ग सारिअं माणुसत्तणं सव्वसारिओ धम्मो । विज्जा निक्षयसारा सुहाइं संतोषसाराइं १ "

---

કહ્યું છે કે, શ્રમણોપાસક—શ્રાવક અપરિમિત પરિગ્રહના ઇચ્છા પરિમાણે પચ્ચખાણ કરે તે ઇચ્છા પરિમાણને પ્રાપ્ત થાય. તે પરિગ્રહ બે પ્રકારના છે. સચિત્ત પરિગ્રહ અને અચિત્ત પરિગ્રહ ( ૧૬૪ )

અહિં શંકા કરે છે કે, ઘરમાં અલ્પ દ્રવ્ય હોય, અને પરિગ્રહ પરિમાણ કરેલું હોય, પણ સહસ્ર લાખ ઇત્યાદિ દ્રવ્ય મેલવવા ઇચ્છાની વૃદ્ધિ થવા સંભવ છે, તો પછી તે વ્રત લેવામાં શો ગુણ ? એવી શંકા કરવી નહીં, સંસારીઓને તેવી ઇચ્છાની વૃદ્ધિ તો સર્વદા રહે છેજ, તે વિષે નેમિ રાજર્ષિએ ઇંદ્ર પ્રત્યે કહેલું છે—" સુવર્ણ તથા રૂપાના કૈલાસ પર્વત જેવા અસંખ્ય ઢગલા કરી દ્યો, પણ લુબ્ધ પુરૂષને કાંઇ સંતોષ હોતો નથી. ઇચ્છા આકાશની જેમ અનંત છે. " આ પ્રમાણે ઇચ્છા અનંત છે, તેને આટલું એમ માપી દેવી તે મોટા ગુણને અર્થે થાય છે. [ ૧૬૫ ] કહ્યું છે કે, " જેમ જેમ અલ્પ લોભ, અને જેમ જેમ પરિગ્રહનો અલ્પ આરંભ હોય, તેમ તેમ સુખ વધે છે અને ધર્મની સિદ્ધિ થાય છે. " તેથી ઇચ્છાનો વેગ અટકાવી સંતોષ રાખવામાં યત્ન કરવો. કારણ કે, સુખનું મૂલ સંતોષ છે. કહ્યું છે કે, " માનુષ્યપણું આરોગ્યતારૂપ સાર વાલું

तदेवमतद्व्रतस्यात्रापि संतोष सौख्य लक्ष्मीस्थैर्यजनप्रशंसादिफलं परत्रतुनशमरसमृद्धि सिध्ध्यादि । ( १६६ )

अति लोभाभिभूततया चैतद्व्रतस्या स्वीकृतौ विराधनायां वा दारिद्र दास्य दौर्भाग्य दुर्गत्यादि । यतः महारंभयाए महापरिग्गहा ए कुणिमाहारेणं पंचेंदि अवहेणं जीवानरया उ अं अज्जे इति मूर्छावान् हि उत्तरोत्तराशा कदर्थितो दुःखमेवानुभवति । ( १६७ ) यदाह—" उक्खणइ खणइ निहणइ रत्तिं न सुअइदि आवि अससंको लिंपइ वएइ सययं लंछिअ पडिलंछिअं कुणइ १ परिग्रहित्वमपि मूर्च्छयैव मूर्छा मंतरेण धनधान्यादे रपरिग्रहत्वाद्यदाह " अपरिग्रह एव भवेद्वस्त्राभरणाद्यलंकृतोऽपि पुमान् । ममकार विरहितः सति ममकारे संगवान्नग्नः १ तथा जंपि वच्छं वपायं वा कंबलं पायपुंछणं सांति संजमलज्जट्ठा धरंति प-

છે, ધર્મ સર્વના સારવાળો છે, વિદ્યા વિનય સાર છે અને સુખ સંતોષ સાર છે. " એવી રીતે આ વ્રતનું આ લોકમાં સંતોષ, સુખ, લક્ષ્મી, સ્થિરતા, લોક પ્રશંસા વિગેરે ફલ છે, અને પરલોકમાં મનુષ્ય તથા દેવતાની સમૃદ્ધિ અને સિદ્ધિ વિગેરે ફલ છે. ( ૧૬૬ ) અતિ લોભથી પરાભવ પામી આ વ્રતનો અંગીકાર કરે નહીં અથવા કરીને તેની વિરાધના કરે તો દારિદ્ર, દાસત્વ, દુર્ભાગ્ય અને દૂર્ગતિ વિગેરે પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે, " મહાન્ આરંભ કરવાથી, મહાન્ પરિગ્રહ રાખવાથી, સચિત્ત આહાર કરવાથી અને પંચેંદ્રિયનો વધ કરવાથી જીવ નરકની આયુષ્ય બાંધે છે. " તેથી જે મૂર્છાવાન્ જીવ છે તે ઉત્તરોત્તર આશામાં કદર્થના પામી દુઃખનોજ અનુભવ કરે છે. [ ૧૬૭ ] તે વિષે " उक्खणइ " એ ગાથા પ્રમાણ ભૂત છે. પરિગ્રહ રાખવાપણું પણ મૂર્છા વડેજ થાય છે. મૂર્છા શિવાય ધન, ધાન્ય વિગેરે કદિ હોય તો પણ તે પરિગ્રહ કહેવાતો નથી. કહ્યું છે કે, " વસ્ત્ર આભૂષણ વિગેરેથી અલંકૃત એવો પણ પુરૂષ જો મમતા રહિત હોય તો પરિગ્રહ વિનાનો છે અને મમતાવાલો પુરૂષ નગ્ન ( અકિંચન ) હોય તો પણ તે પરિગ્રહવાલો છે. " તેમ વળી કહ્યું છે કે, " સંયમી પુરૂષો જે વસ્ત્ર, કાંબલ અને પાદ પુંછણ કાંઇ પણ ધારણ કરે છે

रिहरंतीअ १ न सो परिग्गहो वुत्तो नायपुत्तेण ताइणा । मुच्छा परिग्गहो वुत्तो इइ वुत्तं महे सिणत्ति " तेन मूर्छा नियमनार्थं सर्व मूर्छा परित्यागा शक्तस्यै तत्पंचमणुव्रत मुक्तमित्युक्तान्यणुव्रतानि । ( १६८ )

અને છોડી દે છે. દયાલુ એવા જ્ઞાત પુત્રે ( જિન ભગવંતે ) તે પરિગ્રહ કહ્યો નથી પણ મૂર્છા ( મોહ ) રાખવી, તેજ પરિગ્રહ કહેલો છે. એમ મહર્ષિ કહે છે. " તેથી મૂર્છાનો નિયમ રાખવા માટે સર્વ મૂર્છાનો ત્યાગ કરવા અશક્ત હોય તેને અર્થે આ પાંચમું અણુવ્રત છે. એવી રીતે પાંચ અણુવ્રત કહ્યાં. ( ૧૬૮ )

# ॥ प्रथम भाग समाप्तः ॥

# शुद्धिपत्रकम्.

| अशुद्ध. | शुद्ध. | पृष्ठ. | पंक्ति. |
|---|---|---|---|
| वृणोमि | विवृणोमि | २ | ३ |
| स्पन्नंभावंना | त्पन्नभावना | २ | ७ |
| ईरयत्ति | ईरयति | ३ | २ |
| सिद्धः | सिद्धिः | ४ | ६ |
| प्रवर्त्तेषु | प्रवृत्तेषु | ६ | ७ |
| जिनप्रणित | जिनप्रणीत | ६ | ९ |
| चानुकंपा | च्वनुकंपा | ८ | ३ |
| श्रितस्य | श्रित्तस्य | ९ | ६ |
| સંભવ છે | સંભવે છે | ૧૦ | ૧૩ |
| परोपकृत्ति | परोपकृति | १३ | ९ |
| નિષિધ | નિષિદ્ધ | ૧૩ | ૧૮ |
| रूचिरास्ति | रुचिरस्ति | १७ | ७ |
| कशलश्च | करालश्च | २० | २ |
| द्युत | द्यूत | २३ | ९ |
| બોલેવાપણું | બોલવાપણું | ૨૪ | ૨૧ |
| स्वादेत्सु | स्वादेत सु | ३० | १ |
| अंत्येश्वपि | अंत्येष्वापि | ३१ | ४ |
| वितर्कणं | व्रितर्कणं | ३३ | ७ |
| अतिथि | अतिथिं | ३५ | ८ |
| नैरर्थ | नैरर्थ्य | ३६ | १० |
| પપનું | પાપનું | ૩૭ | ૨૦ |
| कौन्यग्रागमौ | कौ व्ययागमौ | ३९ | ९ |

| अशुद्ध. | शुद्ध. | पृष्ट. | पंक्ति. |
|---|---|---|---|
| तादृश | तादृश | ४१ | ८ |
| नाम्नुश्रा | नां न | ४१ | ८ |
| एवमप्या | एवमप्य | ४१ | ९ |
| नान्ययद्व | नान्यद्वय | ४४ | १ |
| व्यवहारस्तु | ( ए न जोइए ) | ४४ | १ |
| भवखय | भवक्खय | ४४ | ७ |
| योगद्रष्टि | योगदृष्टि | ४७ | १० |
| सच्छृत्य | सच्छुत्य | ४९ | ४ |
| थयेला | थयेलो | ૫૦ | ૧૭ |
| भावानीय | भावनीय | ५२ | ६ |
| तथा | त्तथा | ५३ | ११ |
| भवतित्यलं | भवतीत्यलं | ५४ | ५ |
| मथस्थत्वा | मध्यस्थत्वा | ५४ | ८ |
| કરવાની | કહેવાની | ૫૪ | ૧૨ |
| इयश | इयरा | ५६ | २२ |
| विंशिकाया | विंशिकाया | ५७ | ८ |
| मिथ्यादर्शां | मिथ्यादृशां | ५८ | २ |
| सस्ता | शस्ता | ५८ | ७ |
| मिथ्यादशा | मिथ्यादृशा | ५८ | ८ |
| व्या | व्य | ६० | ४ |
| तत्पद्यपि | पत्पद्व्यपि | ६२ | ४ |
| मिथ्यादष्टिना | मिथ्यादृष्टीना | ६२ | ७ |
| ચટુતા | પટુતા | ૬૨ | ૯ |
| स दंधन्यायेन | सदंधन्यायेने | ६३ | ३ |

| अशुद्ध. | शुद्ध. | पृष्ट. | पंक्ति. |
|---|---|---|---|
| સારી | સારી રીતે | ૬૩ | ૧૯ |
| दुख | दुक्ख | ६४ | ४ |
| ह्यनुपानकत्व | ह्यनुपानत्कत्व | ६५ | ६ |
| અનુપાન કરવું | ઉપાન પહેરવાં નહીં. | ૬૫ | ૧૮ |
| र्हिं तदं | र्हितदं | ६६ | ५ |
| સાધુવૃત | સાધુવૃત્ત | ૬૬ | ૧૬ |
| પ્રવેશક | પ્રવેશ | ૭૦ | ૨૨ |
| हित | हितः | ७१ | ४ |
| જે યત્ન | છે યત્ન | ૭૧ | ૨૦ |
| व्यपोह्यथ | व्यपोहाय | ७३ | २ |
| गृहितं | गृहीतं | ७४ | १ |
| चित्तकालुष्था | चित्तकालुष्या | ७४ | १० |
| आरज्जुवंतो | अरज्जुवंतो | ७५ | ५ |
| यथात्म्यो | याथात्म्यो | ७५ | ६ |
| ઉપવૃંહા | ઉપવૃંહા | ૭૬ | ૧૨ |
| ज्वलाकुले | ज्वालाकुले | ८२ | २ |
| व्यक्ति | व्यक्ती | ८३ | ६ |
| सुमूढीभिः | सुमुष्टिभिः | ८३ | ११ |
| दशंत्रा | दरांत्रा | ८३ | १३ |
| पुत्पद्यंते | पूत्पद्यंते | ८५ | ४ |
| भावर्त्तते | मावर्त्तते | ८५ | ९ |
| द्विष्टि | द्वेष्टि | ८६ | २ |
| ऽभ्यमेधसः | ऽल्पमेधसः | ८६ | १२ |
| भत्याहृत्यदशः | ऽप्रत्याहृत्यदशः | ८७ | ८ |

| अशुद्ध. | शुद्ध. | पृष्ट. | पंक्ति. |
|---|---|---|---|
| र्धावदहो | धर्वावदहो | ८८ | ४ |
| विपुलालंवाल | विपुलालवाल | ८९ | ६ |
| च्लृतधर्मोणा | च्लुतधर्मोणा | ८९ | १० |
| विऋद्ध | विरुद्ध | ९० | १० |
| શૃતધર્મ | શ્રુતધર્મ | ૯૦ | ૧૨ |
| શૃતધર્મમાં | શ્રુતધર્મમાં | ૯૦ | ૨૨ |
| શૃતધર્મની | શ્રુતધર્મની | ૯૦ | ૨૪ |
| विश्णुना | विष्णुना | ९१ | ५ |
| શૃતધર્મની | શ્રુતધર્મની | ૯૨ | ૨૫ |
| तापानावे | तापाभावे | ९३ | ८ |
| शुद्धायेव | शुद्धावेव | ९४ | ९ |
| सम्यग्वादताय | सम्यग्वादताया | ९६ | ८ |
| पुज्यते | युज्यते | ९७ | ५ |
| बध्यते बध्यते | बध्यते | ९८ | ३ |
| दुपत्तिः | दुपपत्तिः | १०० | ७ |
| यादसा | यादृशा | १०१ | १ |
| ऽभूतं | ऽभूत्तं | १०१ | १ |
| यादशी | यादृशी | १०१ | २ |
| यादशि | यादृशि | १०१ | ३ |
| अन्नैवार्थे | अस्मिन्नेवार्थे | १०१ | ११ |
| સ્વભાવવાલા | સ્વભાવવાલો | ૧૦૨ | ૧૫ |
| कंरक | कंटक | १०३ | ८ |
| फलदानभि | फलदानाभि | १०८ | ११ |
| प्रागवस्यां | प्रागवस्थां | १०९ | ९ |

| अशुद्ध. | शुद्ध. | पृष्ठ. | पंक्ति. |
|---|---|---|---|
| તથા ભવ્ય | તથાભવ્ય | ૧૦૯ | ૧૬ |
| तिर्यक्त | तिर्यक्क | ११० | ८ |
| श्रोतृणां | श्रोतृणां | ११३ | ३ |
| स्तच्छ्रुत | स्तच्छ्रुते | ११४ | ५ |
| तच्छ्रुतेः | तच्छ्रुतेः | ११४ | ७ |
| सुदरिकेनो | सुदक्खिनो | ११५ | ९ |
| क्लिष्ट चितः | क्लिष्ट चित्तः | ११६ | ८ |
| एकगुणः | एव गुणः | ११६ | ११ |
| ૫૧નો | ૫૬નો | ૧૧૭ | ૨૩ |
| न्यायाश्च | न्याय्यश्च | १२१ | ४ |
| न्याप्य | न्याय्य | १२१ | ८ |
| गुरुपदेशा | गुरूपदेशा | १२५ | १० |
| भूमिवा | भूमिमिवा | १२७ | ४ |
| वेदनीयं | वेदनीय | १२७ | ६ |
| विमुत्त | विमुक्त | १२७ | १३ |
| जंतो ग्रंथि | जंतोर्ग्रंथि | १२९ | ४ |
| शतकहृद | शतकहृद | १३१ | ४ |
| दृष्टेया | दृष्टयो | १३१ | ११ |
| મિથ્યાત્વહનીય | મિથ્યાત્વ મોહનીય | ૧૩૩ | ૨૧ |
| साद्यनंतर | साद्यनंतं | १३४ | १ |
| समाधिकानि | समधिकानि | १३५ | ६ |
| संगच्छति | संगच्छते | १४२ | ९ |
| पपनं | पपन्नं | १४७ | ३ |

| अशुद्ध. | शुद्ध. | पृष्ट. | पंक्ति. |
|---|---|---|---|
| ज्ञानंस्तत्र | ज्ञानं तत्र | १४७ | ५ |
| પરરવું | પસરવું | ૧૪૭ | ૧૬ |
| મુંગ છે | મુંગું છે | ૧૪૮ | ૧૨ |
| किया रुचिः | क्रियारुचिः | १४९ | २ |
| સંક્ષેરૂપ | સંક્ષેપરૂપ | ૧૪૯ | ૨૪ |
| गतेत्वन | गतत्वेन | १५० | ८ |
| जिअलरकणं | जिअलक्खणं | १५१ | ४ |
| भवरवय | भवक्खय | १५१ | ९ |
| ધૂમ્રનો | ધૂમનો | ૧૫૧ | ૭ |
| વિવેકનું | વિવેકનું અવલોકન | ૧૫૭ | ૧૯ |
| वक्त्कु | वक्त्क | १५८ | ९ |
| विषय तुष्णो | विषयतृष्णो | १६५ | ७ |
| उणुकंपं | अणुकंपं | १६७ | ९ |
| सरिणो | सारिणो | १६९ | ६ |
| ઉકરવાળું | ઉકરડાવાળું | ૧૭૧ | ૨૩ |
| किंनगान | किंनरगान | १७४ | ७ |
| यतुःश्रद्धान | चतुःश्रद्धान | १७४ | १७ |
| योऽजन | योऽजन | १७७ | १० |
| संगिरमणाः | संगिरमाणाः | १८४ | ८ |
| लभेत्ति | लभेति | १८५ | १ |
| मागवे | मागमे | १८७ | ४ |
| सूम | सूत्र | १९२ | ९ |
| ગીતાથી | ગીતાર્થ | ૧૯૨ | ૨૪ |
| આ પ્રમાણ | આ પ્રમાણે | ૧૯૩ | ૨૧ |
| स्त्रियादि | स्त्र्यादि | १९४ | ७ |

| अशुद्ध. | शुद्ध. | पृष्ट. | पंक्ति. |
|---|---|---|---|
| भयायं | मयायं | १९५ | १ |
| सरुद्वा | सकृद्वा | १९५ | ८ |
| करणंः | करणं | १९६ | ११ |
| नियमनीयानिः | नियमनीयानि | १९७ | १ |
| निषिधं | निषिद्धं | १९७ | ७ |
| पजुवा | पज्जुवा | १९८ | ८ |
| प्रस्ताविनो | प्रस्ताविको | १९९ | ११ |
| मुक्तिमपि | मुक्तमपि | २०१ | १० |
| शासमाजन | शासमानजन | २०४ | २ |
| આઘ્રાણુ | આઘ્રાણુ | ૨૦૪ | ૧૨ |
| અહિહંત | અરિહંત | ૨૦૭ | ૧૩ |
| મારા | મારામાં | ૨૦૭ | ૧૭ |
| ગુરૂ ગુણુ | ગુરૂ કહે, ગુણુ | ૨૦૭ | ૨૨ |
| नमृक्कार | नमुक्कार | २०८ | २ |
| યાવજ્જીવિતસુ | યાવજ્જીવિત સુધી | ૨૧૦ | ૨૪ |
| अनभिग्रहा | ( आ वधारानुं छे) | २१३ | ४ |
| त्यन्मै | त्यन्यै | २१३ | ११ |
| वृतभंगक | व्रतभंगक | २१७ | १२ |
| અણુવૃત | અણુવ્રત | ૨૧૭ | ૨૦ |
| वृतेभ्यः | व्रतेभ्यः | २१८ | ५ |
| एकवृते | एकव्रते | २१८ | ५ |
| મ્રષાવાદ | મૃષાવાદ | ૨૧૮ | ૧૬ |
| षद्वात्रशदींदयो | षड्त्रिंशदादयो | २१९ | १८ |
| फलादिन्य | फलादीन्य | २४१ | ९ |

| अशुद्ध. | शुद्ध. | पृष्ट. | पंक्ति. |
|---|---|---|---|
| આરંભ આરંભ | આરંભ | ૨૪૨ | ૨૨ |
| અને | એને | ૨૪૩ | ૧૧ |
| विशेषेण | विशेषणेन | २४७ | ६ |
| आत्मोत्यादि | आत्मेत्यादि | २४९ | ८ |
| सस्मात् | तस्मात् | २५१ | ४ |
| गृहस्थेने | गृहस्थेन | २५२ | १ |
| વાટણુનો | પાટણુનો | ૨૫૩ | ૧૫ |
| कामनां | कामानां | २५५ | १ |
| कीदशस्य | कीदृशस्य | २६१ | ५ |
| नशमर | नरामर | २६३ | २ |
| पंचमणुव्रत | पंचममणुव्रत | २६४ | ३ |

॥ शुद्धिपत्रं समाप्तम् ॥